૨૦૪ વર્ષ
દૈનિક
સૌરાષ્ટ્ર આવૃત્તિ
# મુંબઈ સમાચાર
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 29 ■ વિક્રમ સંવત ૨૦૮૨
માઘ વદ - ૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 4 February 2026, Wednesday ■ REGD.No. MCS/058/2018-20
બુધવાર, ૪ ફેબ્રુઆરી ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | ઈન્ટરવલ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ટ્રેડ ડીલથી તેજીનું તોફાનઃ સેન્સેક્સ ૨૦૭૨ પોઈન્ટ ઉછળ્યો

## રૂપિયામાં પણ ૧૨૨ પૈસાની જોરદાર છલાંગઃ શૅરધારકોની સંપત્તિમાં ૧૨.૧૧ લાખ કરોડ રૂપિયાનો ઉમેરો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભારત અને અમેરિકા વચ્ચેના બહુવિલંબિત વેપાર કરાર પર બંને દેશ દ્વારા સત્તાવાર સમર્થન મળ્યા બાદ વિશ્વભરના મની માર્કેટમાં હલચલ મચી ગઇ હતી અને તેમાં ભારતીય શેરબજાર અને વિદેશી હૂંડિયામણ બજાર પર તેની વિશેષ અસર વર્તાઇ હતી.

ભારત-અમેરિકાના વેપાર કરારથી નિકાસ અને એફઆઇઆઇ ફ્લો વધવાના આશાવાદ વચ્ચે શેરબજારમાં લાલચોળ તેજી જોવા મળી હતી અને એક તબક્કે ૪,૨૦૫.૨૭ પોઈન્ટ સુધી ઉછાળો માર્યા બાદ સેન્સેક્સ ૨,૦૭૨.૬૭ પોઈન્ટના વધારા સાથે ૮૩,૭૩૯.૧૩ પર બંધ થયો હતો.

એનએસઇનો બેન્ચમાર્ક નિફ્ટી પણ ૬૩૯.૧૫ પોઈન્ટના વધારા સાથે ૨૫,૭૨૭.૫૫ પોઇન્ટની સપાટી પર સ્થિર થયો હતો. વ્યાપક લેવાલી સાથે શેરબજારનો

(જુઓ પાનું ૨) ▸▸

## ભારત ને અમેરિકા વેપારી કરાર ફાઈનલ

## મસમોટો નિર્ણયઃ વડા પ્રધાન

નવી દિલ્હીઃ ભારત અને અમેરિકા વચ્ચે કરવામાં આવેલા વેપારી કરાર મોટો નિર્ણય હોવાનું વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે કહ્યું હતું.

આ કરારને કારણે દેશના પ્રત્યેક લોકોને લાભ થશે એમ જણાવતાં તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે અમારી સરકાર કાયમ રાષ્ટ્રનાં હિતમાં કામ કરે છે. એનડીએ સાંસદોની બેઠકમાં મોદીએ આ નિવેદન કર્યું હતું.

અમેરિકા અને ઈયુ સાથે ભારતના વેપારી

(જુઓ પાનું ૨) ▸▸



## બેસ્ટ ડીલ, કૃષિ-ડેરી ક્ષેત્રનાં હિતોની રક્ષા કરાઈઃ ગોયલ

નવી દિલ્હીઃ વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે મંગળવારે જણાવ્યું હતું કે ભારતે અમેરિકા સાથે ખૂબ જ સારો વેપાર કરાર કર્યો છે જે સ્પર્ધકો કરતાં વધુ સારો છે. આ કરારમાં કૃષિ અને ડેરી ક્ષેત્રોના હિતો સાથે કોઈ સમાધાન કરવામાં આવ્યું નથી. અમેરિકા સાથે થયેલા કરારની વિગતો આપતા ગોયલે કહ્યું હતું કે વેપાર કરાર અંતિમ તબક્કામાં છે અને ટૂંક સમયમાં ભારત-અમેરિકા દ્વારા સંયુક્ત નિવેદન જાહેર કરવામાં આવશે જેમાં કરારની રૂપરેખાઓ વિગતવાર જણાવવામાં આવશે.

તેમણે કોંગ્રેસ પાર્ટી અને તેના સાથી પક્ષો પર આ કરાર અંગે દેશને ગેરમાર્ગે દોરવાના પ્રયાસ કરવા બદલ પણ આકરા પ્રહારો કર્યા હતા. ખાસ કરીને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પર પ્રહાર કરતા તેમણે કહ્યું હતું કે તેમની માનસિકતા નકારાત્મક છે અને તેઓ ભારતની પ્રગતિના વિરોધી છે. ગોયલે કહ્યું હતું કે તેઓ આ કરાર વિશે સંસદમાં બોલવા માગતા હતા પરંતુ કોંગ્રેસ અને અન્ય વિપક્ષી

(જુઓ પાનું ૨) ▸▸

## 'ટ્રમ્પે જ ટૅરિફ ઝીંકેલી એટલે એ હટાવવાની જાહેરાત પણ તેમણે કરી હતી'

નવી દિલ્હી : ભારત-અમેરિકા વેપાર કરાર અંગે મંગળવારે સરકારે વિગતવાર નિવેદન બહાર પાડ્યું હતું. વાણિજ્ય પ્રધાન પીયૂષ ગોયલે આ કરાર વિશે માહિતી આપતા કહ્યું કે બંને દેશો ટૂંક સમયમાં તેના પર સંયુક્ત નિવેદન બહાર પાડશે. ટ્રમ્પ દ્વારા આ કરારની જાહેરાતને લઈને વિપક્ષના સવાલોના જવાબમાં તેમણે કહ્યું કે ટ્રમ્પ તરફથી ટેરિફ લાદવામાં આવ્યા હોવાથી તેને દૂર કરવાની

(જુઓ પાનું ૨) ▸▸

## બંને દેશને ફાયદોઃ અમિત શાહ

નવી દિલ્હીઃ કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે જણાવ્યું હતું કે ભારત-અમેરિકા વેપાર કરાર બંને દેશો વચ્ચેની વ્યૂહાત્મક ભાગીદારીને નવી ઊંચાઈઓ પર લઈ જશે અને તેનાથી વેપાર સંબંધોને મજબૂત બનશે અને પરસ્પર વિકાસને પ્રોત્સાહન આપશે. સોમવારે મોડી રાત્રે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર એક પોસ્ટમાં શાહે કહ્યું કે આ કરાર બંને દેશો અને તેમના નાગરિકો માટે અત્યંત ફાયદાકારક સાબિત થશે અને ભારત અને અમેરિકા વચ્ચે વેપારને વધુ સમૃદ્ધ બનવાની અપેક્ષા છે.

તેમણે કહ્યું હતું કે, આ ભારત-અમેરિકા સંબંધો માટે એક મોટો દિવસ છે, કારણ કે ૧૮ ટકાના નોંધપાત્ર ઘટાડાવાળા ટેરિફ દર સાથે વેપાર કરારને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે, જે મજબૂત વેપાર સંબંધો અને પરસ્પર વિકાસનો માર્ગ મોકળો (જુઓ પાનું ૨) ▸▸

# અમેરિકા પાસેથી ભારતે ૫૦૦ અબજ ડૉલરની ખરીદી કરવી જ પડશે

## વૉશિંગ્ટન સાથેની દિલ્હીની ટ્રેડ ડીલમાં આ અને બીજી અનેક શરતો

નવી દિલ્હીઃ લાંબી વાટાઘાટો બાદ ભારત અને અમેરિકા વચ્ચે વેપાર કરાર થયો છે. અમેરિકા પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ગઈ કાલે સોમવારે કરારની જાહેરાત કરી હતી. ભારતે પણ આ કરારની પુષ્ટિ કરી છે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ એક જાહેર નિવેદનમાં આ પગલાનું સ્વાગત કર્યું છે.

કરાર મુજબ અમેરિકાએ ભારત પર લાદેલી પચીસ ટકા ટેરિફ ઘટાડીને ૧૮ ટકા કરવામાં આવ્યો છે, બદલમાં ભારતની બજારમાં અમેરિકાની પહોંચને સરળ બનાવવામાં આવી છે.

ટ્રમ્પના જણાવ્યા મુજબ ભારત રશિયન પેટ્રોલિયમની ખરીદી બંધ કરવા તૈયાર થયું છે.

ટ્રમ્પે એમ પણ કહ્યું કે ભારત - અમેરિકાનાં ઉત્પાદનોઓ પર ટેરિફ ઘટાડવા અને નોન-ટેરિફ અવરોધોને સંપૂર્ણપણે દૂર કરવા તૈયાર છે.

સોશ્યલ મીડિયા પોસ્ટમાં, વડા પ્રધાન મોદીએ કહ્યું કે ટ્રમ્પ સાથેની વાતચીત ''અદભુત'' ગણાવી અને અમેરિકામાં આયાત થતા ભારતના ઉત્પાદનો રેસિપ્રોકલ ટેરિફ ઘટાડીને ૧૮ ટકા કરવા બદલ તેમનો આભાર માન્યો. જોકે, ભારત સરકાર તરફથી જાહેર કરવામાં આવેલા નિવેદનમાં રશિયન પેટ્રોલિયમની ખરીદી બંધ કરવા અંગે કોઈ ઉલ્લેખ નથી. ભારત-અમેરિકા વેપાર કરારની સંપૂર્ણ માહિતીની રાહ જોવાઈ રહી છે, આ માહિતી મળ્યા બાદ જ ચિત્ર સ્પષ્ટ થશે. ■

### શું છે આ વેપાર કરારમાં?

૧ અમેરિકામાં ભારતીય ઉત્પાદનો પર રેસિપ્રોકલ ટૅરિફ પચીસ ટકાથી ઘટાડીને ૧૮ ટકા થશે.

૨ અમેરિકા-ભારત વેપાર કરાર તાત્કાલિક અમલમાં આવશે.

૩ ભારત અમેરિકા ૫૦૦ અબજ ડોલરથી વધુનો માલ ખરીદશે.

૪ ટ્રમ્પનાં દાવા મુજબ ભારત અમેરિકાનાં ઉત્પાદનો પર ટેરિફ ઘટાડશે અને નોન-ટેરિફ અવરોધોને સંપૂર્ણ દૂર કરશે

૫ ટ્રમ્પના દાવા મુજબ ભારત-રશિયા પાસેથી પેટ્રોલિયમ ખરીદવાનું બંધ કરશે. ભારત અમેરિકા અને સંભવતઃ વેનેઝુએલા પાસેથી પેટ્રોલિયમ ખરીદશે.

## ન.મો. નમી ગયાઃ રાહુલ

### અમેરિકા સાથેના વેપાર કરારમાં ભારતીય ખેડૂતોનાં હિતોને વેચી દેવાયાનો આક્ષેપ

નવી દિલ્હીઃ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ મંગળવારે આરોપ લગાવ્યો હતો કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી વેપાર સોદો પૂર્ણ કરવા માટે અમેરિકાના દબાણ હેઠળ ઝૂકી ગયા અને કરાર દ્વારા ભારતીય ખેડૂતોની મહેનત વેચી દીધી.

લોકસભામાં બોલવાની મંજૂરી ન મળ્યા બાદ સંસદ ભવનમાં પત્રકારોને સંબોધતા, ભૂતપૂર્વ સેનાધ્યક્ષ એમ એમ નરવણેના અપ્રકાશિત સંસ્મરણનો ઉલ્લેખ કરતા એક લેખમાંથી ટાંકવાનો આગ્રહ રાખતા, ગાંધીએ એમ પણ કહ્યું કે ઇતિહાસમાં પહેલી વાર એવું બન્યું છે કે વિપક્ષના નેતાને રાષ્ટ્રપતિના ભાષણ પર બોલવાની મંજૂરી આપવામાં આવી નથી.

એક્સ પરની એક પોસ્ટમાં, ગાંધીએ કહ્યું કે, પીએમ મોદી સમાધાન કરી રહ્યા છે. પીએમ મને સંસદમાં નરવણે, એપસ્ટીન (જુઓ પાનું ૨) ▸▸

## -તો ભારત છોડો...

### બંધારણનું પાલન નહીં કરતી મેટાને સુપ્રીમ કોર્ટની ચેતવણી

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે મેટા પ્લેટફોર્મ્સ ઇન્ક. અને વોટ્સએપની પ્રાઈવસી પોલિસીને લઈને કડક ટિપ્પણીઓ કરી હતી. કોર્ટે કહ્યું હતું કે ટેક કંપનીઓ ડેટા શેરિંગના નામે નાગરિકોના ગોપનીયતાના અધિકાર સાથે 'રમત રમી' ન શકે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વિપુલ એમ. પંચોલીની બનેલી બેન્ચે જણાવ્યું હતું કે તે નવમી ફેબ્રુઆરીએ વચગાળાનો આદેશ પસાર કરશે. સર્વોચ્ચ અદાલતે ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલયને અરજીઓમાં પક્ષ બનાવવાનો આદેશ આપ્યો હતો.

બેન્ચે જણાવ્યું હતું કે ટેકનોલોજી કંપનીઓ ભારતમાં રહેતા નાગરિકોના ગોપનીયતા અધિકારોનું ઉલ્લંઘન કરી શકતી નથી. કોર્ટે એમ પણ કહ્યું હતું કે જો કંપનીઓ બંધારણનું કાયદાઓનું પાલન ન કરી શકે તો તેમણે દેશ છોડી દેવો જોઈએ. કોર્ટ મેટા અને વોટ્સએપ દ્વારા નેશનલ કંપની લો એપેલેટ ટ્રિબ્યુનલ (એનસીએલએટી) ના નિર્ણયને પડકારતી અપીલ પર સુનાવણી કરી રહી હતી, જેમાં કોમ્પિટિશન કમિશન ઓફ ઈન્ડિયા (સીસીઆઈ) દ્વારા ૨૦૨૧ની વોટ્સએપની પ્રાઈવેસી પોલિસી પર લાદવામાં આવેલા ૨૧૩.૧૪ કરોડ રૂપિયાના દંડને યથાવત રાખવામાં આવ્યો હતો.

તે નેશનલ કંપની લો એપેલેટ ટ્રિબ્યુનલના ચુકાદા સામે મેટા અને વોટ્સએપ દ્વારા દાખલ કરાયેલી અપીલની સુનાવણી કરી રહી હતી, જેમાં જાહેરાત-સંબંધિત ડેટા શેરિંગ પર મર્યાદિત રાહત આપવામાં

(જુઓ પાનું ૨) ▸▸

## ક્રિકેટ અસોસિયેશનમાં બૅટ પકડતા પણ ન આવડતું હોય તેવા લોકો શું કામ?: સુપ્રીમ

નવી દિલ્હીઃ ક્રિકેટની સંસ્થામાં ભૂતપૂર્વ ક્રિકેટરો અને નિષ્ણાતો હોવા જોઈએ એમ જણાવી સુપ્રીમ કોર્ટે મંગળવારે કહ્યું હતું કે બૅટ પકડતા પણ ન આવડતું હોય તેવા લોકો ક્રિકેટની સંસ્થામાં ન હોવા જોઈએ. ક્રિકેટના અસોસિયેશનનું નેતૃત્વ નિવૃત્ત ક્રિકેટરોએ કરવું જોઈએ નહીં કે જેને બૅટ પણ પકડતા ન આવડતું હોય તેવા લોકોએ, એમ સુપ્રીમ કોર્ટે કહ્યું હતું. સગાંવાદ અને પક્ષપાતના આક્ષેપોને ટાંકીને બૉમ્બે હાઈ કોર્ટે મૂળ છ જાન્યુઆરીએ યોજાનારી મહારાષ્ટ્ર ક્રિકેટ અસોસિયેશન (એમસીએ)ની ચૂંટણી પર સ્ટે મૂકતા આપેલા આદેશ સાથે ચેડા કરવાનું મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્ત અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી તેમ જ વિપુલ એમ. પંચોલીની બનેલી ખંડપીઠે નકારી કાઢ્યું હતું. હાઈ કોર્ટના આદેશને પડકારતી એમસીએ સહિતની અરજીની ખંડપીઠે સુનાવણી કરી રહી હતી. એમસીએના સભ્યપદમાં અચાનક જોવા મળેલા વધારા અંગે ખંડપીઠે સુનાવણી દરમિયાન સવાલ ઉઠાવ્યા હતા. (એજન્સી) ■

## તેલ જ્યાંથી સસ્તું મળશે ત્યાંથી ખરીદશુંઃ ભારતની સાફ વાત

નવી દિલ્હીઃ ભારત ટૂંક સમયમાં અમેરિકા પાસેથી પેટ્રોલિયમ, ડિફેન્સ, ઈલેક્ટ્રોનિક્સ, ફાર્માસ્યુટિકલ્સ, ટેલિકોમ પ્રોડક્ટ્સ અને વિમાન ખરીદશે તેવો દાવો એક રિપોર્ટમાં કરવામાં આવ્યો છે. રિપોર્ટમાં મુજબ બંને પક્ષોની વાતચીત બાદ ટ્રેડ ડીલ પર સત્તાવાર મહોર મારવામાં આવશે. ડીલનો હેતુ ભારતની સાથે અમેરિકાની વેપાર ખાધ ઘટાડવાનો છે. આ દરમિયાન સૂત્રોના જણાવ્યા પ્રમાણે, અમેરિકા સાથે ટ્રેડ ડીલમાં ભારત તેના હિત સાથે કોઈ સમજૂતી નહીં કરે.

ભારત-અમેરિકા ટ્રેડ ડીલ પર ભારતે પોતાની 'લક્ષ્મણ રેખા' સ્પષ્ટ કરી દીધી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ભારતે સાફ કરી દીધું છે કે અમેરિકા સાથેના વ્યાપારમાં

(જુઓ પાનું ૨) ▸▸

## ઑઈલ ખરીદવાનું બંધ કર્યાનું ભારતે હજી જણાવ્યું નથીઃ રશિયા

મોસ્કોઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પનો દાવો કે ભારત રશિયા પાસેથી તેલ ખરીદવાનું બંધ કરશે એના પર પ્રતિક્રિયા આપતા ક્રેમલિને કહ્યું હતું કે અમે આવી કોઈ વાત નવી દિલ્હી પાસેથી સાંભળી નથી.

ટ્રમ્પે સોમવારે ભારત સાથે નવા વેપાર કરાર થવાની જાહેરાત કરી હતી. ટ્રમ્પે ભરત પર ઓછી રેસિપ્રેકલ ટૅરિફ લગાડવાની સાથે ભારતની બજારોમાં અમેરિકી નિકાસ પર શૂન્ય ટૅરિફની વાત કરી હતી. ટ્રમ્પે એવો પણ દાવો કર્યો હતો કે નવી દિલ્હી રશિયા પાસેથી તેલ ખરીદવાનું બંધ કરશે અને અમેરિકન સામાનની આયાત મોટા પ્રમાણમાં (જુઓ પાનું ૨) ▸▸

## લોકસભામાં કાગળો ફાડી સ્પીકર પર ફેંક્યાંઃ આઠ સાંસદ સસ્પેન્ડ

નવી દિલ્હીઃ સરકાર અને વિરોધ પક્ષ વચ્ચેનો સંઘર્ષ ઉગ્ર થતા મંગળવારે લોકસભામાંથી કોંગેસના સાત સાંસદ અને સીપીઆઈ-એમના એક સંસદસભ્યને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. આ સંસદસભ્યોએ કાગળિયા ફાડીને સ્પીકર પર ફેંક્યા હતા. બીજી બાજુ વિરોધ પક્ષોએ રાજ્યસભામાં ભારત અને અમેરિકા વચ્ચે વેપાર કરાર પર ચર્ચાની માગણીના સમર્થનમાં સભાત્યાગ કર્યો હતો. સરકારે આક્ષેપ કર્યો હતો કે આ સભાત્યાગ વડે વિરોધ પક્ષ પોતાની હતાશા વ્યક્ત કરે છે. કોંગ્રેસના નેતા જયરામ રમેશે શૂન્ય કાળ પછી ભારત-અમેરિકા વેપાર કરારની બાબત ઉપાડતાં કહ્યું હતું કે આ કરારની વિગતો ભારત નહીં વૉશિંગ્ટન તરફથી આવી રહી છે.

વિરોધ પક્ષના આઠ સભ્યોને બીજી એપ્રિલે પૂરા થનારા બાકીના બજેટ સત્ર માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આને લીધે વિવિધ બાબતો પર સરકાર અને વિરોધ પક્ષ વચ્ચેનો ટકરાવ વધશે. ભારત-ચીન વચ્ચેની ૨૦૨૦ની અથડામણના લશ્કરના ભૂતપૂર્વ વડા એમ. એમ. નરવણેના પ્રગટ ન થયેલાં સંસ્મરણોના અંશો પરનો લેખ લોકસભાના વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીને ટાંકવા ન દીધો તેથી પણ વિવાદ થયો હતો.

વિરોધ પક્ષે અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ ભારત-અમેરિકા વેપાર કરાર જાહેર કર્યો એ અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી. વિરોધ પક્ષે વારાણસીના મણિકર્ણિકા ઘાટમાં ચાલતી તોડફોડનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો.

વિવિધ સભામોકૂફી બાદ લોકસભા બપોરના ત્રણ વાગ્યે મળી ત્યારે અધ્યક્ષસ્થાને રહેલા દિલીપ સાઈકિયાએ કોંગ્રેસના આઠ સભ્યોના નામ દીધા હતા. ત્યાર બાદ સંસદીય બાબતોના પ્રધાન કિરન રિજિજુએ બજેટ સત્રના બાકીના ગાળા માટે આઠ સભ્યોને સસ્પેન્ડ કરવાનો ઠરાવ

(જુઓ પાનું ૨) ▸▸

## અમેરિકા સાથે વાટાઘાટ કરવા માટે ઈરાન અંતે તૈયાર

દુબઈઃ ઈરાનની અમેરિકા સાથેની તંગદિલી ચરમસીમાએ છે ત્યારે ઈરાને પહેલી વાર સ્પષ્ટ સંકેત આપ્યા છે કે તે અમેરિકા સાથે વાતચીત કરવા તૈયાર છે. ઈરાનના પ્રમુખે મંગળવારે કહ્યું હતું કે મેં દેશના વિદેશપ્રધાનને સૂચના આપી છે કે તે અમેરિકા સાથે 'નિષ્પક્ષ અને ન્યાયસંગત વાતચીત'નો વિકલ્પ તપાશે. ઈરાનમાં ગયા મહિને રાષ્ટ્રવ્યાપી દેખાવો પર લોહિયાળ તવાઈ થઈ ત્યાર બાદ ઈરાન અને અમેરિકા વચ્ચે ગમે ત્યારે લડાઈ ફાટી નીકળે એવી સંભાવના ઊભી થઈ છે.

આ જાહેરાતથી ઈરાનના સુધારાવાદી પ્રમુખ મસુદ પેઝેશકિયાન માટે નાટયાત્મક વળાંક આવ્યો છે. પ્રમુખે ઈરાનીઓને અઠવાડિયાઓથી વારંવાર એવી ચેતવણી આપી હતી કે દેશમાં ચાલતી મડાગાંઠ મારા અંકુશની બહાર છે. આનો અર્થ એ પણ થાય છે કે પ્રમુખને ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતોલ્લા ખામનેઈનો ટેકો મળ્યો છે. અગાઉ ૮૬ વર્ષના ધાર્મિક નેતાએ અમેરિકા સાથે વાતચીત કરાનું નકારી કાઢ્યું હતું. તુર્કી પડદા પાછળ આ અઠવાડિયાના અંતમાં વાતચીત

(જુઓ પાનું ૨) ▸▸

## 'ચિકન્સ નેક' રેલવેથી ઈશાન ભારતની સલામતી વધશેઃ સરમા

ગુવાહાટીઃ આસામના મુખ્ય પ્રધાન હેમંતા બિસ્વ શરમાએ મંગળવારે જણાવ્યું હતું કે પશ્ચિમ બંગાળમાં વ્યૂહાત્મક 'ચિકન્સ નેક' કોરિડોર સાથે પ્રસ્તાવિત ભૂગર્ભ રેલ લિંક ઉત્તર-પૂર્વને જોડતો સુરક્ષિત પરિવહન માર્ગ સુનિશ્ચિત કરશે. સરમાએ એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, આ મોટી વાત છે. દાયકાઓથી, 'ચિકન્સ નેક'નો ઉપયોગ રાષ્ટ્ર વિરોધી દળો દ્વારા, આપણી સરહદોની અંદર અને બહાર, ડરાવવાની યુક્તિ તરીકે કરવામાં આવે છે . પ્રસ્તાવિત ભૂગર્ભ રેલ લિંક એક મોટી વ્યૂહાત્મક સફળતા દર્શાવે છે, જે ઉત્તર પૂર્વ અને દેશના બાકીના ભાગો વચ્ચે એક સુરક્ષિત અને સંપૂર્ણ પરિવહન કોરિડોર બનાવે છે.

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ભારતે કાંડાં કાપીને આપી દીધાં કે ટ્રમ્પે જૂઠાણું ચલાવ્યું?

**અંતે** લાંબા સમયથી જેની રાહ જોવાતી હતી એ ભારત અને અમેરિકા વચ્ચે વ્યાપાર કરાર (ટ્રેડ ડીલ) થઈ ગયો હોવાની ટ્રમ્પે જાહેરાત કરી નાખી. ટ્રમ્પની જાહેરાત પ્રમાણે, આ કરાર પ્રમાણે, અમેરિકાએ ભારતના માલ પર લાદેલા ૫૦ ટકા ટૅરિફને ઘટાડીને ૧૮ ટકા કરી દીધી છે. ભારત અમેરિકાના માલ પરની ડ્યૂટી ઘટાડવા તૈયાર નહોતું ને અમેરિકાની ઐસીતૈસી કરીને રશિયા પાસેથી ક્રૂડ ખરીદવાનું પણ ચાલુ રાખેલું તેથી ગિન્નાયેલા ટ્રમ્પે ઑગસ્ટ ૨૦૨૫માં ભારત પર બે વાર ટૅરિફ ઠોકી દીધી હતી.

ટ્રમ્પે ૧ ઑગસ્ટે ભારતની અમેરિકામાં નિકાસ પર પચીસ ટકા રેસિપ્રોકલ ટૅરિફ લગાવી હતી. ટ્રમ્પનું કહેવું હતું કે, ભારત અમેરિકાના માલ પર તોતિંગ કર વસૂલે છે એટલે અમે પણ જેવા સાથે તેવા થઈને ભારતના માલ પર ૨૫ ટકા ટૅરિફ વસૂલીશું. ૨૭ ઑગસ્ટે ટ્રમ્પે રશિયા પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદી બદલ વધારાની પચીસ ટકા ટૅરિફ ઠોકી દેતાં ભારતના માલ પર કુલ ૫૦ ટકા ટૅરિફ થઈ ગઈ હતી.

ટ્રમ્પની જાહેરાત પ્રમાણે, ટ્રેડ ડીલ હેઠળ અમેરિકાએ ભારત પર ઠોકેલી પચીસ ટકા રેસિપ્રોકલ ટૅરિફ ૭ ટકા ઘટાડીને ૧૮ ટકા કરી નાખી છે જ્યારે રશિયન ક્રૂડ ખરીદવા બદલ લગાવાયેલા વધારાની પચીસ ટકા ટૅરિફ અંગે કોઈ ચોખવટ કરાઈ નથી. ટ્રમ્પના દાવા પ્રમાણે ભારતે રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ નહીં ખરીદવાની ખાતરી આપી છે એટલે પેનલ્ટી પેટે લગાવાયેલી પચીસ ટકા ટૅરિફ જતી જ રહેશે તેથી અસરકારક રીતે ભારતના માલ પર ૫૦ ટકા ટૅરિફના બદલે ૧૮ ટકા ટૅરિફ જ રહેશે.

આ કહેવાતા ટ્રેડ ડીલને પગલે મોદીભક્ત મીડિયા ઝૂમી ઉઠ્યું છે. મોદીની વિનંતીના પગલે ટૅરિફ ૫૦ ટકાથી ઘટાડીને ૧૮ ટકા કરી નાંખી તેના કારણે હવે ચીન, પાકિસ્તાન, બાંગ્લાદેશ સહિતના દેશો કરતાં ભારત આગળ નિકળી ગયું છે એ પ્રકારના દાવા મીડિયામાં કરાઈ રહ્યા છે. અમેરિકા સાથેનો આ કરાર મોદી સરકારની બહુ મોટી સિદ્ધિ હોય એ પ્રકારનું પિક્ચર ઉભું કરવાની મથામણ શરૂ થઈ ગઈ છે.

આઘાતજનક વાત એ છે કે, ભારત સરકાર આ ટ્રેડ ડીલ વિશે ચૂપ છે. મોદીએ એવી પોસ્ટ કરી કે, હવે મેડ ઇન ઇન્ડિયા પ્રોડક્ટ્સ પર અમેરિકામાં ટૅરિફ ઘટીને ૧૮ ટકા થઈ જશે એ જાણીને આનંદ થયો પણ તેમની પોસ્ટમાં ટ્રેડ ડીલ અંગે કોઈ માહિતી અપાઈ નથી. મોદીએ ટ્રમ્પનો આભાર માન્યો ને દુનિયાની બે મોટી લોકશાહી સાથે મળે તો આમ થાય ને તેમ થાય એ બધી વાર્તાઓ કરી પણ ટ્રમ્પે કરેલા દાવા સાચા છે કે ખોટા એ વિશે સરકાર કશું બોલી રહી નથી એ જોતાં ટ્રમ્પની પોસ્ટને જ સાચી માનવી પડે.

ટ્રમ્પે કરેલી પોસ્ટ પ્રમાણે, અમેરિકાએ ટૅરિફ ઘટાડ્યા તેના બદલામાં હવે ભારત રશિયા કે ઈરાન પાસેથી ક્રૂડ ઓઈલ નહીં ખરીદે પણ અમેરિકા કહેશે એ રીતે ક્રૂડ ઓઈલની ખરીદી કરશે. હમણાં અમેરિકાએ વેનેઝુએલા પર કબજો કરેલો છે એટલે વેનેઝુએલા પાસેથી ભારત ક્રૂડની ખરીદી કરશે ને ભવિષ્યમાં અમેરિકા પાસેથી ખરીદી કરવી પડશે કેમ કે ટ્રમ્પે સાફ શબ્દોમાં કહ્યું છે કે, મોદી રશિયન ક્રૂડ ઓઈલ ખરીદવાનું બંધ કરીને અમેરિકા પાસેથી વધુ ક્રૂડ ઓઈલ ખરીદવા સંમત થયા છે.

રશિયા પાસેથી ક્રૂડની ખરીદી ભારતના ફાયદામાં છે એવું મોદી સરકારે વારંવાર કહ્યું છે. હવે દેશને ફાયદો કરાવતી ખરીદીના બદલે અમેરિકાના ઈશારે ભારત ખરીદી કરે તેનો શો અર્થ થયો? એ જ કે ભારતે તેના સ્વમાનને કોરાણે મૂકી દીધું છે. આપણે કોની પાસેથી ક્રુડ ખરીદવું એ પણ અમેરિકા નક્કી કરે તો આપણા જેવો પાણી વિનાનો દેશ બીજો કોઈ ના કહેવાય.

ટ્રમ્પની પોસ્ટમાં બીજી મહત્ત્વની વાત એ છે કે, મોદીએ મોટા પ્રમાણમાં અમેરિકન માલ ખરીદવાની પ્રતિબદ્ધતા દર્શાવી છે. ટ્રમ્પના દાવા પ્રમાણે તો ભારત અમેરિકા પાસેથી ૫૦૦ અબજ ડૉલરનાં એનર્જી, કોલસો, ટેકનોલોજી, કૃષિ ઉત્પાદનો અને બીજું બધું ખરીદશે. ટ્રમ્પની આ વાત સાચી હોય તો ભારતનું અર્થતંત્ર તબાહ થઈ જશે. ટ્રમ્પે ૫૦૦ અબજ ડૉલરનો માલ અમેરિકાનો માલ ભારત કેટલા સમયમાં ખરીદશે તેનો ફોડ પાડ્યો નથી પણ આ રકમ બહુ મોટી છે.

૨૦૨૪માં ભારતે અમેરિકામાં કુલ ૮૦ અબજ ડૉલરની નિકાસ કરી હતી. તેના કરતાં આ રકમ છ ગણી કરતાં પણ વધારે છે. અમેરિકા ભારત પાસેથી અત્યારે માલ ખરીદે છે એ સિવાયની આ ખરીદી હશે એવો ટ્રમ્પે સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે એ જોતાં અત્યારે ભારત અમેરિકા સાથેના વ્યાપારમાં સરપ્લસ છે તેના બદલે ખાધમાં આવી જશે. જો કે સૌથી મહત્ત્વની વાત એ છે કે, મોદીએ અમેરિકાનાં કૃષિ ઉત્પાદનો ખરીદવા પણ પ્રતિબદ્ધતા દર્શાવી હોવાનું ટ્રમ્પે લખ્યું છે. ભારત પોતાના ખેડૂતોનાં હિતો સાચવવા માટે અમેરિકાનાં કૃષિ ઉત્પાદનોને એન્ટ્રી નહીં આપવા અડી ગયેલું. હવે અમેરિકાનાં કૃષિ ઉત્પાદનો અહીં આવશે તો આપણા ખેડૂતોની તો હાલત બગડી જશે.

બીજી એક મહત્ત્વની વાત, અમેરિકાના માલ પરની ટૅરિફ ઝીરો કરવાની છે. ટ્રમ્પે ધીરે ધીરે ટૅરિફ ઘટાડાશે અને નોન-ટૅરિફ બેરિયર્સ ઝીરો કરી દેવાશે એવું કહ્યું છે. ભારતમાં તેનો મતલબ એ કઢાયો કે, અમેરિકાના માલ પર કોઈ ટૅરિફ નહીં લાગે પણ આ વાત સાચી નથી. સાચી વાત એ છે કે, ભારત તબક્કાવાર રીતે ટૅરિફ ઘટાડશે અને શૂન્ય પર લઈ જશે. નોન-ટૅરિફ અવરોધોમાં લાઇસન્સિંગ નિયમો, ક્વોટા, પ્રમાણપત્ર આવશ્યકતાઓ, સ્થાનિક સોર્સિંગ ધોરણો અને નિયમનકારી મંજૂરીઓ વગેરે પ્રતિબંધોનો સમાવેશ થાય છે. આ તમામ અવરોધો પણ દૂર કરી દેવાશે. ટ્રમ્પે એ ક્યારે દૂર કરાશે તેનો ઉલ્લેખ કર્યો નથી પણ ટૅરિફ ઝીરો થાય ને નોન-ટૅરિફ અવરોધો દૂર થાય તેનો મતલબ એ થયો કે, અમેરિકાનાં ઉત્પાદનો માટે ભારતનું બજાર ખુલ્લું થઈ જાય. એ સંજોગોમાં અમેરિકા પોતાનાં ડેરી ઉત્પાદનો પણ ભારત મોકલવા માંડે ને કારો પણ વેચવા માંડે. તેના કારણે ભારતીય કંપનીઓની વાટ લાગી જાય.

ભારત સરકારે આ બધા મુદ્દે સ્પષ્ટતા કરવી જરૂરી છે. અત્યાર લગી ટ્રમ્પની ધમકીઓ સામે મોદી સરકાર ઝૂકતી નહોતી તેથી લાગતું હતું કે, મોદી સરકાર મરદ સાબિત થઈ છે પણ ટ્રમ્પની વાત સાચી હોય તો તેનો અર્થ એ થયો કે, આપણી સરકાર ટ્રમ્પનાં પગોમાં આળોટી જ ગઈ છે. ટ્રમ્પે સોમવારે સોશિયલ મીડિયા 'ટ્રુથ સોશિયલ' પર પોસ્ટ કરીને આપેલી માહિતી પરથી લાગે કે, ભારતે અમેરિકાને કાંડાં કાપીને આપી દીધાં છે, મોદી સરકારે ડોનાલ્ડ ટ્રમ્પની નાલાયકીઓ સામે ઘૂંટણ ટેકવી દીધા છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ - સૌર શિશિરઋતુ, બુધવાર, તા. ૪-૨-૨૦૨૬, મોઢેશ્વરી માતા પ્રાગ્ટય (મોઢેરા)

- ભારતીય દિનાંક ૧૫, માહે માઘ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, માઘ વદ-૩
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે માઘ, તિથિ વદ-૩
- પારસી શહેનશાહી રોજ ૨૪મો દીન,માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૨૪મો દીન, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૧મો રામ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૫મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૭મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૭
- નક્ષત્ર પૂર્વાફાલ્ગુની રાત્રે ક. ૨૨-૧૨ સુધી, પછી ઉત્તરા ફાલ્ગુની.
- ચંદ્ર સિંહમાં મધ્યરાત્રિ પછી ક. ૨૮-૧૯ સુધી, પછી કન્યામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ સિંહ (મ, ટ), કન્યા (પ, ઠ, ણ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૩, અમદાવાદ ક. ૦૭ મિ. ૨૦, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૧, અમદાવાદ ક. ૧૮ મિ. ૨૭, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ બપોરે ક. ૧૩-૩૯, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૦૨ (તા. ૫)
- ઓટઃ સવારે ક. ૦૭-૪૯, રાત્રે ક. ૧૯-૪૦
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, માઘ કૃષ્ણ- તૃતીયા. મોઢેશ્વરી માતા પ્રાગ્ટય (મોઢેરા), બુધોદય પશ્ચિમ, શબ્બેબારાત (મુસ્લિમ), હર્ષલ માર્ગી સવારે ક. ૦૮-૦૪, ભદ્રા બપોરે ક. ૧૨-૧૯થી ૨૪-૦૯.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, ખાત, ઉપનયન, મહેસાણા પાસે મોઢેરામાં મોઢેશ્વરી માતા પ્રાગ્ટય ઉત્સવ, બુધ-શુક્ર પૂજન, મહાલક્ષ્મી પૂજન, ઘર-ખેતર જમીન, પશુ લે-વેંચના કામકાજ, ખાખરાનું વૃક્ષ વાવવું, ખાખરાનું વૃક્ષ વાવવું, વિદ્યારંભ, માલ વેંચવો, ધાન્ય ઘરે લાવવું, ખેતીવાડીના કામકાજ, પશુ લે-વેંચ, મહાલક્ષ્મી પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજન.
- આચમનઃ ચંદ્ર-ગુરુ અર્ધત્રિકોણ પ્રમાણિક
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ અર્ધત્રિકોણ
- ગ્રહગોચરઃ સૂર્ય-મકર, મંગળ-મકર, માર્ગી બુધ-કુંભ (બુધ અસ્ત), વક્રી ગુરુ-મિથુન, શુક્ર-મકર (શુક્ર પશ્ચિમમાં દેખાશે), માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## 'અમેરિકાની કૃપિપેદાશોની ભારત નિકાસમાં વધારો થશે'

### આવું કહે છે અમેરિકાના ટોચના નેતા

ન્યૂ યૉર્કઃ ટોચના અમેરિકન નેતાએ કહ્યું હતું કે નિકટના ભાગીદાર ભારત સાથે કરવામાં આવેલા વેપારી કરાર અંગે અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે કરેલી જાહેરાતને કારણે હવે અમેરિકા મોટા પ્રમાણમાં કૃષિપેદાશોની ભારતીય બજારમાં નિકાસ કરી શકશે જેને લીધે ભાવ વધશે અને તેને કારણે અમેરિકાના ખેડૂતો તેમ જ ગ્રામીણ વિસ્તારોને લાભ થશે.

આ કરાર રશિયાના આક્રમણને નબળું પાડવામાં પણ મદદરૂપ થશે, એમ તેમણે કહ્યું હતું.

સૅનેટ ફૉરેન રિલેશન્સ કમિટી ચેરમેન સૅનેટર જિમ રિસ્ચએ અમેરિકા-ઈન્ડિયા ટ્રેડ ડીલ અંગે ટ્રમ્પને અભિનંદન આપ્યાં હતાં અને કહ્યું હતું કે જાણીને આનંદ થયો કે વિશ્વની સૌથી જૂની અને સૌથી મોટી લોકશાહી ધરાવતા દેશ વેપારી કરાર આડે આવતા અવરોધો દૂર કરવા સહમત અને સફળ થયા.

ભારતને અમેરિકાનો નિકટનો ભાગીદાર લેખાવતાં તેમણે કહ્યું હતું કે ચીનની મેલી મુરાદ ધરાવતા પ્રભાવ અને વગને ખાળવાને મામલે ભારત અમેરિકાનો આંતરિક ભાગીદાર છે. નવા કરાર અંતર્ગત ભારતે અમેરિકન ઉત્પાદનો ખરીદવાની તૈયારી દર્શાવી છે. આ કરારને કારણે રશિયાના ઊર્જા ક્ષેત્રને મળતી ભારતની મદદ ઘટી જશે જેને કારણે રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધનો અંત આણવામાં પણ મદદ થશે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

## કોલસા કૌભાંડ કેસ

## બંગાળ-ઝારખંડમાં ઈડીના નવેસરથી દરોડા

કોલકાતાઃ ઝારખંડ અને પશ્ચિમ બંગાળમાં કાર્યરત કોલસા માફિયા વિરુદ્ધ ચાલી રહેલી મનીલૉન્ડરિંગ સંબંધિત તપાસના ભાગરૂપ ઍન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઈડી)એ મંગળવારે દિલ્હી અને પશ્ચિમ બંગાળમાં અનેક સ્થળે નવેસરથી દરોડા પાડ્યા હોવાનું અધિકારીઓએ કહ્યું હતું.

ઈડીની ટુકડીએ કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ સાથે મળીને મંગળવારે વહેલી સવારે સાડા છ વાગ્યાથી દિલ્હી, કોલકાતા, આસનસોલ, દુર્ગાપુર તેમ જ પશ્ચિમ બર્ધમાન જિલ્લાનાં અન્ય સ્થળોએ દરોડા પાડવાનું આરંભ્યું હતું. દરોડા પાડવામાં આવેલાં સ્થળોમાં આસનસોલ બડબડ પોલીસ સ્ટેશનના નવા જ નિમાયેલા ઑફિસર ઈન્ચાર્જ (ઓસી) મનોરંજન મંડલના નિવાસસ્થાનનો પણ સમાવેશ થતો હોવાનું તેમણે કહ્યું હતું. જેમણે હજુ ઔપચારિક રીતે બડબડ પોલીસ સ્ટેશનનો હવાલો પણ નથી સંભાળ્યો એ મંડલને ગયા વરસે ભ્રષ્ટાચારના આરોપસર સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. તેમનું પોસ્ટિંગ બારાબાની પોલીસ સ્ટેશન અને ત્યાર બાદ આસનસોલમાં કરવામાં આવ્યું હતું. ઈડીની કાર્યવાહીને પગલે તેમની તાજેતરની નિમણૂક ચકાસણી હેઠળ આવી હોવાનું જણાવતાં તેમણે કહ્યું હતું કે એ વિસ્તારના રેતી અને કોલસાના અનેક વેપારીઓના નિવાસસ્થાન તેમ જ કાર્યાલયો પર પણ દરોડા પાડવામાં આવ્યા હતા. (એજન્સી)

## શિક્ષણે દશકામાં દેવાળું કાઢ્યુંઃ ૯૩,૦૦૦ સ્કૂલ બંધ પડી ગઈ

### એકલા યુપીમાં જ ૨૪,૬૦૦ શાળાઓને તાળાં લાગ્યાં

નવી દિલ્હીઃ દેશમાં એજ્યુકેશન સિસ્ટમની હાલત ગંભીર બની રહી છે, જેમાં ઉચ્ચ શિક્ષણ માટે હજુ પણ બાળકો વિદેશની દોટ મૂકે છે એમાં કોઈ નવાઈની નથી, કારણ કે દેશમાં પર્યાપ્ત સંસાધનો નથી. એનાથી ચોંકાવનારી વાત એ છે કે દેશમાં ૧૦ વર્ષમાં ૯૩,૦૦૦થી વધુ શાળાને બંધ કરવામાં આવી છે. સંસદમાં મળેલી માહિતી અનુસાર ભારતમાં ૧૦ વર્ષમાં ૯૩,૦૦૦થી વધુ શાળાને તાળા માર્યા હતા, જે શિક્ષણની કથળતી હાલતની સાથે એજ્યુકેશન સિસ્ટમ પરના વિશ્વાસ અંગે ગંભીર સવાલો ઊભા કરે છે.

સરકારી માહિતી અનુસાર વર્ષ ૨૦૧૪-૧૫થી ૨૦૧૯-૨૦ વચ્ચેનો સમયગાળો સૌથી વધુ ખરાબ રહ્યો હતો. આ છ વર્ષમાં દેશમાં ૭૦,૦૦૦થી વધુ શાળાને બંધ કરવામાં આવી હતી. સૌથી વધુ સ્કૂલ બંધ થઈ હોય તો દેશના મોટા રાજ્ય ઉત્તર પ્રદેશનો નંબર પહેલો રહ્યો હતો, જ્યાં ૨૪,૬૦૦થી વધુ સ્કૂલનો સમાવેશ થાય છે.

## ચાઈલ્ડ પૉર્નઃ મસ્કની કંપની 'ઍક્સ' સામે કાર્યવાહી

પૅરિસઃ બાળકોનું શારીરિક શોષણ કરતી તસવીરો અને ડીપફેક સહિતના કથિત ગુના સંબંધિત પ્રાથમિક તપાસના ભાગરૂપ ફ્રેન્ચ સરકારી કાનૂન એજન્સીએ મંગળવારે ઈલૉન મસ્કના શોશ્યલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ'ના કાર્યાલય પર તપાસ કાર્યવાહી કરી હતી. સાયબર ક્રાઈમના યુનિટ દ્વારા ગયા વર્ષના જાન્યુઆરીમાં તપાસ આરંભવામાં આવી હતી, એમ પૅરિસ પ્રોસિક્યુટરના કાર્યાલય દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું. કિશોરોની પોર્નોગ્રાફી તસવીરોની માલિકી ધરાવવી અને તેને ફેલાવવી, સેક્સ્યુઅલી એક્સપ્લીસિટ ડીપફેક્સ, માનવતા વિરુદ્ધના ગુનાને નકારવા અને સંગઠિત ગ્રૂપના હિસ્સા તરીકે ઑટોમેટેડ ડેટા પ્રોસેસિંગ સિસ્ટમ સાથે ચાલાકી કરવા સહિતના આક્ષેપોને મામલે સાયબર ક્રાઈમના યુનિટ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. આ ઉપરાંત સરકારી વકીલે ઈલોન મસ્ક અને વર્ષ ૨૦૨૩થી વર્ષ ૨૦૨૫ સુધી 'એક્સ'ના સીઈઓ રહેલા લિન્ડા યાક્કોરિનોની સ્વૈચ્છિક મુલાકાતની માગણી કરતી અરજી પણ દાખલ કરી છે.

## પહેલા પાનાનું ચાલુ

### અમેરિકી ટ્રેડ

અંડરટોન ખૂબ જ મક્કમ રહ્યો હતો. સેન્સેક્સની ૨૮ સ્ક્રિપ્સ વધી હતી જ્યારે માત્ર બે જ સ્ક્રિપ્સ ઘટી હતી. એક્સચેન્જનું માર્કેટ કેપિટલાઈઝેશન ૪૫૫.૦૩ લાખ કરોડ રૂપિયાથી ૧૨.૧૧ લાખ કરોડ રૂપિયા વધીને ૪૬૭.૧૪ લાખ કરોડ રૂપિયા રહ્યું હતું.

ફોરેક્સ માર્કેટમાં પણ મંગળવારે જબ્બર તેજી જોવા મળી હતી. અમેરિકન ડોલર સામે ભારતીય રૂપિયો સત્ર દરમિયાન ૧૫૦ પૈસા સુધી ઉછળીને છેવટે ૧૨૨ પૈસાના સુધારા સાથે ૯૦.૨૭ની પ્રોવિઝનલ સપાટીએ સ્થિર થયો હતો.

નોંધવું રહ્યું કે ૨૦૨૫માં રૂપિયો લગભગ પાંચ ટકા તૂટ્યો હતો અને એશિયામાં સૌથી નબળું ચલણ બની ગયો હતો. ભારતીય રૂપિયો મંગળવારે અમેરિકન ડોલર સામે સત્રમાં ત્રણ વર્ષની સૌથી મોટી તેજી સાથે ૯૦.૨૦ના સ્તરે પહોંચ્યો હતો.

આ તેજી અમેરિકા અને ભારત વચ્ચે ટ્રેડ ડીલની જાહેરાતને કારણે આવી છે, જેમાં અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ભારતીય માલસામાન પરના ટેરિફને પચાસ ટકાથી ઘટાડીને ૧૮ ટકા કરવાની જાહેરાત કરી છે. આ તરફ રિલાયન્સ અને હેવીવેઇટ ફાઇનાન્શિયલ્સની આગેવાની હેઠળ સ્થાનિક શેરબજારોએ નવ મહિનામાં પોતાનો શ્રેષ્ઠ દિવસ નોંધાવ્યો હતો, ભારત-યુએસ વેપાર સોદા દ્વારા બજારનો મુખ્ય અવરોધ દૂર થયા પછી નિકાસલક્ષી શેરોએ વ્યાપક તેજી દર્શાવી હતી.

મહિનાઓ સુધી વાટાઘાટો બાદ આખરે ભારત અને અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલ થઈ છે. ટ્રમ્પનો દાવો છે કે ભારત હવે રશિયાથી ક્રૂડ ઓઈલ ખરીદવાનું બંધ કરી દેશે, જેથી યુક્રેન યુદ્ધ રોકવામાં મદદ મળશે, ભારતમાં અમેરિકાની પ્રોડક્ટ્સ પર ટેરિફમાં ધરખમ ઘટાડો કરાશે અને અમેરિકાની ૫૦૦ અબજ ડોલરની વસ્તુઓ ભારતમાં વેચાશે.

### લોકસભામાં

રજૂ કર્યો હતો. આ સભ્યો ગુરજીત સિંહ ઓજલા, હિબિ ઈડન, સી. કિરણ કુમાર રેડ્ડી, અમરિન્દર સિંહ રાજા વડિંગ, મણિકમ ટાગોર, પ્રશાંત પડોલે, ડીન કુરિયાકોસ (બધા કૉંગ્રેસના) અને એસ. વેંકટેશન (સીપીઆઈ-એમ) છે.

ગૃહ પ્રસ્તાવ મૌખિક મતદાનથી મંજૂર કર્યો હતો. રાહુલ ગાંધીની આગેવાની હેઠળ કૉંગ્રેસના સભ્યોએ પાર્લામેન્ટ બિલ્ડિંગની બહાર દેખાવો કર્યા હતા. (એજન્સી)

### ટૅરિફ તેમણે

જાહેરાત પણ ટ્રમ્પ દ્વારા કરવામાં આવી હતી.

તેમણે કહ્યું હતું કે, આ બેસ્ટ ડીલ છે અને આની અંતિમ વિગતો ફાઈનલ થઈ રહી છે તેમ જ કરારની વિગતવાર જાહેરાત અમેરિકા - ભારતના સંયુક્ત નિવેદન દ્વારા કરાશે.

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે મંગળવારે જવાબ આપ્યો કે નવી દિલ્હીએ સત્તાવાર રીતે ભારત-અમેરિકા વેપાર કરારની જાહેરાત કેમ કરી તે પહેલાં અમેરિકાએ જ કરી હતી. તેમને જ્યારે પૂછવામાં આવ્યું કે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ભારતની પહેલા કરાર અંગે ટ્વીટ કેમ કર્યું હતું જેના જવાબમાં ગોયલે કહ્યું હતું કે ટૅરિફ પરત લેવાનો નિર્ણય અમેરિકામાં લેવામાં આવ્યો હતો. અમેરિકાએ પારસ્પરિક ટૅરિફ લાદ્યો હતો, તેથી ઘટાડા અંગેની જાહેરાત ટ્રમ્પ તરફથી કરવામાં આવી હતી.

પીયૂષ ગોયલે જણાવ્યું હતું કે ભારત અને અમેરિકા ટૂંક સમયમાં તેમના વેપાર કરાર પર સંયુક્ત નિવેદન બહાર પાડશે અને અંતિમ સહમતિ પર હસ્તાક્ષર થયા પછી અને તકનીકી પ્રક્રિયાઓ પૂર્ણ થયા પછી તેના વિશે વિગતો શેર કરશે. નોંધનીય છે કે ટ્રમ્પે જાહેરાત કરી હતી કે ભારત અમેરિકાના ઉત્પાદનો પર શૂન્ય ટૅરિફ લગાવશે અને ૫૦૦ અબજ ડોલરનો અમેરિકન સામાન ખરીદશે. આ કરારની પુષ્ટી સોમવારે રાત્રે વડા પ્રધાન મોદીએ કરી હતી. પરંતુ સરકાર તરફથી ચોક્કસ વિગતો ના આપવાના કારણે રાજકીય હંગામો મચી ગયો હતો.

### -તો ભારત

આવી હતી. ચીફ જસ્ટિસે કહ્યું હતું કે તમે ડેટા શેરિંગના નામ પર આ દેશમાં પ્રાઈવસીના અધિકાર સાથે રમી શકતા નથી. અમે તમને ડેટાનો એક પણ શબ્દ શેર કરવાની મંજૂરી આપીશું નહીં. તમે બાંયધરી આપો કે અમે નાગરિકોની પ્રાઈવસીના અધિકારનું ઉલ્લંઘન કરીશું નહીં. બેન્ચે કહ્યું કે દેશમાં ગોપનીયતાના અધિકારનું કડક રીતે રક્ષણ કરવામાં આવે છે અને નોંધ્યું કે તમે પ્રાઈવેસીની શરતો એટલી ચાલાકીપૂર્વક ઘડી છે કે સામાન્ય વ્યક્તિ તેને સમજી શકતો નથી. આ ખાનગી માહિતીની ચોરી કરવાની એક ચાલાક રીત છે અને અમે તમને તે કરવાની મંજૂરી આપીશું નહીં. તમારે બાંયધરી આપવી પડશે નહીં તો અમારે આદેશ પસાર કરવો પડશે. ચીફ જસ્ટિસે પૂછ્યું હતું કે, શું રસ્તા પર ફળ વેચતી ગરીબ મહિલા તમારી પોલિસીની શરતો સમજી શકશે? તેને સમજાવવા માટે કોઈ હશે નહીં. તમે લાખો લોકોનો ડેટા લીધો હશે.

### અમેરિકા સાથે

થાય એ માટે પ્રયાસો કરી રહ્યુ છે. અમેરિકાના મિડલઈસ્ટના એલચી સ્ટિવ વિટકોફ હાલમાં ઈઝરાયલની મુલાકાતે છે અને ઈઝરાયલના વડા પ્રધાન બેન્જામીન નેતન્યાહુને મળવાના છે. શું ઈરાન અને અમેરિકા વચ્ચે કોઈ સમજૂતી થાય છે કે નહીં એ જોવાનું રહે છે. પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે તહેરાન સાથે વાતચીત કરવાની પોતાની માગણીમાં ઈરાનના અણુ કાર્યક્રમનો મુદ્દો ઉમેર્યો છે. ઈરાન અને ઈઝરાલ વચ્ચેની ગયા જૂનની ૧૨ દિવસની લડાઈ દરમિયાન અમેરિકાએ ઈરાનના ત્રણ અણુમથકો પર હુમલો કર્યો હતો. ઈરાનના પ્રમુખે કહ્યું છે કે વિસ્તારના મિત્રદેશોની વિનંતીને માન આપીને અમેરિકાના પ્રમુખની વાતચીતની દરખાસ્ત સ્વીકારવામાં આવી છે. (એજન્સી)

### મંત્રણા માટે અમને પણ આમંત્રણઃ પાકિસ્તાન

ઈસ્લામાબાદઃ પાકિસ્તાને મંગળવારે જણાવ્યું હતું કે તેને બે અલગ દેશ વચ્ચેના કરાર દ્વારા તણાવ ઘટાડવાના હેતુથી ઈરાન-અમેરિકા વાટાઘાટોમાં ભાગ લેવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે.

વાટાઘાટો તટસ્થ સ્થળે થવાની અપેક્ષા છે, સંભવતઃ તૂર્કીમાં, અને પ્રાદેશિક દેશોના અધિકારીઓ શાંતિ માટે વ્યાપક પરિપ્રેક્ષ્ય આપવા માટે ભાગ લેશે.

વિદેશ કાર્યાલય (એફઓ)ના પ્રવક્તા તાહિર અંદ્રાબીએ જણાવ્યું હતું કે 'પાકિસ્તાનને ઈરાન અને અમેરિકા વચ્ચે આગામી વાટાઘાટો માટે આમંત્રણ મળ્યું છે. સત્તાવાર સૂત્રો અનુસાર, સાઉદી અરેબિયા, કતાર, ઇજિપ્ત, ઓમાન અને સંયુક્ત આરબ અમિરાત (યુએઈ) સહિત અન્ય દેશો વિદેશ પ્રધાન સ્તરની વાટાઘાટોમાં ભાગ લે તેવી અપેક્ષા છે.

### ઑઈલ ખરીદવાનું

વધારશે. ભારતે કરારના ટૅરિફ ઓછા થવાના ભાગને સ્વીકાર્યો છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકાના પ્રમુખ ટ્રમ્પ સાથે વાતચીત કર્યા બાદ અમેરિકાએ ટૅરિફ ઘટાડી એનું સ્વાગત કર્યું હતું. જોકે મોસ્કો પાસેથી તેલ ખરીદવાનું બંધ કરવામાં આવ્યું એ અંગે નવી દિલ્હીએ કશું કહ્યું નથી.

ક્રેમલિનના પ્રવકતા દમીત્રી પેસ્કોવે પત્રકારોને કહ્યું હતું કે અમે આ અંગે નવી દિલ્હી પાસેથી કશું સાંભળ્યું નથી, રશિયા તેના ભારત સાથેના સંબંધોને કિંમતી ગણે છે અને ભારત સાથે એની વ્યૂહાત્મક ભાગીદારીને વિકાસવવાનું ચાલુ રાખશે. તેમણે વધુમાં કહ્યું હતું કે અમે રશિયા અને ભારત વચ્ચેના વયૂહાત્મક સંબંધોના વિકાસને પણ ઓછું મહત્ત્વ આપતા નથી. (એજન્સી)

### તેલ જ્યાંથી

ખેડૂતોનાં હિતો સાથે કોઈ પણ પ્રકારનું સમાધાન કરવામાં આવશે નહીં. કૃષિ અને ડેરી જેવા સંવેદનશીલ ક્ષેત્રો પહેલા પણ સુરક્ષિત હતા, અત્યારે પણ છે અને ભવિષ્યમાં પણ સુરક્ષિત જ રહેશે.

આ ઉપરાંત, ભારત પોતાનાં આર્થિક હિતોને ધ્યાનમાં રાખીને જ તેલની ખરીદી કરે છે અને કરતું રહેશે. વિશ્વમાં જ્યાંથી પણ તેલના સારા ભાવ મળશે, ત્યાંથી દેશની જનતાનાં હિતમાં ભારત તેલ ખરીદવાનું ચાલુ રાખશે. ડોનલ્ડ ટ્રમ્પે ટેરિફની જાહેરાત કરતા સમયે દાવો કર્યો હતો કે ભારત હવે રશિયા પાસેથી તેલ નહીં ખરીદે.

અમેરિકા તરફથી ભારતીય ઉત્પાદનો પર ટેરિફ ઘટાડીને ૧૮ ટકા કરવા પર ભારતને વૈશ્વિક નિકાસ સ્પર્ધામાં લાભ થશે. નવા ટેરિફમાં ભારતને અનેક દેશોની તુલનામાં ઓછા ટેરિફ વાળા દેશોની શ્રેણીમાં મુકવામાં આવ્યો છે. વર્તમાન ટેરિફ સ્થિતિ અનુસાર, ભારત પર ૧૮ ટકા ટેરિફ છે. જ્યારે ઈન્ડોનેશિયા પર ૧૯ ટકા, વિયેટનામ અને બાંગ્લાદેશ પર ૨૦ ટકા તથા ચીન પર ૩૪ ટકા ટેરિફ છે. આને જોતાં ભારત હવે એશિયાના અન્ય દેશોની તુલનામાં ભારતને વધુ ફાયદો થશે.

### બંને દેશને

કરશે. આ ઐતિહાસિક કરાર માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પને અભિનંદન આપતા શાહે કહ્યું હતું કે આ કરાર આપણી વ્યૂહાત્મક ભાગીદારીને વધુ ઊંચાઈએ લઈ જશે અને બંને દેશો અને તેમના લોકોને અપાર લાભ અપાવશે. ભારત અને અમેરિકા વચ્ચેનો વેપારમાં વધારો થશે.

ભારત અને અમેરિકા વચ્ચેના આ વેપાર કરાર હેઠળ અમેરિકા ભારતીય માલસામાન પરના પારસ્પરિક ટૅરિફને વર્તમાન પચીસ ટકાથી ઘટાડીને ૧૮ ટકા કરશે. સોમવારે વડાપ્રધાન મોદી સાથે ફોન પર વાતચીત કર્યા પછી પ્રમુખ ટ્રમ્પે આ જાહેરાત કરી હતી. વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે તેઓ ખુશ છે કે 'મેડ ઇન ઇન્ડિયા' ઉત્પાદનો પર હવે ઓછો ટેરિફ લાગુ થશે. ટ્રમ્પની પોસ્ટનો જવાબ આપતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર લખ્યું કે તેમણે ટ્રમ્પ સાથે વાતચીત કરી હતી અને એ જાણીને આનંદ થયો કે અમેરિકાએ 'મેડ ઇન ઇન્ડિયા' ઉત્પાદનો પર ટેરિફ ઘટાડીને ૧૮ ટકા કર્યો છે. પીએમ મોદીએ ટ્રમ્પનો આભાર માન્યો અને કહ્યું હતું કે આ જાહેરાત ભારતના ૧.૪ અબજ લોકો માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે.

### ન.મો. નમી

ફાઇલ્સ અને તેમણે ટેરિફ પર કેવી રીતે શરણાગતિ સ્વીકારી છે તે વિશે બોલવા દેવાથી ડરે છે.

અમેરિકા અને ઈયુ સાતે કરેલા વેપારી કરારને મામલે સરકારે સંસદને વિશ્વાસમાં લેવી જોઈએ એ પ્રકારની માગણી કરી કૉંગ્રેસે મંગળવારે આક્ષેપ કર્યો હતો કે ખેડૂતોના ભોગે પણ ટ્રમ્પને ખુશ કરવા મોદીએ સંપૂર્ણપણે ટ્રમ્પની શરણાગતિ સ્વીકારી લીધી છે.

ભારત-અમેરિકા વેપારી કરારની જાહેરાતને મામલે કૉંગ્રેસના મહામંત્રી-ઈન્ચાર્જ કમ્યુનિકેશન્સ જયરામ રમેશે એમ કહીને સરકાર પર પ્રહાર કર્યા હતા કે આ શ્રેણીબદ્ધ કમનસીબ ઘટનાઓને કારણે ભારતનું સ્તર નીચું ગયું છે.

ટ્રમ્પે પૂરી પાડેલી માહિતીને ધ્યાન પર લેતાં એ સ્પષ્ટ થાય છે કે મોદીએ ટ્રમ્પની સંપૂર્ણ શરણાગતિ સ્વીકારી લીધી છે.

તેમણે કહ્યું હતું કે યુએસ-ઈન્ડિયા અને ઈયુ-ઈન્ડિયા વેપારી કરારને સંસદના બંને ગૃહમાં રજૂ કરી તેના પર ચર્ચા થવી જોઈએ. કૉંગ્રેસના સાંસદ શશી થરૂરે પણ કહ્યું હતું કે આ મામલે સ્પષ્ટતા થવી જોઈએ. સરકારે આ મામલે સંસદને વિશ્વાસમાં લેવી જોઈએ અને કરારમાં ક્યા મુદ્દે સહમતી સધાઈ છે એ અંગે સ્પષ્ટતા કરવી જોઈએ. (એજન્સી)

### બેસ્ટ ડીલ,

પક્ષો દ્વારા કરેલા હોબાળાના કારણે તેઓ તેમ કરી શક્યા નહીં. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકા સાથે લાંબા સમયથી રાહ જોવામાં આવતો વેપાર કરાર પૂર્ણ કર્યો છે અને સમગ્ર રાષ્ટ્ર તેમને અભિનંદન આપી રહ્યું છે. મંત્રીએ ભારપૂર્વક કહ્યું હતું કે વડાપ્રધાન અને અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ વચ્ચેના વ્યક્તિગત સંબંધોને કારણે ભારતને અમેરિકા સાથે એક સારો કરાર થયો છે. ભારત-અમેરિકાના વેપાર કરારથી દેશના ગરીબો, માછીમારો, ખેડૂતો અને યુવાનો માટે મોટી તકો ખુલશે. અમેરિકા સાથેનો આ વેપાર કરાર ભારતના ઉજ્જ્વળ ભવિષ્ય માટે શુભ સંકેત છે. આ કરારના ભાગરૂપે ભારતીય માલસામાન પરનો પારસ્પરિક ટૅરિફ ૫૦ ટકાથી ઘટીને ૧૮ ટકા થઈ જશે.

### મસમોટો નિર્ણય

કરાર બદલ એનડીએના સાથીપક્ષના સાંસદોએ મોદીને એમ કહીને અભિનંદન આપ્યા હતા કે આ કરાર ભારતના ઉત્પાદન, નિકાસ અને ઉદ્યોગ ક્ષેત્રને વધુ મજબૂત બનાવશે. ભારત-અમેરિકા વચ્ચે કરવામાં આવેલા વેપારી કરાર અંતર્ગત અમેરિકા ભારતીય સામાન પર લાદવામાં આવેલો રેસિપ્રોકલ ટેક્સ પચાસ ટકાથી ઘટાડીને ૧૮ ટકા કરી નાખશે. સંસદીય બાબતોના પ્રધાન કિરણ રિજિજુએ કહ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાનીમાં સહી કરવામાં આવેલા ભારત-અમેરિકા વેપારી કરાર અંગે સાંસદો સહિત સમગ્ર દેશમાં ઉત્સુકતા છે. અત્યાર સુધીમાં કુલ ૩૯ દેશ સાથે વેપારી કરાર કરવામાં આવ્યા હોવાનું જણાવતાં તેમણે કહ્યું હતું કે આ તમામ ૩૯ દેશ વિકસિત છે એ પણ એક ઐતિહાસિક બાબત છે. (એજન્સી)

# પ્રસ્તાવિત બુલેટ ટ્રેન અમદાવાદથી પુણે ત્રણ કલાકમાં અને હૈદરાબાદ છ કલાકમાં પહોંચાડશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બજેટમાં કરાયેલી હાઈ સ્પીડ રેલ કોરિડોર અંગેની જાહેરાતથી અમદાવાદ અને પુણે અને હૈદરાબાદ વચ્ચેની કનેક્ટિવિટી વધશે અને સાથે થકવી નાખતી કલાકોની મુસાફરીને બદલે ગણતરીની કલાકોમાં પ્રવાસીઓ આ બે શહેરો સાથે જોડાશે. સરકારે અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન ફેસ-વનના એક્સટેન્શનનો પ્રસ્તાવ મૂક્યો હતો, જે અનુસાર અમદાવાદથી પુણે ત્રણ કલાકમાં અને અમદાવાદથી હૈદરાબાદ છ કલાકમાં પહોંચી શકાશે. કેન્દ્રીય રેલ્વે પ્રધાન અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે મુંબઈ અને પુણે વચ્ચેની મુસાફરી ઘટીને માત્ર ૪૮ મિનિટ થશે, જ્યારે પુણે-હૈદરાબાદ લગભગ ૧ કલાક અને ૫૫ મિનિટનો સમય લાગશે, જેનાથી એક જ દિવસે ઇન્ટરસિટી મુસાફરી બિઝનેસ ટ્રાવેલર્સ, વિદ્યાર્થીઓ અને પ્રવાસીઓને વિકલ્પ મળશે. વીડિયો કોન્ફરન્સ દ્વારા મીડિયાને સંબોધતા, વૈષ્ણવે જણાવ્યું હતું કે નિર્માણાધીન અમદાવાદ-મુંબઈ હાઇ-સ્પીડ રેલ કોરિડોરને પુણે અને હૈદરાબાદ સુધી લંબાવવામાં આવશે, જેમાં બેંગલુરુ અને ચેન્નાઈ સાથેની કનેક્ટિવિટીની પણ યોજના છે. આ અનુસાર અમદાવાદના મુસાફરો અન્ય ચાર શહેર સાથે સીધી રીતે જોડાઈ જશે. કેન્દ્રીય બજેટમાં ૪૦૦૦ કિમી બુલેટ ટ્રેનના રૂટનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. ■

# અમદાવાદ એરપોર્ટ પરથી ૯૪૮ ગ્રામનો હાઈડ્રોપોનિક ગાંજો જપ્ત, મહિલા મુસાફરની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ એરપોર્ટ પર કસ્ટમ્સ વિભાગના એર ઇન્ટેલિજન્સ યુનિટ (એઈઅ)એ ગાંજાની હેરાફેરીનો પર્દાફાશ કર્યો હતો. ચોક્કસ બાતમીના આધારે કાર્યવાહી કરતા અધિકારીઓએ બેંગકોકથી વિયેટજેટ એરની ફ્લાઇટ નં. ટણ-૫૭૦ દ્વારા આવેલી એક મહિલા મુસાફરને શંકાના આધારે અટકાવી હતી. તપાસ દરમિયાન મહિલાની મુસાફરી બેગમાંથી ખાદ્ય સામગ્રી અને ચોકલેટના નવ પેકેટો મળી આવ્યાં હતાં. આ પેકેટોની તલાશી લેતા તેમાંથી અત્યંત ચાલાકીપૂર્વક છુપાવવામાં આવેલો લીલા રંગનો પદાર્થ મળી આવ્યો હતો. પ્રારંભિક પરીક્ષણમાં 'હાઈડ્રોપોનિક્સ ગાંજો' હોવાનું સાબિત થયું હતું. કસ્ટમ્સ વિભાગે કુલ ૯૪૮ ગ્રામ ગાંજો જપ્ત કર્યો હતો, જેની બજાર કિંમત લાખોમાં હોવાનું મનાય છે. આ મામલે ગઉઙ્જ એક્ટ, ૧૯૮૫ની વિવિધ જોગવાઈઓ હેઠળ ગુનો નોંધીને મહિલા મુસાફરની ધરપકડ કરવામાં આવી હતી. આ નશીલા પદાર્થનું નેટવર્ક ક્યાં સુધી ફેલાયેલું છે અને તે કોને પહોંચાડવાનું હતું, તે દિશામાં વિભાગ દ્વારા વધુ તપાસ હાથ ધરી છે. ■

# અમદાવાદમાં બેફામ ડમ્પરચાલકે પોલીસને ૧૦૦ મીટર ઢસડી મોતને ઘાટ ઉતાર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં ડમ્પર ચાલકો બેફામ બનીને એક બાદ એક અકસ્માત સર્જી રહ્યા છે. ગઈકાલે એક ડમ્પર ચાલકે પોલીસ અધિકારીને ૧૦૦ મીટર ઢસડી મોતને ઘાટ ઉતાર્યા હતા. એસ.પી. રિંગ રોડ પર વૈષ્ણોદેવીથી ત્રાગડ તરફ જવાના માર્ગ પર શાલીગ્રામ સોસાયટી પાસે સર્જાયેલા અકસ્માતમાં એન્ટિ ટેરરિસ્ટ સ્ક્વોડમાં આસિસ્ટન્ટ સબ-ઇન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા પોલીસ અધિકારીનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી અને ટ્રાફિક જામના દૃશ્યો સર્જાયા હતા. આ અકસ્માત એટલો ભયાનક હતો કે ડમ્પર તેમને અંદાજે ૧૦૦ મીટર સુધી ઢસડી ગયું હતું, જેના કારણે તેમનું સ્થળ પર જ મોત થયું હતું. મૃતક અધિકારીની ઓળખ અજિતભાઈ નાંદે તરીકે થઈ છે. તેઓ એટીએસમાં એએસઆઈ તરીકે કાર્યરત હતા, જ્યાં તેઓ મોટર ટ્રાન્સપોર્ટ સુપરવાઈઝર તરીકેની જવાબદારી સંભાળતા હતા. અજિતભાઈ ફરજ પૂરી કરીને નરોડા સ્થિત ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે આ અકસ્માત નડ્યો હતો. અજિતભાઈ એસપી રિંગ રોડ પર વૈષ્ણવ દેવીથી ઝુંડાલ તરફ જતાં હતા ત્યારે ત્રાગડ અંડરપાસ પાસેથી સર્વિસ રોડ પરથી એક એકિટવા ચાલક મુખ્ય રોડ પર આવ્યો ત્યારે એએસઆઈ અજિતભાઈના બાઇક સાથે ટક્કર થઈ હતી. આ સમયે રિંગ રોડ પરથી આવતાં મિક્સર ટ્રકની પાછળના ભાગે અડફેટે આવી ગયા અને પાછળના ટાયરમાં આવી જતાં ૧૦૦ મીટર ઢસડાયા હતા અને તેઓનું ઘટનાસ્થળે મોત થયું હતું. અકસ્માતના પગલે રસ્તા પર જોઈને પણ કંપારી છુટી જાય તેવા દૃશ્યો સર્જાયા હતા. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે જ્યારે કોઈ આવી ઘટના બને ત્યારે તંત્ર દ્વારા ડમ્પર ચાલકો સામે થોડા દિવસ સુધી કાર્યવાહી કરવામાં આવે છે, પરંતુ બંધ થતાં જ બધું રાબેતા મુજબ થઈ જાય છે. ■

# ઉત્તર ગુજરાતનું પહેલું એરપોર્ટ ડીસામાં બનશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઉત્તર ગુજરાતની ઘણા સમયથી એરપોર્ટની માગણી કેન્દ્ર સરકારે સ્વીકારી હતી. ડીસામાં ઉત્તર ગુજરાતના સૌ પ્રથમ સિવિલ એરપોર્ટને મંજૂરી આપવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, ડીસા ખાતેના એરફોર્સ સ્ટેશનને સિવિલ એરપોર્ટ અને એરફોર્સ સ્ટેશન એમ બંને રીતે ઉપયોગમાં લેવાશે. આ એરપોર્ટ ૪,૫૦૦ એકરમાં ફેલાયેલું છે. હવે તેમાં ૧૦૦ એકરમાં ટર્મિનલ બનાવાશે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

આ ઉત્તર ગુજરાતનું પ્રથમ સિવિલિયન એરપોર્ટ બનશે, જેની સાથે આ વિસ્તારની વર્ષો જૂની માગણી પૂરી થશે. હાલમાં, ઉત્તર ગુજરાતના જિલ્લાઓના રહેવાસીઓએ હવાઈ મુસાફરી માટે અમદાવાદ એરપોર્ટ પર નિર્ભર રહેવું પડે છે. વન અને પર્યાવરણ રાજ્ય પ્રધાન પ્રવીણ માળીએ ડીસા ખાતે સિવિલ એરપોર્ટ માટે સક્રિયપણે ઝુંબેશ ચલાવી હતી. માળી ડીસા વિધાનસભા બેઠક પરથી પ્રથમવાર ધારાસભ્ય તરીકે ચૂંટાયા છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, નવા એરપોર્ટનું ટર્મિનલ બિલ્ડિંગ અંદાજે ૧૦૦ એકર વિસ્તારમાં બાંધવામાં આવશે. સૂત્રોએ ઉમેર્યું હતું કે, અહીંનો હાલનો રનવે ૩.૩ કિલોમીટર લાંબો છે, જે ગુજરાતના તમામ એરપોર્ટમાં સૌથી લાંબો રનવે છે. આગામી રાજ્ય બજેટમાં સરકાર આ પ્રસ્તાવિત એરપોર્ટ માટે ખાસ બજેટ જોગવાઈ પણ કરશે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

આ પ્રસ્તાવિત એરપોર્ટ વ્યૂહાત્મક રીતે ડીસા શહેરથી માત્ર ૧૮ કિમી દૂર આવેલું છે. ભારતમાલા પ્રોજેક્ટનો ભાગ એવો જામનગર-અમૃતસર હાઈવે એરફોર્સ સ્ટેશનથી આશરે ૩૫ કિમી દૂર છે, જ્યારે અમદાવાદ-થરાદ હાઈવે પણ લગભગ ૩૫ કિમીના અંતરે છે. સૂત્રોએ વધુમાં જણાવ્યું હતું કે, આ ઉપરાંત, પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી આ એરપોર્ટથી ૧૧૦ કિમી અને ભારત-પાકિસ્તાન સરહદ પર આવેલું નડાબેટ સીમા દર્શન સ્થળ અંદાજે ૧૦૦ કિમી દૂર છે. ડીસામાં પ્રસ્તાવિત ડે-એન્ડ-નાઈટ ઝૂ અને સફારી પણ એરપોર્ટથી પચીસ કિમીના વિસ્તારમાં હશે. આ એરપોર્ટનો લાભ ગુજરાતને અડીને આવેલા રાજસ્થાનના કેટલાક જિલ્લાઓના રહેવાસીઓને પણ મળશે. ■

# વડોદરામાં ૬૩ વર્ષથી સચવાયેલા ભગવાન બુદ્ધના અવશેષો શ્રીલંકા મોકલાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરાની જાણીતી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં ૧૯૬૩થી સુરક્ષિત રાખવામાં આવેલા ભગવાન ગૌતમ બુદ્ધના અમૂલ્ય અવશેષોને પહેલીવાર જાહેરમાં લાવવામાં આવ્યા હતા. મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલે આ પવિત્ર અવશેષોના દર્શન કર્યા બાદ મંત્રોચ્ચાર સાથે ગાર્ડ ઑફ ઓનર આપીને તેમને ભવ્ય રીતે શ્રીલંકા માટે મોકલ્યા હતા. આ અવશેષોને બુલેટપ્રૂફ કાચમાં મૂકીને વડોદરા એરપોર્ટ લઈ જવામાં આવ્યા હતા, જ્યાંથી તેઓ દિલ્હી અને પછી કોલંબો (શ્રીલંકા) પહોંચશે. શ્રીલંકામાં આ અસ્થિ ૧૧ દિવસ સુધી શ્રદ્ધાળુઓના દર્શનાર્થે રાખવામાં આવશે. આ કાર્યક્રમ દરમિયાન ૭૨ દેશના વિદ્યાર્થીઓએ પોતાના દેશના ધ્વજ સાથે મુખ્ય પ્રધાનનું ભવ્ય સ્વાગત કર્યું હતું. સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા અને બૌદ્ધ સાધુઓ દ્વારા પવિત્ર મંત્રોનું ગાન કરવામાં આવ્યું હતું. મુખ્ય પ્રધાનએ પુષ્પાંજલિ અર્પણ કરીને અવશેષોને સન્માન આપ્યું હતું.

આ અવશેષોમાં સિલ્કનું વસ્ત્ર, પથ્થરનું ઢાંકણવાળું બોક્સ અને ચાંદી-સોનાના તાર સાથેનું બ્રાહ્મી લિપિમાં લખાણવાળું પાત્ર સમાવિષ્ટ છે, જે 'દશબલ શરીર નિલય' (ભગવાન બુદ્ધના અવશેષોનું સ્થાન) તરીકે ઓળખાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે, બૌદ્ધ ધર્મના સ્થાપક ભગવાન ગૌતમ બુદ્ધના અસ્થિના અવશેષો વડોદરામાં છે. આ અવશેષો એમ. એસ. યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ આર્કિયોલોજિમાં સચવાયેલા છે. વર્ષ ૧૯૬૦થી ૧૯૬૩ દરમિયાન આ અવશેષો શામળાજીથી ૫૦ કિમી દૂર અને ગુજરાતના જગપ્રસિદ્ધ બૌદ્ધ સ્થળ દેવની મોરી સ્તૂપના ઉત્ખનન દરમિયાન મળી આવ્યા હતા. આ સ્તૂપના પાયાથી ૨૪ ફૂટની ઊંચાઈએથી ગ્રીન શિસ્ટ (લીલા પથ્થર)માંથી બનેલી એક કલાત્મક અવશેષ મંજૂષા મળી આવી હતી. ■

# નવજાતની ત્વચાના રંગ પર નક્કી થાય છે તેની કિંમત, બાળતસ્કરોને પકડતા ચોંકાવનારી વિગતો આવી બહાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત પોલીસે તાજેતરમાં પકડેલા બાળ તસ્કરી સાથે જોડાયેલા ગુનેગારો દ્વારા અમુક ચોંકાવનારી વિગતો બહાર આવી હતી. પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું હતું કે નવજાત ગોરી ચામડીનું છે કે શ્યામવર્ણ તે જોયા બાદ તેની કિંમત નક્કી થાય છે. જો બાળક રૂપાળું હોય તો રૂ. ૬-૭ લાખમાં વેચાય છે અને ત્વચા કાળી હોય તો ૨થી ૩ લાખ રૂપિયા મળે છે. આવી જ રીતે છોકરો હોય તો બેથી પાંચ લાખ મળી રહે છે જ્યારે જો છોકરી હોય તો ૧થી ૧.૫ લાખ મળે છે. ૨૯ જાન્યુઆરીના રોજ હિંમતનગરથી હૈદરાબાદ લઈ જવામાં આવી રહેલા નવજાત શિશુને બચાવી લેવાના ઓપરેશન બાદ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ અને ગુજરાત એટીએસ દ્વારા ગુજરાત-તેલંગાણા રેકેટનો પર્દાફાશ થયો હતો. પોલીસે અમદાવાદ એરપોર્ટ નજીક એક કાર અટકાવી અને ચાર આરોપી વંદના પંચાલ, સુમિત યાદવ, મૌલિક દવે અને રોશન અગ્રવાલને પકડી પાડ્યા હતા. અધિકારીઓને શંકા છે કે બનાસકાંઠા અને વાવ-થરાદ પટ્ટાના ઓછામાં ઓછા ૧૦ બાળકને હૈદરાબાદમાં નિઃસંતાન યુગલોને વેચવામાં આવ્યા હતા આ ગેંગ દ્વારા સંવેદનશીલ આદિવાસી વિસ્તારોને નિશાન બનાવવામાં આવે છે. તપાસ હવે પૈસા, એજન્ટોની ભૂમિકા અને આઈવીએફ સાથે જોડાયેલા સંપર્કો પર કેન્દ્રિત છે. બીએનએસ અને જુવેનિલ એક્ટ હેઠળ કેસ નોંધવામાં આવ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

તાજેતરમાં મળેલા નવજાતને સારવાર માટે હોસ્પિટલમાં રાખવામાં આવ્યું છે. તેના માતા-પિતાને શોધવાની કોશિશ થઈ રહી છે, પરંતુ પોલીસને હજુ સુધી ખાસ સફળતા મળી નથી. તપાસ કરતા અધિકારીના જણાવ્યા અનુસાર અમુક કેસમાં માતા-પિતાને સંતાન જોઈતું ન હોવાથી તેઓ વેચી દે છે તો અમુક કેસમાં માતા-પિતાના અવસાન બાદ સંબંધીઓ પણ બાળક વેચી દેતા હોય છે. જ્યારે બીજી બાજુ આ પ્રકારે બાળ તસ્કરી કરતી ગેંગ આઈવીએફ સેન્ટર પર નજર રાખી, સંતાનો ઈચ્છતા માતા-પિતાના સંપર્કમાં આવે છે. માતા-પિતા મોટેભાગે છોકરો પસંદ કરે છે અને તે પણ રૂપાળો અને દેખાવડો હોય તેવી તેમની અપેક્ષા હોય છે. ■

# સુરત ખાતે ૯-૧૦ એપ્રિલના રોજ દક્ષિણ ગુજરાત ઝોનની 'વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ' યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં અગાઉ ૧૦ વાઇબ્રન્ટ સમિટના સફળ આયોજન બાદ રાજ્ય સરકારે પ્રથમવાર ગુજરાતના ચાર ઝોનમાં વાઇબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સીસનું આયોજન કર્યું છે. આ આયોજનના ભાગરૂપે સુરત ખાતે આગામી તા. ૯ અને ૧૦ એપ્રિલ-૨૦૨૬ના રોજ દક્ષિણ ગુજરાત ઝોનની 'વાઇબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ'નું આયોજન કરવામાં આવશે. આ ઝોનમાં તાપી, સુરત, નવસારી, વલસાડ, ડાંગ અને ભરૂચ જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. સુરત ખાતે યોજાનાર બે દિવસીય વાઇબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ દરમિયાન વિવિધ વિષયો પર સેમિનારો, બીટુબી અને બીટુજી બેઠકો, પ્રદર્શનો વગેરે બહુ આયામી આયોજનો હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત કોન્ફરન્સના બીજા દિવસે એટલે કે, તા. ૧૦ એપ્રિલ, ૨૦૨૬ના રોજ 'એમએસએમઇ કોન્કલેવ'નું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં માહિતીસભર સેમિનાર, પેનલ ડિસ્કશન, એક્ઝિબિશન તથા વેન્ડર ડેવલપમેન્ટ કાર્યક્રમો પણ યોજવામાં આવશે. ઉપરાંત, આ કોન્ક્લેવમાં દક્ષિણ ઝોનમાં સમાવિષ્ટ ૦૬ જિલ્લાઓમાં કાર્યરત માઇક્રો તથા સ્મોલ એકમો માટે ઉત્કૃષ્ટ પર્ફોર્મન્સ કરનારા વિવિધ એકમોને આ મુજબની કુલ પાંચ શ્રેણીમાં એવોર્ડ એનાયત કરવામાં આવશે. જેમાં ૧.મહિલા ઉદ્યોગ સાહસિક : ૫૧ ટકા અને તેથી વધુ મહિલાઓની માલિકી ધરાવતા એકમો ૨. યુવા ઉદ્યોગ સાહસિક : ૩૫ વર્ષની ઓછી આયુ ધરાવતા ફર્સ્ટ જનરેશન એન્ટરપ્રેનિયર્સ ૩. અનુસૂચિત જાતિ ઉદ્યોગ સાહસિક ૪. અનુસૂચિત જનજાતિ ઉદ્યોગ સાહસિક ૫. જનરલ કેટેગરી એવોર્ડ : જે ઉદ્યોગકારોનો ઉપર દર્શાવેલ ૧ થી ૪ કેટેગરીમાં સમાવેશ થતો નથી તે ઉદ્યોગકારો જનરલ કેટેગરીમાં અરજી કરી શકશે. ■

# પહેલી એપ્રિલથી રાજ્યમાં વસ્તી ગણતરીની શરૂઆત થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારે વર્ષ ૨૦૨૭માં યોજાનાર વસ્તી ગણતરી કાર્યક્રમના ભાગરૂપે ઘરે ઘરે જઈને યાદી બનાવવાની કામગીરી માટેનું સમયપત્રક જાહેર કર્યું હતું.

ભારતના રજિસ્ટ્રાર જનરલના કાર્યાલય દ્વારા જારી કરાયેલા જાહેરનામા અનુસાર, કેન્દ્ર સરકારે જાહેર કર્યું હતું કે વસ્તી ગણતરી ૨૦૨૭ માટે ઘરયાદીની કામગીરી ૧ એપ્રિલથી ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ વચ્ચે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં હાથ ધરવામાં આવશે. આ સમયગાળા દરમિયાન, ગુજરાતમાં ઘરયાદીની કામગીરી ૨૦ એપ્રિલથી ૧૯ મે, ૨૦૨૬ સુધી હાથ ધરવામાં આવશે. આ પહેલાં, ૩૦ દિવસની ઘર-થી-ઘર યાદીની કવાયત શરૂ થાય તે પહેલાં, ૧૫ દિવસના સમયગાળા માટે સ્વ-ગણતરી હાથ ધરવામાં આવશે. આ સૂચના સામાન્ય વહીવટ વિભાગ (આયોજન) દ્વારા બે ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ ગુજરાત સરકારના ગેઝેટ દ્વારા ફરીથી પ્રકાશિત કરવામાં આવી હતી. ■

# મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે સરપંચો માટે ગાંધીનગર ખાતે 'ગ્રામશક્તિ' તાલીમ કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે પાટનગર ગાંધીનગર ખાતે ગુજરાત વિધાનસભા ખાતે ગણેશ વાસુદેવ માવળંકર સંસદીય અભ્યાસ અને તાલીમ બ્યૂરોના ઉપક્રમે ગામના સરપંચો માટે 'ગ્રામ શક્તિ' તાલીમ કાર્યક્રમનો વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી અને પ્રધાનો ઋષિકેશ ભાઈ પટેલ તથા કુંવરજીભાઈ બાવળીયાની ઉપસ્થિતિમાં પ્રારંભ કરાવ્યો હતો. આ તાલીમ કાર્યક્રમમાં ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, વાવ-થરાદ, મહેસાણા, પાટણ, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના વિવિધ તાલુકાઓના ૨૬૦ થી વધુ સરપંચો સહભાગી થયા હતા. સરપંચ તરીકે મળેલી સેવાની તકને પોતાની ધગશ અને ગામના વિકાસ માટે કંઇક વધુ સારું કરવાની ખેવનાથી વિકાસ કામોની આયોજનબદ્ધ રીતે યાદી બનાવીને વડા પ્રધાનએ આપેલા સેચ્યુરેશન એપ્રોચથી ૧૦૦ ટકા લક્ષ્યાંક સાથે ગ્રાન્ટનો ઉપયોગ થાય તેની પ્રેરણા આપતા મુખ્ય પ્રધાને સ્પષ્ટ પણે જણાવ્યું હતું કે, સરપંચોની પ્રાથમિક જવાબદારી ગામના છેવાડાના માનવી સુધી સરકારી સુવિધાઓ અને યોજનાઓનો લાભ પહોંચાડવાની છે. જ્યારે ગામડાંનો વિકાસ થશે, ત્યારે જ દેશનો સાચો વિકાસ થશે. મુખ્ય પ્રધાને ગામના જાહેરહિતનાં કામોની ગુણવત્તા સાથે કોઈ પણ બાંધછોડ ચલાવી લેવામાં આવશે નહીં તેમ જણાવતાં ઉમેર્યું હતું કે, ગામનાં વિકાસનાં કામો અને ભવિષ્યના આયોજનમાં વધુ યુવાનોને જોડીને ટેક્નોલોજીના ઉપયોગથી નાગરિકો સુધી સેવા-સુવિધાઓ પહોંચાડવાનું દાયિત્વ સરપંચોના શિરે છે. કોઈપણ મુશ્કેલીના સમયે સરકાર હંમેશાં તેમની પડખે છે તેમ જણાવતાં મુખ્ય પ્રધાને સરપંચોને ચિંતામુક્ત થઈ નિષ્ઠાપૂર્વક પ્રજાની સેવાનાં કાર્યો દ્વારા સૌને સાથે લઈને વિકસિત ગ્રામથી વિકસિત ગુજરાત અને વિકસિત ગુજરાતથી વિકસિત ભારત બનાવવાની નેમ વ્યક્ત કરી હતી.

# એએમટીએમનું ₹ ૨૦ કરોડના સુધારા સાથેનું કુલ ૧૦૧૧ કરોડનું બજેટ મંજૂર, અમદાવાદમાં ૧૬૦૦થી વધારે બસ દોડશે; એઆઈ સોફ્ટવેર ડેવલપ કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ દ્વારા સુધારા સાથેનું બજેટ રજૂ કરાયું હતું. ટ્રાન્સપોર્ટ મેનેજર દ્વારા રજુ કરેલા રૂપિયા ૯૯૧ કરોડના કુલ બજેટમાં સત્તાધીશો દ્વારા રૂ.૨૦ કરોડના સુધારા સાથેનું કુલ બજેટ રૂપિયા ૧૦૧૧ કરોડનું મંજુર કરવામાં આવ્યું હતું. બજેટમાં કરેલા સુધારા અનુસાર ૧૫માં નાણાપંચની ગ્રાન્ટમાંથી અંદાજે ૯ કરોડ મેળવીને વધુ ૪ ઇલેક્ટ્રીક એ.સી. ડબલડેકર બસો ખરીદવાનું ઠરાવવામાં આવ્યું છે. ૨ કરોડના ખર્ચે દરેક ઝોનમાં પાંચ ટ્રી બસ શેલ્ટર કરાશે. જમાલપુર ડીપો ખાતે સ્ટોર બિલ્ડિંગ જર્જરિત હાલતમાં હોવાથી નવી બિલ્ડિંગ અંદાજે ૩ કરોડના ખર્ચે બનાવાશે. કેપીટલ બજેટમાં કુલ ૨૦ કરોડના સુધારા થશે તો ૧૬૦૦ એએમટીએમનું રસ્તાઓ પર દોડશે.

અખઝજ ચેરમેન ધરમશીભાઇ દેસાઇએ જણાવ્યું હતું કે, ટ્રાન્સપોર્ટ મેનેજરના રજૂ કરાયેલા બજેટમાં ૨૦ કરોડ સુધારો સુચવ્યો છે. ૧૫માં નાણાંપંચની ગ્રાન્ટમાંથી અંદાજે રૂ.૯ કરોડ મેળવીને વધુ ૪ ઇલેક્ટ્રીક એ.સી. ડબલડેકર બસો + તેના ચાર્જર કોમ્પ્રીહેન્સીવ મેઇન્ટેનન્સ મેન્યુફેક્ચરર પાસે કરાવવા સાથે ખરીદવાનું ઠરાવવામાં આવે છે. દરેક ઝોનમાં પાંચ ટ્રી બસ શેલ્ટર અંદાજે રૂ. ૨ કરોડના ખર્ચે કરાશે. સ્ટાફ બીહેવીયર ટ્રેનીંગ પ્રોગ્રામ રૂ. ૨૦ લાખના ખર્ચે એ.એમ.ટી.એસ.ની રેવન્યુ બચતમાંથી કરાવવાનું ઠરાવવામાં આવે છે. જમાલપુર ડીપો ખાતે સ્ટોર બિલ્ડિંગ ૫૦ વર્ષ જૂની જર્જરિત હાલતમાં હોવાથી નવી બિલ્ડિંગ અંદાજે ૩ કરોડના ખર્ચે બનાવાશે. કલીન એર બસ ફલીટ પ્રોગ્રામ અંતર્ગત મુસાફરોને રેટ્રોફિટ તૈયાર ઇન-કેબિન એર પ્યોરીફીકેશન સીસ્ટમ પ્રથમ તબકકામાં ૭૦ એ.સી બસોમાં અંદાજિત ૩ કરોડના ખર્ચે મુકાશે. એ.આઇ આધારીત પબ્લિક ડીમાન્ડને ધ્યાનમાં રાખીને ડાયનામિક શીડયુલીંગ સોફટવેર ઑપ્ટીમાઇઝેશન માટે રૂ. ૩ કરોડની જોગવાઇ છે.

કેપિટલ બજેટમાં કુલ ૨૦ કરોડના સુધારા થશે. જેમાંથી ૧૫મા નાણાપંચની ગ્રાન્ટમાંથી રૂ. ૧૭ કરોડ તેમજ સ્વર્ણીમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની ગ્રાન્ટમાંથી ૩ કરોડ મળશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, જાહેર પરિવહન ક્ષેત્રમાં સમગ્ર દેશમાં સૌ પ્રથમ વખત અમદાવાદમાં તા.૧-૪-૧૯૪૭થી અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ ૧૧૨ બસો અને ૩૮ રૂટો સાથે શરૂ કરવામાં આવી હતી. જેનો વ્યાપ આજે વધીને દૈનિક અંદાજીત ૮૬૭ બસો અને ૧૬૮ ઓપરેશનલ રૂટોથી અમદાવાદ શહેર તથા તેની આસપાસના વિસ્તારોમાં અ.મ્યુ.ટ્રા.સ.ની બસોનું સંચાલન કરવામાં આવે છે. અમદાવાદ શહેરનો વિસ્તાર ૪૮૦.૮૮ ચો.કી.મી.થી વધીને ૫૦૫ ચો.કી.મી.નો થવાથી ઔડાના ગામો જેવા કે પૂર્વમાં કુજાડ ગામ, ઉન્દ્રેલ ગામ, હલદરવાસ, ખાત્રજ (મહેમદાવાદ), દહેગામ, કરોલી ગામ પશ્ચિમમાં સાણંદ, માધવનગર, મોતીપુરા, થોળ ઉત્તરમાં કલોલ, વામજ, મેડાઆદરજ, પોળ, દક્ષિણમાં બાવળા- કાશીન્દ્રા, બારેજા વગેરે ગામડાઓમાં પણ એએમટીએસ બસ સુવિધા આપવામાં આવે છે. ■

# સુરત મનપાનું ₹ ૧૦,૫૯૩ કરોડનું ડ્રાફ્ટ બજેટ રજૂઃ ૫૪૦ કરોડના ખર્ચે આઠ ફ્લાય ઓવર બનશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત મહાનગરપાલિકાના કમિશ્નર એમ. નાગરાજને પાલિકાના સાયન્સ સેન્ટર ખાતે વર્ષ ૨૦૨૬-૨૭ માટેનું રૂ.૧૦,૫૯૩ કરોડનું અત્યાર સુધીનું સૌથી મોટું અને ઐતિહાસિક ડ્રાફ્ટ બજેટ રજૂ કર્યું હતું. ગત વર્ષના રૂ. ૧૦,૦૦૪ કરોડના બજેટની સરખામણીમાં આ વર્ષે રૂ. ૫૮૯ કરોડનો વધારો જોવા મળ્યો છે. આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને આ બજેટમાં મધ્યમ વર્ગ અને સામાન્ય જનતા પર કોઈ પણ પ્રકારનો નવો કર લાદવામાં આવ્યો નથી, જે સુરતીઓ માટે મોટી રાહતના સમાચાર છે. આ બજેટમાં સુરતના માળખાગત વિકાસ અને સુવિધાઓ પાછળ રૂ. ૫,૦૭૩ કરોડ ખર્ચવાનું આયોજન કરવામાં આવ્યું છે. શહેરમાં ૮ ફલાયઓવર બ્રીજ, ૨ રેલવે ઓવર બ્રીજ, ૨ રીવર બ્રિજ અને ૭ ખાડી બ્રિજનું આયોજન કરવામાં આવ્યું છે. સુરત મ્યુનિ. કમિશ્નરે બજેટમાં કર દરમાં કોઈ વધારો સુચવ્યો નથી અને ૨૫૭ કરોડની રેવન્યુ સરપ્લસ ધરાવતું આ બજેટ રજૂ કર્યું હતું. બજેટ રજૂ કરતા એમ. નાગરાજને જણાવ્યું હતું કે, સુરત શહેરને વર્લ્ડ ક્લાસ સિટી બનાવવા પર તેઓએ ભાર મુકતા વિવિધ તબક્કા વાર આયોજન કરવામાં આવ્યું છે. આગામી દિવસોમાં સુરતને સ્લમ ફ્રી સિટી, ડસ્ટ ફ્રી સીટીની સાથે-સાથે ચાઈલ્ડ અને વુમન ફ્રેન્ડલી સિટી બનાવવા માટે કામગીરી કરવામાં આવશે. પાલિકાની એનર્જી જરૂરિયાત સામે ૧૦૦ ટકા રિન્યુએબલ એનર્જીનો લક્ષ્યાંક પૂર્ણ કરવા માટે અને વીજ બચત માટે ૨૦૩૦ સુધીના રોડમેપ સાકાર થાય તે માટે જોગવાઈ કરવામાં આવી છે. ■

# ગુજરાતના અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં વાયુ પ્રદૂષણ ખતરનાક સ્તરે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના ચાર મોટા શહેરો અમદાવાદ, સુરત, રાજકોટ, અને વડોદરામાં વાયુ પ્રદૂષણનું પ્રમાણ ચિંતાજનક સ્તરે વધ્યું છે. તાજેતરમાં નોંધાયેલા એર ક્વોલિટી ઇન્ડેક્સ (એક્યૂઆઈ) ના આંકડાઓ અનુસાર રાજ્યના મુખ્ય મહાનગરોમાં હવા સ્વચ્છતા માપદંડથી ઘણી નીચે પહોંચી ગઈ છે, અને સવાર અને સાંજના સમયે પ્રદૂષણનું પ્રમાણ વધી રહ્યું છે. આ શહેરોના નાગરિકોના આરોગ્ય માટે વાયુ પ્રદુષણ અત્યંત હાનિકારક છે. મળતી વિગતો મુજબ, અમદાવાદમાં અચઈ ૧૮૬ નોંધાયો હતો, જે 'મધ્યમથી ખરાબ' શ્રેણીમાં આવે છે. સુરત શહેરમાં સ્થિતિ વધુ ગંભીર જોવા મળી છે, જ્યાં અચઈ ૨૨૫ રહ્યો હતો. આ આંકડો સ્પષ્ટ રીતે 'ખરાબ' શ્રેણીમાં આવે છે. વડોદરા શહેરમાં એક્યૂઆઈ ૧૮૧ નોંધાયો હતો, જે ફરી એકવાર હવાના પ્રદૂષણ તરફ ઈશારો કરે છે. રાજકોટમાં એક્યૂઆઈ ૧૫૬ હતો. જો કે આ આંકડો અન્ય શહેરોની સરખામણીમાં થોડો ઓછો છે, તેમ છતાં તે પણ 'મધ્યમ' શ્રેણીમાં આવે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ સ્તરની હવા સ્વસ્થ વ્યક્તિઓ માટે પણ અસ્વસ્થતા પેદા કરી શકે છે, જ્યારે અસ્થમા અને હૃદયરોગના દર્દીઓ માટે ગંભીર અસર થવાની શક્યતા રહે છે. લાંબા સમય સુધી શ્વાસમાં લેતાં શ્વાસનળી સંબંધિત તકલીફો, આંખોમાં બળતરા અને એલર્જી જેવી સમસ્યાઓ ઊભી કરી શકે છે. ખાસ કરીને વૃદ્ધો, બાળકો અને શ્વાસના રોગોથી પીડાતા લોકો માટે આ પરિસ્થિતિ જોખમરૂપ બની શકે છે. ■

## સંસ્થા સમાચાર

### ધીરગુરુદેવના અનુગ્રહથી ગોંડલમાં ઐતિહાસિક પાંજરાપોળનું સુશોભનકરણ

ગોંડલ સંપ્રદાયના ગાદીના ગામે મહારાજા શ્રી ભગવતસિંહજીએ અત્યાર સુધીમાં બધી મોજશોખ નિમિત્તે એક પણ પ્રાણીને જાહેર સંગ્રહસ્થાનમાં નોંધ્યું નથી કે દયા ભાવના બહાના નીચે કોઈપણ પંખીને પિંજરામાં પૂર્યું નથી એટલું જ નહીં પરંતુ જીવદયાના પોતાના ઉત્કટ સિદ્ધાંતને લીધે સરકસ આદિ ને પણ ઉત્તેજ્યુ નથી. શ્રી કૃષ્ણની ગૌસેવા આદર્શ હતી એ મહારાજાએ ગોરક્ષા કરી. ભાકુંભાજીની ગૌમંડલી ભૂમિમાં ગાયોનું પાલન કર્યું છે. તેથી સાચા ગૌપ્રતિપાળ તરીકેની સુકૃતિનું સંપાદન કરવામાં અખિલ હિંદમાં પહેલ કરી છે અને ભારતભૂમિની ઉત્તમ સેવા બજાવી છે. ઈ.સ. ૧૯૩૪માં ચોરડી ગેટ ખાતે મહાજનને પાંજરાપોળની જગ્યા અર્પણ કરેલ છે. હાલમાં ૧૫૦ જેટલું પશુધન છે. તાજેતરમાં પૂ. શ્રી ધીરગુરુદેવના અનુગ્રહથી પાંજરાપોળનું સુશોભનકરણ કાર્ય પૂર્ણ થવામાં છે. નૂતન કેળવણી મંડળ - કન્યા વિદ્યાલયની જગ્યા જગદીશ ખીમાણી, યતિશ દેસાઈ વગેરે પાંજરાપોળને પરત કરેલ છે.

# વર્સોવા-દહિસર કોસ્ટલ રોડને ગતિ મળશે

મુંબઈ: વર્સોવાથી દહિસર વચ્ચેના કોસ્ટલ રોડના કામમાં હવે વધુ ગતિ મળશે. આ પ્રોજેક્ટમાં કોસ્ટલ રેગ્યુલેશન ઝોન (સીઆરઝેડ) વિસ્તારમાં કામ કરવા માટે વન વિભાગની મંજૂરી મેળવવી આવશ્યક હતી. તેના વિના કામ આગળ વધી શકે તેમ નહોતું. આખરે, આ કામ માટે વન વિભાગની મંજૂરી મળી ગઈ છે. આથી, સીઆરઝેડ વિસ્તારમાં કામ શરૂ થશે અને પ્રોજેક્ટના કાર્યને આગળ વધારવામાં મદદ મળશે.

મરીન ડ્રાઇવ અને વરલી વચ્ચેના કોસ્ટલ રોડનું કામ પૂર્ણ થયા પછી, મુંબઈ મહાનગરપાલિકા હવે વર્સોવાથી દહિસર કોસ્ટલ રોડ પર કામ કરી રહ્યું છે. આ રોડ કેટલાક પટ્ટામાં ડબલ એલિવેટેડ રોડ હશે, તો કેટલાક પટ્ટામાં ખાડીની નીચેથી ટનલ દ્વારા બનાવવામાં આવશે. આ પ્રોજેક્ટને ગોરેગાંવ-મુલુંડ લિંક રોડ સાથે જોડીને પશ્ચિમ અને પૂર્વ એક્સપ્રેસ હાઈવે પરના વાહનચાલકોને રાહત આપવાનો પ્રયાસ કરવામાં આવશે. છ તબક્કામાં પૂર્ણ થનારા આ પ્રોજેક્ટનો ખર્ચ રૂ. ૧૬,૬૨૧ કરોડ છે. આશરે બાવીસ કિમી લાંબો આ વર્સોવા-દહિસર કોસ્ટલ રોડ મુસાફરીને ઝડપી અને સરળ બનાવવામાં મદદરૂપ થશે.

મહાનગરપાલિકાની માલિકીની જમીન પર આ કોસ્ટલ રોડનું કામ અમુક અંશે શરૂ થઈ ગયું છે. જોકે, સીઆરઝેડ વિસ્તારના કામો મંજૂરી વિના અટકેલા હતા. મોટા પ્રમાણમાં મેન્ગ્રોવ્સ અને વિવિધ વૃક્ષોને કારણે સીઆરઝેડ સહિતની વિવિધ પરવાનગીઓ મેળવવી આવશ્યક હતી. તમામ પરવાનગીઓ મળી ગયા પછી પણ વન વિભાગની મંજૂરી મહાનગરપાલિકાને મળી નહોતી. આખરે, આ મંજૂરી મળી ગઈ હોવાની માહિતી મુંબઈ મહાનગરપાલિકાના અધિક કમિશનર અભિજીત બાંગરે આપી હતી. તેના કારણે સીઆરઝેડ વિસ્તારમાં કામો ટૂંક સમયમાં શરૂ થશે.

આ રસ્તો પૂર્ણ થયા પછી, વર્સોવાથી દહિસર, ભાયંદર સુધીનો મુસાફરીનો સમય ૨ કલાકથી ઘટીને ૨૦ મિનિટ થઈ જશે. ૩૩.૬ કિમીનું અંતર પણ ઘટીને ૨૩.૨ કિમી થઈ જશે.

# મલંગગડ પરની ફ્યુનિક્યુલર ટ્રૉલી અટકી પડતાં શ્રદ્ધાળુઓના જીવ અદ્ધર

મુંબઈ: કલ્યાણના મલંગગડ પર શ્રદ્ધાળુઓ માટે શરૂ કરવામાં આવેલી ફ્યુનિક્યુલર ટ્રૉલી એક મહિનામાં જ ખોટકાવા માંડતાં ચકચાર ફેલાઈ ગઈ છે. મંગળવારે આ ટ્રૉલી અધવચ્ચે જ અટકી પડી હતી, જેને પગલે શ્રદ્ધાળુઓના જીવ અદ્ધર થઈ ગયા હતા. શ્રદ્ધાળુઓને ટ્રૉલીમાંથી બહાર કાઢવાની કામગીરી યુદ્ધસ્તરે હાથ ધરાઈ હતી.

સૂત્રોના જણાવ્યા મુજબ સોમવારે પણ આ ટ્રૉલી અચાનક વચ્ચે જ બંધ પડી ગઈ હતી. બીજે દિવસે મંગળવારે બપોરે પણ ટ્રૉલી બંધ પડતાં ખળભળાટ મચી ગયો હતો. ક્ષમતા કરતાં વધુ ભાવિકોને ભરવામાં આવ્યાને કારણે આ ઘટના બની હોવાનું કહેવાય છે.

કલ્યાણમાં આવેલું મલંગગડ મુસ્લિમોની સાથે હિન્દુઓનું પણ પ્રસિદ્ધ શ્રદ્ધા સ્થાન છે. સહ્યાદ્રીની પર્વતમાળામાં વસેલા મલંગગડ પર ચઢવા માટે શ્રદ્ધાળુઓને લગભગ બે કલાકનો સમય લાગે. એમાં સિનિયર સિટીઝન, મહિલા અને નાનાં બાળકોને ડુંગર પર ચઢવામાં ખાસ્સી તકલીફ થતી હતી. શ્રદ્ધાળુઓની સુવિધાને ધ્યાનમાં રાખી ફ્યુનિક્યુલર ટ્રૉલીની વ્યવસ્થા કરવામાં આવી હતી. હજુ જાન્યુઆરીમાં જ આ સુવિધાનો લોકાર્પણ કરાયો હતો.

# નાગપુરના મેયર પદ માટે ભાજપ અને કૉંગ્રેસનાં મહિલા ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી

નાગપુર: ભાજપે નાગપુર મહાનગરપાલિકા (એનએમસી)માં તેના મહિલા કોર્પોરેટર નીતા ઠાકરે અને લીલા હાતીબેડને અનુક્રમે મેયર અને ડેપ્યુટી મેયર પદ માટે નોમિનેટ કર્યા. વિપક્ષ કોંગ્રેસે પણ સ્નેહલ ઠાકરે અને વિવેક નિકોસને આ પદો માટે મેદાનમાં ઉતાર્યા છે, જેની ચૂંટણી ૬ ફેબ્રુઆરીએ યોજાશે. ગયા મહિને યોજાયેલી લોટરી મુજબ, નાગપુર મહાનગરપાલિકામાં સામાન્ય કેટેગરીમાંથી એક મહિલા મેયર બનશે. સોમવારે વિભાગીય કમિશનરની ઓફિસમાં ભાજપના કોર્પોરેટરોના જૂથની નોંધણી થયા પછી, નીતા ઠાકરે (વોર્ડ ૨૮ નું પ્રતિનિધિત્વ કરતા) અને હાતીબેડ (વોર્ડ ૨૯) એ ઉમેદવારી પત્ર ભર્યા હતા, એમ પ્રકાશનમાં જણાવાયું હતું.

ભાજપે એનએમસી સ્ટેન્ડિંગ કમિટી ચેરપર્સનનું પદ પણ મહિલા કોર્પોરેટરને ફાળવવાનો નિર્ણય લીધો છે અને ટૂંક સમયમાં નામની જાહેરાત કરવામાં આવશે, એમ પાર્ટીના શહેર પ્રમુખ દયાશંકર તિવારીએ જણાવ્યું હતું.

ગયા મહિને ૧૫૧ સભ્યોની એનએમસીની ચૂંટણીમાં ભાજપે ૧૦૨ બેઠકો, કોંગ્રેસે ૩૪, એઆઈએમઆઈએમએ ૬, ઈન્ડિયન મુસ્લિમ લીગ ૪, શિવસેના (યુબીટી) ૨, જ્યારે એકનાથ શિંદેની શિવસેના, બીએસપી અને એનસીપીને ૧-૧ બેઠક મળી હતી.

# સાવરકરનું નિવાસસ્થાન સંરક્ષિત સ્મારક જાહેર નહીં થઇ શકે: એએસઆઈનું હાઇ કોર્ટમાં સોગંદનામું

મુંબઈ : ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ (ASI) એ બોમ્બે હાઈ કોર્ટને જાણ કરી છે કે હિન્દુત્વ વિચારક વિનાયક દામોદર સાવરકરના નિવાસસ્થાન 'સાવરકર સદન'ને કેન્દ્ર દ્વારા સંરક્ષિત સ્મારક જાહેર કરી શકાય નહીં, કારણ કે આ માળખું ૧૦૦ વર્ષ જૂનું નથી.

જોકે, ASI એ સૂચવ્યું હતું કે મધ્ય મુંબઈમાં દાદરના શિવાજી પાર્ક વિસ્તારમાં આવેલી ઇમારતને બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC) ની હેરિટેજ યાદીમાં અથવા રાજ્ય-સંરક્ષિત સ્મારકોની યાદીમાં સમાવવામાં આવે તો તેને સુરક્ષિત રાખી શકાય છે. આ પગલાથી માળખાને તૂટતાં અટકાવવાનું અને ભવિષ્યમાં તેનું સંરક્ષણ સુનિશ્ચિત થશે, ASI એ ગયા અઠવાડિયે તેના સોગંદનામામાં જણાવ્યું હતું. આ સોગંદનામું અભિનવ ભારત કોંગ્રેસ, એક જાહેર ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા દાખલ કરાયેલી જાહેર હિતની અરજી (PIL) ના જવાબમાં દાખલ કરવામાં આવ્યું હતું.

૧૯૩૮ માં શિવાજી પાર્ક વિસ્તારમાં બંધાયેલ, સાવરકર સદન હિન્દુત્વના વિચારક અને સ્વાતંત્ર્ય સેનાનીનું ૧૯૬૬ માં તેમના મૃત્યુ સુધી નિવાસસ્થાન હતું. ઐતિહાસિક રેકોર્ડ દર્શાવે છે કે આ પરિસરમાં ઘણી મહત્ત્વપૂર્ણ બેઠકો યોજાઈ હતી, જેમાં ૧૯૪૦ માં સુભાષ ચંદ્ર બોઝ અને ૧૯૪૮ માં નાથુરામ ગોડસે અને નારાયણ આપ્ટે સાથેની બેઠકોનો સમાવેશ થાય છે. જનહિત અરજીમાં એવી માંગ કરવામાં આવી હતી કે આ ઇમારતને ''રાષ્ટ્રીય સ્મારક'' જાહેર કરવામાં આવે. ASI એ જવાબમાં જણાવ્યું હતું કે, તેમનું કાર્ય જેને કેન્દ્ર દ્વારા પ્રાચીન સ્મારકો અને પુરાતત્ત્વીય સ્થળો અને અવશેષો અધિનિયમ, ૧૯૫૮ હેઠળ સંરક્ષિત જાહેર કરવામાં આવ્યા હોય, ફક્ત તેવા રાષ્ટ્રીય સ્મારકો અથવા સ્થળોનું જ સંરક્ષણ કરવાનું છે. (પીટીઆઈ)

# લાતુરમાં ઈન્કમ ટૅક્સ અધિકારીની પુત્રએ જ ચાકુ હુલાવી હત્યા કરી

લાતુર: પિતા-પુત્ર વચ્ચે થયેલા વિવાદમાં ગુસ્સામાં પુત્રએ ઈન્કમ ટૅક્સ અધિકારી એવા પિતાની ચાકુ હુલાવી હત્યા કરી હોવાની ઘટના લાતુરમાં બની હતી. પોલીસના જણાવ્યા મુજબ ઘટના મંગળવારની સવારે ૮ વાગ્યાની આસપાસ લાતુર શહેરમાં આવેલા આવકવેરા વિભાગના અધિકારી કૃષ્ણકુમાર સણ્મુખરાવના ઘરે બની હતી. અહમદપુર તહેસીલના વતની કૃષ્ણકુમારનો પુત્ર શાંતનુ (૨૯) સાથે વિવાદ થયો હતો. ઉગ્ર બોલાચાલી પછી શાંતનુએ પિતા પર ચાકુથી હુમલો કર્યો હતો. ગંભીર રીતે ઘવાયેલા કૃષ્ણકુમારનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. બનાવની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને શાંતનુને તાબામાં લીધો હતો.

નવમા પાનાનું ચાલુ

### સુનેત્રા પવાર

બજાવી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર સુનેત્રા પવારને બંને જિલ્લાના પાલક પ્રધાન તરીકે નિયુક્ત કરવામાં આવ્યાં છે. અગાઉ તેમને એક્સાઇઝ, રમતગમત અને લઘુમતી કલ્યાણ વિભાગ સોંપવામાં આવ્યા હતા, જ્યારે દેવેન્દ્ર ફડણવીસ નાણાં વિભાગ સંભાળશે. (પીટીઆઈ)

### પાલિકામાં

સમિતિનું અધ્યક્ષપદ મળવાનું છે. તેથી ઠાકરેના નગરસેવક સમિતિના અધ્યક્ષપદે બિરાજમાન થવાના છે. તેથી પાલિકામાં સત્તા નહીં હોવા છતાં અડધી મુંબઈ પર ઠાકરેનું વર્ચસ્વ રહેશે એવું જણાઈ આવે છે. તેથી ભાજપ-શિંદે ગ્રૂપને તેનો ફટકો પડી શકે છે. એઆઈએમઆઈએમના આઠ નગરસેવક ચૂંટાઈ આવ્યા છે, તેથી ગોવંડી એમ-પૂર્વ વિભાગમાં તેમની પાસે પ્રભાગ સમિતિ જશે. અહીં પ્રભાગ સમિતિમાં એઆઈએમઆઈએમના આઠ સભ્ય તો ભાજપ-શિવસેનાના છ અને ઠાકરેનો એક નગરસેવક રહેશે. ભાંડુપ-એસ વોર્ડ અને મુલુંડ ટી વોર્ડની પ્રભાગ સમિતિમાં ઠાકરે અને મહાયુતિના સમાન સભ્ય છે. તેથી અહીં અધ્યક્ષની નિમણૂક ચિઠ્ઠી પર નક્કી થશે. તેથી આ સમિતિ પર કયા પક્ષનો અધ્યક્ષ બેસશે તેનો અંદાજ બાંધવો મુશ્કેલ છે. એ અને બી વોર્ડની પ્રભાગ સમિતિમાં ભાજપ-શિંદેની મહાયુતિ, સી-ડી વોર્ડની પ્રભાગ સમિતિમાં મહાયુતિ, એફ-દક્ષિણ-એફ-ઉત્તરની પ્રભાગ સમિતિ અને જી-ઉત્તર પ્રભાગ સમિતિ, એચ-પૂર્વ-એચ-પશ્ચિમ વોર્ડની પ્રભાગ સમિતિમાં ઠાકરેની યુબીટી સહિત તેના સાથી પક્ષોની આઘાડીના હાથમાં રહેશે. કે-દક્ષિણની પ્રભાગ સમિતિ મહાયુતિ, કે-ઉત્તર પ્રભાગ સમિતિમાં આઘાડી, કે-પશ્ચિમ વોર્ડની પ્રભાગમાં મહાયુતિ, પી-દક્ષિણ પ્રભાગ સમિતિમાં મહાયુતિ, પી-પૂર્વ -પી-પશ્ચિમ વોર્ડની પ્રભાગમાં આઘાડી, આર-દક્ષિણ પ્રભાગ સમિતિમાં આઘાડી, આર-મધ્ય-આર-ઉત્તર પ્રભાગ સમિતિમાં મહાયુતિ, એમ-પૂર્વ પ્રભાગ સમિતિમાં એઆઈએમઆઈએમ, એમ-પશ્ચિમ વોર્ડની પ્રભાગમાં મહાયુતિ, એસ અને ટી વોર્ડની પ્રભાગ સમિતિમાં સમાન સભ્ય હોવાથી ચિઠ્ઠી નીકળશે અને એલ વોર્ડની પ્રભાગ સમિતિમાં આઘાડી તો એન વોર્ડની પ્રભાગ સમિતિ મહાયુતિના હાથમાં જશે.

### પંકજા મુંડેના

દિવસના અંતે ચૂંટણી પ્રચાર માટે હેલિકૉપ્ટરનો ઉપયોગ કર્યો હતો. ઉડ્ડયન કંપનીએ રાત્રે નિયમ મુજબ ચકાસણી કરી ત્યારે હેલિકૉપ્ટરમાં કેટલીક ટેકનિકલ ખામી ધ્યાનમાં આવતા ચિકલથાણા એરપોર્ટ અધિકારીઓને જાણ કરવામાં આવી હતી એવી જાણકારી આપી અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે હેલિકૉપ્ટર મંગળવારે સવારે ૧૧ વાગ્યાની આસપાસ ભાજપ નેતાને લાતુર લઈ જવાનું હતું, પરંતુ તેઓ બે કલાક મોડા નીકળ્યાં હતાં. સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં મુંડેએ જણાવ્યું હતું કે હેલિકૉપ્ટર જૂનું હતું, પરંતુ આ મુદ્દો ઉઠાવ્યા વિના તેમણે પોતાની મુસાફરી ચાલુ રાખી હતી. ૨૮ જાન્યુઆરીએ બારામતીમાં થયેલા અકસ્માતમાં અજિત પવારના દુઃખદ મૃત્યુ પછી હવાઈ ઉડ્ડયન અંગે પક્ષના નેતા ટેંશનમાં આવી ગયા છે. સાતમી ફેબ્રુઆરીએ યોજાનારી જિલ્લા પરિષદ અને પંચાયત સમિતિની ચૂંટણી માટે પંકજા મુંડે વ્યાપક પ્રચાર કરી રહ્યા છે. તેમણે મરાઠવાડામાં સભાઓ પણ સંબોધી છે. (પીટીઆઈ)

### મર્સિડીઝ

આવ્યાં હતાં. પ્રસન્ના મોપકર અને તેની પત્ની રવિવારે મોડી રાતે ૧૨.૩૦ વાગ્યે કારમાં નીકળ્યાં હતાં અને તેઓ સાસુને લેવા બોરીવલી ગયાં હતાં. તેઓ બાદમાં દક્ષિણ મુંબઈના કોલાબા વિસ્તારમાંની હોટેલમાં ભોજન કરવા જઇ રહ્યા હતા ત્યારે કોસ્ટલ રોડની ટનલમાં મર્સિડીઝે તેમની કારને ટક્કર મારી હતી. પ્રસન્નાની કાર બાદમાં બીજી કાર સાથે અથડાઇ હતી. તપાસ દરમિયાન પોલીસને જાણવા મળ્યું હતું કે મર્સિડીઝ આગ્રીપાડા વિસ્તારમાંના વેપારીના નામે રજિસ્ટર્ડ છે.

### બોરીવલીમાં

નવ વાગ્યે નીતિનભાઈ સ્કૂટર પર ઘરે જવા નીકળ્યા હતા, જ્યારે પરિવારના સભ્યો પછીથી નીકળવાના હતા. જોકે પંદરેક મિનિટમાં જ એક મિત્રએ પરાગને ફોન કર્યો હતો અને અકસ્માત અંગે જાણ કરી હતી.

પરાગ ઘટનાસ્થળે પહોંચ્યો ત્યારે પિતા નીતિનભાઈ લોહીલુહાણ હાલતમાં બેભાન પડ્યા હતા. પોલીસ સાથે તેમને શતાબ્દી હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

કહેવાય છે કે આર. એમ. ભટ્ટડ રોડ પરથી લિંક રોડ તરફ જવા માટે ટેમ્પોના ડ્રાઈવરે બેદરકારીથી વળાંક લીધો હતો, જેને કારણે ટેમ્પો સ્કૂટર સાથે ભટકાયો હતો. ટક્કર એટલી જોરદાર હતી કે સ્કૂટરસવાર નીતિનભાઈ રસ્તા પર ફંગોળાયા હતા અને પછી તેમના માથા પરથી ટેમ્પોનું ટાયર ફરી વળ્યું હતું. ઘટના બાદ ટેમ્પો ડ્રાઈવરે ભાગી જવાનો પ્રયત્ન કર્યો હતો, પરંતુ રાહદારીઓએ તેને પકડી પાડ્યો હતો.

પરાગભાઈએ કહ્યું હતું કે ટેમ્પો ડ્રાઈવર દારૂના નશામાં જણાતો હતો. અકસ્માતમાં માતા પિતાએ જીવ ગુમાવ્યો... આટલી ગંભીર ઘટના હોવા છતાં ટેમ્પો ડ્રાઈવર જામીન પર છૂટી ગયો હતો અને ટેમ્પો પણ તેને સોંપી દેવાયો હતો, જ્યારે અમારું સ્કૂટર તપાસ માટે હજુ પોલીસ પાસે છે.

એક અધિકારીના જણાવ્યા મુજબ આરોપી ટેમ્પો ડ્રાઈવરના લોહીના નમૂના તપાસ માટે મોકલવામાં આવ્યા છે. ડ્રાઈવર નશામાં હતો કે કેમ તેની ખાતરી અહેવાલ પરથી થશે અને પછી વધુ કાર્યવાહી કરવામાં આવશે.

### મુંબઈને

કરાવ્યું છે. તો રાષ્ટ્રવાદી કૉંગ્રેસ (અજિત પવાર)ના ગ્રૂપનું રજિસ્ટ્રેશન હજી બાકી છે. આ રજિસ્ટ્રેશન બુધવારે થવાની શક્યતા છે. તો મહાનગરપાલિકાની સમિતિના આંકડાઓને જોતા રાષ્ટ્રવાદી કૉંગ્રેસ તરફથી શિંદેસેનાને સમર્થન આપીને સહયોગી ગ્રૂપ તરીકે સ્થાપવામાં આવે એવી શક્યતા છે. આ સંદર્ભમાં ટેક્નિકલ બાજુને સમજી લેવા માટે શિંદેસેનાના રાષ્ટ્રીય જનરલ સેક્રેટરી રાહુલ શેવાળે અને રાષ્ટ્રવાદી કૉંગ્રેસ (અજિત પવાર)ની સઈદા ખાને મંગળવારે પાલિકાના સેક્રેટરિયલ વિભાગની મુલાકાત લઈને ટેક્નિકલ બાબતની માહિતી મેળવી હતી. ગ્રૂપ રજિસ્ટ્રેશન અને સહયોગી ગ્રૂપ સ્થાપવા બાબતે બુધવારે નિર્ણય લેવામાં આવે એવી શક્યતા છે. તે માટે રાષ્ટ્રવાદી કૉંગ્રેસના ત્રણ નગરસેવક કોંકણ ભવનમાં પણ જવાના છે. શિંદેસેના અને ભાજપ વચ્ચે સમિતિઓની વહેંચણીને મુદ્દે ચાલી રહેલી ચર્ચા પર બે-ત્રણ દિવસમાં મુખ્ય પ્રધાન સાથે ચર્ચા થયા બાદ તેનો ઉકેલ આવે એવી શક્યતા છે. તેથી બહુ જલદી મેયર બાદ હવે પ્રભાગ સમિતિની પણ ચૂંટણી પાર પડશે એવું જણાઈ આવે છે. ૧૧ ફેબ્રુઆરીના મેયર પદ માટે બપોરના ૧૨ વાગે ચૂંટણી થવાની છે. તે માટે સાત ફેબ્રુઆરીના ઉમેદવારી પત્રક દાખલ કરવામાં આવશે.

#### ૧૧ ફેબ્રુઆરીના ફક્ત મેયર અને ડેપ્યુટી મેયરની જ ચૂંટણી થશે

મુંબઈ મહાનગરપાલિકામાં ૧૧ ફેબ્રુઆરીના ફક્ત મેયર અને ડેપ્યુટી મેયરની ચૂંટણી થશે. નિયમ મુજબ મેયર અને ડેપ્યુટી મેયરની ચૂંટણી બાદ તે જ દિવસે ગ્રૂપ લીડર અને વૈધાનિક સમિતિના સભ્યોની જાહેરાત કરવામાં આવે છે પણ આ વખતે એવું કરવામાં આવશે નહીં. આ વખતે મેયર અને ડેપ્યુટી મેયરની ચૂંટણીના ત્રણ દિવસ બાદ સભાગૃહમાં વૈધાનિક સમિતિના સભ્યોની જાહેરાત થશે એવું ચર્ચાઈ રહ્યું છે.

### સુનેત્રા પવારને

રાષ્ટ્રીય અધ્યક્ષ પદની રેસમાં નથી. ત્યારબાદ હવે સમાચાર સામે આવ્યા છે કે પટેલે દિલ્હીમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહપ્રધાન અમિત શાહ સાથે મુલાકાત કરી હતી. જોકે આ મુલાકાતમાં પટેલે તેમને રાજ્યની રાજકીય પરિસ્થિતિ વિશે માહિતી આપી હતી. ઉપરાંત તેમણે સુનેત્રા પવારના શપથ ગ્રહણ સમારોહ અંગે ચર્ચા કરી હોવાનું પણ બહાર આવ્યું છે. અજિત પવારના અવસાન પછી, હાલમાં રાજ્યમાં બંને રાષ્ટ્રવાદી પક્ષો એક સાથે આવવાની ચર્ચા ચાલી રહી છે. એવું જાણવા મળ્યું હતું કે પ્રફુલ પટેલ, વડા પ્રધાન મોદી અને ગૃહ પ્રધાન અમિત શાહ વચ્ચે આ અંગે ચર્ચા થઈ હતી.

એવું પણ જાણવા મળ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહે અજિત પવારના અંતિમ સંસ્કાર પછી સુનેત્રા પવારને દિલ્હી લાવવા માટે પટેલને આમંત્રણ આપ્યું હતું. વધુમાં એનસીપીના વિલીનીકરણ પર બોલતા પ્રફુલ્લ પટેલે કહ્યું કે અજિતદાદાએ મારી સાથે વિલીનીકરણ અંગે ચર્ચા કરી નથી. એવું ન બની શકે કે વિલીનીકરણ થવાનું હોય અને અમને ખબર ન હોય. અજિતદાદાએ કહ્યું હતું કે આપણે બધા અલગ-અલગ લડી રહ્યા છીએ; જો આપણા મતો વહેંચાઈ જાય તો પરિણામ પર અસર પડી શકે છે. તેથી, શરદ પવાર જૂથ સાથે વાત કરીને સમન્વય સાધીશું એવું અજિતદાદાએ કહ્યું હતું. બસ આટલી જ ચર્ચા થઈ હોવાનું કહીને પ્રફુલ્લ પટેલે વિલીનીકરણની અફવાઓને ફગાવી દીધી હતી.

## હિન્દુ મરણ

**કોળી પટેલ**

ગામ કછોલી (હાલ સાંતાક્રુઝ)ના સ્વ. બાબુભાઈ લલ્લુભાઈ પટેલના પત્ની ગં. સ્વ. મંજુલાબેન (ઉં. વ. ૭૮) તા. ૩૦-૧-૨૬ને શુક્રવારે શ્રીજીચરણ પામ્યા છે. તે ગં. સ્વ. નયનાબેન, અશોક, ભાવનાબેન, અજય, રાજેશના માતા. રશ્મિબેન (રીટાબેન), હેમાક્ષીબેન, ઉત્તમભાઈ, રમેશભાઈના સાસુ. મંથન, વિવેકા, વિમલ, શૈલેષ, પિન્કી, વિરલના દાદા-નાની. પિયરપક્ષે સ્વ. કનૈયાલાલ, હરીશભાઈ, મનહરભાઈના બહેન. બેસણું તા. ૫-૨-૨૬ને ગુરવારે સવારે ૯.૦૦થી સાંજે ૬.૦૦ વાગે નિવાસ સ્થાને રાખેલ છે. પુષ્પાણી (બારમું) તા. ૧૦-૨-૨૬ને મંગળવારે બપોરે ૩થી ૫. નિવાસ સ્થાનઃ અજયભાઈ બાબુભાઈ પટેલ, મલ્લીપાર, કછોલી, અમલસાડ.

**શિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારસે બ્રાહ્મણ**

તણસા નિવાસી (હાલ બોરીવલી) સ્વ. જયંતીલાલ દુર્ગાશંકર જોશીના પત્ની ગં. સ્વ. તારાબેન (ઉં. વ. ૯૨) તા. ૧-૨-૨૬ રવિવારના કૈલાસવાસી થયેલ છે. તે સ્વ. રાજનભાઇ, અતુલભાઇ, હીતેશભાઇ, અ. સૌ. સરોજબેન કિર્તિકુમાર જોશીના માતુશ્રી. તે વળાવડ નિવાસી કૃષ્ણરામ જદુરામ મહેતાના દીકરી. તે સ્વ. મુક્તાબેન, સ્વ. રમણીકભાઇ, સ્વ. નીમુબેન, સ્વ. મનુબેન, સ્વ. રમાબેન, સ્વ.મહિપતભાઇના ભાભી. તે સ્વ. પ્રભાબેન, સ્વ. કાંતાબેન, સ્વ. ભૂપેન્દ્રભાઇ, સ્વ. બિપીનભાઇ, સ્વ. વામનભાઇ, સ્વ. પ્રહ્લાદભાઇ, સ્વ. રંજનબેન, સ્વ. રેખાબેન, કિર્તિબેનના બેન. તે ગૌરવ, નિરવ, મીતના દાદી. પ્રાર્થનાસભા તા. ૫-૨-૨૬ ગુરુવારના ૪થી ૬. ઠે. શ્રી વર્ધમાન સ્થાનક જૈન સંઘ, એલ. ટી. રોડ, ડાયમંડ ટોકીઝ સામે, બોરીવલી (વેસ્ટ) લૌકિક પ્રથા બંધ છે,

**કપોળ**

જાફરાબાદવાળા હાલ પારસી કોલોની દાદર, સ્વ. જમનાદાસ ગિરધરલાલ સંઘવીના પુત્ર સ્વ. શાંતિલાલભાઇ (ઉં.વ. ૯૫) તા, ૨-૨-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે મંજુલાબેનના પતિ. તે સ્વ. સુરભી, રાજેશ, મનિષના પિતા. તે સ્વ. મયૂર મહેતા, મીરા, પારુલના સસરા. તે તનવી, કુંજન, નીધીના દાદા. તે સ્વ. ગંગાદાસભાઇના નાના ભાઇ. તે સ્વ. જગજીવનદાસ મકનદાસ મહેતાના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૫-૨-૨૬ના ૫થી ૭. ઠે. એસ.એન.ડી.ટી. કોલેજ, રફી અહમદ કિડવાઇ રોડ, કિંગ્સ સર્કલ, મુંબઇ-૪૦૦૦૧૯.

**સુરતી વિશા લાડ વણિક**

ગં. સ્વ. નીરાબેન ભગવાનદાસભાઇ મારફતિયા (ઉં. વ. ૮૭) તા. ૧-૨-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. સ્વ. ભગવાનદાસ લાલભાઇ મારફતિયાના ધર્મપત્ની. સ્વ. ભાનુમતી નટવરલાલ શાહના સુપુત્રી. સ્વ. સોનાબેન લાલભાઇ મારફતિયાના પુત્રવધૂ. અ. સૌ. અલ્પા સંજય શ્રોફના માતા. કુ. અનુષ્કા શ્રોફના નાની. સ્વ. હરિવદનભાઇ શાહ, સ્વ. લીલાબહેન પરીખ, કિશોરભાઇ શાહ, પ્રફુલભાઇ શાહના બહેન. પ્રાર્થનાસભા ગુરુવાર, ૫ ફ્રેબુઆરી ૨૦૨૬ના સાંજે ૫થી ૭. ઠે. વિલેપાર્લે મેડિકલ કલબ, ગ્રાઉન્ડ ફલોર, ચંદન સિનેમાની પાછળ, આઇએમએ હોલ પાસે, જુહુ-મુંબઇ-૪૦૦૦૪૯.

**કચ્છી લોહાણા**

ઠા. નરોતમદાસ દાવડા (ઉં. વ. ૮૯) ગામ નખત્રાણા હાલ માધાપર (કચ્છ) તે સ્વ. સાકરબાઇ નારાણજી વાલજી દાવડાના પુત્ર. સ્વ. ઝવેરબેનના પતિ. બીના નિતીનકુમાર કોઠારી, જયોતિ અને નરેશના પિતાજી. સ્વ. દીનકરરાય, સ્વ. ચંદ્રસિંહ, ગં. સ્વ. સાવિત્રીબેન નારાણજી પલણ, સ્વ. લક્ષ્મીબેન કરસનદાસ ભગદે, સ્વ. હીરાલાલના ભાઇ. સ્વ. કાશીબેન કાનજીભાઇ કુંવરજી પવાણી (કેરા)ના જમાઇ. તા. ૩૦-૧-૨૬ના શ્રી રામચરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ સમાજ**

રંગપુર નિવાસી (હાલ મુંબઈ) સ્વ. તનસુખભાઈ ખીમજીભાઈ જોષીના ધર્મપત્ની ગં. સ્વ. હંસાબેન (ઉં.વ. ૭૪) તા. ૩૧-૧-૨૬ના શ્રીચરણ પામેલ છે. તે અમરિશભાઈ, મનિષભાઈના માતુશ્રી. તે તૃપ્તિબેન, શ્વેતાબેનના સાસુ. તે સ્વ. અશ્વિનભાઈ, પિયુષભાઈના કાકી. તે જૈનમ, પ્રિયલ, યશ, નિહારના દાદી. સદ્‌ગતની પ્રાર્થનાસભા તા. ૫-૨-૨૬ને ગુરુવારે, ૪ થી ૬ રાખેલ છે. ઠે. ૧૬૦૩, આશરા, આર. સી. પટેલ રોડ, પંડ્યા હોસ્પિટલની બાજુમાં, બોરીવલી (વેસ્ટ).

**હાલાઈ લોહાણા**

કરાચીવાળા, હાલ કાંદીવલી ગંગાસ્વરૂપ સ્વ. હર્ષાબેન વસંતભાઈ દક્ષિણી (ઉં. વ. ૭૫) તે સરોજબેન જમનાદાસ દક્ષિણીના પુત્રવધૂ. સ્વ. દેવીબેન નેણશીભાઈ ઘેલાણીના પુત્રી , યોગેન્દ્ર ઘેલાણીના બેન. ધવલ નીરવ-નિધિના માતૃશ્રી. શૈલેષભાઈ સેવંતીલાલ માધાણીના વેવાણ તારીખ ૩.૨.૨૬ના મંગળવારે શ્રીજી ચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**શ્રી જામનગર હાલાર વીસા શ્રીમાળી જ્ઞાતિ**

અરવિંદભાઈ મનહરલાલ શાહ (ઉં. વ. ૮૩). તે ઈલાબેનના પતિ. સંજય તથા મનીષના પિતા. ક્રીશમા-ક્લોડિયાના સસરા. ક્રીશય-કીયારા, જાસ્મીન, જીસેલના દાદા. વીરેન્દ્રભાઈ, અશોકભાઈ, વિદ્યાબેન જીતેન્દ્રભાઈ શાહ તથા પૂનમબેન અતુલભાઈ શાહના ભાઈ. સ્વ. રતીભાઈ હેમચંદ પુનાતરના જમાઈ. તા. ૧-૨-૨૬ના રોજ સ્વર્ગવાસ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૫-૨-૨૬ને ગુરુવારે સાંજે ૫થી ૬.૩૦. ઠે.: વિશ્વકર્મા બાગ નવપાડા, કમલાનગર, વિલેપાર્લા વેસ્ટ, મુંબઈ-૫૬.

**પરજીયા સોની**

ગામ - ચક્કરગઢ દેવળીયા વાળા, હાલ - મુંબઈ. સોની પદમાબેન કેશવલાલ સાગર (ઉં. વ. ૮૬) તે તા.૧/૨/૨૬ ને. રવિવારના શ્રીજીચરણ પામ્યા છે તે સ્વ. કેશવલાલ હરિભાઈ સાગરના ધર્મપત્ની. તે શાંતીલાલ કાનજીભાઈ જગડા રાજુલા વાળાના દિકરી. તે દિનેશભાઈ, રંજનબેન, વિજયભાઇ, નિતિનભાઈનાં માતુશ્રી. લૌકિક પ્રથા બંધ છે. અ/૧૦૬ ગોકુલ,ગોરસવાડી,મલાડ, મુંબઈ -૬૪.

**શ્રી દશા સોરઠીયા વણિક સમાજ**

બિલખા નિવાસી હાલ થાણે, અ. સૌ. ચંદ્રિકાબેન (ઉં. વ. ૬૭) તે , તા. ૧-૨-૨૬ રવિવારના શ્રીજીચરણ પામેલ છે. તે રમેશભાઈ છબિલદાસ ભૂપતાણીના ધર્મપત્ની, તે સ્વ. ચંપકલતા નટવરલાલ, સ્વ. વ્રજબાળા હસમુખરાય, સ્વ. રસિકલાલ, સ્વ. નવનીતલાલ અને કિશોરચંદ્રના નાના ભાઈના પત્ની. તે સ્વ.જયાબેન જયંતિલાલ સાંગાણીના સુપુત્રી. તે ભારતીબેન હરેશભાઈ, પ્રવિણાબેન દીપકકુમાર, સ્વ. હસમુખભાઈ તથા સ્વ. કિશોરભાઈના બહેન. તે યાસિકા, મિહિર, કલશ, જય, હર્ષ, અનિરુદ્ધ અને વરુણના દાદી . સર્વપક્ષીય પ્રાર્થના સભા તા. ૫-૨-૨૬, ગુરુવારના રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ તૃપ્તિ બેન્ક્વેટ હોલ, એમ.એચ. હાઈસ્કૂલ બિલ્ડીંગ, ઝુડિયોની સામે, શિવાજી પથ, થાણે, ૪૦૦૬૦૧ રાખેલ છે.

## પારસી મરણ

કાવસ રુસ્તમજી ભાઠેના (ઉં. વ. ૧૦૧) તા. ૨૭-૧-૨૬ના સિકંદરાબાદ ખાતે ગુજરી ગયા છે. તે મરહૂમ તેહમીના પતિ. તે મરહૂમ પિરોજબાઇ અને રુસ્તમજી જીવનજી ભાઠેનાના દીકરા. તે મરહૂમ દિનામાઇ અને ફરામરોઝ તંબોળી તેમ જ મરહૂમ બાનુબાઇ અને મરહૂમ રતનશા તંબોળીના જમાઇ. તે શાહરૂખ, મેહર ફિરોઝ શેરડીવાલા અને હવાવી કૈઝાદ બિલિમોરીયાના પિતા. તે ખુશનુમા, ફિરોઝ અને કૈઝાદના સસરા.

## જૈન મરણ

**ઝાલાવાડી દશા શ્રીમાળી શ્વે. મૂ. પૂ. જૈન**

લીંબડી નિવાસી જયાબેન ઉત્તમચંદ શાહના સુપુત્ર સ્વ. અરવિંદભાઇ ઉત્તમચંદ શાહ (ઉં. વ. ૭૮) તે સ્વ. મહેન્દ્રભાઇ, જયશ્રીબેન, મુકેશભાઇના મોટાભાઇ. તે અલકાબેન તથા જશ્મીના બેનના જેઠ. જીગર, પારસ, પૂજાના મોટા પપ્પા તા. ૨૯-૧-૨૬ને ગુરુવારના અરિહંતશરણ થયેલ છે. ચક્ષુદાન કરેલ છે.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી જૈન**

વઢવાણ શહેર નિવાસી હાલ સાયન સ્વ. કંચનબેન ગિરધરલાલ ભીખાલાલ શાહના પુત્ર નલીનકાંત (ઉં. વ. ૮૪) તા. ૩-૨-૨૬ના મંગળવારે અરિહંતશરણ પામેલ છે. તે વસંતબેનના પતિ. દિવ્યેશ, ભાવના અને બીનાબેનના પિતાશ્રી. રૂપલબેન, સંજયકુમાર, જિજ્ઞેશકુમારના સસરા. કેવલના દાદા. સ્વ. શારદાબેન, સ્વ. ગુણવંતીબેન, સ્વ. સુશીલાબેન, યશવંતભાઇ, ગિરીશભાઇના ભાઇ. તે બોટાદ નિવાસી દેવશીભાઇ મોનજીભાઇ શાહના જમાઇ. લૌકિક વ્યવહાર સદંતર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

વડીયા દેવડી નિવાસી હાલ બોરીવલી ગં. સ્વ. અરુણાબેન મહેન્દ્રભાઇ (ગઢવી) ગુલાબચંદ પારેખના સુપુત્ર વિપુલ (ઉં. વ. ૪૯) રવિવાર, તા. ૧-૨-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે કલ્પેશ, અલકા પ્રશાંત મહેતાના ભાઇ. કુંજનના દિયર. દૃષ્ટિ તથા લબ્ધીના કાકા. તે આરુષીના મામા. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૫-૨-૨૬ના બપોરે ૩થી ૪.૩૦. ઠે. શ્રી વર્ધમાન સ્થા. જૈન મોટો ઉપાશ્રય, પારેખ લેન કોર્નર, એસ. વી. રોડ, કાંદિવલી (વેસ્ટ).

**વિશા શ્રીમાળી ઝાલાવાડી શ્વે. મૂ. પૂ. જૈન**

હેમાબહેન (ચંદ્રીકાબેન) (ઉં. વ. ૭૫) બોટાદ નિવાસી હાલ સાયન ચુનાભઠ્ઠી તા. ૩-૨-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. જિતેન્દ્રભાઇ-રસિકભાઇના ધર્મપત્ની. વિરલ, વિશાલના માતુશ્રી. હીરલ તન્વીના સાસુ. જગજીવનદાસ શીવલાલ શાહ (કોંઢવાળા) ના પુત્રી. સૂર્યકાન્તભાઇ, કુમાળપાળ, હર્ષદભાઇ, ઇન્દુબેન, મધુબેન, મુદૃલાબેન, રસિલાબેનના બહેન. આયુષી-આરિવનાં દાદી. ઠે. ૬૦૨, ધર્મકૃપા, ચુનાભઠ્ઠી (સાયન) મુંબઇ-૨૨. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દિગમ્બર વિસા મેવાડા સમાજ જૈન**

વસો નિવાસી હાલ બોરીવલી સ્વ. અ. સૌ. મીનાબેન વિજયભાઈ શાહ (ઉં. વ. ૭૫)તા. ૨/૨/૨૬ના અરીહંતશરણ પામેલ છે. તે વિજયભાઈ રતિલાલ શાહના ધર્મપત્ની, જતીન અને શીતલના મમ્મી. કોમલ અને દિપેન કુમારના સાસુ. વર્ધન અને હેમના દાદી, વૃષ્ટિ અને યશ્વીના નાનીની પ્રાર્થનાસભા તા.૫/૨/૨૬ ગુરુવારે ૧૦ થી ૧૨ વાગ્યે શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન ઉપાશ્રય, ડાયમંડ ટોકીઝ ની સામે, એલ. ટી. રોડ, બોરીવલી વેસ્ટ.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ઢસા - આંબરડી નિવાસી હાલ ઘાટકોપર - સ્વ. કાશીબેન નાગરદાસ બોટાદરાના પુત્રવધૂ અ. સૌ. ભારતીબેન (ઉં. વ. ૮૩) તે ધીરજલાલ બોટાદરાના ધર્મપત્ની. ધારી નિવાસી સ્વ. ગુણવંતરાય મોહનલાલ ઠોસાણીના બેન. દીપ્તિ દિલીપ શાહ, જતીન - અમિતા, પ્રીતિ સંજય ધોળકિયાના માતુશ્રી. ધૃતિ - પંક્તિના દાદી. સ્વ. રસિકભાઈ, લલિતભાઈ, સ્વ. કિશોરભાઈ, જયેશભાઈ અને નયનાબેન હર્ષદભાઈ શાહના ભાભી, સોમવાર તા. ૨ ફેબ્રુઆરી ૨૦૨૬ ના સ્વર્ગવાસી થયેલ છે. પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૫-૨-૨૬ ના સાંજે ૪.૩૦ થી ૬.૩૦ લાયન્સ કોમ્યુનિટી હોલ , ગારોડીયા નગર, ઘાટકોપર (ઈ.) માં રાખેલ છે. ત્વચાદાન કરેલ છે.

**પાટણ વિશા શ્રીમાળી જૈન**

પાટણ - તંબોળીવાડા ના હાલ ગોરેગામ ચંદાબેન જમનાદાસ, લક્ષ્મીચંદ શાહ ના સુપુત્ર નિતિન (ઉં. વ. ૬૯) તે રેખાબેનના પતિ. ધવલ અને પલકના પિતાશ્રી. ખુશ્બુ તથા તેજશકુમારના સસરા. સ્વ. દિનેશ તથા ધારિણીના ભાઇ. ચોધરીની શેરીના પદમાબેન કેવંતીલાલ શાહના જમાઇ. તે તા. ૩-૨-૨૦૨૬ તે મંગળવારે અવસાન પામ્યા છે. લૌકિક વહેવાર રાખેલ નથી.

**શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈન**

દેવપુરના મંગલ જેઠાભાઈ મોતા (ઉં. વ. ૮૪) તા. ૧-૨-૨૬ના આયખુ પુર્ણ કરેલ છે. કંકુબાઈ જેઠા મુરજીના પુત્ર. વાસંતીબેનના પતિ. અનીતા, બીના, અજયના પિતા. ટોકરશી, ગોવિંદજી, લક્ષ્મીચંદ, કુંવરબાઈ, વેજબાઈના ભાઈ. દેવપુરના રાણબાઈ પુનશી શીવજીના જમાઈ. પ્રા. : શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રા.સં.સં. કરસન લઘુ નિસર હોલ, દાદર (વે). ટા. : ૨ થી ૩.૩૦.

રતાડીયા (ગણેશ) હાલે બેંગ્લોર શ્રીમતી નિર્મળાબેન ચુનીલાલ છેડા (ઉં. વ. ૮૭) તા. ૧-૨-૨૬ના દેહ પરિવર્તન કરેલ છે. માતુશ્રી જેતબાઈ રાધવજી હંસરાજ છેડાના પુત્રવધૂ. સ્વ. ચુનીલાલભાઈના ધર્મપત્ની. સુનિલ, અમિષ, રંજનના માતુશ્રી. દેશલપરના લાછબાઈ રતનશી કચરા ગાલાની સુપુત્રી. તલકશી, ગાંગજી, શાંતિલાલ, કપાયા દમયંતી વીરચંદ કેનીયાના બહેન. ગુણાનુવાદ સભા રાખેલ નથી. ઠે. અમિષ છેડા, ૨૦૪, સપ્તગીરી રેસિડેન્સી, બનસંકરી, બેંગ્લોર (કર્ણાટક)- ૫૬૦૦૫૦.

**શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન**

જેતપુર નિવાસી તથા હાલ બોરીવલી, સ્વ. નરોત્તમભાઈ મંગળજી દોશીના ધર્મપત્ની તથા પાટણવાવ નિવાસી પોપટલાલ જુઠ્ઠાભાઈ વસાની સુપુત્રી પુષ્પાબેન દોશી (ઉં. વ. ૯૦) તા. ૩/૨/૨૬ના અરિહંત શરણ પામેલ છે. તે નીતા, દક્ષા અને પરેશના માતૃશ્રી. સ્વ. કિશોરકુમાર, રાજેશકુમાર તથા દીનાના સાસુ. ઉમંગ, પ્રાચી, કિર્તી અને સ્મિતના દાદી. જીતેશ, નિધિ, રિદ્ધિ, ધૈર્ય તથા જૈનમના નાની. તેમની પ્રાર્થના સભા ગુરુવાર, તા. ૦૫/૦૨/૨૦૨૬, સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - **વ્યવસ્થાપક** |
|---|---|---|

કવર સ્ટોરી
નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com

## એસટીટીના ખંજરથી આખલાનો શિકાર

**વિદેશી ફંડો પહેલેથી જ ધોધમાર ધોવાણ કરીને ડૉલર છાપી રહ્યા છે, તેમાં આ બજેટે ધોળિયાઓને દોડવા માટે ઢાળ આપ્યો છે! અલબત્ત, ટ્રમ્પે અડધી રાતે ભારત સાથે કરેલી સંધિને કારણે સમીકરણો બદલાતાં એફઆઈઆઈનો ફ્લો ફરી શરૂ થવાની આશા જાગી છે, પરંતુ આપણે અહીં બજેટને અનુલક્ષીને હિસાબ માંડ્યો છે**




આ વખતના બજેટમાં એક જ શબ્દને સૌથી વધુ મહત્ત્વ મળ્યું છે અને તે શબ્દ છે એસટીટી! આ શબ્દથી લાખો રોકાણકારો ઘાયલ થયા છે અને શેરબજારના ઇતિહાસમાં પહેલી વાર રવિવારે રોકાણકારોની સંપત્તિમાં ધોવાણ નોંધાયું, અને એ પણ લગભગ દસ લાખ કરોડ રૂપિયાનું! બજેટ માટે ખાસ રવિવારે યોજાયેલું વિશેષ સત્ર શેરધારકોને ભારે પડ્યું. અલબત્ત ત્યારપછીથી બજારમાં તોતિંગ ઉછાળા શરૂ થયા છે. ટ્રમ્પે મંગળવારે મોડી રાતે ભારત સાથે કરેલી સંધિને કારણે સમીકરણો બદલાતા એફઆઇઆઇનો ફ્લો ફરી શરૂ થવાની આશા જાગી છે, પરંતુ આપણે અહીં બજેટને અનુલક્ષીને હિસાબ માંડ્યો છે.

વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (એફઆઇઆઇ)એ વર્ષ ૨૦૨૫માં અધધધધ રૂ. ૧.૬૬ લાખ કરોડ એટલે કે ૧૮.૯ અબજ ડોલરની વેચવાલી નોંધાવી છે અને નેટ સેલિંગ સતત ચાલુ રાખ્યું છે. એનએસડીએલના આંકડા મુજબ જાન્યુઆરી મહિનામાં એફઆઇઆઇએ ભારતીય શેરબજારમાંથી આશરે રૂ. ૩૬,૦૦૦ કરોડની વેચવાલી કરી છે.

આવા સંજોગોમાં રોકાણકારોનો એવો તર્ક હતો, કે સરકાર એફઆઇઆઇની વેચવાલી અટકે અથવા લેવાલી વધે એવા કોઇ પગલાં જાહેર કરશે. એનાથી વિપરીત વૈશ્વિક સ્તરે વધતી અનિશ્ચિતતા વચ્ચે હવે યુનિયન બજેટ ૨૦૨૬-૨૭માં સિક્યોરિટીઝ ટ્રાન્ઝેક્શન ટેક્સ (એસટીટી)માં કરાયેલા વધારાએ બજાર સેન્ટિમેન્ટને વધુ નબળું બનાવ્યું છે.

નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે ફ્યુચર્સ પર એસટીટી ૦.૦૨ ટકાથી વધારી ૦.૦૫ ટકા અને ઓપ્શન પ્રીમિયમ તથા એક્સરસાઈઝ પર એસટીટી ૦.૧૦ અને ૦.૧૨૫ ટકાથી વધારી ૦.૧૫ ટકા કરવાની જાહેરાત કરી છે. સરકારનો હેતુ કર વસૂલાત વધારવાનો છે, પરંતુ આ નિર્ણય ખાસ કરીને ડેરિવેટિવ સેગમેન્ટમાં સક્રિય વૈશ્વિક ફંડ માટે ખર્ચ વધારનાર બની શકે છે.

એ પણ જાણવું રહ્યું કે, ભારત વિશ્વના સૌથી સક્રિય ડેરિવેટિવ બજારોમાંનું એક છે, અને અહીંના વોલ્યુમનો મોટો હિસ્સો વિદેશી રોકાણકારો દ્વારા સંચાલિત થાય છે. આવી સ્થિતિમાં એસટીટીનો વધારેલો દર સીધો જ તેમની ટ્રેડિંગ કોસ્ટમાં વધારો કરશે. આતો એવું લાગે છે કે જાણે સરકારે એસટીટીનું ખંજર ભોંકીને શેરબજારની તેજીનો શિકાર કરી નાંખ્યો છે.

હાઈ-ફ્રીક્વન્સી ટ્રેડિંગ અને આલ્ગોરિધમિક સ્ટ્રેટેજી અપનાવતા વૈશ્વિક ફંડ માટે નાનો દર વધારો પણ નફાકારકતા પર મોટી અસર કરે છે. ટ્રેડ દીઠ વધેલો ખર્ચ લાંબા ગાળે કુલ વળતરમાં ઘટાડો કરી શકે છે. પરિણામે, કેટલાક ફંડ ટૂંકાગાળામાં પોતાની એક્સપોઝર ઘટાડે અથવા અન્ય બજારોમાં વિકલ્પો શોધે તેવી શક્યતા છે.

વિશ્લેષકોનું માનવું છે કે ખાસ કરીને એવા સમયે જ્યારે પહેલેથી જ આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ અનુકૂળ નથી, ત્યારે એસટીટીમાં વધારો નકારાત્મક સાબિત થઈ શકે છે. વિવિધ પ્રતિકૂળ વૈશ્વિક પરિબળો પહેલેથી જ એફઆઇઆઇ એક્ઝિટ પાછળ મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યા છે. સ્વાભાવિક રીતે જ અમેરિકી ડોલર મજબૂત બન્યો છે, વિકસિત દેશોમાં વ્યાજદર ઊંચા સ્તરે સ્થિર છે અને બોન્ડ યીલ્ડ આકર્ષક બની છે. આવી સ્થિતિમાં જોખમવાળા ઉભરતા બજારોમાંથી મૂડી બહાર નીકળી સુરક્ષિત ગણાતાં સાધનોમાં પ્રવેશી રહી છે.

અમેરિકાના સંભવિત ટેરિફ્સ, યુરોપ સાથેના વેપાર તણાવ અને ભૂરાજકીય અસંતુલનના કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં 'રિસ્ક-ઓફ' વલણ મજબૂત બન્યું છે. ભારતીય સંદર્ભમાં રૂપિયો ૯૦થી ૯૨ના સ્તર સુધી નબળો બનતા ડોલર ટર્મમાં એફઆઇઆઇને વધારાનું નુકસાન સહન કરવું પડે છે.

જ્યારે મૂડી બહાર જાય છે, ત્યારે નબળો રૂપિયા નિકાસના આંકડાને વધુ મોટો બનાવે છે. સાથે જ, બજારમાં ઊંચા વેલ્યુએશન અને મિશ્ર કોર્પોરેટ પરિણામો પણ વિદેશી રોકાણકારોને રાહ જોવાની સ્થિતિમાં રાખે છે. ૨૦૨૫ દરમિયાન નોંધાયેલ રૂ. ૧.૬૬ લાખ કરોડની ઐતિહાસિક નિકાસ બાદ વિશ્વાસ પુનઃસ્થાપિત કરવો સરળ નથી.

એસટીટીનો વધારો માત્ર આવક વધારવાનો ઉપાય નથી, પરંતુ તે બજારની સ્પર્ધાત્મકતા પર પણ અસર કરે છે. જો ટ્રેડિંગ ખર્ચ અન્ય એશિયાઈ અથવા મધ્ય પૂર્વનાં બજારોની સરખામણીએ વધુ બનશે, તો ગ્લોબલ ફંડો પોતાની સ્ટ્રેટેજી બદલે એવી સંભાવના છે. સિંગાપુર, હોંગકોંગ અથવા દુબઈ જેવાં કેન્દ્રો સ્પર્ધાત્મક કર માળખું અને સરળ નિયમન પદ્ધતિ ઓફર કરે છે. આવી સ્પર્ધામાં ભારતે સંતુલન જાળવવું જરૂરી છે.

અહીં સવાલ એ થાય છે કે શું એસટીટીનો વધારો ટૂંકાગાળાની આવક માટે લાંબા ગાળાના મૂડીપ્રવાહને જોખમમાં મૂકે છે? આ સંદર્ભે નિષ્ણાતો સૂચવે છે કે એફઆઇઆઇ માટે સૌથી મહત્ત્વપૂર્ણ મુદ્દા, મેક્રો સ્તરે આર્થિક સ્થિરતા, નીતિમાં સ્પષ્ટતા અને કરવેરાના માળખામાં સ્થિરતા છે. કરવેરામાં વારંવારના પરિવર્તન રોકાણકાર વિશ્વાસને અસર કરે છે. માત્ર વૃદ્ધિના આંકડા કે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ખર્ચની જાહેરાતો પૂરતી નથી; નીતિમાં સ્થિરતા અને અનુમાન કે ધારણાં બાંધી શકાય, એ વધુ મહત્ત્વ ધરાવે છે.

અલબત્ત, આગામી મહિનાઓમાં જો વૈશ્વિક પરિસ્થિતિ સ્થિર બને અને રૂપિયો મજબૂત રહે, તો વિદેશી ફંડોનો રોકાણ પ્રવાહ ફરી શરૂ થઈ શકે છે, પરંતુ વર્તમાન પરિસ્થિતિમાં એસટીટીનો વધારો સેન્ટિમેન્ટને નબળું કરનાર તત્ત્વ બની રહે છે. સરકાર માટે પડકાર એ રહેશે કે તે આવક વધારતાં પગલાં અને બજાર આકર્ષણ વચ્ચે સંતુલન સાધે. જો વિદેશીઓ ભારતીય બજારનું આકર્ષણ ગુમાવી દે તે આવક પણ ક્યાંથી વધશે?

ફ્યુચર્સ પર એસટીટી વધારીને ૦.૦૫ ટકા કરવાની નાણાં પ્રધાનની દરખાસ્ત મૂડી બજારની ઇકોસિસ્ટમ માટે માળખાકીય રીતે નકારાત્મક છે, ખાસ કરીને એફએન્ડઓ સંચાલિત ટ્રેડમાં ઊંચી ટ્રાન્ઝેકશન કોસ્ટથી ટ્રેડિંગ વોલ્યુમમાં ઘટાડો થવાની સંભાવના છે, ટૂંકા ગાળાના વેગમાં ઘટાડો થશે અને એફઆઇઆઇ સહભાગિતા પણ ઘટી શકે છે.

આ પગલું બ્રોકિંગ કંપનીઓ, એક્સચેન્જો, એસેટ મેનેજમેન્ટ કંપનીઓ અને ડિપોઝિટરીઝની આવકના પ્રવાહો પર નકારાત્મક અસર ઊભી કરી શકે છે, જે બજારના ટર્નઓવર સાથે ગાઢ રીતે સંકળાયેલી છે. તાજેતરના મહિનાઓમાં ડેરિવેટિવ્ઝ વોલ્યુમ પહેલેથી જ સંકોચાઈ રહ્યા હોવાથી, એસટીટીનો વધારો નજીકના ગાળાની કમાણી પર વધુ દબાણ લાવી શકે છે.

સારાંશરૂપે, જાન્યુઆરીની જોરદાર વેચવાલી અને એસટીટીના દરનો વધારો બંને સંકેત આપે છે કે એફઆઇઆઇ વિશ્વાસ હજી સંપૂર્ણ રીતે પરત ફર્યો નથી એવા સમયે લીધેલો ઉક્ત નિર્ણય અતાર્કિક છે. જો નીતિમાં સ્થિરતા, મેક્રો મજબૂતી અને સ્પર્ધાત્મક કર માળખું સુનિશ્ચિત કરવામાં આવશે, તો જ ભારત ગ્લોબલ કેપિટલ ફ્લો માટે ફરીથી પ્રાથમિક પસંદગી બની શકશે.■

પ્રાસંગિક__અમૂલ દવે
feedback@bombaysamachar.com

## ઈરાન સાથે યુદ્ધ કરવાની હિંમત નહીં કરે ટ્રમ્પ?


ખામનેઈ
ડોનલ્ડ ટ્રમ્પ

ફેબ્રુઆરી ૨૦૨૬માં અમેરિકા અને ઈરાન વચ્ચેના સંબંધો ફરી એકવાર અત્યંત નાજુક અને જોખમી તબક્કે પહોંચી ગયા છે. આ તણાવે માત્ર મધ્ય પૂર્વ જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વને ચિંતામાં મૂકી દીધું છે. આ બે દેશ વચ્ચેનો કોઈ પણ લશ્કરી સંઘર્ષ વૈશ્વિક અર્થતંત્ર અને શાંતિ માટે વિનાશકારી સાબિત થઈ શકે છે. અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે સત્તામાં પાછા ફર્યા બાદ ઈરાન પ્રત્યે અત્યંત કડક વલણ અપનાવ્યું છે. તેમણે ઈરાનને અણુ સંવર્ધન તાત્કાલિક બંધ કરવા અને એક નવા, વધુ મજબૂત અણુ કરાર પર હસ્તાક્ષર કરવા માટે કડક અલ્ટીમેટમ આપ્યું છે. ટ્રમ્પનું માનવું છે કે અગાઉના કરારો ઈરાનને અણુ હથિયારો બનાવતા રોકવામાં નિષ્ફળ રહ્યા હતા અને તેનાથી માત્ર ઈરાનને આર્થિક ફાયદો જ થયો હતો. ટ્રમ્પના આ આક્રમક વલણને કારણે પર્સિયન ગલ્ફ વિસ્તારમાં યુદ્ધનાં વાદળો ઘેરાવા લાગ્યાં છે.

બીજી તરફ, ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લા અલી ખામનેઈએ આ ધમકીઓનો જડબાતોડ જવાબ આપતા ચેતવણી આપી છે કે જો અમેરિકા ઈરાન પર કોઈ પણ પ્રકારનો હુમલો કરવાની હિંમત કરશે તો આખું ક્ષેત્ર યુદ્ધમાં હોમાઈ જશે. ખોમેની એ ઈરાની જનતા અને સેનાને '૨૦૦ ટકા તૈયાર' રહેવા આદેશ આપ્યો છે. ઈરાનનું વલણ સ્પષ્ટ છે કે એ દબાણ કે ધમકી હેઠળ કોઈ કરાર કરશે નહીં. આ નિવેદનબાજી માત્ર વાણી વિલાસ સુધી સીમિત નથી રહી, પરંતુ બંને દેશે પોતાની સૈન્ય શક્તિનું પ્રદર્શન પણ શરૂ કરી દીધું છે. અમેરિકાએ પર્સિયન ગલ્ફમાં પોતાની હાજરી મજબૂત કરવા માટે યુએસએસ અબ્રાહમ લિંકન કેરિયર સ્ટ્રાઈક ગ્રુપને તૈનાત કર્યું છે. આ વિશાળ યુદ્ધ જહાજ સાથે ત્રણ અત્યાધુનિક ડિસ્ટ્રોયર્સ અને પાંચમી પેઢીના એફ-૩૫સી ફાઈટર વિમાનોની ટુકડી પણ સામેલ છે. અમેરિકાની આ હિલચાલનો મુખ્ય ઉદ્દેશ્ય ઈરાનને એ સંદેશ આપવાનો છે કે અમેરિકા લશ્કરી કાર્યવાહી કરવા માટે સંપૂર્ણ સજ્જ છે.

આ સૈન્ય જમાવટમાં સૌથી મહત્ત્વનું પાસું 'ન્યુક સ્નિફર' તરીકે ઓળખાતા WC-135R કોન્સ્ટન્ટ ફિનિક્સ વિમાનનું આગમન છે. આ ખાસ વિમાન વાતાવરણમાં રહેલા કિરણોત્સર્ગી કણોને શોધી કાઢવાની ક્ષમતા ધરાવે છે, જેનો ઉપયોગ ઈરાનનાં ભૂગર્ભ અણુ મથકોમાં થઈ રહેલી પ્રવૃત્તિઓ પર નજર રાખવા માટે કરવામાં આવી રહ્યો છે. આ વિમાન યુકેમાં ઉતારવામાં આવ્યું છે, જે દર્શાવે છે કે અમેરિકાના યુરોપિયન સાથી દેશો પણ આ બાબતને ગંભીરતાથી લઈ રહ્યા છે. જોકે, ઈરાને પણ વળતી રણનીતિ અપનાવી છે. ચીન અને રશિયા જેવા વૈશ્વિક હરીફો સાથે ઈરાને હાથ મિલાવ્યા છે. ફેબ્રુઆરીના મધ્યમાં ઉત્તરીય હિંદ મહાસાગરમાં 'મેરીટાઈમ સિક્યુરિટી બેલ્ટ' નામના સંયુક્ત લશ્કરી અભ્યાસનું આયોજન કરવામાં આવ્યું છે. ચીન અને રશિયાની નૌકાદળની હાજરી એ અમેરિકા માટે એક સીધો પડકાર છે. આ ત્રિપક્ષીય જોડાણ એ સાબિત કરવા માગે છે કે મધ્ય પૂર્વમાં અમેરિકાનું એકહથ્થુ શાસન હવે ચાલશે નહીં અને ઈરાન પાસે મજબૂત સાથીદારો છે.

તાર્કિક રીતે વિચારીએ તો આટલો તણાવ હોવા છતાં અમેરિકા ઈરાન પર હુમલો કરશે નહીં તેવી પ્રબળ શક્યતાઓ છે. તેનું સૌથી મોટું કારણ એ છે કે ઈરાન પાસે મિસાઈલ ટેકનોલોજીનું વિશાળ નેટવર્ક છે. જો અમેરિકા હુમલો કરે તો ઈરાન તેના પ્રોક્સી જૂથો (જેમ કે હિઝબુલ્લાહ અને હુથી બળવાખોરો) દ્વારા ઇઝરાયલ અને સાઉદી અરેબિયામાં રહેલાં અમેરિકી હિતોને ભારે નુકસાન પહોંચાડી શકે છે. હોર્મુઝની સામુદ્રધુની, જે વિશ્વના તેલ વેપાર માટે જીવનરેખા સમાન છે, તેને ઈરાન સરળતાથી બંધ કરી શકે છે. જો આવું થાય, તો વૈશ્વિક સ્તરે તેલના ભાવમાં અસહ્ય વધારો થશે અને વિશ્વની અર્થવ્યવસ્થા પડી ભાંગશે. ડોનલ્ડ ટ્રમ્પ એક બિઝનેસમેન તરીકે અર્થતંત્રને થનારા આ નુકસાનથી ભલીભાતી પરિચિત છે. તેમની રણનીતિ હંમેશાં 'મેક્સિમમ પ્રેશર' એટલે કે અત્યંત દબાણ ઊભું કરવાની રહી છે, જેથી કરીને પ્રતિસ્પર્ધી શરણે આવે, પરંતુ તેઓ પોતે નવા યુદ્ધો શરૂ કરવાના વિરોધી રહ્યા છે.

બીજું મહત્ત્વનું પાસું ૨૦૨૫ના વર્ષનો અનુભવ છે. ૨૦૨૫માં જ્યારે અમેરિકાએ ઈરાનના અમુક અણુ મથકો પર મર્યાદિત સર્જિકલ સ્ટ્રાઈક કરી હતી ત્યારે પણ પરિસ્થિતિ યુદ્ધમાં પરિણમી નહોતી. બંને પક્ષ જાણે છે કે સંપૂર્ણ કક્ષાનું યુદ્ધ બંને માટે આત્મઘાતી સાબિત થશે. હાલમાં તુર્કી, કતાર અને ઈજિપ્ત જેવા દેશો રાજદ્વારી મધ્યસ્થી તરીકે સક્રિય થયા છે. એવા અહેવાલો છે કે અમેરિકી અને ઈરાની રાજદ્વારીઓ વચ્ચે તુર્કીમાં છૂપી બેઠકો યોજાઈ રહી છે. આ વાટાઘાટોનો હેતુ એક એવો મધ્યમ માર્ગ શોધવાનો છે જેમાં ટ્રમ્પને તેમની શરતો મુજબનો કરાર મળે અને ઈરાનને આર્થિક પ્રતિબંધોમાંથી મુક્તિ મળે.

ઈરાનની અમેરિકા સાથેની તંગદિલી ચરમ સીમાએ છે ત્યારે ઈરાને પહેલી વાર સ્પષ્ટ સંકેત આપ્યા છે કે તે અમેરિકા સાથે વાતચીત કરવા તૈયાર છે. ઈરાનના પ્રમુખે મંગળવારે કહ્યું હતું કે મેં દેશના વિદેશપ્રધાનને સૂચના આપી છે કે તે અમેરિકા સાથે 'નિષ્પક્ષ અને ન્યાયસંગત વાતચીત'નો વિકલ્પ તપાસશે. પ્રમુખને ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતોલ્લા ખામનેઈને ટેકો મળ્યો છે. અગાઉ ૮૬ વર્ષના ધાર્મિક નેતાએ અમેરિકા સાથે વાતચીત કરવાનું નકારી કાઢ્યું હતું. તુર્કી પરદા પાછળ આ અઠવાડિયાના અંતમાં વાતચીત થાય એ માટે પ્રયાસ કરી રહ્યું છે. અમેરિકાના મિડલઈસ્ટના એલચી સ્ટિવ વિટકોફ હાલમાં ઈઝરાયલની મુલાકાત છે અને ઈઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુને મળવાના છે.

આ માનસિક યુદ્ધમાં મીડિયા અને સોશ્યલ મીડિયાનો પણ મોટો રોલ છે. ટ્રમ્પ તેમના 'ટ્રુથ સોશ્યલ' એકાઉન્ટ પરથી સતત ઈરાનને ધમકાવતા રહ્યા છે, જ્યારે ઈરાની મીડિયા તેમના સૈન્યના પરાક્રમો બતાવી રહ્યું છે. આ બધું જ જનતાના અભિપ્રાયને પ્રભાવિત કરવા અને વાટાઘાટોમાં પોતાનો પક્ષ મજબૂત કરવા માટે છે. મધ્ય પૂર્વના અન્ય દેશો પણ અત્યારે સાવચેતીપૂર્વક વર્તી રહ્યા છે. સાઉદી અરેબિયા અને યુએઈ જેવા દેશ, જે અગાઉ ઈરાન વિરોધી હતા, તે પણ હવે યુદ્ધ ટાળવા માટે પ્રયાસો કરી રહ્યા છે, કારણ કે યુદ્ધની સીધી અસર તેમના પર્યટન અને તેલ ઉદ્યોગ પર પડશે.

વિશ્વના સામાન્ય લોકો માટે તેલના ભાવ એ ચિંતાનો વિષય છે. અત્યારે તેલના ભાવમાં જે વધઘટ જોવા મળી રહી છે તે આ યુદ્ધની અફવાઓનું પરિણામ છે. જો શાંતિ જળવાઈ રહેશે, તો તેલના ભાવ સ્થિર થશે અને વૈશ્વિક અર્થતંત્રને રાહત મળશે. અંતે, એવું કહી શકાય કે અમેરિકા અને ઈરાન વચ્ચેનો આ તણાવ એક વ્યૂહાત્મક રમત છે. બંને દેશ પોતાની મર્યાદાઓ જાણે છે. અમેરિકા માટે ઈરાન સાથેનું યુદ્ધ ૨૦૨૬માં ફરીથી સત્તા સંભાળ્યા પછીના શરૂઆતના મહિનાઓમાં એક મોટું રાજકીય જોખમ બની શકે છે. તેથી, ટ્રમ્પ હુમલો કરવાને બદલે એક ઐતિહાસિક અણુ કરાર પર હસ્તાક્ષર કરીને પોતાની 'ડીલ મેકર'ની છબી મજબૂત કરવા ઈચ્છશે.

આગામી થોડા અઠવાડિયા વૈશ્વિક રાજકારણ માટે નિર્ણાયક સાબિત થશે. જો બંને દેશ નરમ વલણ અપનાવશે તો વિશ્વ એક મોટા સંકટમાંથી બચી જશે, પરંતુ જો કોઈ એક પક્ષે ભૂલથી પણ કોઈ મોટી લશ્કરી હિલચાલ કરી તો પછી તેને અટકાવવા મુશ્કેલ બની જશે. શાંતિની આશા રાખતા લોકો અત્યારે રાજદ્વારી પ્રયાસો પર મીટ માંડીને બેઠા છે. અમેરિકા અને ઈરાન બંનેને અત્યારે યુદ્ધ કરતા શાંતિ અને આર્થિક વિકાસની વધુ જરૂર છે અને આ જ હકીકત તેમને યુદ્ધના મેદાનને બદલે વાટાઘાટોના ટેબલ પર લાવશે.■

આ તો સ્કેમ છે... સ્કેમ છે..!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

## અજમેર સેક્સકાંડમાં ૩૨ વર્ષે છને સજા, પણ ૧૨ ફરાર



સમગ્ર ભારતનું માથું શર્મથી ઝુકાવી દે એવા અજમેર કૌભાંડમાં ન્યાય તોળાવામાં ય ગજબનાક વિલંબ થયો. ૧૦૦થી વધુ કન્યાઓ સાથે સામૂહિક બળાત્કાર અને બ્લેક મેઈલિંગના કેસમાં ૨૦૨૫ના ડિસેમ્બરમાં અદાલતનો ચુકાદો આવ્યો. આ વાસનાનો ભોગ બનેલી અધિકાશ બાળકીઓ સ્કૂલની વિદ્યાર્થિની હતી, તો ૩૨-૩૨ વર્ષ એમનાં પર અને વાલીઓ પર શું શું વીત્યું હશે એની કલ્પના જ થથરાવી મૂકે છે.

૨૦૨૪ની વીસમી ઑગસ્ટે ચુકાદા અગાઉ પોલીસે પુરાવા તરીકે સેક્સકાંડમાં વપરાયેલા કોન્ડોમ, કેમેરા, ગાદલા, કપડાં અને વીડિયો કેસેટ્સ દાયકાઓ સાચવી રાખ્યા હતા. ગાદલા અને કોન્ડોમ સડીને ભયંકર ગંધાતા હતા પણ સત્તાવાર દસ્તાવેજોમાં એની નોંધ હતી. એ મહત્ત્વના પુરાવા હતા એટલે એને સાચવવા સિવાય છૂટકો નહોતો.

૩૨ વર્ષની કાનૂની પ્રક્રિયા દરમિયાન ૧૨ સરકારી વકીલ બદલાઈ ગયા. આને લીધે ય વિલંબ થયો હોઈ શકે. પોલીસ મહામહેનતથી ૧૬ પીડિતાને સાક્ષી બનાવી શકી હતી,પરંતુ સામાજિક બદનામી અને આરોપીઓના ડરથી તેર કિશોરીએ અદાલતમાં પોતાના નિવેદન ફેરવી તોળ્યા હતા. આને એમની લાચારી કહેવી, કાનૂની પ્રક્રિયાની ઊણપ કે સામાજિક નપુંસકતા?

આમ છતાં અગાઉના બયાન અને પોલીસ કેસ ડાયરીને આધારે અદાલતે જજમેન્ટ આપ્યું હતું. જયપુરની સ્પેશ્યલ કોર્ટ ફોર પ્રોટેકશન ઑફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સિઝ (પોક્સો એક્ટ)ના જજ રંજનસિંહે છ આરોપીને આજીવન સજા ઉપરાંત માથાદીઠ પાંચ લાખનો દંડ ફટકાર્યો હતો. આ ગુનેગારો હતા નફિસ ચિશ્તિ, નસીમ ઉર્ફે ટારઝન, ઈકબાલ ભાટી, સોહેલ ગની અને સઈદ ઝમીર. અલબત્ત, આ સજાથી પીડિતાઓની વેદના ભુંસાઈ જવાની નહતી કે બગડેલા ભવિષ્ય સુધરી જવાના નહોતા જ.

આ તો ૧૮ આરોપીઓમાંથી છને સજા થઈ હતી. એ સમયે હજી એનાથી બમણા એટલે કે એક ડઝન આરોપી ફરાર હતા. આવા સંગીન અને શર્મનાક કાંડના ૧૨-૧૨ આરોપી ત્રણ દાયકાથી વધુ સમયમાં ન ઝડપાય એવી વ્યવસ્થા માટે શું કહેવું? દુર્ભાગ્યની બાબત એ છે કે પોલીસના હાથમાંથી નાસી છૂટવામાં સફળ રહેલા આરોપીઓમાં આ સેક્સકાંડનો માસ્ટર માઈન્ડ ફારુક ચિશ્તી પણ ખરો. હા, કેટલાંક આરોપી મરી ગયા એય ખરું.

આ ખટલામાં અજમેરની સાવિત્રી સ્કૂલની બારમા ધોરણની વિદ્યાર્થિનીનું રૂંવાડા ઊભા કરી દે એવું બયાન જોઈએ. એ કિશોરીને રાજકારણમાં અને કૉંગ્રેસમાં જોડાવું હતું એ ઈચ્છાનો ચિશ્તી બંધુઓએ ભરપૂર ગેરલાભ લીધો. સૌથી પહેલા રાજકારણમાં પ્રવેશ માટે તૈયાર કરવાને બહાને નિકટતા સાધી. પછી બન્નેએ એના પર જાતીય આક્રમણ કર્યું. એના ફોટાને આધારે શરૂ કર્યું બ્લેકમેઈલિંગ. પોતાના સર્કલની યુવાન છોકરીઓને મદદ કરવાને બદલે પોતાની પાસે લઈ આવવાનું ચિશ્તીઓ દબાણ કરતા રહ્યા. પછી પોતાની વાનમાં આગંતુકોને લિફ્ટ આપીને પક્ષમાં પ્રવેશ માટે લઈ જવાની વાત કરતા. પક્ષની ઑફિસને બદલે છોકરીઓને ફાર્મ હાઉસ લઈ જઈને તેમના પર બળાત્કાર કરાતા હતા. આના ફોટા પાડીને બ્લેકમેલ શરૂ થતા. દરેક પિડીતને દબડાવાતી કે તારી ફ્રેન્ડને લઈ આવ નહિતર તારા અશ્લીલ ફોટા જાહેર થઈ જશે.

આ વિષચક્ર ચાલતું રહ્યું. જો એક પત્રકારે પર્દાફાશ ન કર્યું હોત તો ન જાણે એ ક્યાં સુધી અનેકને અભડાવતા રહ્યા હોત? આ શૈતાનો ક્યારેક તો અમુક પીડિતાના ભાઈ તરીકે ભાવિ શિકારને મળતા અને મીઠામીઠા શબ્દો બોલીને તેમને પાર્ટી (મહેફિલ)માં જોડાવાનું આમંત્રણ આપતા. પ્રેમપૂર્વક આગ્રહ કરતા અને પછી...

૧૯૯૨ની ૨૧મી એપ્રિલે આ સેક્સકાંડનો રિપોર્ટર સંતોષ ગુપ્તાના સ્કૂપ થકી પર્દાફાશ કરનાર અખબાર 'દૈનિક નવજ્યોતિ'ના તંત્રી દેવબંધુ ચૌધરીએ કબૂલ કર્યું હતું કે આ અમે બ્રેકિંગ સ્ટૉરી આપ્યાના એકાદ વર્ષ અગાઉથી સ્થાનિક પોલીસને આ સ્કેન્ડલની જાણકારી હતી, પરંતુ તેઓ કદાચ સ્થાનિક રાજકારણીઓના દબાણને લીધે ચૂપ હતા. અંતે ચૌધરીને લાગ્યું કે સ્થાનિક વહીવટ તંત્રને આંચકો આપીને સક્રિય કરવા માટે સેક્સકાંડને અખબારને પાને પર્દાફાશ કરવું અનિવાર્ય છે.

અખબારે ધડાકો કર્યા બાદ પોલીસે સક્રિય થવું પડ્યું. એફઆઈઆર નોંધાઈ. લોકો શેરીઓમાં ઊતરી આવ્યા. કુકર્મ શર્મનાક હતું છતાં શહેર બે કોમી છાવણીમાં વહેંચાઈ ગયું ને માનવતા ડુસકું ભરતી રહી ગઈ. દેખાવો થયા, ધરણા યોજાયા, અખબારોની કોલમ ઊભરાઈ ગઈ પણ જે થવાનું હતું તે રિવર્સમાં થઈ શકે એમ નહોતું.

બધા આરોપીઓ ન પકડાયા. પીડિતાઓને ધમકાવાયાં અને પાછા હટવા મજબૂર કરાયાં. ૩૨ વર્ષે ચુકાદો આવ્યો. આનાથી સમાજ, ખાસ તો બદમાશો પર કોઈ દાખલો બેઠો હશે ખરો? (સંપૂર્ણ)■

સિક્કાની ત્રીજી બાજુ
__જયવંત પંડ્યા
feedback@bombaysamachar.com

# ગામડાની દાઝ શહેરમાં ઊતરે છે?

## ગામડાની સંસ્કૃતિ ઘણાને મૂંઝવનારી છે. સમાજની વચ્ચે ભીંસાતો માનવી શહેરમાં આવી સ્વતંત્રતા અનુભવે છે, પરંતુ એ સ્વતંત્રતા સ્વચ્છંદતામાં પરિવર્તિત થઈ જતા વાર નથી લાગતી

ગામડાંની અને શહેરની સંસ્કૃતિ વચ્ચે ‘લાખ ગાડાંનો તફાવત’ છે. ગામડાંમાં સવાર મોં સૂઝણું થાય ત્યારે પડી જાય છે. શહેરમાં આઠ વાગે પડે. મુંબઈ જેવા શહેરમાં નોકરીએ જવાનું હોય તો કદાચ સાત વાગે પડતી હશે. ગામડામાં પુરુષપ્રધાનતા જોવા મળે. શહેરમાં સ્ત્રી અને બાળક પ્રધાનતા જોવા મળે, જયારે ઓછી જનસંખ્યાના કારણે ગામડાંમાં બળુકા લોકોનું વર્ચસ્વ વધારે હોય અને તેથી હજુ પણ દલિતો પ્રત્યે ભેદભાવ જોવા મળે છે. શહેરોમાં જ્ઞાતિ નહીં, નોકરી-ધંધા અને પૈસાથી કામ હોય. ગામડાંમાં પંચાત વધુ થાય, કારણ કે નવરાશ વધુ હોય.

શહેરમાં આંતરરાષ્ટ્રીય રાજકારણ, રાષ્ટ્રીય રાજકારણ, ક્રિકેટ, પર્યટન, ક્યાં સારું ભોજન મળે તે... એ ઉપરાંત, ઑનલાઇન કઈ વસ્તુ સસ્તી વેચાય, શેરબજાર અને સોનાચાંદીના બજારમાં કેવી ઊથલપાથલ છે તે અને ઑફિસ પોલિટિક્સ અને કુટુંબ પોલિટિક્સની ચર્ચા થાય.

ગામડાંમાં સંયુક્ત કુટુંબ છે, જયારે શહેરમાં વિભક્ત કુટુંબ છે.

અત્યારે રાષ્ટ્રીય પ્રવાહો જોતાં એવું લાગી રહ્યું છે કે એક યા બીજી રીતે ગામડાની દાઝ શહેરમાં ઉતારવામાં આવી રહી છે.



ગામડામાં જે બંધનો છે તે શહેરમાં નથી. આથી શહેરમાં મળતી સ્વતંત્રતા ક્યારે સ્વચ્છંદતામાં પરિવર્તિત થઈ જાય છે તે ખબરેય નથી પડતી.

ઉદાહરણ તરીકે, ગામડામાં સ્ત્રી-છોકરીઓએ મર્યાદામાં કપડાં પહેરવાનાં હોય. (કેટલીક જ્ઞાતિઓમાં પીઠ ઉઘાડી હોય તેવો કમખો પહેરવાનું ચલણ છે.), પરંતુ શહેરમાં હવે લિબરલિઝમના નામે-આધુનિકતાના નામે - સ્વતંત્રતાના નામે છોકરીઓ બેફામ બની છે. ટૂંકાં કપડાં અને અંગ પ્રદર્શન ક્યાં જઈ અટકશે તે કહેવું મુશ્કેલ છે. છોકરીઓ જ નહીં, તેની માતા, માસીથી લઈ સીમા આનંદ જેવી વૃદ્ધ સ્ત્રીઓ પણ. શહેરમાં, તેમાંય મુંબઈમાં, મલાઇકા અરોડા ખાન અને શ્વેતા તિવારી જેવી માતાઓનાં સંતાનો પોતે પરણવા જેવાં થઈ ગયાં હોય તોય તેઓ પોતાનાથી નાની વયના છોકરાઓમાં રસ ધરાવે છે.

શહેરમાં વૃદ્ધત્વનો સહજ સ્વીકાર નથી. ગામડામાં કોઈ સહેજ મોટી વયનાને દાદા કે અદા કહો તો તેને ખોટું લાગતું નથી. શહેરમાં ‘અભી તો મૈં જવાન હૂં’ દેખાડવાનો પ્રયાસ છે.

દિગ્વિજયસિંહ અને શશિ થરૂર તો પ્રગટ ઉદાહરણ છે, તેમના જેવા નોંધપાત્ર સંખ્યામાં હશે એટલે ગામડામાં જે મર્યાદા છે તેનો શહેરમાં છડેચોક ભંગ થતો જોવા મળે છે. ગામડાંમાં લગ્ન વગેરેના નિયમો છે તે શહેરમાં પળાતા નથી. લગ્નમાં કાળાં કપડાં, સફેદ કપડાં વર્જિત છે, પરંતુ મનોરંજન જગતની દેખાદેખી તે હવે ‘ઇન થિંગ’ ગણાય છે.

ગામડામાં સ્ત્રી-છોકરીને મર્યાદામાં રાખવા પ્રયાસ થાય છે, પરંતુ શહેરની છોકરીઓ હવે બિન્દાસ બની છે. એવું કહેવાય છે કે વર્ષોથી શહેરમાં રહેતી છોકરીઓ કરતાં ગામડાંમાંથી ભણવા આવેલી કે નોકરી માટે આવેલી છોકરીઓ વધુ ઉછાંછળી દેખાય છે. તે તેની ભાષા છોડવા માગે છે. તેની રહેણીકરણી છોડવા માગે છે. ગામડામાં જાય છે ત્યારે તે ગામડા જેવી બની જાય છે, પરંતુ શહેરમાં આવીને તે બધી ખોટ પૂરી કરે છે.

ગામડામાં સ્ત્રીઓ દબાયેલી રહે છે. શહેરની પત્નીઓ, પ્રેમિકા પતિ કે પ્રેમીને દબાવીને રાખે છે, કેટલાક કિસ્સામાં હત્યા કરવા સુધી પણ જાય છે. લગ્ન પછી બીજા કોઈ સાથે ચક્કર ચલાવવું અને તે પ્રેમી સાથે મળીને પતિને મારી નાખવો. લિવ ઇનમાં રહ્યા (અમુક કિસ્સામાં તો કેટલાંક વર્ષ પછી પણ!) બળાત્કારની પોલીસ ફરિયાદ કરવી. લગ્નમાં થોડો સમય રહ્યા પછી ખોટી દહેજની પ્રતાડનાની ફરિયાદ કરવી. ન્યાયાલયો પણ માનતા થયાં છે કે બદલો લેવા અથવા પૈસા પડાવવા માટે આવું થાય છે.

હવે દીકરી ગામડામાં પરણવા નથી માગતી. પિતા પણ દીકરીને ગામડામાં



પરણાવવા પ્રસન્ન નથી. ગામડું તો છોડો, નાનું શહેર પણ નથી પસંદ. મેટ્રો સિટી જ ચાલે. મુંબઈની છોકરી અમદાવાદ આવવા તૈયાર નથી. અમદાવાદનું છોડો, વરલી વિસ્તારમાં ઉછરેલી કન્યા દહિંસર વિરાર જેવાં પરાંમાં જવા રાજી નથી હોતી! એ જ રીતે, અમદાવાદની છોકરી સુરેન્દ્રનગર, મહેસાણા પરણીને જવા તૈયાર નથી.

ગામડામાં આજે પણ એવા પણ બનાવો સામે આવે છે કે દલિતોને વરઘોડા કાઢવા નથી દેતા, ઘોડી પર ચડવા નથી દેતા, સાફો નથી પહેરવા દેતા. કૂવામાંથી પાણી ભરવા નથી દેતા.

શહેરમાં એવા કિસ્સા સામે આવે છે કે કંઈ નાનો-મોટો વાંધો પડે એટલે દલિતો દ્વારા એટ્રોસિટીની ખોટી ફરિયાદ કરી દેવામાં આવે છે. જે નથી કરતા તે ધમકી આપીને કામચોરી કરે છે. અહીં બધાની વાત નથી, જે કરે છે તેની જ વાત છે. આવું કરનારા છે તો ખરા જ.

શહેરમાં પુરુષો સ્ત્રીઓને ઘરકામમાં મદદ કરતા હોય છે. સ્ત્રી કમાવવા જઈને પુરુષને મદદ કરતી હોય. આવું ગામડામાં જોવા ન મળે. ત્યાં આવું કરનારા માટે જોરુ કા ગુલામ અને બાયલો જેવા વિશેષણો વપરાય.

જોકે સોશ્યલ મીડિયાના કારણે ચિત્ર બદલાઈ રહ્યું છે. શહેરની નજીકનાં ગામડાં પણ મહાનગરપાલિકામાં ભળવાના કારણે તેની સંસ્કૃતિ બદલાઈ રહી છે. ગામડાંની સારી બાબતોને સાચવીને તેનાં દૂષણો દૂર કરવાની આવશ્યકતા છે. નહીં તો ગામડાંની વિકૃતિનું સ્થાન શહેરની વિકૃતિ લઈ લેશે. ■

ઔર યે મૌસમ હંસીં...
દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# શિયાળામાં હજારો વર્ષથી જેની ઝાઝી જરૂરિયાત છે...

## એવાં ગરમ પાણીનો હૂંફાળો ઈતિહાસ


હજારો વર્ષ પૂર્વે માનવ થોડો સમજદાર થયો હશે ત્યારથી તેને ગરમ પાણી અને સ્નાનની જરૂરિયાત સમજમાં આવી હશે. માનવીના ઇતિહાસમાં આગ શોધાઈ એ ક્ષણને ક્રાંતિકારી કહી શકાય ત્યારે જ આગ સાથે જ માણસ ગરમ પાણીના મહત્ત્વને સમજી ગયો હશે.

પ્રાગૈતિહાસિક સમયમાં જ્યારે માનવી ગુફાઓમાં રહેતો હશે ત્યારે આગ પાસે રાખેલું પાણી ધીમે ધીમે ગરમ થતું હશે. એ ગરમ પાણીથી ઘા ધોવા, શરીર સાફ કરવું કે ખોરાક તૈયાર કરવો સહિત જીવન બચાવવાની એક પ્રક્રિયાનો ભાગ બની ગયો હશે. એ માણસ પાસે બીજા દિવસે ભોજન મળશે કે કેમ એ પ્રશ્ન હશે એ સમયે ગરમ પાણીએ તેનું અસ્તિત્વ ટકાવવામાં ભરપૂર મદદ કરી હશે.

આપણે એ બાબતમાં થોડા હોશિયાર હતા, જ્યારે દુનિયા ગરમ પાણીની જરૂરિયાત સમજતી હતી ત્યારે આપણે તેને ઉપચાર કરવા સુધી લઇ ગયા હતા. આયુર્વેદમાં ગરમ પાણી માત્ર શિયાળાની જરૂરિયાત તરીકે નહીં, પરંતુ દેહશુદ્ધિ અને પાચન માટે જરૂરી લેખવામાં આવ્યું હતું. આપણે ત્યાં સ્નાન પહેલાં પાણી ઉકાળવાની પરંપરા, તીર્થસ્થાનોમાં ગરમ પાણીના કુંડ અને યજ્ઞશાળાઓની આગ જેવી સમજ દર્શાવે છે કે ભારતમાં ગરમ પાણી માત્ર ટેક્નિકલ જરૂરિયાત નહોતું, એ સંસ્કૃતિનો ભાગ બની ગયો હતો. થોડા દાયકાઓ અગાઉ ગામડાઓમાં ચૂલા પર પરિવાર માટે એક જ વખત પાણી તૈયાર થતું અને એમાંથી બધા પોતપોતાની જરૂર પ્રમાણે પાણી લેતા અને બાકીનાઓ માટે ઉમેરીને જતા હતા.

જો કે એક યુગમાં યુરોપમાં પરિસ્થિતિ સાવ અલગ હતી. ત્યાં ઠંડી વધારે, શિયાળો લાંબો અને લાકડાની અછત હતી. રોમન સંસ્કૃતિએ આ મુશ્કેલીને વૈજ્ઞાનિક ઢબે ઉકેલી હતી. રોમન સ્નાનગૃહમાં હાઇડ્રોનિક હીટિંગ સિસ્ટમ્સ હતાં. જમીનની નીચે બનાવેલા હાઇપોકોસ્ટ સિસ્ટમ દ્વારા આગની ગરમી પાણી અને ફ્લોર સુધી પહોંચાડવામાં આવતી. ગરમ પાણી ઘરોમાં આસાનીથી શક્ય ન હોવાથી સમૂહ સ્નાન જેવી સંસ્કૃતિ વિકાસ પામી હતી.

ભારતીય ઉપખંડમાં પાણી અંગે વધુ સમજ કેળવવામાં આવી પણ કમનસીબે યુરોપ એ બાબતે અંધારયુગમાં પહોંચી ગયું. પૌરાણિક સામ્રાજ્યો



પડ્યા, નાની-મોટી લડાઈઓમાં શહેરોનો નાશ થયો અને ગરમ પાણી વૈભવ બની ગયું. ધીમે ધીમે યુરોપના ઘણા વિસ્તારોમાં એક નવી પરંપરા શરૂ થઇ અને કાતિલ ઠંડીમાં લોકો નિયમિત સ્નાન કરતાં જ નહોતા, કારણ કે પાણી ગરમ કરવું મોંઘું અને મુશ્કેલ હતું. યુરોપે એક કલ્ચર બનાવ્યું કે શિયાળામાં નહાવાની જરૂર નથી, જો કે એ કોઈ આળસ નહોતી પણ સંજોગોની ઊપજ હતી.

ભારતીય ઉપખંડ સાથે ચીન અને જાપાનમાં ગરમ પાણી અને બાથિંગની પરંપરા સતત જળવાઈ રહી. જાપાનમાં કુદરતી ગરમ પાણીના ઝરણાંઓએ માનવીને સ્નાન અને આરોગ્ય બંને સાથે જોડ્યો. અહીં ગરમ પાણી બનાવવું પડ્યું નહોતું,પણ કુદરત પાસેથી મેળવવું હતું. આ કારણે શિયાળામાં સ્નાન કરવાની સંસ્કૃતિ વધુ મજબૂત બની.

એકવાર ફરી યુરોપે ઉદ્યોગક્રાંતિ સાથે ગરમ પાણીની દુનિયા બદલી નાખી. કોલસા અને સ્ટીમ એન્જિનના યુગમાં બોયલર સિસ્ટમ અને મોટાં મશીનો વિકસ્યાં. ફેક્ટરીઓ માટે બનેલા બોયલર ધીમે ધીમે હોસ્પિટલો, હોસ્ટેલ અને પછી ઘરો સુધી પહોંચ્યા. અહીંથી ગરમ પાણી વ્યક્તિગત જીવનમાં પ્રવેશ્યું. હવે પાણી ગરમ કરવું આખા



દિવસનું કામ નહોતું પણ ટેક્નોલોજીનો ભાગ બનતા શિયાળામાં સ્નાન ફરી શક્ય બન્યું. ટેક્નોલોજી બાબતે ભારત થોડું પછાત રહી ગયું. આપણે બધાએ દાયકાઓ અગાઉ અને હજુ લાકડું, કોયલો અને કેરોસિન પર આધાર રાખવામાં આવ્યો. ઇમર્શન રોડ જેવી સાદી પરંતુ જોખમી શોધે મધ્યમવર્ગના ઘરમાં ગરમ પાણી લાવ્યું. એક બાલ્ટી પાણી અને એક રોડના સંયોજનથી શિયાળામાં સ્નાન ફરી સરળ બન્યું. જો કે આ ટેક્નોલોજી નહોતી પણ જુગાડ હતો.

પશ્ચિમ દેશોમાં ઇલેક્ટ્રિક અને ગેસ ગીઝર વિકસ્યા. ગીઝર માત્ર પાણી ગરમ કરતું યંત્ર ન હતું પણ જીવનશૈલીમાં પરિવર્તન લાવી દીધું. જ્યારે ઈચ્છો ત્યારે ગરમ પાણીનો આઈડિયા માનવીના સમયને મુક્ત કરતો ગયો. હવે શિયાળામાં સ્નાન માટે સામૂહિક સ્નાન, ગરમ પાણીના ઝરણાં કે આયોજનની જરૂર રહી નહીં પણ જીવનનો એક ભાગ બની ગયું. પ્રારંભના આ પ્રયોગ થોડા વૈભવી હતા.

યુરોપ અને અમેરિકામાં થયેલા અભ્યાસો પરથી કહી શકાય કે ઘરેલુ ઊર્જા વપરાશમાં ગરમ પાણીનો હિસ્સો નોંધપાત્ર હતો. આ જ ડેટાએ નવા અને સુલભ સંશોધનને પ્રેરણા આપી. હીટ પમ્પ વોટર હીટર્સ, સોલાર વોટર સિસ્ટમ્સ અને સ્માર્ટ ગીઝર બજારમાં આવ્યા. માનવી ફરી મૂળ વિચાર તરફ વળ્યો છે કે જરૂર જેટલું જ ગરમ પાણીનો વપરાશ માટે વિજ્ઞાનને દોડાવો.

માનવજાતના ઇતિહાસ પરથી કહી શકાય કે ગરમ પાણી ક્યારેય માત્ર શિયાળાની જરૂરિયાત નથી રહ્યું, પણ માનવીના આરોગ્ય, સમાજ અને વિચારસરણી સાથે ચાલતું આવ્યું છે. જ્યાં સંસાધન ઓછાં હતાં, ત્યાં સ્નાન ઓછું થયું. જેવી ટેક્નોલોજી વધી કે તરત જ સ્નાન નિયમિત બન્યું.

જયારે ગીઝર શરૂ કરીએ ત્યારે એ માત્ર સ્વિચ નથી પણ હજારો વર્ષના અનુભવ અને સંશોધનનો પરિણામ છે. આગથી શરૂ થયેલી યાત્રા ટેક્નોલોજીના એક છેવાડા તરફ માનવીને હૂંફ આપવા માટે પહોંચી છે. ગરમ પાણીની યાત્રા ભવિષ્યમાં ચાલતી રહેવાની છે, ભવિષ્યની ટેક્નોલોજીમાં એક મહત્ત્વપૂર્ણ ફેરફાર એ હશે કે ગરમ પાણી વ્યક્તિગત ડેટા સાથે બનશે. દરેક સભ્ય માટે અલગ તાપમાન, અલગ સમય અને અલગ વપરાશ સાથે બાથરૂમમાં પ્રવેશતાં જ સિસ્ટમ ઓળખી લેશે કે કોણ આવ્યો છે અને તેને કેટલું ગરમ પાણી ગમે છે. જો કે ઊર્જાનો ચોક્કસ બચાવ થશે. ચૂલા પર બિનજરૂરી પાણી ઉકળતું રહે એના કરતા જરૂર જેટલો ઉપયોગ ફાયદાકારક રહેશે.

સરવાળે ગરમ પાણીની યાત્રા પર નજર કરીએ તો સમજાય છે કે તે ક્યારેય માત્ર તાપમાનનો પ્રશ્ન નહોતો પણ માનવીની બુદ્ધિ, સંસ્કૃતિ અને સંવેદનશીલતાનું પ્રતિબિંબ હતું. આગ પાસે બેઠેલો ગુફાવાસી માણસ હોય કે ચૂલા પાસે આપણો કોઈ વડીલ હોય કે ગીઝરનું સ્વિચ દબાવતો આજનો શહેરી માણસ હોય. આ બધાને એક જ ઈચ્છા છે કે ઠંડી સામે થોડી હૂંફ અને થાકેલા શરીર માટે થોડી રાહત જોઈએ છે. ■


**ધ એન્ડ :**

**એક હદ સુધી કોઈના પણ માટે ઘસાવું જોઈએ, તમે વધુ પડતા ઉદાર બનશો તો તમારા માટે કશું બચશે નહીં ને એ સમયે કોઈ તમારી પરવા પણ કરશે નહીં.**

(કાર્લ લેગરફેલ્ડ)

શરદ જોશી સ્પીકિંગ ___સંજય છેલ
feedback@bombaysamachar.com

# મહા ગઠબંધનનો મહાઉત્સવ...




વિધાનસભા શરૂ થઈ. જો કે નિયમ છે એટલે જખ મારીને વિધાનસભાની બેઠક કરવી જ પડે. બધાં જ એમ.એલ.એ. લોકો પોતપોતાના વિસ્તારની રાજકીય પ્રવૃત્તિઓમાંથી રજા લઈને રાજધાની પહોંચી ગયા. આકાશમાં વાદળો છવાઈ ગયા છે. કાદવ-કીચડ, ખાડાઓ આ બધું એમની જ કૃપાથી છે, કારણ કે એ જ વિધાનસભ્યોએ રસ્તાઓ બનાવવા માટેનો કોન્ટ્રાક્ટ મેળવવા માટે પ્રાદેશિક લડાઈ લડી હતી એ લોકો પછી એ જ ખાઇ બદેલા નેતાઓ રસ્તા પર છાતી ફુલાવી, એકાદ બે ચમચાઓને સાથે લઈને રાજધાની સવારી લઇ જઈ રહ્યા છે. વાહ! કેટલુ સુંદર લોકશાહીનું દૃશ્ય છે?

વિધાનસભા શરૂ થઈ. જાણે કે કોઈ મિત્રવર્તુળના કોમન ક્લબનો દરવાજો ખૂલ્યો ના હોય અને એક લાંબું વેકેશન જાણે શરૂ થયું. વિધાનસભાના મુખ્ય હોલમાં જે ચાલી રહ્યું છે એ તો માત્ર એક ફોર્માલિટી છે. લોકશાહીના કાયદાનો ખાલી દેખાડો ચાલે છે. ખરું કામ તો વરંડામાં, લોબીમાં, મંત્રીઓની કેબિનમાં ચાલતું હોય છે. બધાં પોતપોતાના વિસ્તારના સરકારી કર્મચારીઓ, પોલીસવાળાઓ, ઓફિસરો વગેરેની પ્રમોશનની કે બદલીનું લિસ્ટ અને અરજીઓ લઈને આમથી તેમ ફરે રાખે છે. આ ઓફિસરનું પ્રમોશન રોકવાનું છે, પેલા પોલીસવાળાની બદલી કરવાની છે, અમુક સંસ્થાઓ પાસે પૈસા કઢાવવાના છે, કોઇકના ચમચાના ભાઈની નોકરી લગાડવાની છેઃ આ બધાને કહેવાય આજની સમાજસેવા! એના પછી પોતાની પાર્ટીની સેવા કરવાની છે એટલે કે પોતાની જ્ઞાતિ કે જાતિના સમુદાયને મજબૂત કરવાનો છે, મુખ્યમંત્રી પર મંત્રીમંડળ બદલવાનું દબાણ લાવવાનું છે, વિપક્ષની ગંદી મજાક ઉડાવવાની છે, વિપક્ષી નેતા પર આરોપ લગાડવાના છે, વિપક્ષ વિરુદ્ધ અફવાઓ ફેલાવાની છે, વિપક્ષની વિરુદ્ધ મામલો ઊભો કરવાનો છે, દિલ્હીના ચક્કર લગાવવાના છે. આ સિવાય કેટલાંક અંગત કાર્યો જેમ કે જે લોકોના કામ કરી આપ્યા હોય એમની પાસે મોટા પૈસા વસૂલ કરવાના છે.

આ બધા વચ્ચે સસ્તામાં જમીન ખરીદવાની કે પચાવી પાડવાનું ચક્કર ચલાવવાનું છે. આ બધાની સાથે સાથે દેશની સેવા પણ કરવાની છે એટલે કે વારે વારે પ્રધાનમંત્રીની જય બોલવી પડશે. હવે તો પી.એમ.એ જે જે કામ કર્યા છે એની પ્રસંશા બડાવી ચઢાવીને બધાની હાજરીમાં, એકલામાં, બાથરૂમમાં નાહતી વખતે કે રાતે ઊંઘતી વખતે ચાદરમાં પણ કરવી પડે છે.

આહા જુઓ, એમ.એલ.એ. લોકો, પોતપોતાની રાજધાનીમાં ભેગા થયા છે. શું અદ્ભુત વાતાવરણ છે? આના પર રાજ્યનું નસીબ અને ભવિષ્ય નિર્ભર હોય છે. દારૂની બાટલીઓ ખાલી થઈ રહી છે, મરઘીઓ એમનો વારો આવે ને કપાય-તળાય એની રાહ જોતી બેઠી છે, મીઠાઈનું ઉત્પાદન રાતોરાત વધી ગયું છે, લોકોને જે દૂધ મળે છે એ પાતળું થઈ ગયું છે, કારણ કે મલાઈ, તો વિધાનસભ્યના ઘરે મોકલવામાં આવે છે. બધા પોતપોતાના કામમાં વ્યસ્ત છે. ઉત્સવ ચાલુ છે. અરે, આ પ્રજાતંત્રનો ઉત્સવ અનંત છે!

મંત્રીની રૂમમાં બંધ બારણે, વિધાનસભ્યો ન્યાય માટે લડી રહ્યા છે. એનો અર્થ એમ કરવો કે એ લોકો કોઈ બળાત્કારી કે ભ્રષ્ટાચારી વ્યક્તિને બચાવવાને પ્રયાસ કરી રહ્યા છે. એ લોકો રાજ્યની હકીકતને સમજી રહ્યા છે એનો એક્ચ્યુઅલી અર્થ એમ થાય કે એ કોઈ કોંટ્રેક્ટર કે સપ્લાયરનો પ્રોજેક્ટ સાંભળી રહ્યા છે.

આ બધા વિધાનસભામાં પ્રશ્નકાળમાં સવાલ પૂછી રહ્યા છે. એનો અર્થ એ કે કોઈ મોટી કંપનીનાં ધંધાનો બચાવ કરી રહ્યા છે.

એ સૌ નેતાઓ સચેત છે, જીવંત છે અને એક્ટિવ પણ છે. વિધાનસભા ચાલુ છે. ગઠબંધનનો મહાઉત્સવ ચાલી રહ્યો છે. સત્યના પ્રતિનિધિઓ ગર્જનાઓ કરી રહ્યા છે. કાગળો ફેંકાઇ રહ્યા છે. ખુરશી પકડીને ઊભેલા મુખ્યમંત્રીના પગ ધ્રૂજી રહ્યા છે. જેમ તેમ આ સત્ર પૂરું થવાની તૈયારીમાં છે, પણ હકીકતમાં એમ નથી હોતું. હજી સમાજ, દેશ અને પાર્ટીની સેવા પૂરી થઈ નથી. હજી કંઇ કેટલાક અંગત કામ બાકી છે.

હજી થોભો, દેશસેવાનાં નામે વિધાનસભાની બેઠક હજી ચાલુ છે! ■

તસવીરની આરપાર
___ભાટી એન.
feedback@bombaysamachar.com

# પ્રાચીન કલાત્મક ભાવેશ્વર મહાદેવ મંદિર

પોરબંદર એટલે સુદામાપુરી, મહાત્મા ગાંધીજીનું જન્મ સ્થળ અને સુરખાબનગરી દરિયા કિનારે આવેલ છે. આ સિટીમાં ધાર્મિકતા અપાર છે. પૂજ્ય રમેશભાઈ ઓઝા (ભાઈ શ્રી) પણ સંસ્કૃતનગરી સાથે ભવ્ય મંદિર બનાવી આસ્થાનું કેન્દ્ર બની ગયું છે, આવી નગરીની મધ્યમાં ભાવેશ્વર મહાદેવ મંદિર ભવ્ય ને દિવ્ય આવેલ છે, કરુણાવતાર ભગવાન શંકરનો સમગ્ર જીવો પર અપાર પ્રેમ છે. તે શંકર ત્રિપુરારીને ‘ભોળો’ જ કહેવો પડે. તેને બીજી કોઈ ઉપમા આપી જ ન શકાય.!

**‘મૃત્યુંજય મહાદેવ ત્રાહિમાં શરણાગતમ્**
**જન્મમૃત્યુજરાવ્યાધિ પિડીતં કર્મ બંધનેઃ’**

તન-મન હૃદય-પ્રાણથી ત્રિનેત્રવાળા ભગવાનની પૂજા અર્ચના અને ઓમ નમઃ શિવાય, ઓમ નમઃ શિવાયનો નાદ દરિયા કિનારે સતત ગુંજતો રહે છે. પોરબંદર ગામમાં આવેલ ભાવેશ્વર મહાદેવના ભવ્ય મંદિરે ભકતજનોની ભીડ જામી છે.

આ મંદિર વિશાળ ચોકની વચ્ચે ઊંચા ઓટા ઉપર આવેલ છે. જેમાં મુખ્ય મંદિર ભોળા



શિવનું છે. તેમજ શિવજીના પુત્ર ગણેશ-વાઘેશ્વરી માતાજી વિષ્ણુ -ભગવાન-સૂર્યનારાયણ તેમજ મંદિરના દરવાજાની બાજુમાં હનુમાનજીનું મંદિર આવેલ છે. પોરબંદરના રાજા ભાવસિંહજી એ ૧૯૧૦માં શિવ પંચાયત મંદિર બનાવેલ. જેમાં શિલ્પ સ્થાપત્યની ખૂબી છે કે પાંચ મંદિરને દરવાજા પાસેથી ઊભા રહો તો પાંચે પાંચ મંદિરના દર્શન થાય છે.!

આ મંદિરનું શિવલિંગ ખૂબ જ વિશાળ અને વજનદાર હોવાથી આઠ બળદને ગાડાની સાથે જોડવા પડે. પછી આ શિવલિંગને પોરબંદર લાવવામાં આવી અને ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવી આ શિવલિંગને નિજ મંદિરમાં રાખવામાં આવી. જેની પ્રાણપ્રતિષ્ઠા ભાવસિંહજીના વરદ હસ્તે કરવામાં આવી હતી.

અહીં આરતી દિવસમાં બે ટાઈમ થાય છે. સવારે ૬ વાગ્યે સાંજે ૭-૦૦ વાગ્યે આરતી થાય છે.

શ્રાવણ માસ દરમ્યાન ચાર સોમવાર અને અમાસના દિવસે ઘીની મહાપૂજા થાય છે. જેમાં ઘીની મહાપૂજાનું ડેકોરેશન ખૂબ જ અદ્ભુત હોય છે. સવારે મંદિરના દર્શને આવતા દર્શનાર્થીઓ પોતાની સાથે કબૂતરનું ચણ લેતા આવે છે. જેથી મંદિરના પટાંગણમાં વિશાળ પ્રમાણમાં કબૂતરો જોવા મળે છે.

અંબાશંકર શિવશંકર વિદ્વાન હતા. તેઓ અહીંના પ્રથમ પૂજારી હતા. અગાઉ જામનગરમાં રહેતા હતા. તેઓને હાથીની અંબાડી ઉપર બેસાડી પોરબંદરના રજવાડામાં લાવેલ અને પૂજારી તરીકે નિયુકત કરેલ. આ મંદિર ૬૦ X ૪૦ ફૂટનું ભવ્ય કોતરણીવાળું છે. આછા પીળા રંગ રોગાનથી ખૂબ જ સુશોભિત લાગે છે. આ મંદિરની ઊંચાઈ ૬૦ ફૂટની છે. ચાંદીનું કલાત્મક બારીક નકશી કામવાળું બારણું છે.

મંદિરની બાજુમાં નાના બે મંદિર ૨૦ X ૧૫ ફૂટના છે. મંદિરની સામે સત્યનારાયણ ભગવાન-ગીતાભવન આવેલ છે. જેમાં આખી ગીતા આરસમાં લખેલ છે.

સુદામા અને મહાત્મા ગાંધીજીના ગામમાં કેદારેશ્વર-લંકેશ્વર- ભોજેશ્વર-જડેશ્વર ઘિંગેશ્વર-સુદામા મંદિર- કિર્તી મંદિર જોવાલાયક દર્શન કરવા લાયક સ્થળ છે. ■

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## જોકરઃ હસાવે-જીતાડે ને ડરાવે સુધ્ધાં...




જોકર નામ પડતા જ આંખ સામે ચિત્ર-વિચિત્ર મેકઅપ - પોશાકમાં સજ્જ સર્કસનો વિદૂષક આંખ સામે તરવરવા લાગે, જેની હરકતોના સ્મરણ માત્રથી ચહેરો મલકાઈ જાય. સાથે સાથે પત્તા રમવાના શોખીનોને જોકરે બાજી જીતાડી આપી હોવાની વાત યાદ આવે અને મોઢા પર સહેજ રૂઆબ આવી જાય. હવે જો તમને કહેવામાં આવે કે એક જોકર એવો પણ છે જે બીવડાવે છે, તો? યુએસના નેવાડા રાજ્યના રણ વિસ્તારમાં 'ધ ક્લાઉન મોટેલ' પ્રવાસીને થથરાવી દેવાની ખ્યાતિ ધરાવે છે. જુગાર માટે જગવિખ્યાત યુએસના લાસ વેગસથી ૩૦૦ કિલોમીટરના અંતરે આવેલી આ મોટેલમાં જિંદગીનો જુગાર રમાઈ જતો હોય એવી લાગણી થાય છે. ૪૦ વર્ષ પહેલા શરૂ થયેલી આ મોટેલમાં છેલ્લા ૧૦ વર્ષથી ભય ઉત્પન્ન કરતી નામનાને કારણે કુતૂહલવશ રોકાતા પ્રવાસીઓની સંખ્યામાં વધારો થયો છે. વિખ્યાત 'ડિસ્કવરી- ટ્રાવેલ ચેનલ' પર 'ધ ક્લાઉન મોટેલ'ના રજૂ થયેલા એપિસોડમાં બોક્સમાંથી નીકળતો અજાણ્યો અવાજ, વિશાળ કદના જોકરનો એની મેળે ચાલતો હાથ વગેરે નજરે પડ્યા બાદ મોટેલના બુકિંગમાં ધરખમ ઉછાળો આવ્યો હતો. મોટેલ લાંબી માર્ગ મુસાફરી દરમિયાન રાતવાસો માટે જાણીતી છે. 'ક્લાઉન મોટેલ'ના પ્રવેશદ્વાર પર એક મોટા જોકરનું કટઆઉટ તમારું સ્માઈલ સાથે સ્વાગત કરે છે. દીવાલ પર અલગ અલગ જોકરો જોવા મળે છે. જોકે, અંદર જતાંની સાથે મલકાયેલા ચહેરા પર પરસેવો વળવા માંડે. કવિ 'કલાપી'ની પંક્તિ ફેરફાર સાથે યાદ આવી જાય કે 'જ્યાં જ્યાં નજર મારી ઠરે ત્યાં ત્યાં યાદી ભરી જોકરોની.' ક્યાંક પોસ્ટર તો ક્યાંક મૂર્તિ અને એ સિવાય સોફ્ટ ટોય્ઝ - એમ વિવિધ સ્વરૂપે જોકરો સ્વાગત કરે છે. મોટેલની કેટલીક રૂમ ભયભીત કરી દેતી થીમથી તૈયાર કરવામાં આવ્યા છે. અમુક ઠેકાણે નકલી રક્તનો છંટકાવ જોવા મળે છે તો ક્યાંક વિચિત્ર એક્શન સાથે વિદૂષકની હાજરી ચોંકાવી દે છે. મોટેલની બાજુમાં જ ૧૨૫ વર્ષ જૂનું કબ્રસ્તાન છે, જે અહીંના સમસ્ત સિનારિયોમાં ભય -રોમાંચમાં ઉમેરો કરે છે.

## સ્પેનના 'થર્મોસ હાઉસ'નું આકર્ષણ



ગરમ અને ઊંડું ખિસ્સું ધરાવતા એકવીસમી સદીના સહેલાણી માટે રોમેન્સ કરતા રોમાંચનું વધુ મહત્ત્વ છે. રૂંવાડા ઊભા થઈ જાય, મોઢું આશ્ચર્યથી પહોળું થાય એવા સ્થળની એને તલાશ હોય છે. આયફેલ (એફિલ) ટાવર, નાયગ્રા ફોલ્સ કે ડિઝનીલેન્ડથી ધરાઈ ગયેલા સહેલાણીઓ હવે સ્પેશ્યલ ઇફેક્ટ ધરાવતી જગ્યા શોધતા લોકોની યાદીમાં એક નવું નામ ઉમેરાયું છે સ્પેનના ટ્રોગ્લોડાઈટ આર્કિટેક્ચરના વિશિષ્ટ 'થર્મોસ હાઉસ.' બાર્સેલોના, મેડ્રિડ વગેરે શહેરો માટે ખ્યાતિ ધરાવતા સ્પેનના કેડીઝ પ્રાંતમાં સેટેનિલ દ લાસ બોડગસ નામના ૨૭૦૦ લોકોની વસતી ધરાવતા ખોબલા જેવડા શહેરમાં પ્રવેશ કરતા જ કોઈ સિટીમાં નહીં, બલ્કે પ્રકૃતિની ગોદમાં આવ્યા હોય એવો અનેરો એહસાસ થાય છે. આ અનોખું શહેર એક નદી નીચે પહાડ કોતરીને અસ્તિત્વમાં આવ્યું છે. ૫૦૦ વર્ષથી વધુ પુરાણા 'સ્પેનિશ કેવ હાઉસ' પર્વતને કોરી તૈયાર કરવામાં આવ્યા છે. આ આવાસ મોટેભાગે વાઈટવોશ (આપણી ભાષામાં ચૂનો) કરવામાં આવ્યા હોય છે. આ અનોખા બંધારણને કારણે એ સમગ્ર વર્ષ દરમિયાન પ્રાકૃતિક થર્મોસ હાઉસની ગરજ સારે છે. પરિણામે ઉનાળામાં ઠંડક અને શિયાળામાં ગરમાવો મળે છે, કોઈપણ પ્રકારના ઉપકરણ વિના. અહીંનું પ્રાકૃતિક સૌંદર્ય પણ મનભાવન છે. આ વિસ્તારનું એતિહાસિક મહત્ત્વ એ છે કે એના નામમાં જે 'સેટેનિલ' નામનો શબ્દ છે એ 'સેપ્ટેમ નિહીલ' એ લેટિન શબ્દો પરથી ઊતરી આવ્યો છે. પોતાનો પ્રદેશ મુસ્લિમ શાસન પાસેથી પરત મેળવવા ખ્રિસ્તી શાસકોએ સાત વખત કરેલા આક્રમણ પરથી ઊતરી આવ્યો છે. ટૂંકમાં સંઘર્ષ પછીની શાંતિનો આ પ્રદેશ છે. અજબ દુનિયાની ગજબ વાત, બીજું શું!

## નિરાધારને આધાર, પોલીસની પુણ્યાઈ






એકાદ મહિના પહેલાની વાત છે. યુએસના સેન્ટ્રલ ન્યૂયોર્ક વિસ્તારમાં કામ આટોપી રહેલા સિરાકુઝ પોલીસ ડિપાર્ટમેન્ટના જેમી પેસ્ટોરેલો નામના ઓફિસરની નજર માથે કાર્ડબોર્ડનું બોક્સ રાખી ચઢાણ ચડવામાં પારાવાર મુશ્કેલી અનુભવતી મહિલા પર પડી. જેમીના દિલમાં જિસસ જાગ્યા અને પોતાની કારમાં ૫૫ વર્ષની રિયા હોમ્સને લિફ્ટ આપવાની ઓફર કરી. માથા પર ગ્રોસરી (કરિયાણું) લઈને રિયા પતિની કબરની મુલાકાતે જઈ રહી હતી. કબ્રસ્તાન પહોંચ્યા પછી પોલીસના દયાભાવથી ગળગળી થયેલી રિયાએ જેમી સાથે સેલ્ફી લીધી અને એ ફોટોગ્રાફ પોલીસ ડિપાર્ટમેન્ટ દ્વારા 'ફેસબુક' પર શેર કરી માનવતાની મહેક તરીકે રજૂઆત કરી. આ ફોટોગ્રાફ જોઈ કબ્રસ્તાનની જાળવણીનું કામ કરતી વ્યક્તિએ રિયા ત્યાં વારંવાર આવતી હોવાની તેમજ અનેક દિવસ પતિની કબર પર રાતવાસો કરતી હોવાની જાણકારી પોલીસને આપી. વાત સાંભળી જેમી અને એના સાથીઓ સ્તબ્ધ થઈ ગયા.

તપાસ કરતા ખબર પડી કે ૨૬ વર્ષના સુખી વૈવાહિક જીવન બાદ ૨૦૨૦માં રિયાના પતિનું હાર્ટ એટેકથી મૃત્યુ થયું હતું. આ આઘાતથી રિયા ભાંગી પડી. નોકરીએ જવાનું બંધ કર્યું, જેને કારણે તેને પાણીચું મળ્યું અને એક દિવસ ભર શિયાળામાં ઘર છોડવાનો વારો આવ્યો. ઠૂઠવાતા વાતાવરણમાં રિયા રસ્તે રઝળતી વાર્તા બની ગઈ. જોકે, અત્યંત પ્રતિકૂળ સંજોગોમાં રિયાએ ફૂડ પેન્ટ્રીઝ અને ચર્ચમાં એ કરતી હતી એ સેવા કાર્ય જારી રાખ્યું. ઈશ્વરમાં અફાટ શ્રદ્ધા ધરાવતી રિયાનું માનવું છે કે પ્રભુએ જ એનો ભેટો પોલીસમેન જેમી સાથે કરાવી આપ્યો. રિયાની હૃદયદ્રાવક સ્ટોરી જાણી હચમચી ગયેલા જેમીની કોશિશોને પગલે આજે રિયા ૩૦૦ ચોરસ ફૂટના ઘરમાં હેમખેમ જીવી રહી છે. ઈશ્વરી સંકેત જુઓ કે જાન્યુઆરીમાં સિરાકુઝમાં ઠંડી વધીને તાપમાન માઈનસ ૧૮ ડિગ્રી સેન્ટિગ્રેડ થઈ ગયું ત્યારે પોતે આ તાપમાનમાં ટકી શકી ન હોત એ સ્વીકારી રિયાએ જેમી અને જિસસનો આભાર માન્યો.

## સપ્તપદીના સાત ફેરા - ઓફિસના આંટાફેરા



એક સમય હતો જ્યારે વ્યક્તિ જન્મભૂમિ અને કર્મભૂમિ વચ્ચે સંતુલન જાળવવા કોશિશ કરતી જોવા મળતી હતી. એકવીસમી સદીમાં ઘણું બધું બદલાયું છે અને અંગતભૂમિ અને ઓફિસભૂમિ વચ્ચે સંતુલન જાળવવાને પ્રાધાન્ય આપવું જરૂરી બની ગયું છે. સોશ્યલ મીડિયા પર વાયરલ થયેલી માહિતી અનુસાર લગ્ન પહેલાં વેવિશાળ કરવા રજા લેનારા યુવક - યુવતીને લગ્ન લેટ કરજો, પહેલા ઓફિસમાં આવી પ્રોજેક્ટ પૂરો કરો એવું ફરમાન કરવામાં આવ્યું છે. કામને પ્રાધાન્ય આપતી કંપનીએ તાજેતરમાં 'જિયો ફેન્સિંગ' કરી ઓફિસના લોકેશનથી વધુમાં વધુ ૧૨૦ કિલોમીટર દૂર રહીને જ કામ કરી શકાય એવું સાફ સાફ કહી દીધું છે. વેવિશાળ અને લગ્નની તારીખ અંગે બે મહિના અગાઉથી જાણ કરી હોવા છતાં ઓફિસે વૈકલ્પિક વ્યવસ્થા કર્યા વિના બંને નોકરિયાતને અંગત જીવન વિસરી ઓફિસ લાઈફમાં વ્યસ્ત થવા કહેતા યુગલ ચોંકી ગયું છે. ના પાડશું તો નોકરી જશે એ બીક પણ સતાવી રહી છે અને એટલે જ આ હૈયાવરાળ ઠાલવતી વખતે ઓફિસ કે શહેરનું નામ નથી જણાવ્યું.

## લ્યો કરો વાત

ચારેક વર્ષ પહેલા મીડિયામાં ચમકેલી 'મૂછાળી મા'ની સ્ટોરીએ લોકોને પહેલા આશ્ચર્યચકિત કર્યા હતા અને એ જ લોકો હલબલી ગયા હતા. દીકરીના જન્મ પછી તરત પતિનું અવસાન થતા તમિલનાડુમાં એક રૂઢિચુસ્ત વાતાવરણમાં રહેતી એસ. પેચિઅમ્મલ નામની મહિલા માટે કપરાં ચઢાણ હતાં. જોકે, મુશ્કેલીઓથી વિચલિત થયા વિના એસ. પેચિઅમ્મલ પુરુષ વેષ ધારણ કરી 'મુથુ માસ્ટર' બની ગયા. વાળ કપાવી, પુરુષના કપડાં પહેરી સંપૂર્ણ વેશપલટો કરી મિસ્ટર મુથુ ક્યારેક ચિત્રકાર, ક્યારેક મજૂરી કામ તો ક્યારેક ફૂડસ્ટોલ પર ચા - પરાઠા બનાવી લોકોને ઓડકાર ખવરાવી દીકરીનું ભાવિ ઘડવા લાગ્યો. આ સ્ટોરી ફરી વાઇરલ થઈ છે અને અનેક લોકો માટે પ્રેરણાનું પીયૂષ સાબિત થઈ રહી છે. લાગલગાટ ૩૦ વર્ષ સુધી પોતાની ઓળખ ઓગાળી અલગ સ્વરૂપ ધારણ કરી ઝઝૂમવું અને એમાં સફળતા મેળવવી એ બહુ મોટી સિદ્ધિ છે. બાળ કેળવણીના પ્રખર હિમાયતી ગિજુભાઈ બધેકા 'મૂછાળી મા' કહેવાતા અને મુથુ માસ્ટરએ એમની સ્મૃતિ તાજી કરાવી દીધી. ■

# સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**બજેટને લોકો ફૂલગુલાબી કેમ કહે છે?**
* ફુલ (મૂર્ખ) બનવાનો અને ગાલ ગુલાબી રાખવાનો મોકો મળે એટલે...

**ધારો કે એક સાંજ આપણે મળ્યા. કવિ શું કહેવા માગે છે?**
* એ જ કે સવારે અને બપોરે કવિ ઘરકામમાં વ્યસ્ત રહે છે.

**મારે જાવું પેલે પાર...**
* સીધું કહી દો ને કે લિફ્ટ જોઈએ છે...

**ઈન્સ્ટન્ટ લવ ક્યાં સુધી ટકે?**
* ગિફ્ટ -ક્રેડિટ કાર્ડ- મુવી- મિજબાની ચાલે ત્યાં સુધી...

**પ્રીતિપાત્ર કોણ ગણાય?**
* પ્રીતિ (બહેન)ને પૂછો...

**નાપાસ થવાનો ફાયદો શું?**
* નવો અભ્યાસક્રમ ભણવો ના પડે...

**હાર્ટ સ્વીટ હોય તો દિમાગ?.**
* તેજ...

**અખતરામાં શું થાય?**
* ખતરો...

**ભોમિયા વિના ભમવું હોય તો?**
* GPS ચાલુ લરી દો... .

**કન્યા વિદાય વખતે વરરાજા રડે તો શું ગણવું?**
* એને એડવાન્સ પ્રેક્ટિસ કહેવાય...

**ચોરની માં કોઠીમાં મ્હોં નાખીને કેમ રડે?**
* એનો ચોર - પુત્ર એને ધમકાવે નહીં એ માટે મ્હોં સંતાડે...

**જુવાનિયા માટે ઝેન- જી તો ઘરડા માટે?**
* ઝેન ઝીરો.

**લાંચ ટેબલ નીચે જ કેમ લેવાય?**
* ટેબલ નીચેના ચોર ખાનામાં મૂકવા...

**આજે રોકડા, કાલે ઉધાર. તો પરમ દિવસે શું?**
* ઉછીના લેવાના.

**મફતમાં ચંપલ બૂટ ક્યાંથી મળે?**
* મંદિર પરિસરમાંથી અથવા નેતાની મીટિંગમાં લોકો તોફાને ચઢે ત્યારે...

## કચ્છી ચોવક

કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# પૂર્વજોના અનુભવનો નિચોડ...

કચ્છી ચોવકોમાં નીતરે છે પેઢી દર પેઢીના અનુભવનો નિચોડ. એ કહેવતો પરથી કચ્છના લોકસમૂહોના પરંપરાનો પણ અંદાજ આવે છે. ઘણું સંશોધન થયું છે. એમાં 'નવનીત' છે એટલે ચાલુ રહેશે. ૧૯૫૦માં દુલેરાય કારાણીએ કચ્છી કહેવતો પર ગ્રંથ બહાર પાડયો હતો. પ્રક્રિયા અટકી નથી. 'બાપાથી ઉપરવટ' હવે કાંઇ ન થાય એ અર્થમાં નહીં. પણ હજુ વલોણાની જરૂર છે, એમ માનીને ઘણા સંશોધકો અવારનવાર તેના પર પ્રકાશ પાડે છે. છેલ્લે ૨૦૧૧માં કચ્છના અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયામાં રહેતા એક દરજીના દીકરા. 'હરેશ દરજી' એ તનતોડ મહેનત કરીને 'કચ્છી ચોવક કોષ' બહાર પાડયો છે. હરેશ દરજી 'કસભી' ઉપનામથી સાહિત્ય સર્જન કરે છે.

કોઇ સંજોગથી ગયા બુધવારે વાચકો સુધી 'કચ્છી ચોવક' નહોતી પહોંચી શકી, પણ એથી પહેલાંના અંકમાં છેલ્લે મૂકેલી ચોવકને માણીએ :

**'બારેં બુધ, સોરેં સુધ,**
**વીયેં આવઇત આવઇ**
**નીકાં વિઇ સમૂરી'**

ગુજરાતીમાં પણ આવા સંદર્ભની કહેવત છે :

***'બારે બુદ્ધિ, સોળે શાન, વીસે વાન'***

બારમાં વર્ષે બુદ્ધિ, સોળમાં વર્ષે સમજણ, વીસમાં વર્ષે 'વાન' એટલે ચામડીનો રંગ, બસ આ તબક્કામાં એ બધું વિકસ્યું તો ઠીક છે, બાકી, પછી એ ત્રણેય લક્ષણ નહીં આવે.

એજ રીતે ઊંમરના વિવિધ તબક્કામાં પુરુષ-વિકાસ કેવો હોવો જોઇએ તે અંગેની એક રસપ્રદ ચોવક છે :

***'બારેં બુધી, સોરેં સુધી,***
***વીયેં નરવંકો, ત્રીયેં તતો,***
***ચારીયેં તકો, પિંજાએ પકો,***
***ને સઠેં થકો...'***

બારમાં વર્ષે બુદ્ધિ, સોળમાં વરસે સંપૂર્ણ સમજ, વીસમાં વર્ષે સંપૂણ પુરુષાતન, ત્રીસમેં તો તાંબા જેવા તેવર, ચાલીસમાં વર્ષે પુરુષાર્થી, પચાસે પહોંચે ત્યાં સુધી સંપૂર્ણપણે 'પાકો' થઇ જાય અને સાઇઠમાં વર્ષે થાકી જાય, મતલબ નિવૃત્તિના આરે આવી જાય!

એક કહેવત 'યોગાનુયોગ'ના અર્થમાં છે : 'કારી ચોડસ નેં શનિવાર કડેંક અચેં' કાળી ચૌદસ અને શનિવાર ભાગ્યે જ એક સાથે આવે. એવો સંયોગ આજે થયો છે. આજે દિવાળીનો સપરમો દિવસ છે અને હાથમાં 'ઉત્સવ પૂર્તિ' છે અને પૂર્તિમાં 'કચ્છી ચોવક' છે. આ પ્રસંગે મારા કચ્છી પરિવાર સહિતના ગુજરાતી વાચકોને 'દીપાવલીની શુભ કામના અને નૂતન વર્ષનાં વધામણાં.'

આ તિથિઓને પણ 'ચોવક'માં પણ લેવામાં આવી છે.

***'ચોથ ચોડસ નેં ચોપાઇયો,***
***હાંતી કરે પૂનમ જો જાયોઃ'***

ચોથના અને ચૌદસના દિવસે 'ચારપગ' વાળી કોઇ ચીજની ખરીદી ન થાય. સમજાવું? પશુ કે પલંગ ખાટલો... વગેરે. અને જે વ્યક્તિનો જન્મ પૂનમના દિવસે થયો હોય તેનો બહુ વિશ્વાસ ન કરવો. અર્થની સત્યતા કેટલી ભરોસાપાત્ર છે, તે અંગે ટિપ્પણી કરી શકાય તેમ નથી કારણ કે, તેમાં આપણા પૂર્વજોના અનુભવનો નિચોડ છે.

કોઇ અવસર કે તહેવારનો દિવસ નજીક આવી જાય ત્યારે પણ તિથિનો પ્રયોગ ચોવકમાં કરવામાં આવ્યો છે, કહ્યું છે કે : 'તેરસ આવઇ તેરેં ઘડીયેં.'

તહેવારના દિવસો છે, શુભ સંકલ્પ કરવાની તક છે. કામ કરતાં રહેશું તો લક્ષ્મીજીની કૃપા રહેશે. કચ્છી ચોવકમાં એ પણ સમજાવ્યું છે કે :

***'કમ કે હિકડોં ડીં ઘડયો, ત કમ આંકે ડો ડીંછડે'***

કામમાં નિરંતર રુચી રાખવી, તમે કામ એક દિવસ પડતું મૂકશો તો કામ-ધંધામાં તમે દસ દિવસ પાછળ રહી જાશો. અગિયારસ-બારસ તો હમણાં જ ગયાં પણ તેને પણ કચ્છી ચોવકમાં વણી લેવાયાં છે.

***'અિગીયારસ જે ઘરેં બારસ'***

બે જણા એકબીજાથી ચઢિયાતા હોય ત્યારે તેમના માટે ઉપરોક્ત કહેવતનો ઉપયોગ થાય છે. અને આવતા બુધવાર માટે તમને એક ચોવક આપી રાખું છું, મમળાવજો.

***'કીંક ઘડે ધાબડે, કીંક છડે છાબડિં,***
***કીંક ડાંઢી મેં ફરે, કીંક ઓછો આય શેર.'*** ■

## મગજ મંથન

વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

### વિશ્વ કેન્સર દિવસ

# જાગૃતિથી જીવનરક્ષા તરફ...



આજે વિશ્વ કેન્સર દિવસ છે. ૨૦૦૮માં સંયુક્ત રાષ્ટ્ર સંઘે ચોથી ફેબ્રુઆરીના રોજ સમગ્ર વિશ્વમાં 'વિશ્વ કેન્સર દિવસ' (World Cancer Day) ઉજવવાનો નિર્ણય કર્યો. આથી દર વર્ષે ચોથી ફેબ્રુઆરીના રોજ સમગ્ર વિશ્વમાં 'વિશ્વ કેન્સર દિવસ' (World Cancer Day) ઉજવવામાં આવે છે. આ દિવસ માત્ર એક તારીખ નથી, પરંતુ માનવજાતને ચેતવણી આપતો એક સંદેશ છે. આ ઉજવણીનો મુખ્ય હેતુ કેન્સર અંગે જનજાગૃતિ ફેલાવવી, વહેલી ઓળખ (Early Detection) પર ભાર મૂકવો, સારવારની સુવિધાઓ વિશે માહિતી આપવી અને કેન્સર સામે સામૂહિક સંકલ્પ ઊભો કરવાનો છે. કેન્સર રોગ આજના સમયમાં માત્ર એક રોગ નથી, પરંતુ તે વૈશ્વિક આરોગ્ય માટે એક ગંભીર પડકાર બની ગયો છે.

### કેન્સર શું છે?

સામાન્ય રીતે માનવ શરીરમાં કોષો નિયંત્રિત રીતે જન્મે છે, વિકસે છે અને નાશ પામે છે. જ્યારે આ પ્રક્રિયામાં વિક્ષેપ થાય અને કોષો અનિયંત્રિત રીતે વધવા લાગે ત્યારે તેને 'કેન્સર' કહેવાય છે. આ અસામાન્ય કોષો શરીરના અન્ય અંગોમાં ફેલાઈ શકે છે. અસામાન્ય કોષ વૃદ્ધિ દ્વારા વર્ગીકૃત થયેલ રોગોના જૂથને વર્ણવવા માટે થાય છે, જે જીવલેણ ગાંઠોના વિકાસ તરફ દોરી જાય છે. તબીબી રીતે, ગાંઠો અથવા અસામાન્ય કોષ વૃદ્ધિને સૌમ્ય અને જીવલેણમાં વર્ગીકૃત કરવામાં આવે છે. સૌમ્ય ગાંઠો શરીરના એક જ વિસ્તારમાં હોય છે, પરંતુ જીવલેણ ગાંઠો, જેને કેન્સર તરીકે ઓળખવામાં આવે છે, તે આખા શરીરમાં ફેલાવવાની અને સામાન્ય કોષોનો નાશ કરવાની ક્ષમતા ધરાવે છે. આ અસામાન્ય વૃદ્ધિ આ કોષોને એકબીજા સાથેનો સંપર્ક અટકાવે છે, જેના કારણે સામાન્ય, આવશ્યક કોષો મૃત્યુ પામે છે અને અંગ અથવા પેશીઓનો નાશ થાય છે. જીવલેણ ગાંઠો અથવા કેન્સર એક વિસ્તારમાં ઉદ્‌ભવે છે અને ધીમે ધીમે નજીકના કોષો, અવયવો અને ધમનીઓને નિશાન બનાવે છે. એક વિસ્તારમાં ઉદ્‌ભવ્યા પછી કેન્સરના કોષો આખા શરીરમાં ફેલાય તે પ્રક્રિયાને તબીબી ભાષામાં 'મેટાસ્ટેસિસ' કહેવામાં આવે છે.

આજના વિશ્વમાં, એવી કોઈ વ્યક્તિ શોધવી મુશ્કેલ છે જેણે 'કેન્સર' નામના રોગ વિશે સાંભળ્યું ન હોય. કેન્સર તાજેતરમાં માનવ જીવન માટે સૌથી ઘાતક ખતરો તરીકે ઊભરી આવ્યું છે. એકલા યુનાઇટેડ સ્ટેટ્સમાં દર વર્ષે દસ મિલિયન નવા કેન્સરના દર્દીઓનું નિદાન થાય છે અને સતત તબીબી સંભાળ હોવા છતાં, ૨૦૩૦ સુધીમાં બે માંથી એક અમેરિકન નાગરિક કોઈને કોઈ પ્રકારના કેન્સરથી પીડાશે. આ આંકડા ફક્ત યુનાઇટેડ સ્ટેટ્સના નથી. વૈશ્વિક સ્તરે, પુરુષોમાં કેન્સરનું જોખમ ૪૬.૩% છે અને સ્ત્રીઓમાં, તે ૩૬.૮% છે.

### કેન્સરનાં કારણ...

૮૫% કેન્સર પર્યાવરણીય પરિબળોને કારણે થાય છે, જે સેલ્યુલર પરિવર્તન તરફ નિર્દેશ કરે છે, જ્યારે ૧૫% પરિવર્તનને કારણે થાય છે એમ કહી શકાય.

આ આંકડા શેર કરવાનો હેતુ ફક્ત એ વાત પર ભાર મૂકવાનો છે કે, સંશોધકો જેને પર્યાવરણીય પરિબળો કહે છે, તે ખરેખર જીવનશૈલીના વિકારો છે. મુખ્ય કારણોમાં તમાકુનો ઉપયોગ (૨૨-૩૦%), ખરાબ આહાર (૩૦-૩૫%), ચેપી રોગો (૧૫-૨૦%), રેડિયેશન (૧૦%), તણાવ, શારીરિક નિષ્ક્રિયતા અને પ્રદૂષણનો સમાવેશ થાય છે. સામાન્ય રીતે ચોક્કસ કેન્સરના વિકાસમાં ઘણાં પરિબળો ભૂમિકા ભજવે છે. ઉદાહરણ તરીકે ફેફસાંના કેન્સરમાં તમાકુના ઉપયોગથી લઈને વાયુ પ્રદૂષણ સુધીની દરેક વસ્તુ ભૂમિકા ભજવી શકે છે, જેના કારણે કેન્સરના વિકાસ માટે કોણ જવાબદાર છે તે નક્કી કરવું મુશ્કેલ બને છે.

### જીવનશૈલીમાં સુધાર જરૂરી...

ઉપરોક્ત આંકડાઓ જોતાં, એ સમજવું સરળ છે કે જીવનશૈલીમાં સુધારો કરવાથી કેન્સરનું જોખમ ૮૫% સુધી ઘટાડી શકાય છે. તમાકુમાં ઓછામાં ઓછા ૫૦ રસાયણો હોય છે. જે શ્વાસનળીથી સ્વાદુપિંડ સુધીના કેન્સરમાં ઘાતક ભૂમિકા ભજવે છે. વિશ્વમાં કેન્સરથી થતા પાંચમાંથી એક મૃત્યુ માટે તમાકુ જવાબદાર હોઈ શકે છે. આ ઉપરાંત, દારૂનું સેવન પણ સમાન ઘાતક પરિણામો તરફ દોરી જાય છે અને લીવરથી છાતી સુધીના કેન્સરની ઉચ્ચ સંભાવના છે. દારૂ અથવા તમાકુનું સેવન છોડી દેવાથી વિશ્વભરમાં થતા મૃત્યુના ચોથા ભાગ અને લગભગ એક કરોડ નવા દર્દીઓની સંખ્યાને અટકાવી શકાય છે.

અનિયમિત ખાવાની આદતો અને નિષ્ક્રિયતાને આમાં બીજા ક્રમના સૌથી જવાબદાર પરિબળો માનવામાં આવે છે. આજકાલ લોકો બેઠાડું જીવન જીવે છે. સંશોધન ડેટા દર્શાવે છે કે આમાંથી ૩૦-૩૫% શારીરિક શ્રમના અભાવને કારણે છે, જેના કારણે શરીરની પ્રતિકાર શક્તિ ઓછી થવા લાગે છે. અસંતુલિત, અનિયમિત અને અનિયંત્રિત ખાવાથી પણ ઘણા પ્રકારના કેન્સર થાય છે. એવું જોવામાં આવ્યું છે કે ખારો ખોરાક ખાવાથી પેટના કેન્સરની શક્યતા વધી જાય છે, સોપારી ખાવાથી ગળાનું કેન્સર, માંસાહારી ખોરાક ખાવાથી લીવરના કેન્સરની શક્યતા વધી જાય છે. શારીરિક નિષ્ક્રિયતાને દૂર કરવા માટે, જો યોગ, પ્રાણાયામ, ચાલવું, શારીરિક શ્રમ વગેરેને આપણી દિનચર્યામાં સામેલ કરવામાં આવે, તો લગભગ એક તૃતીયાંશ કેન્સરના દર્દીઓ માટે આ રોગ થવાની શક્યતા દૂર થઈ જશે.

અન્ય પરિબળોમાં ચેપી રોગો, કિરણોત્સર્ગ, આનુવંશિક પરિબળો અને ચોક્કસ રસાયણો, જેમ કે એસ્બેસ્ટોસ, કોબાલ્ટ, નિકલ, વગેરેનો સમાવેશ થાય છે, જે બધા કોઈને કોઈ સ્વરૂપમાં કેન્સરનું કારણ બને છે. આ પરિબળોને કારણે થતા કેન્સરને અસરગ્રસ્ત કોષોના આધારે અલગ અલગ નામોથી ઓળખવામાં આવે છે. ■



**બ્રહ્માંડનું પ્રતીક:** ગ્યુડમેડ તાંત્રિક મોનાસ્ટ્રીના સાધુઓએ મંગળવારે મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ વાસ્તુ સંગ્રહાલયમાં બૌદ્ધ ધર્મના બ્રહ્માંડનું પ્રતીક મનાતા માંડલાનું પ્રતીક રેતીમાંથી તૈયાર કર્યું હતું. (એજન્સી)

## શિવસેનાનાં શર્મિલા પિંપલોલકર થાણેનાં નવા મેયર

થાણેઃ એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેનાના શર્મિલા પિંપલોલકર મંગળવારે પાલિકાની વિશેષ સામાન્ય સભામાં થાણેના ૨૩મા મેયર તરીકે બિનહરીફ ચૂંટાયા હતાં. ભાજપના કૃષ્ણ પાટિલ ડેપ્યુટી મેયર તરીકે ચૂંટાયા હતા. આ પદો માટે અન્ય કોઈ નામાંકન પત્રો ભરાયા ન હતા, જેનાથી તેમની બિનહરીફ ચૂંટણીનો માર્ગ મોકળો થયો હતો. શિવસેનાના એક નેતાએ જણાવ્યું હતું કે, ''મહાયુતિ ગઠબંધનમાં આંતરિક મહત્ત્વકાંક્ષાઓને સંચાલિત કરવા માટે, શિવસેના અને ભાજપે રોટેશન ફોર્મ્યુલા અમલમાં મૂકી છે, જે મુજબ મેયર અને ડેપ્યુટી મેયરની મુદત ૧૫ મહિના નક્કી કરવામાં આવી છે. ■

# સમાજમાં એકતા પર આરએસએસએ ભાર મૂક્યો, યુજીસી નિયમો અંગે સંઘ નેતાએ પ્રતિક્રિયા આપી

મુંબઈઃ સુપ્રીમ કોર્ટ દ્વારા યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન - યુજીસીના નિયમો વિશે કરવામાં આવેલી વ્યાપક ટીકા બાદ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ - આરએસએસના એક વરિષ્ઠ નેતાએ મંગળવારે કહ્યું કે તેમનું સંગઠન માને છે કે સમાજમાં એકતા હોવી જોઈએ અને તે તેને જાળવવા માટે બનતા પ્રયાસો કરશે.

આરએસએસના સ્વતંત્રતા સંગ્રામમાં યોગદાન અંગે થઈ રહેલી ટીકાનો જવાબ આપત અખિલ ભારતીય પ્રચાર પ્રમુખ સુનીલ આંબેકરે કહ્યું હતું કે 'સંઘને ૧૦૦ વર્ષ પછી દેશની સાર્વભૌમત્વ અને એકતા જાળવવા માટે શું કર્યું છે તે સમજાવવાની જરૂર નથી. સંઘની રચના એ જ હેતુ માટે કરવામાં આવી છે. સંઘે જે કંઈ કર્યું છે તે દેશના હિતમાં છે.' ગયા મહિને કેન્દ્રએ નવા નિયમો જાહેર કર્યા હતા જેમાં તમામ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને ભેદભાવની ફરિયાદોની તપાસ કરવા અને સમાનતાને પ્રોત્સાહન આપવા માટે ઇક્વિટી કમિટીઓ બનાવવાનું ફરજિયાત બનાવવામાં આવ્યું હતું. આ નિયમને કારણે વિરોધ પ્રદર્શનો શરૂ થયા હતા. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં સમાનતાનો પ્રચાર) નિયમન, ૨૦૨૬, એ ફરજિયાત બનાવ્યું છે કે આ સમિતિઓમાં અન્ય પછાત વર્ગો (ઓબીસી), અનુસૂચિત જાતિ (શેડ્યુલ્ડ કાસ્ટ), અનુસૂચિત જનજાતિ (શેડ્યુલ્ડ ટ્રાઈબ), દિવ્યાંગ વ્યક્તિ અને મહિલાઓનો સમાવેશ થવો જોઈએ.

સુપ્રીમ કોર્ટે કેમ્પસમાં જાતિ આધારિત ભેદભાવ અટકાવવા માટે યુજીસી ઇક્વિટી નિયમો પર રોક લગાવી કહ્યું હતું કે આ માળખું પ્રથમ દૃષ્ટિએ અસ્પષ્ટ હોવાથી તેના ખૂબ જ ગંભીર પરિણામ આવી શકે છે અને સમાજને વિભાજિત કરી શકે છે.

યુજીસીના નિયમો અંગેના પ્રશ્નના જવાબમાં આંબેકરે જણાવ્યું હતું કે 'અદાલતે તેના (માર્ગદર્શિકા) પર સ્ટે આપ્યો છે. વિવિધ લોકોએ પોતાનાં મંતવ્યો વ્યક્ત કર્યા છે અને મામલો અદાલત સમક્ષ છે. સંઘનું માનવું છે કે સમાજમાં એકતા હોવી જોઈએ. આપણે બધા એકતા જાળવવા માટે બનતા પ્રયત્નો કરવા જોઈએ.' (પીટીઆઈ) ■

# પોલીસ એસ્કોર્ટ ચાર્જ ચૂકવવા માટે તમે 'સોદાબાજી' ન કરી શકો

### હાઇ કોર્ટે અબુ સાલેમની પેરોલ અરજી પર કહ્યું

મુંબઈઃ જેલમાં બંધ અંડરવર્લ્ડ ડોન અબુ સાલેમના વકીલે 'અતિશય' પોલીસ એસ્કોર્ટ ચાર્જ ચૂકવવામાં અસમર્થતા દાખવ્યા બાદ બોમ્બે હાઇ કોર્ટે સંકેત આપ્યા હતા કે સાલેમને ઉત્તર પ્રદેશમાં તેના વતન જવા માટે પેરોલ મંજૂર કરવા તે તૈયાર નથી.

જસ્ટિસ અજય ગડકરી અને શ્યામ ચાંડકની ડિવિઝન બેન્ચે એ સ્પષ્ટ કર્યું કે સાલેમ ૧૭ લાખ રૂપિયાથી વધુનો એસ્કોર્ટ ચાર્જ ચૂકવવા માટે સોદાબાજી ન કરી શકે.

૧૯૯૩ના મુંબઈના બોમ્બબ્લાસ્ટ કેસમાં પચીસ વર્ષની સજા ભોગવી રહેલા સાલેમે તેના ભાઇ અબુ હકીમ અન્સારીના મૃત્યુના શોકમાં આઝમગઢ જિલ્લામાં તેના વતન જવા માટે પેરોલ માગ્યા છે. કોર્ટે અગાઉ સૂચવ્યું હતું કે સાલેમ પોતાના ખિસ્સામાંથી જરૂરી ચાર્જ ચૂકવીને પોલીસ એસ્કોર્ટ હેઠળ પેરોલ મેળવી શકે છે.

મંગળવારે સાલેમનાં વકીલ ફરહાના શાહે કોર્ટને જણાવ્યું હતું કે એસ્કોર્ટ ચાજ 'અતિશય' છે અને રજૂઆત કરી હતી કે વર્ષોથી જેલમાં બંધ તેના અસીલની આર્થિક સ્થિતિ સારી નથી.

નાશિક રોડ જેલમાં બંધ સાલેમને પોલીસ એસ્કોર્ટ પાર્ટી માટે ૧૭ લાખ રૂપિયાથી વધુ ચૂકવવા માટે કહ્યું છે, જે પેરોલ મંજૂર કરવામાં આવે તો તેની તેની સાથે રહેશે. જોકે સાલેમના વકીલે કોર્ટને કહ્યું હતું કે પ્રત્યર્પણ કરાયેલો અંડરવર્લ્ડ ડોન એક લાખ રૂપિયાથી વધુ ચૂકવી શકશે નહીં.

આના પર ડિવિઝન બેન્ચે ભારપૂર્વક જણાવ્યું હતું કે તે તે 'સોદાબાજી' નહીં કરી શકે અને જો તે પોલીસ એસ્કોર્ટ હેઠળ પોતાના વતન જવા માગતો હોય તો તેણે ફરજિયાત ચાર્જ ચૂકવવો પડશે. બાદમાં કોર્ટે તેના વકીલને પેરોલની અરજી પાછી ખેંચવા માટે કહ્યું હતું અથવા તેને ફગાવી દેવામાં આવશે.

વકીલે તેના અસીલ પાસેથી સલાહ લેવા માટે સમય માગ્યા બાદ સુનાવણી ગુરુવાર સુધી મુલતવી રાખવામાં આવી હતી. (પીટીઆઇ) ■

# કોકિલાબેન ધીરુભાઇ અંબાણી હૉસ્પિટલે ભારતમાં ૨૦૨૬નું પહેલું હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કર્યું



મુંબઈઃ દસ વર્ષની અનન્યા (નામ બદલ્યું છે)ને ગોવાથી ગંભીર હાલતમાં એરલિફ્ટ કરીને મુંબઇની કોકિલાબેન ધીરુભાઇ અંબાણી હૉસ્પિટલમાં લાવવામાં આવી હતી. વિગતવાર મૂલ્યાંકન કર્યા પછી કાર્ડિયોમાયોપથીનું આનુવંશિક સ્વરૂપ જાણવા મળ્યું, જેના પગલે અચાનક અને ઝડપથી ગંભીર રીતે હાર્ટ ફેઇલ થઇ શકે તેમ હતું. ચિલ્ડ્રન્સ હાર્ટ સેન્ટરમાં, ડોકટરોએ શરૂઆતમાં cardiac supportive infusions (inotropes) દ્વારા તેની સ્થિતિને સ્થિર કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, દર્દીની સ્થિતિ સતત બગડી રહી હતી, જેના કારણે ECMO (extra orporeal membrane oxygenation) ના સ્વરૂપમાં ઇમર્જન્સી મિકેનિકલ સપોર્ટની જરૂર પડી. ECMO એક કામચલાઉ લાઇફ-સપોર્ટ સિસ્ટમ છે જે થોડાક સમય માટે કૃત્રિમ હૃદય અને ફેફસાં તરીકે કામ કરી શકે છે. બરાબર આ જ સમયે, અનન્યા પર ખૂબ જ તાકિદના ધોરણે હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કરવાનો નિર્ણય લેવાયો અને યોગ્ય દાતા માટે રાહ જોવાની શરૂ થઇ.

દાતા તરફથી અંગ મળે તેની રાહ જોવાઇ રહી હતી ત્યારે અનન્યાને લાંબા સમય સુધી ECMO સપોર્ટ પર રાખવા અંગે કેટલીક સમસ્યાઓ ઊભી થઇ. કોઇ દાતાનું હૃદય મળી રહ્યું ન હતું અને સમય ઝડપથી પૂરો થઇ રહ્યો હતો એટલે મેડિકલ ટીમે Left Ventricular Assist Device (LVAD) તરીકે ઓળખાતી વધુ ટકાઉ મિકેનિકલ સપોર્ટ ડિવાઇસ ઇમ્પ્લાન્ટ કરવાનો નિર્ણય લીધો. LVAD હૃદયની ડાબી પમ્પિંગ ચેમ્બર તરીકે કામ કરે છે, જે ઓક્સિજનયુક્ત લોહીને ફેફસાંમાંથી સીધા શરીરના બાકીના ભાગમાં મોકલે છે. LVAD ટેક્નોલોજી ઘણાં વર્ષોથી અસ્તિત્વમાં હોવા છતાં, ભારતમાં બાળકોમાં તેનો ઉપયોગ ખૂબ મર્યાદિત રહ્યો છે. આ બાળકીની સારવાર કરી રહેલા મુંબઇની કોકિલાબેન ધીરુભાઇ અંબાણી હૉસ્પિટલના કન્સલ્ટન્ટ, પીડિયાટ્રિક કાર્ડિયોલોજિસ્ટ ડૉ. તનુજા કરંડેએ આ અંગે વિગતવાર સમજાવતા જણાવ્યું હતું કે, ''બાળકોમાં LVAD મેનેજ કરવા માટે આ ડિવાઇસને ઇમ્પ્લાન્ટ કરી શકે તેવી ખૂબ જ તાલીમબદ્ધ સર્જિકલ ટીમની જરૂર પડે છે. માત્ર એક અઠવાડિયા પછી, દાતાનું હૃદય મળી ગયું. દાતાના હૃદયને ઔરંગાબાદથી ઝડપથી હવાઇ માર્ગે લાવવામાં આવ્યું. જરા પણ સમય બગાડ્યા વિના અને તેમાં રહેલાં જોખમોને સમજીને, તબીબી ટીમ અને પરિવારે આગળ વધવાનો હિંમતભર્યો નિર્ણય લીધો. ટ્રાન્સપ્લાન્ટ સફળ રહ્યું. ■

# કલ્યાણ-ડોંબિવલી મેયરની ચૂંટણીમાં મોટો વળાંક

કલ્યાણઃ કલ્યાણ-ડોંબિવલી મહાનગરપાલિકાની મેયર અને ડેપ્યુટી મેયરની ચૂંટણીમાં અપેક્ષા મુજબ, શિવસેના-ભાજપ ગઠબંધનનો વિજય થયો છે. શિવસેના શિંદે જૂથના હર્ષાલી વિજય ચૌધરી મેયર તરીકે, જ્યારે ભાજપના રાહુલ દામલે ડેપ્યુટી મેયર તરીકે ચૂંટાયાં છે. જોકે, આ પસંદગી કરતા ચૂંટણી પ્રક્રિયા દરમિયાન શિવસેના ઠાકરે જૂથના કોર્પોરેટરોએ આપેલા 'ઝટકા' ની રાજકીય વર્તુળોમાં વધુ ચર્ચા થઈ રહી છે. આ ચૂંટણીમાં સૌથી આઘાતજનક બાબત એ હતી કે ઉદ્ધવ ઠાકરે જૂથના તમામ ૧૧ કોર્પોરેટરો મતદાન માટે ગેરહાજર રહ્યા હતા. આમાં ૭ મૂળ ઠાકરે જૂથના, ૨ શિંદે જૂથને ટેકો આપનારા અને ૨ મનસેના હોવા છતાં ઠાકરે જૂથના ચિહ્ન પર ચૂંટાયેલા કોર્પોરેટરો હતા. છેલ્લા કેટલાક દિવસોથી 'ગુમ' હોવાનું કહેવાતાં કોર્પોરેટરો મધુર મ્હાત્રે, કીર્તિ ધોણે, રાહુલ કોટ અને સ્વપનાલી કેલે પણ મતદાન માટે આવ્યાં ન હતાં. દરમિયાન, શિવસેના અને ભાજપ વચ્ચેના ગઠબંધનમાં પહેલાથી જ મોટી સંખ્યામાં સભ્યો હતા. વિરોધ પક્ષની બેન્ચ પર ઠાકરે જૂથના કોર્પોરેટરોની ગેરહાજરીએ ગઠબંધનની જીતને સરળ બનાવી દીધી. હર્ષાલી ચૌધરી અને રાહુલ દામલેની ચૂંટણી બાદ ગઠબંધનના કાર્યકરોએ જોરશોરથી સૂત્રોચ્ચાર કર્યા હતા.

ચૂંટણી દરમિયાન ઠાકરે જૂથના કોર્પોરેટરો કેમ ગેરહાજર રહ્યા? આ અંગે હવે અનેક તર્ક-વિતર્ક થઈ રહ્યા છે. મધુર મ્હાત્રે અને કીટી ધોણેના ગુમ થવા અને આજે તેમની ગેરહાજરી પાછળ કોઈ મોટી રાજકીય રમત છે કે કેમ તે અંગે પ્રશ્ન ઉઠાવવામાં આવી રહ્યો છે. વિપક્ષે બેઠકમાંથી વોકઆઉટ કર્યું કે પછી કોઈ રણનીતિ હતી, તેની ચર્ચા હવે કલ્યાણ-ડોમ્બિવલીમાં તેજ બની છે. ■



**સાફસફાઈ:** મુંબઈ મહાનગરપાલિકામાં નગરસેવકોની સત્તા ચાલુ થાય તે પહેલાં પાલિકા મુખ્યાલયની આસપાસ પાણીથી રસ્તા ધોઈને સફાઈ કરવામાં આવી હતી. (અમય ખરાડે)

# જિમખાનાને વિલ્સન કોલેજમાં પરત કરવાની માગ સાથે વિદ્યાર્થીઓનું વિરોધ પ્રદર્શન

મુંબઈઃ દક્ષિણ મુંબઈમાં સ્થાનિક રહેવાસીઓ, વિદ્યાર્થીઓ અને નાગરિક સમાજના સભ્યોએ સોમવારે વિરોધ પ્રદર્શન કર્યું હતું, જેમાં એક સદીથી વધુ સમયથી સંસ્થા સાથે સંકળાયેલ વિલ્સન કોલેજ જિમખાનાને પરત કોલેજને સોંપવાની માગ કરવામાં આવી હતી.

સ્થાનિક સંસ્થા 'આમ્હી ગિરગાંવકર'ના પ્રમુખ આદિત્ય પરબે જણાવ્યું હતું કે, સ્થાનિકો દ્વારા લાંબા સમયથી ક્રિકેટ અને ફૂટબોલ જેવી રમતો માટે ઉપયોગમાં લેવાતું જિમખાના, કોવિડ-૧૯ ના સમયગાળા દરમિયાન જૈન ઇન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશનને સોંપવામાં આવ્યું ત્યારથી ત્યાં પ્રવેશ બંધ થઈ ગયો છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, ''બાળપણથી અમારામાંના ઘણા લોકો આ મેદાનનો ઉપયોગ રમતગમતની પ્રવૃત્તિઓ માટે કરતા હતા જ્યારે તેનું સંચાલન વિલ્સન કોલેજ હસ્તક હતું. જ્યાં સુધી સરકાર વિલ્સન કોલેજને સુવિધા પાછી ન આપે અને રહેવાસીઓને ફરીથી પ્રવેશ ન મળે ત્યાં સુધી વિરોધ પ્રદર્શન ચાલુ રહેશે,'' પરબે જણાવ્યું હતું. ■

---





'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| PROCTOR | સરઘસ |
| PROCESS | અધિકારી |
| PROBE | સમસ્યા |
| PROBLEM | તપાસ |
| PROCESSION | પ્રક્રિયા |

## માતૃભાષાની મહેક

મા બોલતા જ સ્નેહની લાગણી થાય એવું જ કંઈક કહેવતોમાં માની હાજરી વિશે જોવા મળે છે. માની હાજરી જીવનમાં કેટલી મહત્ત્વની છે એ દર્શાવતી કહેવત છે કે મા મૂઈ ને ઓછાડ પણ લેતી ગઈ. ઓછાડ એટલે ચાદર. ચાદર પણ જતી રહે એટલે સર્વસ્વ ગુમાવી દેવું એવો અર્થ છે. માનું મૃત્યુ થવાથી દરેક પ્રકારે નોધારાં થવાનો વખત આવે એ ભાવાર્થ એમાં રહેલો છે.

## ગુજરાત મોરી મોરી રે

'નબળી હાલતમાં મુકાયેલી વ્યક્તિનો લાભ બધા ઉઠાવે' એ મતલબની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે ગોઠવી કહેવત જણાવો.

પગ હાંલ્લામાં આવે બધા ભાંગ્યા મૂકવા

## ઈર્શાદ

કઈ તરકીબથી પથ્થરની કેદ તોડી છે,
કૂંપણની પાસે શું કુમળી કોઈ હથોડી છે.

– ઉદયન ઠક્કર

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | | | ૪ | ૫ | ૬ | ૭ |
| ૮ | | | | ૯ | ૯અ | | ૧૦ | | |
| | | | ૧૧ | | | ૧૨ | | | |
| ૧૩ | | ૧૪ | | | | ૧૫ | | | ૧૬ |
| ૧૭ | ૧૮ | | | | | | | ૧૯ | |
| ૨૦ | | | ૨૧ | | ૨૨ | | ૨૩ | | |
| | | ૨૪ | | | ૨૫ | ૨૬ | | | |
| | ૨૭ | | ૨૮ | ૨૯ | | | | ૩૦ | |
| ૩૧ | | ૩૨ | | ૩૩ | | | ૩૪ | | ૩૫ |
| ૩૬ | | | | | | ૩૭ | | | |

### આડી ચાવી

૧ આભારી (૪)
૪ મોહક આંખોવાળી (૪)
૮ વાટ, રાહ (૩)
૯ અનાદિ, નહીં જન્મેલું (૨)
૧૦ દૃષ્ટિ (૩)
૧૧ એક દેવિ (૪)
૧૪ -----નિરંજન! (૩)
૧૫ બુદ્ધિ (૨)
૧૭ એક રમત (૩)
૧૯ તંતુ, તાંતણો (૨)
૨૦ કાર્ય, કામ (૨)
૨૩ ઘોડાનું ઘર (૩)
૨૪ પાક (૨)
૨૫ સંપત્તિ (૩)
૨૮ -----થવું સફળ થવું, કામમાં આવવું (૪)
૩૧ જૈનોના એક તીર્થંકર (૩)
૩૩ નામીચું, પંકાયેલું (૨)
૩૪ સિંહ (૩)
૩૬ દાસી, નોકરડી (૪)
૩૭ ભમરો (૪)

### ઊભી ચાવી

૧ બોચી, ગરદન (૨)
૨ ભેંસના---ભેંસને ભારે (૩)
૩ ફળની અંદરનો માવો (૨)
૫ દિવસ (૨)
૬ રાજા (૩)
૭ દૂધ (૨)
૯ આપત્તિ, અડચણ ખમી શકે તેવું (૪) (જો. છૂ)
૯ (અ) દુર્ગા (૨)
૧૧ ઉતરી ગયેલી જીર્ણ ચામડી, સાપની કાંચળી (૨)
૧૨ સુંદર સ્ત્રી (૩)
૧૩ ઘરેણાં, શણગાર (૪)
૧૪ જીદ્દ, હઠ (૨)
૧૬ મૃત્યુ પછીનો સ્વર્ગ વગેરે બીજો લોક (૪)
૧૮ હાથી (૨)
૧૯ શરણે, અંકુશમાં (૨)
૨૧ કુબેરની નગરી (૩)
૨૨ અનુચિત, મેળ ન ખાય તેવું (૪)
૨૩ ત્યારે (૨)
૨૬ આબરૂ (૨)
૨૭ ગણપતિનું વાહન (૩)
૨૯ રાખ, ભસ્મ (૨)
૩૦ પવિત્ર (૩)
૩૧ વેદનો મંત્ર (૨)
૩૨ ભરપૂર, પૂરિપૂર્ણ (૨)
૩૪ ----તો ચલતા ભલા (૨)
૩૫ કજિયાના ત્રણ છોરુંમાંનો એક (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ઉ | દ | ૨ ઘા | ટ | ૩ ન | | ૪ અ | ૫ શ | ર | ૬ કી |
| દા | | ય | | સિ | | ૭ મ | ઠ | | શિ |
| ૮ હ | ૯ મા | લ | | ૧૦ ધ | કી | ન | | ૧૧ છા | યા |
| ૧૨ ર | સ | | ૧૩ પ | ત | | | ૧૪ વ | વ | રી |
| જ્ઞ | | ૧૫ ની | ર | | ૧૬ સ | ૧૭ ર | વા | ણી | |
| | ૧૮ પ | ર | વ | શ | | ૧૯ ત | રૂ | | ૨૦ અ |
| ૨૧ સ | હે | જ | | | ૨૨ ધ | ન | | ૨૩ ત | ગુ |
| ૨૪ મા | રો | | ૨૫ ના | મ | ના | | ૨૬ ક | કં | શા |
| રં | | ૨૭ કા | જુ | | ર | | ઠો | | સ |
| ૨૮ ભ | ર | ચ | ક | | ૨૯ ખ | ત | ર | ના | ક |

## ઓળખાણ પડી?



રણમાં ઊગતી વનસ્પતિ માટે જગવિખ્યાત એવું ૧૪૦ એકરમાં પથરાયેલું ડેઝર્ટ બોટનિકલ ગાર્ડન કયા દેશમાં સ્થિત છે એ કહેશો?

અ) ઓસ્ટ્રેલિયા  બ) ઈજીપ્ત  ક) ઈરાન  ડ) યુએસએ

## સુડોકુ-૯૨૧૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | | | | ૬ | | | ૭ | |
| ૫ | | | ૪ | | ૭ | | ૨ | |
| ૬ | | | | | | | ૩ | ૮ |
| | ૧ | | | ૪ | | ૯ | | |
| | | | ૫ | | ૨ | | | |
| | | ૫ | | ૯ | | | ૬ | |
| ૯ | ૫ | | | | | | | ૩ |
| | ૨ | | ૩ | | ૫ | | | ૪ |
| | ૮ | | | ૧ | | | | ૭ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-૯૨૧૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૮ | ૧ | ૭ | ૯ | ૪ | ૨ | ૬ | ૫ |
| ૪ | ૭ | ૫ | ૬ | ૨ | ૩ | ૮ | ૯ | ૧ |
| ૨ | ૯ | ૬ | ૧ | ૮ | ૫ | ૩ | ૪ | ૭ |
| ૮ | ૧ | ૩ | ૪ | ૫ | ૬ | ૯ | ૭ | ૨ |
| ૬ | ૨ | ૭ | ૩ | ૧ | ૯ | ૪ | ૫ | ૮ |
| ૫ | ૪ | ૯ | ૨ | ૭ | ૮ | ૬ | ૧ | ૩ |
| ૧ | ૫ | ૮ | ૯ | ૬ | ૨ | ૭ | ૩ | ૪ |
| ૯ | ૩ | ૨ | ૫ | ૪ | ૭ | ૧ | ૮ | ૬ |
| ૭ | ૬ | ૪ | ૮ | ૩ | ૧ | ૫ | ૨ | ૯ |

## ગયા બુધવારના જવાબ

| A | B |
|---|---|
| PRICEY | ખર્ચાળ |
| PRICK | ભોંકવું |
| PRIDE | ગર્વ |
| PRIEST | પાદરી |
| PRIM | ચોખલિયું |

**ગુજરાત મોરી મોરી રેઃ**
થેપી થેપી ભાણાં ને ચોરને માથે છાણાં

**ઓળખાણ પડી?**
હિમાચલ પ્રદેશ

**માઈન્ડ ગેમ :**
પરેશ

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :**
સહન કરવું

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'રાજાની નિયત ફરી ગઈ' વાક્યમાં નિયત શબ્દનો અર્થ શું થાય એ જણાવો.
અ) નિયમ  બ) શાસન  ક) ઈરાદો  ડ) જમીન

## માઈન્ડ ગેમ

વિશ્વભરમાં અનેક મ્યુઝિયમ જોવા સહેલાણીઓ આવતા હોય છે. દુનિયાનું સૌથી પ્રાચીન મ્યુઝિયમ કયા શહેરમાં છે એ જાણો છો?
અ) પેરિસ  બ) કૈરો  ક) જિનીવા  ડ) રોમ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) જયવંત પદમશી ચિખલ (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) મુલરાજ કપુર (૪) સુભાષ મોમાયા (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકીયા (૬) ભારતી બુચ (૭) વિપીન શાહ (૮) નૂતન વિપીન શાહ (૯) નૈશધ દેસાઈ (૧૦) શ્રદ્ધા આશર (૧૧) લજીતા ખોના (૧૨)હર્ષા મહેતા (૧૩) પુષ્પા પટેલ (૧૪) જ્યોતી ખાંડવાલા (૧૫) મીનળ કાપડીયા (૧૬) મનીષા શેઠ (૧૭) ફાલ્ગુની શેઠ (૧૮) ભરત કજરીયા (૧૯) મહેન્દ્ર લોઢવિયા (૨૦) તાહેર ઔરંગાબાદવાળા (૨૧) શીરીન ઔરંગાબાદવાળા (૨૨) પ્રવીણ વોરા (૨૩) અરવિંદ કામદાર (૨૪) વીણા સંપટ (૨૫) દેવેન્દ્ર સંપટ (૨૬) મહેશ સંઘવી (૨૭) નિતીન જયંતીલાલ બજરીયા (૨૮) અલકા વાણી (૨૯) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૦) ડાયના સંતોક (૩૧) નયના ગિરીશ મિસ્ત્રી (૩૨) કિરીટ છેડા (૩૩) છેતના છેડા (૩૪) જ્યોત્સના ગાંધી (૩૫) નયના ગિરીશ મિસ્ત્રી (૩૬) રમેશ દલાલ (૩૭) ઈનાક્ષી દલાલ (૩૮) હીના દલાલ (૩૯) ભાવના કર્વે (૪૦) દિપીકા દોશી (૪૧) પુષ્પા પટેલ (૪૨) ડૉ. પ્રકાશ કટકીયા (૪૩) ધીરેન્દ્ર ઉદેશી (૪૪) મહેશ દોશી (૪૫) અબ્દુલ્લા એફ મુનામ (૪૬) કમલ મટાલીયા (૪૭) પ્રતીમા પમાની (૪૯) રસીક જુઠાણી (ટોરન્ટો-કેનેડા) (૫૦) અંજુ ટોલીયા

# મર્સિડીઝ હંકારી રહેલા સગીરે કોસ્ટલ રોડની ટનલમાં કારને મારી ટક્કર

## મર્સિડીઝના માલિક, તેની પૌત્રી અને સગીર મિત્ર સામે ગુનો દાખલ

મુંબઈ: મર્સિડીઝ હંકારી રહેલા ૧૭ વર્ષના સગીરે કોસ્ટલ રોડની ટનલમાં કારને ટક્કર મારતાં એક જ પરિવારના ત્રણ સભ્યો ઘાયલ થયા હતા. ડી. બી. માર્ગ પોલીસે આ પ્રકરણે મર્સિડીઝના માલિક અને આગ્રીપાડાના વેપારી, તેની ૧૮ વર્ષની પૌત્રી અને સગીર મિત્ર વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું.

પોલીસના જણાવ્યા મુજબ કોસ્ટલ રોડની ટનલમાં રવિવારે મોડી રાતે ૧.૪૫ વાગ્યાની આસપાસ અકસ્માત થયો હતો, જેમાં મીરા રોડના રહેવાસી પ્રસન્ના મોપકર (૩૬) અને તેની સાસુને નજીવી ઇજા થઇ હતી, જ્યારે તેની પત્નીના નાકમાં ગંભીર ઇજા થઇ હતી. ત્રણેયને બાદમાં હોસ્પિટલમાં લઇ જવામાં

(જુઓ પાનું ૪) ▶▶

# બોરીવલીમાં ટેમ્પોએ સ્કૂટરને ટક્કર મારતાં ગુજરાતી સિનિયર સિટિઝને જીવ ગુમાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: બોરીવલીમાં ચીકુવાડી જંક્શન પાસે બેદરકારીથી વળાંક લેતી વખતે ટેમ્પોએ સ્કૂટરને અડફેટે લેતાં ગુજરાતી સિનિયર સિટીઝને જીવ ગુમાવ્યો હોવાની ઘટના બની હતી. પોલીસે આરોપી ટેમ્પો ડ્રાઈવરની ધરપકડ કરી હતી.

બોરીવલી પોલીસના જણાવ્યા મુજબ રવિવારની રાતે ૯.૧૫ વાગ્યાની આસપાસ બોરીવલી પશ્ચિમમાં ચિકુવાડી જંક્શન પાસે થયેલા અકસ્માતમાં નીતિન બાબુલાલ શાહ (૭૨)નું મૃત્યુ થયું હતું. બોરીવલીના મહાવીર


કૃપાશંકર યાદવ


નીતિન શાહ

નગર ખાતે લિંક રોડ પરની અંશુલ હાઈટ્સ ઈમારતમાં રહેતા શાહ સ્કૂટર પર ઘરે જઈ રહ્યા હતા ત્યારે આ ઘટના બની હતી. અકસ્માત પ્રકરણે ટેમ્પો ડ્રાઈવર કૃપાશંકર યાદવ (૩૫) વિરુદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

અકસ્માત પ્રકરણે નીતિનભાઈના પુત્ર પરાગ શાહે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. કારડીલર પરાગભાઈએ 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે બોરીવલી પૂર્વમાં કુલુપવાડી ખાતે તેમની ફોઈ નિરુપમા ફડિયા રહે છે. ફોઈએ આંખનું ઑપરેશન કરાવ્યું હોવાથી અમારો પરિવાર તેમને મળવા ગયો હતો. રાતે

(જુઓ પાનું ૪) ▶▶

# પ્રફુલ પટેલ એનસીપીના રાષ્ટ્રીય અધ્યક્ષ બનવાની રેસમાં નથી

મુંબઈ: રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ - એનસીપીના વરિષ્ઠ નેતા પ્રફુલ પટેલે મંગળવારે કહ્યું કે તેઓ સ્વર્ગસ્થ અજિત પવારના સ્થાને એનસીપીના રાષ્ટ્રીય અધ્યક્ષ બનવાની રેસમાં નથી. એનસીપી સાથે નહીં સંકળાયેલા લોકો અજિત પવારના દુઃખદ મૃત્યુ પછી પક્ષ દ્વારા લેવામાં આવેલા નિર્ણયો વિશે બોલી રહ્યા છે એ બાબતે પ્રફુલ પટેલે વ્યથા વ્યક્ત કરી હતી.

પ્રફુલ પટેલે જણાવ્યું હતું કે 'સુનેત્રા પવારને વિધાનસભા પક્ષના નેતા તરીકે ચૂંટવા એ અમારો અધિકાર છે. અમે અમારા પદાધિકારીઓની ભાવનાઓ અનુસાર નિર્ણય લઈશું, હું પ્રમુખ પદની રેસમાં નથી. આ સમયે અન્ય કોઈ મુદ્દા પર બોલવું યોગ્ય નથી.' અગાઉ અજિત પવારને શ્રદ્ધાંજલિ આપવા માટે પક્ષ કાર્યાલયમાં બોલતા એનસીપી નેતાએ કહ્યું હતું કે નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવારના નેતૃત્વમાં પક્ષનું ભવિષ્ય નક્કી કરવામાં આવશે. (પીટીઆઈ)■

# હુતાત્મા ચોક ખાતે ગેરકાયદે પાર્કિંગ ફી વસૂલ કરનારા સામે પોલીસમાં ગુનો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દક્ષિણ મુંબઈના પ્રખ્યાત હુતાત્મા ચોક ખાતે પે ઍન્ડ પાર્ક પ્લોટ જેને ફ્રી પાર્કિંગ ઝોન જાહેર કરવામાં આવ્યો છે, તેની માટે ગેરકાયદેસર રીતે પાર્કિંગ ફી વસૂલવામાં આવતી હોવાનું જણાઈ આવ્યું હતું. આ મુદ્દો પ્રકાશમાં આવ્યા બાદ મુંબઈ મહાનગરપાલિકાના 'એ' વોર્ડ દ્વારા મંગળવારે બે વ્યક્તિ વિરુદ્ધ ગેરકાયદેસર રીતે પાર્કિંગ ફી વસૂલવા બદલ પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

દક્ષિણ મુંબઈ (એ વોર્ડ)માં પાર્કિંગનો કૉન્ટ્રેક્ટ પૂરો થયા બાદ અનેક પાર્કિંગ સ્પોટ ફ્રી પાર્કિંગ તરીકે જાહેર કરવામાં આવ્યા છે. જોકે ગયા અઠવાડિયે ફોર્ટ વિસ્તારના હુતાત્મા ચોક ખાતે નિયમિત પેટ્રોલિંગ દરમ્યાન પાલિકાના કર્મચારી જિતેન્દ્ર વસૈકરે બે યુવાનોને મફત પાર્કિંગ રહેલા ઝોનમાં વાહનચાલકો પાસેથી પાર્કિંગ ફી વસૂલતા જોયા હતા. આ બનાવ બાદ પાલિકાએ માતા રમાબાઈ માર્ગ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવ્યો હતો. ફરિયાદ મુજબ પાલિકાના સંબંધિત કર્મચારીએ આ બાબતે જયારે પૂછતાછ કરી હતી ત્યારે તેને ખબર પડી હતી કે બંને યુવકો 'વેલ ટેગ' લોગોવાળી રસીદ બુક લઈને આવ્યા હતા. બે વાહનચાલકોએ પણ તેમને ફરિયાદ કરી હતી કે એક કલાક વાહન પાર્ક કરવા માટે તેમની પાસેથી ૧૫૦ રૂપિયા વસૂલવામાં આવ્યા હતા. ■

# પંકજા મુંડેના હેલિકૉપ્ટરમાં ટેક્નિકલ ખામી

છત્રપતિ સંભાજી નગર: છત્રપતિ સંભાજી નગરમાં જિલ્લા પરિષદની ચૂંટણીમાં પ્રચાર માટે મહારાષ્ટ્રનાં મંત્રી પંકજા મુંડે જે હેલિકૉપ્ટરમાં પ્રવાસ કરવાના હતા એ ઊપડવાના થોડા કલાકો પહેલા એમાં ટેકનિકલ ખામી જોવા મળી હોવાનું એરપોર્ટના એક અધિકારીએ મંગળવારે જણાવ્યું હતું. ભાજપના નેતા લાતુર જવાનાં હતાં તેના કલાકો પહેલા સોમવારે મોડી રાત્રે આ ખામી ધ્યાનમાં આવી હોવાનું જણાવી અધિકારીએ ઉમેર્યું હતું કે મુંડે સોમવારે ચાર્ટર્ડ પ્લેનમાં છત્રપતિ સંભાજી નગર પહોંચ્યાં હતાં અને

(જુઓ પાનું ૪) ▶▶

# નજીવી બાબતે થયેલા ઝઘડામાં શખસનું મૃત્યુ

થાણે: થાણે જિલ્લાના ભિવંડીમાં નજીવી બાબતે થયેલા ઝઘડામાં મહિલા અને સગીરાએ મારપીટ કરતાં ૪૦ વર્ષના શખસનું ગંભીર ઇજાને કારણે મૃત્યુ થયું હતું. પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કરી મહિલાની ધરપકડ કરી હતી, જ્યારે સગીરાને તાબામાં લેવાઇ હતી.

ભિવંડીમાં રવિવારે આ ઘટના બની હતી, જેમાં મહિલા ૧૮ વર્ષની મહિલા અને ૧૭ વર્ષની સગીરાનો નજીવી બાબતે શખસ સાથે ઝઘડો થયો હતો. આથી બંનેએ શખસની મારપીટ કરી હતી અને તેને ધામણકર નાકા સ્થિત પોલીસ ચોકીના સ્લેબ પરથી નીચે ધકેલી દીધો હતો. પટકાયેલા શખસને ગંભીર ઇજા થઇ હતી અને તેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો, જ્યાં થોડા કલાક બાદ તેનું મૃત્યુ થયું હતું.

આસિસ્ટન્ટ પોલીસ ઇન્સ્પેક્ટર જયશ્રી અનાવનેએ જણાવ્યું હતું કે પોલીસે શરૂઆતમાં ઝઘડો કરી ગંભીર ઇજા પહોંચાડવા બદલ બંને વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો, પણ શખસનું મૃત્યુ થયા બાદ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૫ (સદોષ મનુષ્યવધ)ની કલમ ઉમેરવામાં આવી હતી. આ પ્રકરણે તપાસ ચાલી રહી છે, એમ તેમણે કહ્યું હતું. (પીટીઆઇ)■

# મુંબઈને ૧૧ ફેબ્રુઆરીના મળશે મેયર

## સાત ફેબ્રુઆરીના ઉમેદવારીપત્રક દાખલ કરવામાં આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી બાદ મૅયર પદ સહિત જુદી જુદી સમિતિના અધ્યક્ષપદને લઈને ભાજપ અને શિંદેસેના વચ્ચે મુદ્દો હજી પણ ગુંચવાયેલો છે ત્યારે આગામી બેથી ત્રણ દિવસમાં મેયર અને સમિતિ બાબતે મુખ્ય પ્રધાન સાથે ચર્ચા બાદ નિર્ણય લેવામાં આવશે એવું સૂત્રોએ જણાવ્યું હતું. મૅયર પદ અને સમિતિના અધ્યક્ષપદને લઈને ભાજપ અને શિંદેસેના વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલી ખટરાગ આગામી બે-ત્રણ દિવસમાં દૂર થવાની હોવાથી મુંબઈ મહાનગરપાલિકા દ્વારા ૧૧ ફેબ્રુઆરીના બપોરના ૧૨ વાગે મેયરની ચૂંટણી લેવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું રાજકીય સ્તરે ચર્ચાઈ રહ્યું છે.

મુંબઈનો મેયર કોણ બનશે તેની સૌ કોઈ આતુરતાથી રાહ જોઈ રહ્યા છે પણ ભાજપ-શિવસેનાની મહાયુતિમાં હજી પણ આ બાબતે નિર્ણય લેવાયો ન હોવાનું અંદરખાને ચર્ચાઈ રહ્યું છે. ભાજપ અને શિંદેસેના વચ્ચે સ્થાયી સમિતિ, સુધાર સમિતિ, શિક્ષણ, બેસ્ટ સહિત અન્ય સમિતિના અધ્યક્ષપદ મેળવવા માટે બેઠકો થઈ રહી છે પણ હજી સુધી તેઓ ચોક્કસ નિષ્કર્ષ પર પહોંચી શકયા નથી.

ભાજપ અને શિંદેસેનાએ પોતાના ગ્રૂપનું કોંકણ ભવનમાં અલગથી રજિસ્ટ્રેશન

(જુઓ પાનું ૪) ▶▶

# લાડકી બહિણ યોજના સાથે અજિત પવારનું નામ જોડવાની માગણી

મુંબઈ: મહારાષ્ટ્ર સરકારની મુખ્ય મુખ્યમંત્રી લાડકી બહિણ યોજનાનું નામ બદલીને સ્વર્ગસ્થ નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના નામ પર રાખવામાં આવે એવી માગણી રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ - એનસીપીના વિધાન સભ્ય અમોલ મિટકરીએ મંગળવારે માગ કરી હતી. મિટકરીએ સંવાદદાતાઓને જણાવ્યું હતું કે અજિતદાદા રાજ્યની મહિલાઓના પ્રિય ભાઈ હતા.

વિધાન પરિષદના સભ્ય મિટકરીએ વધુમાં જણાવ્યું હતું કે 'અજિત પવાર રાજ્યભરમાં મુસાફરી કરતા ત્યારે તેમના હાથ રાખડીઓથી ભરેલા રહેતા. રાજ્ય સરકાર આ યોજનાનું નામ અજિતદાદાંચી લાડકી બહિણ યોજના રાખશે તો તેમને સાચી શ્રદ્ધાંજલિ ગણાશે.'

પવાર જ્યારે નાણાં પ્રધાન હતા ત્યારે તેમણે જુલાઈ ૨૦૨૪ માં જાહેર કરેલી લાડકી બહિણ યોજન ૨૧થી ૬૫ વર્ષની ઉંમરની પાત્ર મહિલાઓને સીધા બેંક ટ્રાન્સફર દ્વારા દર મહિને ૧ હજાર ૫૦૦ રૂપિયાની સહાય પૂરી પાડે છે. ૨૦૨૪ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપના નેતૃત્વ હેઠળના મહાયુતિની જીતમાં આ યોજનાએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હોવાનું માનવામાં આવે છે. નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ સોમવારે જણાવ્યું હતું કે સરકાર આ યોજના હેઠળ મહિલાઓને માસિક નાણાકીય સહાય બંધ કરશે નહીં કારણ કે આનાથી તેમને ખૂબ મદદ મળી રહી છે અને યોગ્ય સમયે આ સહાય ૧ હજાર ૫૦૦ રૂપિયાથી વધારીને ૨ હજાર૧૦૦ રૂપિયા કરવામાં આવશે. (પીટીઆઈ)■

# સુનેત્રા પવારને દિલ્હીનું આમંત્રણ

મુંબઈ: અજિત પવારના અવસાન બાદ રાજ્યમાં રાજકીય ગતિવિધિઓએ વેગ પકડ્યો છે. અજિત પવારના પત્ની સુનેત્રા પવારે નાયબ મુખ્ય પ્રધાનપદના શપથ લીધા બાદ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ કોણ બનશે તે અંગે ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. વિવિધ નેતાઓના નામની ચર્ચા થઈ રહી છે.

એવો દાવો કરવામાં આવી રહ્યો હતો કે સાંસદ પ્રફુલ્લ પટેલ રાષ્ટ્રીય અધ્યક્ષ બનશે, પરંતુ બાદમાં તેમણે પોતે જ આ સમાચારને નકારી કાઢ્યા હતા અને સ્પષ્ટતા કરી હતી કે તેઓ

(જુઓ પાનું ૪) ▶▶




**કેન્સરથી બચો:** વિશ્વ કૅન્સર ડે નિમિત્તે જનજાગૃતિ ફેલાવવા માટે મુંબઈ છત્રપતિ શિવાજી ટર્મિનસની ઈમારતને મંગળવારે કેસરી રંગમાં રંગી નાખવામાં આવી હતી. (અમય ખરાડે)

# સુનેત્રા પવાર પુણે-બીડના પાલક પ્રધાન

મુંબઈ: મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવારને મંગળવારે બીડ અને પુણે જિલ્લાના પાલક પ્રધાન તરીકે નિયુક્ત કરવામાં આવ્યાં હતાં. આ બંને પદ અજિત પવાર હસ્તક હતાં. વિમાન દુર્ઘટનામાં અજિત પવારના મૃત્યુ બાદ સુનેત્રા પવારે નાયબ મુખ્ય પ્રધાન તરીકે શપથ લીધા હતા.

અજિત પવાર હસ્તક નાણાં, રાજ્ય આબકારી, રમતગમત અને લઘુમતી કલ્યાણ વિભાગની જવાબદારી હતી. તેમણે પુણે અને બીડના પાલક પ્રધાન તરીકે પણ ફરજ

(જુઓ પાનું ૪) ▶▶

# કલવા પોલીસ સ્ટેશનમાં અધિકારીઓ પર હુમલો: પાંચેય આરોપી નિર્દોષ

થાણે: કલવામાં ૨૦૨૦માં પોલીસ પર હુમલાના કેસમાં થાણેની સેશન્સ કોર્ટે સાક્ષીદારોની જુબાનીમાં વિસંગતિ, સાક્ષીઓ અથવા તબીબી પુરાવાનો અભાવ, ડ્યૂટી રેકોર્ડ્સની ગેરહાજરી અને સમાન હેતુ અથવા યોજનાબદ્ધ કાવતરાના કોઈ પુરાવા નહીં હોવાથી પાંચ આરોપીને નિર્દોષ જાહેર કર્યા હતા. કલવા પોલીસ સ્ટેશનમાં સાતમી ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજ બનેલી ઘટનામાં સબ-ઈન્સ્પેક્ટર અને અન્ય એક પોલીસ કર્મચારીએ આક્ષેપ કર્યો હતો કે આરોપીઓમાંના એકે તેમના શર્ટના કૉલર પકડ્યા હતા.

ફરિયાદ પક્ષના દાવાઓમાં અશક્યતાઓ તરફ નિર્દેશ કરતાં એડિશનલ સેશન્સ જજ વી. એલ. ભોસલેએ જણાવ્યું હતું કે આ શારીરિક રીતે અશક્ય છે. એક વ્યક્તિ એકસાથે બે જણના કૉલર ઝાલી શકે નહીં. આ વિરોધાભાસ કોઈ નજીવી બાબતનો નથી, પણ ફરિયાદ પક્ષના કેસનો મુખ્ય હાર્દ છે, કે કોણે કોના પર હુમલો કર્યો.

ફરિયાદ પક્ષ અનુસાર આરોપી કલવા પોલીસ સ્ટેશનમાં ઘૂસ્યા હતા અને અમુક પોલીસ અધિકારી સાથે ધક્કામુક્કી કરી હતી. આરોપી ચિત્તરંજન ભારતી, પવન કુરીલ, ચંદ્રકાંત કુરીલ, રૂપાલી કુરીલ અને સવિતા કુરીલ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૫૩, ૫૦૪, ૩૨૩ અને ૧૬૦ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. છઠ્ઠી આરોપી કાંચન મોતીલાલ કુરીલનું મૃત્યુ થતાં તેને કેસમાંથી બાકાત કરવામાં આવી હતી. (પીટીઆઈ)■

# પાલિકામાં સત્તા ભાજપની પણ અડધું મુંબઈ ઠાકરેના હાથમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રાજ્યની ૨૯ મહાનગરપાલિકાની ચૂંટણીના રિઝલ્ટ આવીને બે અઠવાડિયાથી વધુ સમય થઈ ગયો હોવા છતાં હજી સુધી મુંબઈના મૅયર પદ સહિત અન્ય પ્રભાગ સમિતિઓની ચૂંટણી થઈ નથી. મુંબઈ મહાનગરપાલિકામાં મૅયર પદની ચૂંટણી ૧૧ ફેબ્રુઆરીએ થવાની છે.

મુંબઈ પાલિકામાં બહુમતી ભાજપ અને શિંદેસેના પાસે હોવાથી પાલિકામાં કારભાર તેમના જ હાથમાં રહેશે અને મેયર પણ તેમનો હોવાનું નિશ્ચિત છે પણ પાલિકાની ૧૮ પ્રભાગ સમિતિમાંથી આઠ સમિતિ ઉદ્ધવ ઠાકરેની શિવસેના પાસે જવાની શક્યતા છે, જેમાં મુંબઈ શહેર અને ઉપનગરમાં પાલિકાના વોર્ડમાં મહાયુતિ અને ઠાકરેને એકસરખી સત્તા મળવાની શકયતા છે.

પાલિકામાં કુલ વોર્ડ ઓફિસની ૧૮ પ્રભાગ સમિતિ છે. આ ૧૮ પ્રભાગ સમિતિમાંથી આઠ સમિતિ પર ઠાકરેના નગરસેવકોને

(જુઓ પાનું ૪) ▶▶

# જુગારના અડ્ડા પર રેઈડ: ૧૬.૬૮ લાખની મતા જપ્ત

નાંદેડ: નાંદેડ જિલ્લામાં ગેરકાયદે પ્રવૃત્તિઓ સામે કાર્યવાહીના ભાગરૂપે પોલીસે જુગારના અડ્ડા પર રેઇડ પાડી હતી અને ૧૬.૬૮ લાખ રૂપિયાની મતા જપ્ત કરી હતી.

પોલીસની વિશેષ ટીમે જિલ્લાના બિલોલી ગામમાં આવેલા ખેતરમાં ચાલી રહેલા જુગારના અડ્ડા પર સોમવારે મોડી રાતે રેઇડ પાડી હતી અને ત્યાંથી ૩.૦૬ લાખની રોકડ, કાર, ૧૩ મોટરસાઇકલ, કાર તેમ જ પાંચ મોબાઇલ જપ્ત કર્યાં હતાં. રેઇડ દરમિયાન ઉપરોક્ત સ્થળે જુગાર રમી રહેલા કેટલાક લોકોને તાબામાં લેવામાં આવ્યા હતા. આ પ્રકરણે મહારાષ્ટ્ર ગેમ્બલિંગ એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. ■

# થાણેની બહુમાળી બિલ્ડિંગની આગમાં બે જખમી

## ૭૦થી વધુ રહેવાસીઓને બચાવી લેવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણે: થાણે પશ્ચિમમાં શાસ્ત્રી નગરમાં આવેલી ગ્રાઉન્ડ પ્લસ ૧૮ માળની બહુમાળીય બિલ્ડિંગના ઈલેક્ટ્રિક ડક્ટમાં મંગળવારે વહેલી પરોઢે લાગેલી આગમાં ૭૦થી વધુ ફસાઈ ગયેલા રહેવાસીઓને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા હતા. જોકે આગમાં બે સિનિયર સિટીઝન દાઝી ગયા હતા.

થાણે ડિઝાસ્ટર કંટ્રોલના જણાવ્યા મુજબ થાણે પશ્ચિમમાં શાસ્ત્રી નગરમાં ગ્રાઉન્ડ પ્લસ ૧૮ માળની મિલન હિલ નામની બિલ્ડિંગ આવેલી છે. મંગળવારે વહેલી સવારના ૪.૧૪ વાગે બિલ્ડિંગના ૧૦મા માળા પર આવેલા ઈલેક્ટ્રિક ડક્ટમાં અચાનક આગ ફાટી નીકળી હતી. આગ ૧૦માથી ૧૩મા માળા સુધીના ઈલેક્ટ્રિટ ડક્ટમાં ફેલાઈ ગઈ હતી અને તેને કારણે મોટા પ્રમાણમાં ધુમાડો પૂરી બિલ્ડિંગમાં ફેલાઈ ગયો હતો. ઈલેક્ટ્રિક ડકટની આગ ૧૦મા માળ પરના ફ્લેટ નંબર ૧૦૦૫ અને ૧૦૦૬ના ફ્લેટના મેઈન દરવાજામાં પણ ફેલાઈ ગઈ હતી. આગની જાણ થતા ફાયરબ્રિગેડ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. પૂરી બિલ્ડિંગમાં આગને કારણે ધુમાડો ફેલાઈ ગયો હતો.

વહેલી સવાર હોવાથી મોટાભાગના રહેવાસીઓ ઊંઘમાં હતા. આગની જાણ થયા બાદ બહાર નીકળવાની કોશિષ કરી હતી પણ ધુમાડો આખી બિલ્ડિંગમાં ફેલાઈ ગયો હતો. લગભગ ૭૦થી વધુ રહેવાસીઓ બિલ્ડિંગમાં ફસાઈ ગયા હતા, જેમાં ૧૦મા માળ પર આવેલા ફ્લેટ નંબર ૧૦૦૫ના ચાર રહેવાસી સહિત ફ્લેટ નંબર ૧૦૦૬ના ત્રણ રહેવાસીઓ પણ તેમના ઘરના દરવાજામાં આગ લાગી હોવાથી બહાર નીકળી શક્યા નહોતા. ફાયરબ્રિગેડે ઘટના સ્થળે પહોંચીને ભારે જહેમત બાદ તમામ રહેવાસીઓને બિલ્ડિંગની બહાર સુરક્ષિત રીતે કાઢયા હતા પણ આ દરમ્યાન ફ્લેટ નંબર ૧૧૦૪માં રહેતા રુચિરા દેશમુખ અને ૬૨ વર્ષના વિવેક પ્રધાન દાઝી ગયા હતા. ■

# નવી મુંબઈના ડ્રગ્સ તસ્કરોએ પોલીસ ટીમ પર કર્યો હુમલો: આઠ વિરુદ્ધ ગુનો

મુંબઈ: નવી મુંબઈમાં ડ્રગ્સ તસ્કરોને પકડવા માટે ગયેલી મુંબઈ પોલીસની એન્ટિ-નાર્કોટિક્સ ટીમ પર તેમણે શસ્ત્રોથી હુમલો કર્યો હતો, જ્યારે આસિસ્ટન્ટ પોલીસ ઇન્સ્પેક્ટરને મોટરસાઇકલથી કચડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ પ્રકરણે આઠ આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કરાયો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર નવી મુંબઈના ઉલવે વિસ્તારમાં ૩૧ જાન્યુઆરીએ મોડી રાતના એક ઓપરેશન દરમિયાન આ ઘટના બની હતી. ડ્રગ્સ તસ્કરો વિશે માહિતી મળ્યા બાદ પોલીસની ટીમ તેમને પકડવા માટે ઉલવેમાં શગુન ચોક નજીક પહોંચી ત્યારે પોલીસને જોઇને આરોપીઓએ ટીમ પર તલવાર, હોકી સ્ટિક અને કુહાડીથી હુમલો કર્યો હતો. આસિસ્ટન્ટ પોલીસ ઇન્સ્પેક્ટર કિરણ માંધરેએ એક આરોપીને પકડી પાડ્યો ત્યારે તેના સાથીદારે માંધરેને મોટરસાઇકલથી કચડવાનો પ્રયાસ કર્યો હતો, જેમાં માંધરેને ઇજા થઇ હતી. આરોપીઓએ કરેલા હુમલામાં અમુક પોલીસકર્મી પણ ઘાયલ થયા હતા. દરમિયાન હુમલાની જાણ થતાં પોલીસ કર્મચારીઓની મદદ માટે પોલીસની વધુ એક ટીમને ત્યાં મોકલવામાં આવી હતી. આ ઘટના બાદ પોલીસે ઇસ્માઇલ શેખ, શાહીદ ખાન, અયાઝ ખાન, આસિફ ખાન, મેરાજ ખાન, નિઝામ સહિત આઠ જણ સામે ગુનો દાખલ કર્યો હતો. ■

# ચાર પિસ્તોલ-કારતૂસ સાથે યુવકની ધરપકડ

થાણે: ભિવંડીમાં પેટ્રોલિંગ દરમિયાન પકડાયેલા યુવક પાસેથી દેશી બનાવટની ચાર પિસ્તોલ અને ચાર કારતૂસ જપ્ત કરવામાં આવી હતી. નારપોલી પોલીસ સ્ટેશનના અધિકારીના જણાવ્યા મુજબ એન્ટી નાર્કોટિક્સ સેલના અધિકારીઓ સોમવારે પેટ્રોલિંગ પર હતા ત્યારે ભિવંડીના વેહળે-બટલે પરિસરમાંથી સોહિલ બેગ સોરાબ બેગ મિરઝા (૨૦)ને તાબામાં લેવામાં આવ્યો હતો. મિરઝાની હિલચાલ શંકાસ્પદ જણાતાં તેની પૂછપરછ કરવામાં આવી હતી. તેની પાસેની બૅગની તપાસ કરવામાં આવતાં ચાર પિસ્તોલ અને કારતૂસ મળી આવી હતી. મધ્ય પ્રદેશના ભિંડ જિલ્લામાં રહેતા આરોપી મિરઝા વિરુદ્ધ ગુનો નોંધી તેની ધરપકડ કરવામાં આવી હતી. આરોપીએ ક્યાંથી શસ્ત્રો પ્રાપ્ત કર્યાં હતાં અને કોને વેચવાનો હતો તેની તપાસ કરવામાં આવી રહી છે. (પીટીઆઈ)■

# ચેમ્બુરમાં કર્મચારીની મારપીટ કરીને જાતિવાદી ટિપ્પણી કરવા બદલ બિલ્ડર સામે ગુનો દાખલ

મુંબઈ: ચેમ્બુરમાં આવેલી ઓફિસમાં કર્મચારીની મારપીટ કરીને જાતિવાદી ટિપ્પણી કરવા પ્રકરણે જાણીતા બિલ્ડર વિરુદ્ધ પોલીસે ગુનો દાખલ કર્યો હતો. ચેમ્બુરમાં બિલ્ડર સુશિલ રાહેજાની ઓફિસમાં સોમવારે આ ઘટના બની હતી અને આ પ્રકરણે નોંધાયેલી ફરિયાદને આધારે સુશિલ રાહેજા વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. રાહેજાની ઓફિસમાં પ્યૂન તરીકે કામ કરનારા યુવકે આ પ્રકરણે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસ ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે યુવકે કરેલી ભૂલને કારણે બિલ્ડરે પિત્તો ગુમાવ્યો હતો અને બિલ્ડરે યુવકને જાતિવાદી અપશબ્દો કહ્યા હતા. (પીટીઆઇ)■

# દિલ્હી સતત ચોથી વખત ડબ્લ્યૂપીએલની ફાઇનલમાં


મુંબઈમાં રહેતી જેમિમાએ દિલ્હી કૅપિટલ્સને પ્રથમ ટ્રૉફીની નજીક પહોંચાડી દીધી. (પીટીઆઇ)

વડોદરાઃ વિમેન્સ પ્રીમિયર લીગ (ડબ્લ્યૂપીએલ) તરીકે ઓળખાતી મહિલાઓની આઇપીએલમાં દિલ્હી કૅપિટલ્સની ટીમ મંગળવારે સતત ચોથી વખત ફાઇનલમાં પહોંચી ગઈ હતી. આ વખતે પહેલી જ વખત ભારતની વર્લ્ડ કપ સ્ટાર જેમિમા રૉડ્રિગ્સ આ ટીમનું નેતૃત્વ સંભાળી રહી છે અને તેની ટીમે (દિલ્હીએ) એલિમિનેટરમાં ગુજરાત જાયન્ટ્સને પરાજિત કરીને ગુરુવારની ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો જેમાં એનો મુકાબલો જેમિમાની મિત્ર સ્મૃતિ મંધાનાની આગેવાનીમાં રમતી રૉયલ ચૅલેન્જર્સ બેંગ્લૂરુ સામે થશે.

દિલ્હીએ ૧૬૯ રનનો લક્ષ્યાંક ૧૫.૪ ઓવરમાં ત્રણ વિકેટના ભોગે મેળવી લીધો હતો. ઓપનર લિઝેલ લીએ ૪૩ રન બનાવ્યા બાદ ખુદ જેમિમાએ (૪૧) અને લૉરા વૉલ્વાર્ટે (૩૨) તથા શેફાલી (૩૧ રન) દિલ્હીની ટીમને મોટા યોગદાનો આપીને સેમિ ફાઇનલ સમાન મૅચમાં શાનદાર વિજય અપાવ્યો હતો.

એ પહેલાં, ગુજરાત જાયન્ટ્સે બૅટિંગ મળ્યા પછી ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૬૮ રન કર્યા હતા અને ભારતની વર્લ્ડ કપ સ્ટાર જેમિમા રૉડ્રિગ્સના નેતૃત્વ હેઠળની દિલ્હી કૅપિટલ્સની ટીમને ૧૬૯ રનનો પડકારરૂપ લક્ષ્યાંક આપ્યો હતો. દિલ્હી વતી રમતી વેસ્ટ ઇન્ડિયન પેસ બોલર શિનેલ હેન્રીએ સૌથી વધુ ત્રણ તેમ જ ચંડીગઢમાં જન્મેલી નંદની શર્માએ બે વિકેટ લીધી હતી. અનુભવી ઓપનર બેથ મૂની (૬૨ અણનમ, ૫૧ બૉલ, છ ફોર)એ એક ગઢ સાચવી રાખીને ટીમને મોટી મુશ્કેલીમાંથી બચાવી હતી. જ્યોર્જિયા વેરમે (૩૫ રન, પચીસ બૉલ, એક સિક્સર, ત્રણ ફોર) પણ ગુજરાતની ટીમને સન્માનજનક સ્કોર માટે યોગદાન આપ્યા હતા.

ડબ્લ્યૂપીએલમાં પહેલી વખત મુંબઈ ઇન્ડિયન્સની ટીમ નહોતી, કારણકે આ ટીમ રવિવારે સ્પર્ધાની બહાર થઈ ગઈ હતી. ■

# શનિવારથી મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપઃ વિદેશી ટીમો વતી રમશે ૪૦ ભારતીય ક્રિકેટરો!




નવી દિલ્હીઃ શનિવાર, સાતમી ફેબ્રુઆરીએ શરૂ થનારા મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપમાં સહ-યજમાન ભારતના ૧૫ ખેલાડી તો રમતા જોવા મળશે જ, એ ઉપરાંત વિદેશી ટીમો વતી ભારતીય મૂળના બીજા ૪૦ જેટલા ખેલાડીઓ પણ મેદાન પર જોવા મળશે. વધુ નવાઈની વાત એ છે કે વિદેશોની ચાર ટીમમાં ૩૪ જેટલા પ્લેયર છે.

વાત એવી છે કે દુનિયાભરના કરોડો ક્રિકેટપ્રેમીઓ ભારત અને શ્રીલંકામાં સંયુક્ત રીતે રમાનારા ક્રિકેટના મહાકુંભના આરંભની વાટ જોઈને બેઠા છે. સાતમી ફેબ્રુઆરીના પહેલા જ દિવસે ત્રણ મૅચ રમાવાની છે જેમાંની એક મૅચ ભારત અને યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા (યુએસએ) વચ્ચે છે જે વાનખેડે સ્ટેડિયમમાં સાંજે ૭.૦૦ વાગ્યાથી રમાશે.

ખાસ કરીને યુએસએ, કૅનેડા અને યુનાઇટેડ આરબ એમિરેટ્સ (યુએઇ)માં ભારતીય મૂળના ખેલાડીઓની ભરમાર છે. ભૂતકાળમાં ગુજરાતની ટીમ વતી વાનખેડેમાં જસપ્રીત બુમરાહ સાથે રમી ચૂકેલો મોનાંક પટેલ અમેરિકાનો કૅપ્ટન છે. એ જ ટીમમાં મુંબઈમાં જન્મેલા પેસ બોલર સૌરભ નેત્રાવલકરનો પણ સમાવેશ છે. આ બે ખેલાડીએ જે દેશમાં જન્મ લીધો એ દેશ વતી તેમને રમવા નથી મળ્યું, પણ હવે એ જ દેશની વિરુદ્ધમાં રમતા જોવા મળશે.

કૅનેડાની ટીમમાં ભારતીય મૂળના ૧૧ ખેલાડી અને યુએઇની ટીમમાં સાત ખેલાડી છે. આ વખતના વર્લ્ડ કપમાં કુલ ૨૦ દેશ ભાગ લેશે. ■

# આઈપીએલે જગદીશનને અવગણ્યો, પણ અમેરિકા સામે મૅચવિનર બન્યો

નવી મુંબઈઃ તમિળનાડુના વિકેટકીપર-બૅટ્સમૅન નારાયણન જગદીશને (૧૦૪ રન, પંચાવન બૉલ, પાંચ સિક્સર, અગિયાર ફોર) સોમવારે ભારતને અહીં ટી-૨૦ વર્લ્ડ કપ પહેલાંની અમેરિકા સામેની પ્રથમ વૉર્મ-અપ મૅચમાં શાનદાર વિજય અપાવ્યો હતો. જગદીશનને ૨૦૨૬ની આઇપીએલ માટેના મિની ઑક્શનમાં એક પણ ટીમે નહોતો ખરીદ્યો. ભારતને પ્રથમ બૅટિંગ મળ્યા પછી ૩/૨૩૮ રનનો પડકારરૂપ સ્કોર અપાવવામાં કૅપ્ટન આયુષ બદોની (૬૦ રન, ૨૬ બૉલ, ચાર સિક્સર, છ ફોર)નું પણ મહત્ત્વનું યોગદાન હતું. કમબૅકમૅન તિલક વર્માએ ૨૪ બૉલમાં બે સિક્સર, ત્રણ ફોરની મદદથી ૩૮ રન કર્યા હતા.

મોનાંક પટેલના નેતૃત્વમાં અમેરિકાની ટીમ ઓપનર ઍન્ડ્રિસ ગૌસના ૪૪ રન તથા સંજય ક્રિષ્નમૂર્તિના ૪૧ રન છતાં લક્ષ્યાંક નહોતી મેળવી શકી.

અમેરિકાની ટીમ ૧૯.૪ ઓવરમાં ૨૦૦ રને ઑલઆઉટ થતાં ભારતનો ૩૮ રનથી વિજય થયો હતો. રવિ બિશ્નોઈએ ત્રણ, ખલીલે બે, નમન ધીરે બે તેમ જ બદોની, તિલક અને અશોક શર્માએ એક-એક વિકેટ લીધી હતી. હવે બુધવારે ભારતની સાઉથ આફ્રિકા સામે વૉર્મ-અપ મૅચ (સાંજે ૭.૦૦થી) રમાશે. ■

# પાકિસ્તાનનું હવે આવી બન્યુંઃ ટીવી બ્રૉડકાસ્ટરો કાનૂની પગલું લેવાની તૈયારીમાં

નવી દિલ્હીઃ ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)એ પાકિસ્તાનને ચેતવણી આપી દીધી છે કે જો એની ટીમ શનિવારે શરૂ થતા ટી-૨૦ વર્લ્ડ કપમાં ૧૫મી ફેબ્રુઆરીએ કોલંબોમાં ભારત સામેની મૅચ નહીં રમે તો ટીવી બ્રૉડકાસ્ટરો પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ સામે કાનૂની પગલાં ભરશે. બીજી તરફ, આ હાઇ-વૉલ્ટેજ મુકાબલા માટે ઘણા ઍડવર્ટાઇઝર્સે પણ કરોડો રૂપિયાની જાહેરખબરને લગતા કૉન્ટ્રૅક્ટ કરી રાખ્યા હોય અને મોટા ખર્ચ કરીને જાહેરખબરો તૈયાર કરાવી હોય, પરંતુ હવે પાકિસ્તાને ભારત સામે ન રમવાનો અચાનક નિર્ણય લીધો એને પગલે આ જાહેરખબરો આપનારાઓ પણ વિફર્યા છે.

પાકિસ્તાન સરકારે બાંગ્લાદેશની ટીમના સપોર્ટમાં ‘એક્સ’ પર જાહેર કર્યું છે કે એની ટીમ ભારત સામે નહીં રમે. જોકે આઇસીસીને સત્તાવાર રીતે હજી એણે જણાવ્યું નથી.

પીટીઆઇના એક અહેવાલ મુજબ પાકિસ્તાન જો ભારત સામેની ૧૫મી ફેબ્રુઆરીની મૅચ નહીં રમે તો આઇસીસી પાકિસ્તાનના વાર્ષિક હિસ્સાની ૩૫ મિલિયન ડૉલર (અંદાજે ૩૧૬ કરોડ રૂપિયા)ની રકમ અટકાવી રાખશે અને એ રકમનો ઉપયોગ બ્રૉડકાસ્ટરોને ભરપાઈ કરવા માટે વાપરશે.

પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના ચીફ મોહસિન નકવીએ વડા પ્રધાન શેહબાઝ શરીફ સાથે ઘણી વાર બેઠક યોજી છે અને પોતાની કાનૂની ટીમ સાથે પણ સલાહ મસલત કરી છે અને પાકિસ્તાન સરકાર કોઈ પણ આર્થિક નુકસાન માટે તૈયાર હોવાનું જણાય છે. ■

# ૧૫મીએ પાકિસ્તાનની મહિલા ક્રિકેટરો ભારતીય વિમેન્સ ટીમ સામે આ મૅચ રમશે કે નહીં?

બૅન્ગકૉકઃ ૧૫મી ફેબ્રુઆરીએ કોલંબોમાં ભારત સામેની મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપની મૅચનો પાકિસ્તાને બહિષ્કાર કર્યો છે, પણ એ જ દિવસે થાઇલૅન્ડમાં મહિલા ક્રિકેટરો વચ્ચે ભારત અને પાકિસ્તાન મહિલા ટીમ વચ્ચે જે ટી-૨૦ મૅચનું ઘણા દિવસો પહેલાં આયોજન થયું છે એ મૅચમાં પાકિસ્તાનની મહિલા ટીમ રમશે કે નહીં એની ક્રિકેટ જગતમાં ચર્ચા થઈ રહી છે.

બાંગ્લાદેશમાં હિન્દુઓની હત્યાઓ થતાં ભારતે બાંગ્લાદેશના પેસ બોલર મુસ્તફિઝુર રહમાનને આઇપીએલમાંથી કાઢી મૂકતાં બાંગ્લાદેશે ભારતમાં મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપની મૅચો રમવા આવવાની ના પાડી એટલે આઇસીસીએ બાંગ્લાદેશને ટૂર્નામેન્ટની બહાર કરી દીધું. ત્યાર બાદ પાકિસ્તાને બાંગ્લાદેશના સપોર્ટમાં ભારત સામેની કોલંબોમાં ૧૫મીની મૅચ રમવાનો ઇનકાર કરીને મોટો વિવાદ ઊભો કર્યો છે.

હવે વાત એવી છે કે એ જ દિવસે (૧૫મી ફેબ્રુઆરીએ) બૅન્ગકૉકમાં મહિલાઓ માટેની રાઇઝિંગ સ્ટાર્સ એશિયા કપ નામની ટી-૨૦ ટૂર્નામેન્ટમાં ભારત વિમેન્સ ટીમ વિરુદ્ધ પાકિસ્તાન વિમેન્સ ટીમની મૅચ રાખવામાં આવી છે જેમાં પાકિસ્તાન સરકાર પોતાના દેશની મહિલાઓને ભારત સામે રમવાની છૂટ આપશે કે નહીં એ જોવું રહ્યું. આ ટૂર્નામેન્ટ ૧૩મી ફેબ્રુઆરીએ (નવ દિવસ બાદ) શરૂ થવાની છે.

જોવાનું એ છે કે જો પાકિસ્તાન સરકાર પોતાની મહિલાઓને ભારત સામેની બૅન્ગકૉકની મૅચમાં રમવા દેશે તો એણે ડબલ સ્ટાન્ડર્ડ રાખ્યું કહેવાય. પુરુષોને ટીમ ઇન્ડિયા સામે રમવા નથી દેવા, પણ મહિલાઓને રમવાની છૂટ આપી છે. એ ટૂર્નામેન્ટ માટે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે પોતાની મહિલા ટીમની જાહેરાત પણ કરી દીધી છે.

રાઇઝિંગ સ્ટાર્સ એશિયા કપમાં ભારત અને પાકિસ્તાન ઉપરાંત નેપાળ, યુએઇ, બાંગ્લાદેશ, મલયેશિયા, શ્રીલંકા અને થાઇલૅન્ડની ટીમ પણ ભાગ લેશે. ■

# ઇંગ્લૅન્ડ અન્ડર-૧૯ વર્લ્ડ કપની ફાઇનલમાં, આજે ભારત વિરુદ્ધ અફઘાનિસ્તાન

બુલવૅયોઃ અહીં ચાલતી મેન્સ અન્ડર-૧૯ વન-ડે વર્લ્ડ કપ ટૂર્નામેન્ટમાં મંગળવારે ઇંગ્લૅન્ડે ડિફેન્ડિંગ ચૅમ્પિયન ઑસ્ટ્રેલિયાને રોમાંચક સેમિ ફાઇનલમાં ૨૭ રનથી હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. ઇંગ્લૅન્ડે કૅપ્ટન થૉમસ રયૂના ૧૧૦ રનની મદદથી સાત વિકેટે ૨૭૭ રન કર્યા હતા. જવાબમાં ઑસ્ટ્રેલિયાની ટીમ કૅપ્ટન ઑલિવર પીક (૧૦૦ રન)ની સદી છતાં ૨૫૦ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ જતાં હારી ગઈ હતી. હવે બુધવારે બીજી સેમિ ફાઇનલમાં ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે ટક્કર (બપોરે ૧.૦૦ વાગ્યાથી) થશે અને એમાં જીતનારી ટીમ શુક્રવારે હરારેની ફાઇનલમાં રમશે. ભારતનો કૅપ્ટન આયુષ મ્હાત્રે છે અને વૈભવ સૂર્યવંશી, હેનિલ પટેલ, ખિલન પટેલ, વિકેટકીપર અભિજ્ઞાન કુન્ડુ સહિતના કેટલાક મુખ્ય ખેલાડીઓ પર ભારતીય ટીમનો વધુ આધાર રહેશે. ■

# ભારતની સ્ક્વોશ ખેલાડી અનાહત પ્રથમ બ્રૉન્ઝ-લેવલ તાજ જીતી



નવી દિલ્હીઃ ભારતીય યુવા સ્ક્વોશ ખેલાડી અનાહત સિંહે પોતાનું શાનદાર ફૉર્મ યથાવત રાખતા દુનિયાની ૧૦મા નંબરની ખેલાડી ઈંગ્લેન્ડની જોર્જિના કેનેડીને ૧૨-૧૦, ૧૧-૫, ૧૧-૭થી હરાવીને વૉશિંગ્ટનમાં પીએસએ બ્રૉન્ઝ લેવલનું ટાઈટલ જીત્યું હતું.

વર્લ્ડ રેન્કિંગમાં ૩૧મું સ્થાન ધરાવતી ૧૫ વર્ષીય અનાહતે સ્ક્વોશ ઓન ફાયર ઓપન જીત્યું, જે તેની કારકિર્દીનું ૧૫મું ટાઈટલ છે.

આ વિજય ૧૫ વર્ષીય અનાહતના કરિયરનું સૌથી મોટું ટાઈટલ છે અને પીએસએ ટૂર પર આ તેનું કુલ ૧૫મું ટાઈટલ છે. જે ફક્ત ૨૬ ટુર્નામેન્ટમાં હાંસલ કર્યું છે. ■

# પાકિસ્તાનના ગુજરાતી ક્રિકેટર કનેરિયાએ કહ્યું, ‘લોકો હવે એવું સમજશે કે પાકિસ્તાની ખેલાડીઓ ભારતથી ડરી ગયા છે’

કરાચીઃ પાકિસ્તાનના ભૂતપૂર્વ સ્પિનર અને ગુજરાતી વૈષ્ણવ સમાજના ક્રિકેટર દાનિશ કનેરિયાએ ફરી એકવાર પાકિસ્તાનના જ અભિગમને વખોડ્યો છે, આખા દેશને શરમમાં મૂકી દે એવી સ્પષ્ટ હકીકત તરફ સૌનું ધ્યાન દોર્યું છે અને સંકેત આપ્યો છે કે પાકિસ્તાન સરકારે ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારત સામેની ૧૫મી ફેબ્રુઆરીની મૅચ ન રમવાનો નિર્ણય વિચાર્યા વગર લીધો છે.


પત્ની ધર્મિતા સાથે વૈષ્ણવ સમાજનો પાકિસ્તાની ક્રિકેટર દાનિશ કનેરિયા.

## નૉકઆઉટની એન્ટ્રી મુશ્કેલ બનાવી

કનેરિયાનું એવું કહેવું છે કે ભારત સામે ન રમવાનું નક્કી કરીને પાકિસ્તાને પોતાની જ ક્રિકેટને નુકસાન પહોંચાડ્યું છે. લોકો તો એવું જ માની લેશે કે ભારત સામે રમતાં પાકિસ્તાન ડરી ગયું છે એટલે વર્લ્ડ કપમાં રમવાનું ટાળ્યું છે. આવું કરીને પાકિસ્તાને પોતે જ વર્લ્ડ કપના નૉકઆઉટ રાઉન્ડમાં પોતાના પ્રવેશને મુશ્કેલ બનાવી દીધું.’

કનેરિયાએ ભારતની જ જાણીતી સમાચાર સંસ્થા આઈએએનએસને કહ્યું છે કે પહેલાં પાકિસ્તાને આઈસીસીને એવું કહ્યું હતું કે અમે ભારતમાં રમવા નહીં જઈએ. તેમની એ વિનંતી સ્વીકારી લેવામાં આવી અને તેમની બધી મૅચો શ્રીલંકામાં રાખવામાં આવી. હવે ભારત સામેની મૅચ કોલંબોમાં રાખવામાં આવી છે તો પાકિસ્તાન રમવાની ના પાડે છે. આ મૅચનો બહિષ્કાર કરવા પાછળ કોઈ તથ્ય જ મને દેખાતું નથી. પાકિસ્તાન એવું માને છે કે એણે બાંગ્લાદેશને સપોર્ટ કર્યો છે, પરંતુ હકીકત એ છે કે બાંગ્લાદેશની ટીમને જ વર્લ્ડ કપમાંથી કાઢી મૂકવામાં આવી છે. આ બધું જોતાં પાકિસ્તાને પોતાની ક્રિકેટ પર જ બધું ધ્યાન આપવું જોઈતું હતું. પાકિસ્તાન પોતે ભારત સામે નહીં રમે તો દુનિયાભરના લોકોને એવું લાગશે કે ભારતથી પાકિસ્તાન ડરી ગયું છે એટલે એની સામે રમવાનું માંડી વાળ્યું. પાકિસ્તાને બહુ ખોટો નિર્ણય લીધો છે.’

## કનેરિયાનો પાકિસ્તાનને વધુ એક ટોણો

કનેરિયા સ્પષ્ટવક્તા છે અને તેણે મુલાકાતમાં એવું પણ કહ્યું કે ભારત-પાકિસ્તાનની મૅચ કરોડો રૂપિયાની આવક ઊભી કરી આપતી હોય છે એવું હવે પાકિસ્તાન નહીં કહી શકે, કારણકે એણે પોતે જ ભારત સામે રમવાનું ટાળ્યું છે. બીજી રીતે કહું તો ભારતની જેમ બ્રૅન્ડ ક્રિકેટ રમવામાં પાકિસ્તાન માનતું જ નથી. વન-ડેનો વર્લ્ડ કપ હોય કે ટી-૨૦નો વિશ્વ કપ બંનેમાં ભારતે પાકિસ્તાનને ખૂબ હરાવ્યું છે.’

## કનેરિયાએ ૨૭૬ વિકેટ લીધી હતી

કરાચીમાં જન્મેલો દાનિશ પ્રભાશંકર કનેરિયા ૪૫ વર્ષનો છે. તે ૨૦૦૦-૨૦૧૦ દરમ્યાન પાકિસ્તાન વતી કુલ ૭૯ આંતરરાષ્ટ્રીય મૅચ રમ્યો હતો અને એમાં તેણે કુલ ૨૭૬ વિકેટ લીધી હતી. ■

# પાકિસ્તાનના વિકેટકીપરે સ્ટમ્પિંગ કર્યું ડાબા હાથે, પણ બૉલ હતો તેના જમણા હાથમાં

## અમ્પાયરે ઑસ્ટ્રેલિયન બૅટ્સમૅનને આઉટ આપ્યો!



લાહોરઃ તાજેતરમાં અહીં ઑસ્ટ્રેલિયા સામેની ત્રીજી અને અંતિમ ટી-૨૦માં પાકિસ્તાનના વિકેટકીપર ખ્વાજા નૅફેની ગરબડ કહો કે ચાલાકી, તેણે એવું કર્યું કે મેદાન પરના બેમાંથી કોઈ અમ્પાયર કે થર્ડ અમ્પાયર પણ તેની કરામત પારખી ન શક્યા અને નસીબવંતા ખ્વાજાના નામે કૂપર કૉનોલી (૦)નું સ્ટમ્પિંગ લખાઈ ગયું હતું.

ખરેખર તો ખ્વાજાની આ હાથચાલાકી જ હતી અને અમ્પાયરોએ બ્લન્ડર કર્યું હતું. વિકેટકીપર ખ્વાજાએ સ્ટમ્પિંગ વખતે ડાબા હાથે સ્ટમ્પ્સ પરની બેલ્સ ઉડાડી દીધી ત્યારે બૉલ તેના ડાબા હાથમાં નહીં, પણ જમણા હાથમાં હતો. પાકિસ્તાનના કૅપ્ટન સલમાન અલી આગા, બાબર આઝમ, ફખર ઝમાન, સઇમ અયુબ સહિતના તમામ સાથી ખેલાડીઓ તાળી પાડીને ખ્વાજા પર આફરીન થઈ ગયા હતા.

## ઑસ્ટ્રેલિયા હારવાની તૈયારીમાં હતું

એ સ્ટમ્પિંગ વખતે ઑસ્ટ્રેલિયાની ટીમ હારવાની તૈયારીમાં હતી એટલે બહુ વિવાદ નહોતો થયો. કૉનોલીની વિકેટ પડી ત્યારે ઑસ્ટ્રેલિયાનો સ્કોર ૨૦૮ રનના લક્ષ્યાંક સામે ૭/૮૨ હતો અને ત્યાર બાદ બીજા ૧૪ રનમાં બાકીની ત્રણ વિકેટ પડી જતાં ઑસ્ટ્રેલિયા ૯૬ રન પર ઑલઆઉટ થઈ ગયું હતું અને એ મૅચ ૧૧૧ રનથી હારી ગયું હતું. પાકિસ્તાને સિરીઝ ૩-૦થી જીતી લીધી હતી.

## તમામ અમ્પાયર પાકિસ્તાનના હતા

કૉનોલી-ખ્વાજાની ઘટના ૧૪મી ઓવરમાં બની હતી. લેફ્ટ-આર્મ સ્પિનર મોહમ્મદ નવાઝે ફેંકેલા બૉલમાં કૉનોલી તેના સ્પિનને સમજી નહોતો શક્યો અને ક્રીઝની બહાર નીકળીને શૉટ મારવા ગયો ત્યારે ખ્વાજાએ ડાબા હાથથી બેલ્સ ઉડાડી દીધી હતી. મેદાન પરના બન્ને અમ્પાયર નાસિર હુસેન અને રાશિદ રિયાઝ પાકિસ્તાનના હતા તેમ જ થર્ડ અમ્પાયર તારિક રાશિદ, રિઝર્વ અમ્પાયર ઝુલ્ફીકાર જૅન તેમ જ મૅચ રેફરી અલી નકવી પણ પાકિસ્તાનના જ હતા. કૉનોલીને સ્ટમ્પિંગમાં અમ્પાયરે આઉટ આપ્યો ત્યાર બાદ જે ઍક્શન રિપ્લે બતાવવામાં આવ્યું એમાં સ્પષ્ટ દેખાતું હતું કે બૉલ ખ્વાજાના જમણા હાથમાં હતો અને તેણે બેલ્સ ડાબા હાથથી ઉડાડી હતી. ઑસ્ટ્રેલિયાની ટીમ તરફથી પણ કોઈએ વિરોધ નહોતો કર્યો.

## આઈસીસીનો નિયમ શું કહે છે?

આઇસીસીના ૨૯.૨.૧ નંબરના નિયમમાં જણાવાયું છે કે જો વિકેટકીપર સ્ટમ્પિંગ કે રનઆઉટ કરે કે ફીલ્ડર રનઆઉટ કરે ત્યારે તેણે જે હાથે બૅટ્સમૅનને સ્ટમ્પિંગ કે રનઆઉટ કર્યો હોય ત્યારે તેના એ હાથમાં બૉલ હોય તો જ બૅટ્સમૅન આઉટ કહેવાય. નહીં તો અમ્પાયર અપીલ નકારી શકે છે. જોકે કૉનોલી-ખ્વાજા નૅફેના કિસ્સામાં આવું નહોતું બન્યું. ■

# ટેસ્ટ ક્રિકેટ માટે બદલાયો એક નિયમઃ મહિલા-મૅચ માટેના બૉલના વજનમાં ફેરફાર અને ‘લૅમિનેટેડ બૅટની છૂટ’

## ટેસ્ટમાં દિવસની આખરી ઓવરમાં વિકેટ પડશે તો એ દિવસની રમતને ત્યાં જ નહીં અટકાવવામાં આવે

લંડનઃ ક્રિકેટના નિયમો ઇંગ્લૅન્ડની મૅરિલબૉન ક્રિકેટ ક્લબ (એમસીસી) દ્વારા ઘડવામાં આવતા હોય છે અને આ બ્રિટિશ સંસ્થાએ ૭૩ જેટલા કાયદામાં નાના-મોટા ફેરફાર કર્યા છે જેમાં ખાસ કરીને એક સૌથી મોટો ફેરફાર ટેસ્ટ ક્રિકેટને લગતો છે.

એમસીસીએ ટેસ્ટ ક્રિકેટના એક નિયમમાં જે ફેરફાર કર્યો છે એનાથી આ ફૉર્મેટમાં રોમાંચ વધશે. આ ફેરફાર પાંચ દિવસની ટેસ્ટ મૅચમાં પ્રત્યેક દિવસે છેવટના ભાગ દરમ્યાન બનતી ઘટના સંબંધમાં છે.

એમસીસીએ કરેલા ફેરફાર અનુસાર જો ટેસ્ટ મૅચ દરમ્યાન દિવસની આખરી ઓવરમાં વિકેટ પડશે તો એ દિવસની રમતને ત્યાં જ નહીં અટકાવવામાં આવે. એ અંતિમ ઓવર પૂરી ન થાય ત્યાં સુધી (છેલ્લા બૉલ સુધી) એ દિવસની રમત ચાલુ રહેશે. સામાન્ય રીતે એવું બનતું હોય છે કે ટેસ્ટમાં કોઈ દિવસે છેલ્લી ઓવરમાં વિકેટ પડે તો રમતને અમ્પાયર ત્યાં જ અટકાવી દેતા હોય છે અને એ ઓવરના બાકી રહેલા બૉલ પછીના દિવસે શરૂઆતમાં ફેંકવામાં આવે છે અને એ રીતે એ અધૂરી ઓવર પૂરી કરવામાં આવે છે.

હાલમાં દિવસની અંતિમ ઓવરમાં વિકેટ પડે તો રમત ત્યાં જ અટકાવી દેવામાં આવતાં બૅટિંગ કરતી ટીમ પોતાની રણનીતિ મુજબ પછીના દિવસે નવા બૅટ્સમૅનને રમવા મોકલે છે. જોકે એમસીસીના ફેરફાર મુજબ હવે અંતિમ ઓવરમાં પાંચમા બૉલ પર પણ જો વિકેટ પડશે તો એ ઓવર (બૅટિંગ ટીમે નવા બૅટ્સમૅનને બોલાવીને) એ જ દિવસે એ ઓવર પૂરી કરવી પડશે કે જેથી ફીલ્ડિંગ કરતી ટીમ હરીફ ટીમ પરનું દબાણ ચાલુ રાખી શકે.

મહિલા ક્રિકેટ અને જુનિયર ક્રિકેટ (અન્ડર-૧૩માં) વપરાતા બૉલના વજન-કદમાં નજીવો ફેરફાર કરાયો છે. અત્યાર સુધી મહિલા ક્રિકેટમાં બૉલનું વજન ૧૪૦થી ૧૫૧ ગ્રામ વચ્ચેનું હોય છે અને બૉલની સાઇઝ ૨૧-૨૨.૫ સેન્ટિમીટર હોય છે. નવા નિયમ મુજબ હવેથી બૉલનું વજન ૧૪૦થી ૧૪૯ ગ્રામ વચ્ચેનું રહેશે અને બૉલનું વજન ૨૧.૫થી ૨૨.૦૦ સેન્ટિમીટર રહેશે. જુનિયર ક્રિકેટમાં અત્યાર સુધી બૉલનું વજન ૧૩૩-૧૪૪ ગ્રામ અને સાઇઝ ૨૦.૫-૨૨.૦૦ સેન્ટિમીટર હોય છે. હવે આ ક્રિકેટ માટેના બૉલનું વજન ૧૪૦-૧૪૪ ગ્રામ અને સાઇઝ ૨૦.૫-૨૧ સેન્ટિમીટર રહેશે. પુરુષોની મુખ્ય ક્રિકેટમાં વપરાતા બૉલના વજન કે કદમાં કોઈ ફેરફાર નથી કરાયો.

ઓપન એજ ક્રિકેટ (ઇંગ્લિશ ક્રિકેટ બોર્ડ અનુસાર ૧૩-પ્લસ ક્લબ ક્રિકેટ તેમ જ રીક્રિએશનલ ક્રિકેટ)માં હવે એમસીસીએ લૅમિનેટેડ બૅટનો ઉપયોગ કરવાની છૂટ આપી છે. વિશ્વભરમાં બૅટનો ઉત્પાદન ખર્ચ વધી રહ્યો હોવાથી એમસીસીએ આ ખર્ચ-વધારાને ધીમો પાડવા આ નવો ફેરફાર કર્યો છે. ■

# ઓસ્ટ્રેલિયાની મુશ્કેલી વધી, હેઝલવૂડ શરૂઆતની મેચમાં નહીં રમે




સિડનીઃ ટી-૨૦ વર્લ્ડકપ અગાઉ ઓસ્ટ્રેલિયાની ટીમને મોટો ઝટકો લાગ્યો હતો. ઓસ્ટ્રેલિયાનો ફાસ્ટ બોલર જોશ હેઝલવૂડ ઈજામાંથી સ્વસ્થ થયા બાદ શ્રીલંકામાં રમાનારા ટી-૨૦ વર્લ્ડ કપની શરૂઆતની મેચો માટે ટીમ સાથે પ્રવાસ કરશે નહીં. રાષ્ટ્રીય પસંદગીકાર ટોની ડોડેમેડે સોમવારે આ જાહેરાત કરી હતી. નાથન હિલ્સ, ટિમ ડેવિડ અને ગ્લેન મેક્સવેલ કોલંબો પહોંચ્યા છે અને મંગળવારે ટીમમાં જોડાશે.

ઓસ્ટ્રેલિયા શ્રીલંકામાં ચાર પ્રારંભિક રાઉન્ડ મેચ રમશે. તેમની પહેલી મેચ ૧૧ ફેબ્રુઆરીએ આયરલેન્ડ સામે છે. હેઝલવૂડ ટુર્નામેન્ટના શરૂઆતના રાઉન્ડ દરમિયાન સિડનીમાં રહેશે. સીન એબોટ ટ્રાવેલ રિઝર્વ તરીકે ટીમ સાથે પ્રવાસ કરશે. ગયા અઠવાડિયે અનુભવી ઝડપી બોલર પેટ કમિન્સને સતત પીઠની ઈજાને કારણે સમગ્ર ટૂર્નામેન્ટમાંથી બહાર કરવામાં આવ્યો હતો. તેના સ્થાને બેન દ્વારશુઈસને ૧૫ સભ્યોની ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. ડોડેમેડે કહ્યું હતું કે એબોટ એલિસના બેકઅપ બોલર તરીકે છે. ■

# ટેરિફ ઘટાડાના ઇંધણથી ધગધગતી તેજીઃ ભારત-યુએસ સોદાને કારણે નિફ્ટી નવી છલાંગ સાથે ૨૫,૭૦૦ની ઉપર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભારત-અમેરિકાના સીમાચિહ્નરૂપ વેપાર કરારને પ્રતાપે બજારમાં મંગળવારે તેજીનો જુવાળ જોવા મળ્યો હતો. યુએસ પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે સોમવારે અણધારી રીતે વેપાર કરારની જાહેરાત કરી હતી, જેમાં ભારતીય માલ પરના પારસ્પરિક ટેરિફ ઘટાડીને ૧૮ ટકા જાહેર કરવામાં આવ્યા હતા. આ જાહેરાતને પગલે સત્રમાં તેજીના ઉછાળા સાથે ૪,૨૦૫.૨૭ પોઈન્ટ અથવા ૫.૧૪ ટકાની દિવસની ૮૫,૮૭૧.૭૩ ટોચ બનાવ્યા બાદ સેન્સેક્સ ૨,૦૭૨.૬૭ પોઈન્ટ અથવા ૨.૫૪ ટકાના વધારા સાથે ૮૩,૭૩૯.૧૩ પર બંધ થયો હતો. જ્યારે નિફ્ટી દિવસ દરમિયાન, તે ૧,૨૫૨.૮ પોઈન્ટ અથવા ૪.૯૯ ટકા વધીને ૨૬,૩૪૧.૨૦ની ઊંચી સપાટીને સ્પર્શ્યા બાદ અંતે ૬૩૯.૧૫ પોઈન્ટ અથવા ૨.૫૫ ટકાના વધારા સાથે ૨૫,૭૨૭.૫૫ પોઇન્ટની સપાટી પર સ્થિર થયો હતો.

રિલાયન્સ અને હેવીવેઇટ ફાઇનાન્શિયલ્સની આગેવાની હેઠળ સ્થાનિક શેરબજારોએ નવ મહિનામાં પોતાનો શ્રેષ્ઠ દિવસ નોંધાવ્યો હતો, ભારત-યુએસ વેપાર સોદા દ્વારા બજારના મુખ્ય દબાણને દૂર કર્યા પછી નિકાસલક્ષી શેરોએ વ્યાપક તેજી દર્શાવી હતી. અદાણી પોટ્ર્સ, બજાજ ફાઇનાન્સ, ઇન્ડિગો અને પાવરગ્રીડ ટોપ ગેઇનર્સ બન્યા હતા, જ્યારે માત્ર ટેક મહિન્દ્રા અને બીઇએલના શેરમાં જ ઘટાડો જોવા મળ્યો હતો. નિફ્ટી રિયલ્ટી ઇન્ડેક્સની આગેવાની હેઠળ તમામ ક્ષેત્રીય ઇન્ડેક્સ ગ્રીન ઝોનમાં બંધ થયા હતા, જેમાં ચાર ટકાથી વધુનો ઉછાળો આવ્યો હતો.

નિફ્ટીમાં અદાણી એન્ટરપ્રાઇઝ, અદાણી પોટ્ર્સ અને સ્પેશિયલ ઇકોનોમિક ઝોન અને જિયો ફાઇનાન્શિયલ સર્વિસિસ ટોચના તેજીમાં હતા, જે ૧૧ ટકા સુધી વધ્યા હતા, જ્યારે ઓઇલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન અને આઇટીસી એક ટકા સુધી ઘટ્યા હતા. બજારનો અંડરટોન સકારાત્મક હતો, કુલ ટ્રેડેડ શેરોમાંથી લગભગ ૨૯૧૧ શેર વધ્યા હતા, ૪૩૫ શેર ઘટ્યા હતા અને ૧૨૩ શેર યથાવત રહ્યા હતા. નિફ્ટી કેમિકલ, ફાર્મા અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ઇન્ડેક્સ પણ ત્રણ ટકાથી વધુ ઊછળ્યો હતો. વ્યાપક બજારોએ આશાવાદનું પ્રતિબિંબ પાડ્યું, નિફ્ટી મિડકેપ ૧૦૦ અને નિફ્ટી સ્મોલકેપ ૧૦૦ અનુક્રમે ૨.૮૪ ટકા અને ૨.૮૨ ટકાના વધારા સાથે બંધ થયા હતા.



મૂડીબજારમાં પણ હવે હલચલ વધવાની ધારણા છે. બ્રાન્ડમેન રિટેલ લિમિટેડ રૂ. ૮૬.૦૯ કરોડએકત્ર કરવાના લક્ષ્ય સાથે ચોથી ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ તેની પ્રારંભિક જાહેર ઓફર લાવી રહી છે. પ્રાઇસ બેન્ડપ્રતિ શેર રૂ.૧૬૭થી રૂ.૧૭૬ અને લોટ સાઈઝ ૮૦૦ ઇક્વિટી શેર્સ છે. નાણાંનો ઉપયોગ ૧૫ એક્સકલુઝિવ બ્રાન્ડ આઉટલેટ્સ અને મલ્ટી-બ્રાન્ડ આઉટલેટ્સ શરૂ કરીને નવા રિટેલ નેટવર્કના વિસ્તરણ માટે ભંડોળ પૂરું પાડવા સહિતના અન્ય કાર્યો માટે થશે. અદાણી પોર્ટનો ત્રીજા ક્વાર્ટરનો નફો ૨૧ ટકા વધીને રૂ. ૩૦૦૦ કરોડ નોંધાયો છે. ઝાયડસ વેલનેસ લિમિટેડે ત્રીજા ક્વાર્ટરના પરિણામમાં રૂ. ૩૯.૯૦ કરોડની ચોખ્ખી એકત્રિત ખોટ નોંધાવી છે. જિયોબ્લેકરોક ઇન્વેસ્ટમેન્ટ એડવાઇઝર્સે ભારતના લોકો માટે વેલ્થ મેનેજમેન્ટને સુલભ બનાવવા માટે પર્સનલાઇઝ્ડ ઇન્વેસ્ટમેન્ટ એડવાઇઝ શરૂ કરી છે. ફ્રેકટલ એનાલિટિક્સે તેના આવનારા આપિીઓનું કદ રૂ.૪૯૦૦ કરોડથી ઘટાડીને રૂ.૨૮૩૪ કરોડ જાહેર કર્યું છે. મહારાષ્ટ્રના હેલ્થકેર સર્વિસ ક્ષેત્રની અગ્રણી ડાયગ્નોસ્ટિક સર્વિસ પ્રોવાઈડર ઇન્વિકટા ડાયગ્નોસ્ટિક લિમિટેડના દાદર સેન્ટરે ૩૦ જાન્યુઆરીના રોજથી વ્યાપારી કામગીરી શરૂ કરી છે. આ પ્રોજેક્ટનો ખર્ચ આશરે રૂ. ૫૫૦ લાખ છે, જેમાં સાધનોનો ખર્ચ, ઇન્સ્ટોલેશન અને સંલગ્ન ખર્ચનો સમાવેશ થાય છે. નાણાકીય વર્ષ ૨૦૨૫માં, કંપનીએ રૂ.૩૦.૧૦ કરોડની એકીકૃત આવક અને રૂ. ૪.૬૯ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. મહિનાઓ સુધી વાટાઘાટો બાદ આખરે ભારત અને અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલ થઈ છે. સોમવારે મોડી સાંજે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ટેલિફોનિક વાતચીત કરી. જે બાદ બંને નેતાઓએ સોશિયલ મીડિયા પર ટ્રેડ ડીલ અંગે જાહેરાત કરી. અમેરિકાએ ભારત પરનો ટેરિફ ઘટાડીને ૧૮ ટકા કર્યો છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનો દાવો છે કે ભારત હવે રશિયાથી ક્રૂડ ઓઈલ ખરીદવાનું બંધ કરી દેશે. જેથી યુક્રેન યુદ્ધ રોકવામાં મદદ મળશે. બીજી તરફ તેમણે બીજો એક દાવો એવો પણ કર્યો કે ભારતમાં અમેરિકાની પ્રોડક્ટ્સ પર ટેરિફમાં ધરખમ ઘટાડો કરાશે. એનર્જી, ટેકનિક, કૃષિ સહિતના સેક્ટરમાં અમેરિકાની વસ્તુઓ માટે ભારતના માર્કેટના દરવાજા ખોલવામાં આવશે. ટ્રમ્પનો દાવો છે કે અમેરિકાની ૫૦૦ અબજ ડોલરની વસ્તુઓ ભારતમાં વેચાશે. ટ્રેડ ડીલ અંગે ટ્રમ્પની સાથે વડાપ્રધાન મોદીએ પણ ટ્વીટ કરીને જાહેરાત કરી હતી. જોકે તેમણે તેમના નિવેદનમાં ક્યાંય ભારત રશિયાથી ઓઈલ નહીં ખરીદે તેવી કોઈ પુષ્ટિ કરી નથી. કૃષિ પ્રોડક્ટ્સને લઈને પણ તેમણે કોઈ પુષ્ટિ નથી કરી. આ મહત્ત્વની બાબત છે અને બજારની તેજી માટે આ સ્પષ્ટતા આવશ્યક છે. ફોરેક્સ માર્કેટની મજબૂતીએ પણ બેન્ચમાર્કને બુસ્ટ આપ્યું હતું. ત્રીજી ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ ભારતીય રૂપિયામાં લગભગ ૧.૫ ટકાનો તીવ્ર વધારો ચલણને એક દુર્લભ સત્રમાં સ્થાન આપે છે, જેમાં ડેટા દર્શાવે છે કે પાછલા ૧૨ વર્ષમાં આટલો વધારો ફક્ત ૧૦ વખત થયો છે. એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી ફરી ઉછળ્યો અને પાંચ ટકા વધ્યો. જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ, શાંઘાઈનો એસએસઈ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગ સેંગ ઇન્ડેક્સ પણ ઊંચો ટ્રેડ કરી રહ્યો હતો. સોમવારે યુએસ બજારો ઊંચે મથાળે બંધ રહ્યા હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ ૦.૫૧ ટકા ઘટીને પ્રતિ બેરલ ૬૫.૯૬ ડોલર બોલાયું હતું. ક્રૂડના નીચા ભાવ ફુગાવાના દબાણને હળવો કરે છે અને ભારતના વેપાર સંતુલનમાં સુધારો કરે છે, જે ઇક્વિટી બજારોને ટેકો પૂરો પાડે છે.

# જો ભારત રશિયન ઓઈલ આયાતમાં ઘટાડો કરશે તો ફુગાવો વધવાનું જોખમઃ મૂડીઝ

નવી દિલ્હીઃ ભારત-અમેરિકાના વેપાર સોદા નિકાસ માટે સકારાત્મક છે, ખાસ કરીને શ્રમ-સંચાલિત ક્ષેત્રો માટે લાભકારી છે. જોકે, રશિયન તેલ આયાતમાં અચાનક બંધ થવાથી વૈશ્વિક પુરવઠો ટાઇટ થઈ શકે છે, તેલના ભાવમાં વધારો થઈ શકે છે, ફુગાવો વધી શકે છે અને વૈશ્વિક વિકાસ પર દબાણ આવી શકે છે, એવલી ચેતવણી આપતા મૂડીઝે કહ્યું છે કે સ્થિરતા માટે ઉર્જા સ્રોતોમાં ધીમે ધીમે ફેરફાર કરવું સલાહભર્યું હોય છે.

ભારત અને અમેરિકા વચ્ચે પ્રસ્તાવિત વેપાર સોદાથી બજારો અને નીતિ વર્તુળોમાં સકારાત્મક ચર્ચા જાગી છે. મૂડીઝના મતે, યુએસ ટેરિફમાં ઘટાડો ભારતના રત્નો, ઝવેરાત, કાપડ અને શ્રમ-સઘન ક્ષેત્રોને ફાયદો કરાવશે, જેનાથી આ સોદો ક્રેડિટમાં સકારાત્મક બનશે. તે ભારતની નિકાસમાં વધારો કરશે અને યુએસ બજારમાં પ્રવેશમાં સુધારો કરશે, ટેકનોલોજી, ઉત્પાદન અને સંરક્ષણમાં નવી તકો ખોલશે.

મૂડીઝે ચેતવણી જારી કરી છે કે જો ભારત રશિયાથી તેની તેલ આયાતમાં નોંધપાત્ર અથવા અચાનક ઘટાડો કરે છે, તો આ પગલું વૈશ્વિક ઓઇલ પુરવઠાને અસ્થિર બનાવી શકે છે. આનાથી ક્રૂડ ઓઇલના ભાવમાં વધારો થશે, જે ફક્ત ભારત જ નહીં પરંતુ અન્ય તેલ આયાત કરતા દેશોને પણ અસર કરશે.

તેલના ઊંચા ભાવનો અર્થ ફક્ત મોંઘા પેટ્રોલ કરતાં વધુ છે, તે પરિવહન, લોજિસ્ટિક્સ, ઉત્પાદન અને દૈનિક આવશ્યક ચીજવસ્તુઓના ખર્ચને અસર કરે છે, જે અંતે ફુગાવાને વધારે છે. તેલના મુખ્ય ગ્રાહક તરીકે, ભારતનું રશિયાથી દૂર થવું એ સ્થાનિક બાબત રહેશે નહીં. તે વૈશ્વિક ઉર્જા પુરવઠા શૃંખલાઓને વિક્ષેપિત કરી શકે છે, આયાતકારો વચ્ચે તેલ માટે સ્પર્ધા તીવ્ર બનાવી શકે છે અને વૈશ્વિક સ્તરે ફુગાવો વધારી શકે છે, જે આર્થિક વિકાસને ધીમો પાડી શકે છે.

### ભારત માટે રશિયન તેલ શા માટે મહત્વનું છે?

ઓછી કિંમત અને સરળ લોજિસ્ટિક્સને કારણે રશિયન તેલ ભારત માટે મહત્વપૂર્ણ ટેકો રહ્યું છે. જો ભારતને વધુ મોંઘા સ્રોતોમાંથી ખરીદવાની ફરજ પાડવામાં આવે છે, તો અર્થતંત્ર પરનો બોજ નોંધપાત્ર રીતે વધશે.

મૂડીઝ ભલામણ કરે છે કે ભારતે અચાનક રશિયન તેલ છોડવાને બદલે ધીમે ધીમે તેના ઊર્જા પુરવઠામાં વિવિધતા લાવવી જોઈએ.

# સોનાચાંદીમાં ત્રણ દિવસની પીછેહઠ બાદ ફરી તેજીનો માહોલ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક બજારોમાં ત્રણ દિવસના ઘટાડા બાદ રોકાણકારો દ્વારા વેલ્યુ બાઇંગને કારણે મંગળવારે બલિયન બજારમાં તેજીનો માહોલ રહ્યો હતો. ચાંદી અને સોનાના હાજર તથા વાયદાના ભાવમાં ફરી ઉછાળો નોંધાયો હતો.

સ્થાનિક ઝવેરી બજારમાં ૯૯૯ ટચના શુદ્ધ સોનાના ભાવ રૂ. ૧,૪૮,૭૪૬ના પાછલા બંધ સામે રૂ. ૧,૫૦,૭૦૮ના ભાવે ખૂલ્યા હતા અને અંતે રૂ. ૧૭૮૩ જેવા વધીને રૂ.૧,૫૧,૫૨૯ની સપાટીએ સ્થિર થયા હતા. એ જ રીતે, ૯૯૫ ટચના સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૧,૪૮,૧૫૦ના પાછલા બંધ સામે રૂ. ૧,૫૦,૧૦૫ના ભાવે ખૂલ્યા હતા અને અંતે રૂ. ૨,૭૭૨ વધીને રૂ.૧,૫૦,૯૨૨ની સપાટીએ સ્થિર થયા હતા.

આ તરફ જોકે .૯૯૯ હાજર ચાંદીના ભાવ રૂ. ૨,૫૯,૫૦૦ના પાછલા બંધ સામે રૂ. ૪૧૨૮ના ઘટાડા સાથે રૂ. ૨,૫૫,૩૭૨ના ભાવે ખૂલ્યા હતા અને અંતે રૂ. ૪૪૬૫ વધીને રૂ. ૨,૬૩,૯૬૫ની સપાટીએ સ્થિર થયા હતા.



વાયદાના વેપારમાં ઓનલાઇન એક્સચેન્જ પર, માર્ચ ડિલિવરી માટે ચાંદીનો ભાવ રૂ. ૨૯,૩૭૨ અથવા ૧૨.૪૩ ટકા વધીને રૂ. ૨,૬૫,૬૩૩ પ્રતિ કિલોગ્રામ સુધી બોલાયો જ્યારે, સત્ર દરમિયાન આ કિંમતી સફેદ ધાતુ રૂ. ૩૪,૧૩૭ અથવા ૧૪.૪ ટકા વધીને રૂ. ૨,૭૦,૩૯૮ પ્રતિ કિલોગ્રામની ઊંચી સપાટીએ પહોંચી હતી, જે પાછલા સત્રમાં સોમવારે રૂ. ૨,૩૬,૨૬૧ પ્રતિ કિલોગ્રામ પર બંધ થઇ હતી.

નોંધવું રહ્યું કે, શુક્રવારથી સોમવાર દરમિયાન ચાંદીમાં ૪૧ ટકા અથવા રૂ. ૧,૬૩,૬૩૨ પ્રતિ કિલોગ્રામના તોતિંગ ઘટાડા સાથે રોકાણકારોની સંપત્તિનું ધોવાણ થયા પછી આ સુધારો આવ્યો છે. ૨૯ જાન્યુઆરીએ ચાંદીના ભાવ રૂ. ૪,૨૦,૦૪૮ પ્રતિ કિલોના રેકોર્ડ સ્તરને સ્પર્શ્યા પછી આ ઘટાડો થયો હતો.

શિકાગો મર્કેન્ટાઇલ એક્સચેન્જે કોપર પછી હવે સોના અને ચાંદી પર પણ માર્જિન મની વધારી દીધી છે. સોના પર માર્જિન છ ટકાથી વધારીને ટકા કરી દીધું છે. જ્યારે ચાંદી પર એને ૧૧ ટકાથી વધારીને ૧૫ ટકા કરી દેવામાં આવ્યું છે. માર્જિન વધવાથી કિંમતો પર દબાણ યથાવત્ રહેવાની અપેક્ષા છે.

સોના-ચાંદીની કિંમતોમાં પણ હવે શેર બજાર જેવો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. અચાનક જ ભારે તેજી જોવા મળે અને અચાનક જ કિંમતો ક્રેશ થઈ જાય. સોનાચાંદીની કિંમતમાં ગયા સપ્તાહે જોરદાર ઘટાડો જોવા મળ્યો છે. ચાંદીની કિંમત ચાર લાખ રૂપિયાને પાર ગયા બાદ અચાનક જ ક્રેશ થઈ ગઈ હતી. સોનાના ભાવમાં પણ જોરદાર ઘટાડો થઈ રહ્યો હતો.

મંગળવારે વાયદા બજારમાં માર્કેટ ખૂલતાં જ સોનાચાંદીની કિંમતમાં તોફાની તેજી જોવા મળી. સોમવારે ચાંદીની કિંમત રૂ. ૨.૨૫ લાખ થઈ હતી. મંગળવારે માર્કેટ ખૂલતાં જ ચાંદીની કિંમતમાં રૂ. ૨૧,૦૦૦નો વધારો જોવા મળ્યો હતો. સોનાના ભાવમાં પણ એકઝાટકે રૂ. ૫૦૦૦નો વધારો નોંધાયો છે. મંગળવારે એક કિલો ચાંદીની કિંમત રૂ. ૨,૫૭,૪૮૦ પહોંચી છે. અગાઉ ૨૯ જાન્યુઆરીએ ચાંદીની કિંમત પહેલીવાર ચાર લાખ રૂપિયાને પાર થઈ હતી.

સોમવારે ૧૦ ગ્રામ સોનાનો ભાવ ઓનલાઇન એક્સચેન્જ પર રૂ. ૧,૪૩,૯૯૧ પર બંધ થયો હતો. મંગળવારે તેમાં રૂ. ૫,૪૯૪નો ઉછાળો નોંધાતા માર્કેટની શરૂઆતમાં સોનાની કિંમત રૂ. ૧,૪૯,૪૮૫ સુધી પહોંચી હતી. જોકે હાલમાં જ ૨૯ જાન્યુઆરીએ સોનાનો ભાવ ઓલટાઇમ હાઇ પર પહોંચ્યો હતો. જ્યારે ૧૦ ગ્રામ સોનાની કિંમત રૂ. ૧,૯૩,૦૯૬ થઈ ગઈ હતી.

# રૂપિયો સ્પ્રિંગની જેમ ઉછળી ૯૦.૨૭ની સપાટીએ પહોંચ્યો

મુંબઈઃ ભારત અને અમેરિકા વેપાર કરાર પર સંમત થયા પછી, મંગળવારે ભારતીય રૂપિયો શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર એશિયન ચલણ તરીકે ઉભરી આવ્યો છે, એક જ ટ્રેડિંગ સત્રમાં ૧૨૨ પૈસા અથવા ૧.૩૩ ટકાનો વધારો નોંધાવીને અમેરિકન ડોલર સામે ૯૦.૨૭ (પ્રોવિઝનલ) પર સ્થિર થયો હતો.

ફોરેક્સ વેપારીઓએ જણાવ્યું હતું કે ભારતીય રૂપિયો અઢી અઠવાડિયામાં સૌથી વધુ સ્તરે પહોંચ્યો અને ભારત અને અમેરિકા વચ્ચેના વેપાર કરાર પર લગભગ ૧.૫ ટકાનો વધારો થયો હતો. સ્થાનિક સૂચકાંકોમાં પણ લગભગ ૨.૭૫ ટકાનો વધારો થયો, વધુમાં ક્રૂડ ઓઇલના ભાવમાં નબળાઈ અને વિદેશી પ્રવાહ વધવાના આશાવાદથી પણ રોકાણકારોના સેન્ટિમેન્ટને ટેકો મળ્યો હતો.

નોંધવું રહ્યું કે એક માહિતી અનુસાર પાછલા બાર વર્ષમાં માત્ર દસ વખત જ રૂપિયાએ ડોલર સામે આવી મજબૂતી હાંસલ કરી છે. ૨૦૨૫માં રૂપિયો લગભગ પાંચ ટકા તુટ્યો હતો અને એશિયામાં સૌથી નબળું ચલણ બન્યું હતું.

ભારતીય રૂપિયો મંગળવારે અમેરિકન ડોલર સામે ત્રણ વર્ષની સૌથી મોટી તેજી સાથે ૯૦.૨૦ના સ્તરે પહોંચી ગયો. આ તેજી અમેરિકા અને ભારત વચ્ચે ટ્રેડ ડીલની જાહેરાતને કારણે આવી છે, જેમાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે ભારતીય માલસામાન પરના ટેરિફને પચાસ ટકાથી ઘટાડીને ૧૮ ટકા કરવાની જાહેરાત કરી છે.

આ પહેલા ૨૦૨૫માં રૂપિયો લગભગ પાંચ ટકા સુધી તૂટીને એશિયાની સૌથી નબળી કરન્સી બની ગયો હતો. જાન્યુઆરી ૨૦૨૬માં જ તેમાં બે ટકાનો ઘટાડો નોંધાયો હતો. વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (એફઆઇઆઇ)ના સતત ઉપાડને કારણે રૂપિયા પર દબાણ હતું. જોકે, મંગળવારે રૂપિયાએ વાપસી કરતા ૯૧.૪૯ના અગાઉના ક્લોઝની સરખામણીમાં ૧૩૦ પૈસાની મજબૂતી નોંધાવી છે.

રૂપિયામાં આવેલી આ તેજી પાછળ ભારત અને અમેરિકા વચ્ચે થયેલો ગિવ એન્ડ ટેક કરાર છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર જણાવ્યું કે ભારત હવે રશિયા પાસેથી ઓઈલ ખરીદવાનું બંધ કરશે અને તેના બદલે અમેરિકા અને વેનેઝુએલા પાસેથી ઓઈલ ખરીદશે. આ ઉપરાંત, ભારતે આગામી કેટલાક વર્ષોમાં અમેરિકા પાસેથી ૫૦૦ અબજ ડોલર (લગભગ ૪૫ લાખ કરોડ રૂપિયા) ની ઊર્જા, ટેકનોલોજી અને કૃષિ ઉત્પાદનો ખરીદવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. આ જાહેરાતે તે અનિશ્ચિતતાનો અંત લાવી દીધો છે જે ગયા વર્ષે ઓગસ્ટમાં અમેરિકાના ટેરિફ પછીથી પ્રવર્તી રહી હતી.

નિષ્ણાતોનું માનવું છે કે રૂપિયામાં આ તેજી હજુ પણ ચાલુ રહી શકે છે. ટોચના ફોરેક્સ એનાલિસ્ટના મતે, નિકાસ વધવાની અપેક્ષાથી રૂપિયાની માગમાં વધુ વધારો થશે. ટૂંકા ગાળામાં રૂપિયો ૮૯.૫૦થી ૮૯.૦૦ના સ્તરે જઈ શકે છે. ટેરિફમાં ઘટાડાથી રૂપિયા માટે મજબૂતીના રસ્તા ખુલી ગયા છે, પરંતુ તે ભારતીય રિઝર્વ બેંક કયા સ્તરે હસ્તક્ષેપ કરે છે તેના પર પણ નિર્ભર રહેશે.

ડોલરની સરખામણીમાં અન્ય કોઈ પણ કરન્સીની વેલ્યુ ઘટે તો તેને મુદ્રાનું ઘટવું, તૂટવું, નબળું પડવું કહેવાય છે. અંગ્રેજીમાં તેને કરન્સી ડેપ્રિસિયેશન કહે છે. દરેક દેશ પાસે ફોરેન કરન્સી રિઝર્વ હોય છે, જેનાથી તે ઇન્ટરનેશનલ ટ્રાન્ઝેક્શન કરે છે. ફોરેન રિઝર્વના ઘટવા અને વધવાની અસર કરન્સીની કિંમત પર દેખાય છે. જો ભારતના ફોરેન રિઝર્વમાં ડોલર, અમેરિકાના રૂપિયાના ભંડાર બરાબર હશે તો રૂપિયાની કિંમત સ્થિર રહેશે. આપણી પાસે ડોલર ઘટશે તો રૂપિયો નબળો પડશે, વધશે તો રૂપિયો મજબૂત થશે.

# ભારતની ડેટા સેન્ટર ક્ષમતા 2030 સુધીમાં બમણીથી વધુ થઇ જશે!

નવી દિલ્હીઃ ભારતની ડેટા સેન્ટર ક્ષમતામાં ૨૦૨૫માં બમણીથી વધુ વધારો થયો છે, જે ૩૮૭ મેગાવોટ આઇટી સુધી પહોંચી છે કારણ કે દેશ ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે વિશ્વના સૌથી ઝડપથી વિકસતા બજારોમાંના એક તરીકે ઉભરી આવ્યો છે.

એક ગ્લોબલ રિસર્ચ એજન્સીના અહેવાલ મુજબ, આ આંકડો ૨૦૨૪માં ઉમેરાયેલા ૧૯૧ મેગાવોટ આઇટીથી ૧૦૩ ટકાનો વાર્ષિક વધારો દર્શાવે છે. ૨૦૩૦ સુધીમાં, ભારતની કુલ ડેટા સેન્ટર ક્ષમતા ત્રણગણી થવાનો અંદાજ છે, જે ૨૩ ટકાના ચક્રવૃદ્ધિ વાર્ષિક વૃદ્ધિ દર સાથે ચાર ગીગાવોટ આઇટીથી વધુ પહોંચશે. બજારની માગમાં પણ સતત વધારો જોવા મળ્યો, ડેટા સેન્ટર શોષણ વાર્ષિક પાંચ ટકા વધીને ૨૦૨૫માં ૪૨૭ મેગાવોટ આઇટી થયું, જે પાછલા વર્ષના ૪૦૭ મેગાવોટ આઇટી હતું. ૨૦૨૫ના અંત સુધીમાં કુલ ઓપરેશનલ સ્ટોક ૧.૫ ગીગાવોટ આઇટી સુધી પહોંચ્યો, જેમાંથી ૩૩ ટકા ક્ષમતા હાઇપરસ્કેલર્સને સમર્પિત હતી.

હાઇપરસ્કેલર્સ અને એન્ટરપ્રાઇઝના મિશ્રણને સેવા આપતી સુવિધાઓનો હિસ્સો ૫૯ ટકા હતો, જ્યારે એન્ટરપ્રાઇઝ-માત્ર સ્ટોક આઠ ટકા હતો. મુંબઈ અને ચેન્નાઈ માગના મુખ્ય ચાલક રહ્યા, જે ૨૦૨૫માં કુલ ઉપભોગનો સિત્તેર ટકા હિસ્સો ધરાવે છે. મુંબઈએ તેનું નેતૃત્વ જાળવી રાખ્યું, ૨૦૨૫માં કુલ વપરાશમાં ૪૮ ટકા યોગદાન આપ્યું, ત્યારબાદ ચેન્નઇ ૨૨ ટકા અને ટાયર-ટુ શહેરોએ કુલ વપરાશમાં સાત ટકા યોગદાન આપ્યુ હતું. પુરવઠા બાજુએ, મુંબઈ એકંદર પુરવઠામાં તેના યોગદાનના ૩૪ ટકા સાથે પેકનું નેતૃત્વ કર્યું હતું, ત્યારબાદ દિલ્હી-એનસીઆર (૨૦ ટકા) અને ચન્નાઈ ૧૯ ટકા સાથે આવે છે, એમ રિપોર્ટમાં જણાવાયું છે.એન્ટરપ્રાઇઝ અને હાઇપરસ્કેલ માગ બંને દ્વારા સંચાલિત ૨૦૨૫માં ડેટા સેન્ટર ઉપભોગ ૪૩૦ મેગાવોટ હોવાનો અંદાજ છે, ભારતનો ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ મજબૂત ગતિ પકડી રહ્યો છે. ઉદ્યોગો દ્વારા કલાઉડ અપનાવવામાં વધારો વૈશ્વિક હાઇપરસ્કેલર્સ અને સ્થાનિક કલાઉડ ખેલાડીઓની માગને વેગ આપી રહ્યો છે, જ્યારે નીતિ સપોર્ટ અને ખર્ચ લાભો દ્વારા સમર્થિત વિશાખાપટ્ટનમ જેવા ઉભરતા સ્થળો ડેટા સેન્ટર ડેસ્ટિનેશન તરીકે ભારતના આકર્ષણને મજબૂત બનાવી રહ્યા છે.

મુખ્ય મહાનગરો ઉપરાંત, ફાઇવ-જીના રોલઆઉટ અને મોબાઇલ સ્ટ્રીમિંગ અને ડિજિટલ સેવાઓનો વધતો ઉપયોગ સ્થાનિક ડેટા અને લેટન્સી જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે ટાયર ટુ શહેરોમાં હાઇપરસ્કેલ માગને વેગ આપી રહ્યો છે, એમ રિપોર્ટમાં જણાવાયું હતું.

રિપોર્ટ અનુસાર ૨૦૨૬ માટેનો અંદાજ સતત વિસ્તરણ સૂચવે છે, જેમાં ક્ષમતા વધારા ૬૦૦ મેગાવોટ આઇટીથી વધુ થવાની ધારણા છે અને ઉપભોગ ૫૦૦ મેગાવોટ આઇટીને વટાવી જવાનો અંદાજ છે. કલાઉડ અપનાવવા અને એસએએએસ અને એઆઇ વર્કલોડના વિસ્તરણ, ટિયર-ટુ અને ટિયર-થ્રી શહેરોમાં એજ ડેટા સેન્ટર્સના વિસ્તરણ દ્વારા વૃદ્ધિને વેગ મળ્યો છે. પૂર્વીય અને ઉત્તરપૂર્વીય ભારતના પ્રવેશદ્વાર તરીકેની વ્યૂહાત્મક સ્થિતિ અને આગામી અંડર-સી કેબલ લેન્ડિંગ સ્ટેશનને કારણે, કોલકાતા ૪૮ ટકાના સીએજીઆર સાથે આગળ રહેવાની અપેક્ષા છે. હૈદરાબાદ (૪૪ ટકા) અને અમદાવાદ (૨૬ ટકા) પણ મજબૂત ગતિ જોઈ રહ્યા છે, જે આઇટી, આઇટીઝ અને ઉત્પાદન ક્ષેત્રોમાં વૃદ્ધિને સમર્થન આપે છે. બેંગલુરુ માટે ૨૦ ટકાનો અંદાજિત સીએજીઆર સૂચવવામાં આવ્યો છે. મુંબઈ અને ચેન્નાઈ, જે પહેલાથી જ સૌથી મોટા ડેટા સેન્ટર બજારો છે, અનુક્રમે ૨૨ ટકા અને ૧૮ ટકાના સીએજીઆર પર સતત વૃદ્ધિ કરી રહ્યા છે, એમ અહેવાલમાં નોંધવામાં આવ્યું છે.

# વ્યાપક લેવાલી વચ્ચે મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં પણ જોરદાર ઉછાળા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સતત બીજા સેશનમાં સેન્સેક્સમાં તેજી, તમામ ઈન્ડેક્સ વધ્યા, માર્કેટ કેપમાં રૂ.૧૨.૧૧ લાખ કરોડનો ઉમેરો થયો હતો. મંગળવારે બીએસઈ સેન્સેક્સ સોમવારના ૮૧,૬૬૬.૪૬ ના બંધથી ૨,૦૭૨.૬૭ પોઈન્ટ્સ (૨.૫૪ ટકા) વધ્યો હતો. સેન્સેક્સ ૮૫,૩૨૩.૨૦ ખૂલી ઊંચામાં ૮૫,૮૭૧.૭૩ અને નીચામાં ૮૩,૫૦૧.૨૨ સુધી જઈને છેવટે ૮૩,૭૩૯.૧૩ બંધ રહ્યો હતો.

સેન્સેક્સની ૨૮ સ્ક્રિપ્સ વધી હતી જ્યારે ૨ સ્ક્રિપ્સ ઘટી હતી. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ ૧૫૦ મિડકેપ ૨.૭૯ ટકા અને બીએસઈ ૨૫૦ સ્મોલકેપ ૨.૯૧ ટકા વધ્યા હતા. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૩.૨૯ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૩.૪૧ ટકા વધ્યા હતા. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૫૫.૦૩ લાખ કરોડથી રૂ.૧૨.૧૧ લાખ કરોડ વધીને રૂ.૪૬૭.૧૪ લાખ કરોડ રહ્યું હતું.

સેક્ટરલ ઈન્ડેક્સમાં સર્વિસીસ ૪.૮૬ ટકા, રિયલ્ટી ૪.૭૯ ટકા, પાવર ૪.૧૪ ટકા, યુટિલિટીઝ ૩.૯૨ ટકા, કેપિટલ ગુડ્સ ૩.૭૧ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૩.૪૪ ટકા, ઓટો ૨.૮૮ ટકા, મેટલ ૨.૮૫ ટકા, ફાઈનાન્શિયલ સર્વીસીસ ૨.૮૩ ટકા, હેલ્થકેર ૨.૮૩ ટકા, કોમોડિટીઝ ૨.૬૫ ટકા, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ૨.૬૦ ટકા, પીએસયુ બેન્ક ૨.૫૮ ટકા, પ્રાઈવેટ બેન્ક્સ ૨.૪૩ ટકા, ટેલિકોમ ૨.૩૭ ટકા, બેન્ક ૨.૩૨ ટકા, એનર્જી ૧.૯૬ ટકા, ઓઈલ-ગેસ ૧.૭૭ ટકા અને આઈટી ૧.૪૯ ટકા વધ્યા હતા.

એક્સચેન્જમાં ૪,૪૨૨ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું. ૩,૩૦૪ સ્ક્રિપ વધી હતી, ૯૮૧ સ્ક્રિપ્સ ઘટી હતી અને ૧૩૭ સ્ક્રિપ્સ સ્થિર રહી હતી. ૧૨૧ સ્ટોક્સ બાવન સપ્તાહની ઉચ્ચ સપાટીએ અને ૧૧૭ સ્ટોક્સ બાવન સપ્તાહની સૌથી નીચી સપાટીએ પહોંચ્યા હતા. ૨૬૪ સ્ક્રિપ્સને ઉપલી અને ૧૪૩ સ્ટોક્સને નીચલી સર્કીટ લાગી હતી.

સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં મુખ્યત્વે અદાણી પોટ્ર્સ ૯.૧૨ ટકા, બજાજ ફાઈનાન્સ ૬.૬૮ ટકા, ઈન્ડિગો ૫.૫૧ ટકા, પાવર ગ્રીડ ૪.૮૫ ટકા, સન ફાર્મા ૪.૫૪ ટકા, બજાજ ફિનસર્વ ૪.૨૯ ટકા, સ્ટેટ બેન્ક ૩.૪૮ ટકા, રિલાયન્સ ૩.૪૩ ટકા, લાર્સન ૨.૯૫ ટકા, એક્સિસ બેન્ક ૨.૮૬ ટકા, ટાઈટન ૨.૮૦ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૨.૭૪ ટકા, મારુતિ ૨.૭૩ ટકા, ટ્રેન્ટ ૨.૬૬ ટકા, ઈટર્નલ ૨.૫૫ ટકા, એનટીપીસી ૨.૩૩ ટકા, ટાટા સ્ટીલ ૨.૩૧ ટકા અને એચડીએફસી બેન્ક ૨.૨૮ ટકા વધ્યા હતા જ્યારે ટેક મહિન્દ્ર ૦.૫૭ ટકા અને ભારત ઈલેક્ટ્રોનિક્સ ૦.૦૨ ટકા ઘટ્યા હતા.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં મંગળવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૫૭૭.૬૭ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૨,૭૬૭ સોદામાં ૩,૪૨૮ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું.

ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૨૪,૧૨,૬૪૫ કોન્ટ્રેક્ટ્સના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ (અનુમાનિત) ટર્નઓવર રૂ.૬૩,૭૭,૮૪૦.૭૦ કરોડનું રહ્યું હતું.

# રાજકોટની સરકારી શહીદ સુખદેવ ટાઉનશિપમાં ભ્રષ્ટાચારના આક્ષેપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ: રાજકોટ શહેરમાં વર્ષ ૨૦૨૨માં સરકારી ટાઉનશિપ બનાવવામાં આવી. આ ટાઉનશિપને દેશના વીર શહીદ સુખદેવનું નામ પણ આપવામાં આવ્યું. આ જ ટાઉનશિપમાં આવાસમાં નબળું કામકાજ કરવામાં આવ્યું હોવાનું બહાર આવ્યું છે. શહેરના શીતલ પાર્ક વિસ્તારમાં આવેલી શહીદ સુખદેવ ટાઉનશિપમાં ભ્રષ્ટાચાર થયો હોવાના આક્ષેપ થઈ રહ્યા છે આ ટાઉનશિપમાં આંગળીના ટેરવે લાદી ઉખડી રહી છે. ઉખડેલી લાદીના નીચે સિમેન્ટનું ખૂબ જ આછું પણ જોવા મળી રહ્યું છે તો માત્ર માટી જો જોવા મળી રહી છે. કેટલાક ફ્લેટમાં મોટા પોપડા પડી રહ્યા છે તો કેટલાક ફ્લેટની અંદર લાદીઓ તૂટેલી છે. આ જ ફ્લેટની છત ઉપર જાય તો અહીંયા લાદી ધોવાઈ ગયેલી હાલતમાં નજરે પડે છે. આ ટાઉનશિપમાં ૪૪૮ ફ્લેટ આવેલા છે જેમાં મોટાભાગના ફ્લેટની હાલત અત્યંત ખરાબ જોવા મળી રહી છે ત્યારે આ અંગે સ્થાનિક લોકોએ પણ પોતાની વ્યથા ઠાલવી હતી. તેમણે કહ્યું હતું કે આ ટાઉનશિપ હજુ તો વર્ષ ૨૦૨૨માં બની હતી તેમને ફ્લેટ મળ્યા ને માંડ ત્રણથી ચાર વર્ષ જ થયા છે ત્યાં જ આવી હાલત જોવા મળી રહી છે. મહા મુસીબતે લોન લઈને તેઓએ ૧૮ લાખ રૂપિયા કોર્પોરેશનને ચૂકવ્યા હતા. તેમના હપ્તા પણ ફ્લેટ ધારકોની માથે બોલે છે એવામાં ફ્લેટની આવી હાલત થઈ ગઈ છે. આવાસના ફ્લેટ હોવાથી ન તો વેચી શકાય છે નહીં તો બીજે જઈ શકાય છે ત્યારે શું કરવું તેની ચિંતા પણ સ્થાનિક લોકોને સતાવી રહી છે. ■


(તસવીર - પ્રવીણ સેદાણી રાજકોટ)

# રાજકોટની યસ બૅન્કમાં ભીષણ આગ, ફાયર ફાઈટરની ત્રણ ટીમે આગ પર કાબૂ મેળવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ શહેરના રેસકોર્સ રિંગ રોડ પર આવેલી યસ બૅન્કમાં સોમવારે મોડી રાત્રે આગ લાગી હતી. ઘટનાની જાણ ફાયર વિભાગને કરવામાં આવતાં તાત્કાલિક સ્થળ પર ત્રણ ફાયર ફાઈટરની મદદથી પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો.

અધિકારીઓની તપાસમાં બૅન્કમાં રહેલું તમામ ફર્નિચર, ૧૨ જેટલાં કોમ્પ્યુટર અને પ્રિન્ટર બળીને ખાક થઈ જતાં લાખો રૂપિયાનું નુકસાન થયું હોવાનું બહાર આવ્યું છે, જોકે કેશની તિજોરી સ્ટીલની હોવાથી સદનસીબે એમાં કોઈ નુકસાન થયું નથી તેમજ આ બ્રાન્ચમાં લોકર પણ નહીં હોવાથી મોટી નુકસાની ટળી છે. પ્રાથમિક તપાસમાં શોટસર્કિટને કારણે આગ લાગી હોવાનું બહાર આવ્યું હતું, જોકે હાલ પોલીસ અને ફાયરની ટીમો દ્વારા આગ લાગવાનું ચોક્કસ કારણ જાણવા માટે તપાસ કરવામાં આવી રહી છે. રાજકોટ શહેરના જિલ્લા પંચાયત ચોક ખાતે બિલ્ડિંગના પહેલા માળે આવેલી યસ બૅન્કમાં આગ લાગી હતી. એ બાદ ધીમે-ધીમે આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું.

આગ લાગવાને કારણે વધુ ગરમ થવાથી બૅંકની બારીના કાચ ફૂટી નીચે રોડ પર ફૂટી રહ્યા હતા. આગ લાગવાની જાણ તાત્કાલિક પોલીસ અને ફાયર વિભાગને કરવામાં આવતાં પોલીસ-ટ્રાફિક ક્લિયર કરાવતાં ત્રણ જેટલા ફાયર ફાઈટરની મદદથી આગ પર પાણી મારો ચલાવી કાબૂ મેળવવા પ્રયાસ શરૂ કરવામાં આવ્યા હતા. ■

# જયરાજ આહીર સહિત પાંચ આરોપીના જામીન અંગેની સુનાવણી શુક્રવારે થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ભારે ચર્ચાસ્પદ બનેલા લોક સાહિત્યકાર માયાભાઈ આહીરના પુત્ર જયરાજ આહીર સહિતના પાંચ આરોપીઓની જામીન અંગેની સુનાવણી શુક્રવારે ( ૭ ફેબ્રુઆરી) મહુવા કોર્ટમાં હાથ ધરવામાં આવશે. નવનીત બાલધિયા નામના વ્યક્તિને કથિત માર મારવાના કેસમાં જયરાજ સહિત પાંચ જેલમાં બંધ છે.

આ કેસમાં કુલ ૧૪ જણની ધરપકડ કરવામાં આવી હતી, જેમાંથી ૮ આરોપીને કોર્ટે જામીન પર છોડ્યા હતા, જ્યારે જયરાજ સહિતના પાંચ આરોપીની જામીન અંગે શુક્રવારે કોર્ટ સુનાવણી હાથ ધરશે.

ભાવનગરના બગદાણા વિસ્તારમાં રહેતા કોળી જ્ઞાતિના યુવાન નવનીત બાલધિયા પર કોઈ કારણોસર હિંસક હુમલો કરવાનો આરોપ જયરાજ અને તેના સાથીઓ પર કરવામાં આવ્યો હતો. લોકડાયરા માટે જાણીતા એવા માયાભાઈના દીકરા પર પણ આક્ષેપો હતા અને આ મુદ્દે ગુજરાતમાં ઘણો જ ગરમાવો પણ રહ્યો હતો. ફરિયાદી યુવકના પરિવાર સહિત કોળી સમાજે પણ કડક કાર્યવાહીની માગણી કરી હતી. અંતે જયરાજની ધરપકડ થઈ હતી. હવે તેની જામીન અરજીની સુનાવણી પર બધાની નજર છે. ■

# જેતપુરના ખજૂરી ગુંદાળામાં દીપડાનો ત્રાસ, શિકાર કરાયેલા પશુઓ ગુમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વન્ય વિસ્તારોની આસપાસ રહેતા માલધારીઓના પશુઓનું જો વન્યજીવો મારણ કરે તો તેમને વળતર પેટે નાણા મળે છે, પરંતુ આ માટે તેમણે મૃત પશુઓ સંબંધિત પુરાવા રજૂ કરવાના હોય છે, પરંતુ જેતપુરના ખજૂરી ગુંદાળા જેવા ઘણા અંતરિયાળ ગામો છે જ્યાંથી દીપડો કે સિંહ પશુઓનું મારણ કરી તેને લઈ જાય છે, પછી આ મૃતક પશુઓનો કોઈ અતોપત્તો રહેતો નથી. આવી ઘટના ફરી બની હતી. તાલુકાના ખજૂરી ગુંદાળા ગામની સીમમાં રહેતા માલધારીના વાડામાં રાત્રિના સમયે દીપડો ખાબક્યો હતો અને એક બકરીનો શિકાર કર્યો હતો. જો કે આ સમયે માલધારી પોતે પણ હાજર હતા પરંતુ પળવારમાં જ દીપડાએ મારણ કરી બકરીને ઉપાડી ગયો હતો. આ પૂર્વે પણ દીપડાને અન્ય માલઢોરનું મારણ કર્યાના બનાવો બની ચૂક્યા છે, તેમ છતાં વન વિભાગની કોઈ અસરકારક કામગીરી જોવા મળી નથી તેવો આક્ષેપ સ્થાનિક માલધારીઓએ કર્યો હતો. ■

# અમરેલી જિલ્લામાં સ્ટીલના વેપારીઓ સાથે છેતરપિંડી કરતી ગેંગને પોલીસે ઝડપી પાડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમરેલી જિલ્લામાં એક અલગ પ્રકારની છેતરપિંડીનો ભોગ વેપારીઓ બની રહ્યા હતા. સ્ટીલના વેપારીઓને લૂંટી લેતી એક ગેંગને પોલીસે ઝડપી પાડતા સમગ્ર કાંડનો પર્દાફાશ થયો હતો. આ ગેંગ વેપારીઓ પાસેથી સ્ટીલ ખરીદતી અને તેમને બેંકના ખોટા ચેક અને જીએસટી નંબર આપતી હતી. પોલીસ ફરિયાદ બાદ પોલીસે સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું અને જૂની બારપટોળી ગામ પાસેથી ત્રણ શખ્સની ધરપકડ કરી હતી. આ અંગે રાજુલા પોલીસને ખબર મળી હતી કે અમુક લોકો જૂની બારપટોળી પાટિયા પાસે છે અને શંકાસ્પદ પ્રવૃત્તિ કરી રહ્યા છે. પોલીસે આ સ્થળે દરોડો પાડી આરોપીઓ પાસેથી લગભગ ત્રણ લાખ રૂપિયાનો સ્ટીલનો જથ્થો મળી આવ્યો હતો. આરોપીઓ વેપારી પાસેથી મોટો જથ્થો લેવાની વાત કરી તેમને વિશ્ર્વાસમાં લેતા હતા. માલ લઈ ખોટા ચેક આપી તેમની છેતરપિંડી કરતા હતા. વેપારીને જાણ થાય તે પહેલા માલ સાથે તેઓ ફરાર થઈ ગયા હતા. પોલીસે પંકજ નવાડિયા, વિજય પરમાર અને બાબુ ગોહીલની ધરપકડ કરી હતી જયારે અશરફ નામનો એક શખ્સ ભાગવામાં સફળ થયો હતો . ■

# જૂનાગઢ મહાનગરપાલિકાનું ૧૫૦૧ કરોડ રૂપિયાનું ડ્રાફ્ટ બજેટ રજૂ કરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જૂનાગઢ મહાનગરપાલિકાનું વર્ષ ૨૦૨૬-૨૦૨૭નું ડ્રાફ્ટ બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. બજેટમાં શહેરના પાયાની માળખાકીય સુવિધાઓ, પર્યાવરણ અને વહીવટી સુધારણા માટે ફાળવણી કરવામાં આવી હતી.

બજેટે શહેરીજનોને રાહત આપી હતી કારણ કે પ્રોપર્ટી ટેક્સના બેઝ રેટમાં કોઈ ફેરફાર પ્રસ્તાવિત કરાયો નથી. શહેરમાં રસ્તાઓ નવા બનાવવાનું પ્રસ્તાવિત છે. આ સાથે ભૂગર્ભ ગટર અને પાણીની નવી લાઈનોની કામગીરી પૂરું કરવાનું લક્ષ્ય છે.

જૂનાગઢ પણ કૂદકે ને ભૂસકે વધી રહ્યું છે. શહેરમાં ટ્રાફિકની સમસ્યા ઊભી થઈ છે ત્યારે બજેટમાં નવી પાર્કિંગ પૉલિસીનો પણ પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# જૂનાગઢના વંથલીમાં યુવાનની સરાજાહેર હત્યા, ચાર ગુનેગાર ફરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જૂનાગઢના વંથલીમાં એક ૩૦ વર્ષીય યુવકની ચાર જણે છરી અને પાઈપ વડે જાહેરમાં હત્યા કરી નાખી હતી. તાજીમ સોઢા નામના યુવકના પિતાએ કરેલી ફરિયાદ અનુસાર શહેરની ભલાયશા દરગાહ પાસે જ ચાર જણ તાજીમ પર તૂટી પડ્યા હતા ને તેને પાઈપ અને છરી વડે માર મારી લોહીલુહાણ કરી નાખ્યો હતો. યુવકને હોસ્પિટલે સારવાર મળે તે પહેલા જ તેનું મોત નિપજ્યું હતું. જ્યારે યુવકને બચાવવા વચ્ચે પડેલા એક શખ્સને પણ ગંભીર ઈજા થઈ હતી અને તેને સારવાર માટે હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો. આ ઘટનાની જાણ થતાં મુસ્લિમ સમુદાયનાં ટોળેટોળાં હોસ્પિટલ ખાતે ઉમટ્યાં હતાં. પોલીસે યોગ્ય બંદોબસ્ત ગોઠવ્યો હતો. મૃતકના પિતા મુસા સોઢાએ રફીકશા, તેનો ભત્રીજો અકરમ, પુત્ર અરબાઝ અને ઈમલો કાળીના નામ હુમલાખોર તરીકે લીધા હતા અને પોતે તેમને નજરે જોયા હોવાનો દાવો કર્યો હતો. પોલીસે આ ચારેયને પકડવા ટીમ રવાના કરી હતી. પિતાના જણાવ્યા અનુસાર જૂની અદાવતને કારણે તાજીમની હત્યા કરવામા આવી છે. પોલીસે તમામ દિશામાં તપાસ શરૂ કરી હતી. ■

# શિવરાત્રીના મેળા પૂર્વે જ ગિરનારની તળેટીમાં ધિંગાણું: ત્રિશૂળ અને ચીપિયા સાથે અજાણ્યા સાધુઓનો હુમલો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જૂનાગઢમાં ભવનાથમાં શિવરાત્રીના મેળાનું ભવ્ય આયોજન થવા જઈ રહ્યું છે, ત્યારે ભવનાથ વિસ્તારમાં આશ્રમની જગ્યા બાબતે સાધુઓ વચ્ચે હિંસક ઝપાઝપી થઈ હોવાની ઘટના સામે આવી છે. આ અંગે ભવનાથ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે, તેની વિગતો મુજબ, ભારત આશ્રમ પાસે આવેલી બાલક સાહેબની જગ્યામાં રહેતા ગુલાબદાસ પઢીયાર અને અજાણ્યા સાધુઓ વચ્ચે વિવાદ વકરતા મામલો પોલીસ સ્ટેશન સુધી પહોંચ્યો હતો. પોલીસ ફરિયાદની વિગતો અનુસાર, ફરિયાદી પોતાની માલિકીની ખુલ્લી જગ્યામાં અન્નક્ષેત્ર અને સંતવાણીનો કાર્યક્રમ યોજવા માંગતા હતા. આ માટે જ્યારે તેઓ પરિવારના સભ્યો અને સેવક વિનોદભાઈ સાથે જગ્યાની સાફ-સફાઈ કરવા ગયા, ત્યારે ત્યાં ધૂણો ધખાવીને બેઠેલા અજાણ્યા સાધુઓએ રસ્તો રોકી તેમની સાથે માથાકૂટ શરૂ કરી હતી. સાધુઓએ ગાળાગાળી કરી ગુલાબદાસનો કોલર પકડી ઝાપટો મારી હતી, તેમજ વચ્ચે છોડાવવા પડેલા તેમના ભાઈ ભગવાનદાસ સાથે પણ મારપીટ કરી હતી. આ ઝઘડા બાદ સાધુઓ ટોળું વળીને ફરિયાદીના ઘરે પહોંચ્યા હોવાનો આરોપ ફરિયાદમાં કરવામાં આવ્યો છે. સાધુઓના હાથમાં ચીપિયો અને ત્રિશૂળ જેવા હથિયારો હતા અને તેમણે પરિવારના સભ્યોને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી. આ દરમિયાન ફરિયાદીનો હાથ મરડી ફરીથી હુમલો કરવામાં આવ્યો હતો. જોકે, પરિવારજનો અને સેવકો ભેગા થઈ જતા સાધુઓ ત્યાંથી ભાગી છૂટ્યા હતા. સમગ્ર ઘટનાનો વીડિયો પણ મોબાઈલમાં કેદ કરવામાં આવ્યો છે.

જો કે હદ તો ત્યારે થઈ જ્યારે ફરિયાદી અને તેમના ભાઈ પોલીસ સ્ટેશન ફરિયાદ નોંધાવવા જઈ રહ્યા હતા, ત્યારે સાધુઓએ તેમને ફરીથી આંતર્યા હતા અને પીઠના ભાગે પથ્થર મારી ઈજા પહોંચાડી હતી. આ હુમલામાં ભભૂત લગાવેલા એક સાધુએ પણ મારપીટ કરી હતી. હાલમાં ભવનાથ પોલીસે ફરિયાદના આધારે બંને અજાણ્યા સાધુઓ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ■

# દિવસ અને રાતના તાપમાનમાં ૧૮ ડિગ્રીના તફાવત સાથે કચ્છ પર મિશ્ર વાતાવરણનું ઉતરાણ યથાવત્

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: મહાશિવરાત્રી પર્વને હવે જયારે ગણતરીના દિવસો બાકી રહ્યા છે એ વચ્ચે સમગ્ર ઉત્તર ભારતની સાથે સરહદી જિલ્લા કચ્છમાં પડેલી વિક્રમજનક ઠંડી લગભગ ગાયબ થઇ જવા પામી છે અને હાલ મિશ્ર વાતાવરણની આણ બરકરાર રહેવા પામી છે. શિયાળામાં આઈસ કુલ રહેતાં નલિયામાં વહેલી સવારે ૧૨ ડિગ્રી લઘુતમ તાપમાન સાથે ઠંડીના ચમકારા બાદ દિવસ ચઢતાની સાથે જ મહત્તમ તાપમાનનો આંક ૩૧ ડિગ્રી સેલ્સિયસ જેટલો ઊંચે જતા ગ્રીષ્મઋતુના આગમનના એંધાણ જાણે અત્યારથી જ વર્તાઈ રહ્યાં હોય તેમ વનવગડામાં આંબે આવેલા મોર મહેકી ઊઠ્યા છે. ગરમીનું પ્રમાણ ધીમે ધીમે વધી રહ્યું હોવાથી ખડૂતોએ પાક ઉતારવો શરૂ કરી દીધો છે. રાત્રિથી વહેલી સવાર દરમ્યાન પડી રહેલી ગુલાબી ઠંડી પણ ધીરે ધીરે ઓછી થઇ રહી હોઈ, લોકો બપોરના સમયે ધીમી ગતિએ પંખા ચાલુ કરવા મજબૂર બન્યા છે, માર્ગો રાત્રી દરમ્યાન થતી ઝાકળવર્ષાથી ભીના થઇ જાય છે, જયારે દસ વાગ્યા બાદ તડકા સાથે મહત્તમ તાપમાનનો આંક ૩૦થી ૩૪ ડિગ્રી સે. પર પહોંચી જતાં મહા મહિનામાં ચૈત્ર માસ જેવી બપોરના ભાગે પડતી તીખી ગરમીએ જનજીવનને અકળાવવાનું શરૂ કર્યું છે.

ભુજમાં લઘુતમ ૧૫ અને મહત્તમ ૩૨ ડિગ્રી સે.ના ઉષ્ણતામાન સાથે ૧૭ ડિગ્રીના તફાવત સાથે અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયા ખાતે પણ દિવસ-રાતના તાપમાનમાં ૧૮ ડિગ્રી જેટલો તફાવત રહેવાની સાથે ૧૨ ડિગ્રીએ રાજ્યનું ઠંડું મથક બન્યું હતું. કંડલા બંદરમાં ૩૦ ડિગ્રી મહત્તમ તાપમાન રહેતાં આસપાસના ગાંધીધામ,અંજાર આદિપુરમાં આંશિક ગરમીની આણ યથાવત્ રહી હતી. ■

# ભાવનગરમાં પોલીસના કેમેરા અને એસેસરીઝની ચોરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: પોલીસ વિભાગના કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમ વિભાગ દ્વારા વિદ્યાનગર પોલીસ લાઈનમાં આવેલ માઉન્ટેડ ક્વાટર્સમાં રાખવામાં આવેલ નેત્ર કેમેરા તથા અન્ય એસેસરીઝ મળી કુલ રૂ. ૧.૭૫ લાખની કિંમતના મુદ્દામાલની કોઈ અજાણ્યો શખ્સ ચોરી કરી નાસી છૂટ્યો હતો

આ બનાવ અંગે જાણવા મળતી વિગતો અનુસાર ભાવનગર પોલીસ તંત્રના વાયરલેસ વિભાગમાં પીએસઆઇ તરીકે ફરજ બજાવતા ધર્મદીપ મહાવીરભાઈ ગોહિલએ ફરિયાદ નોંધાવી છે કે વિદ્યાનગર પોલીસ લાઈનમાં આવેલ માઉન્ટેડ કોન્ડમ ક્વાર્ટર્સમાં ૩૬ ફિક્સ કેમેરા નેત્ર વિભાગના, એક પીટીઝેડ કેમેરા સર્વર બે નંગ તથા અન્ય એસેસરીઝ અને હાર્ડ ડિસ્ક ૧૦ સહિત કુલ રૂપિયા ૧,૭૫,૦૦૦ ના મુદ્દામાલની કોઈ અજાણ્યો શખ્સ ચોરી કરી ફરાર થઈ ગયો હતો. આ અંગે પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસના કેમેરા અન એસેસરીઝની ચોરી થતા લોકોમાં ચર્ચા જાગી હતી. ■

# ગાંધીધામમાં હનુમાન મંદિરથી ગોપાલપુરી સુધીના વિસ્તારમાં ખડકાયેલા ૧૩૦ દબાણ દૂર કરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના ગાંધીધામ સંકુલમાં મહાનગરપાલિકા દ્વારા છેડવામાં આવેલી મેગા ડિમોલિશન ડ્રાઈવ ફરી આગળ વધી છે અને શહેરના અત્યંત વ્યસ્ત હનુમાન મંદિરથી ગોપાલપુરી સુધીના વિસ્તારને રાષ્ટ્રીય ધોરીમાર્ગ સુધી ખુલ્લો કરવા માટે અહીં ૧૩૦થી વધુ અતિક્રમણોને મહાનગરપાલિકા દ્વારા દૂર કરી દેવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત નવીનીકરણના કાર્યને પાર પાડવા માટે ગાંધીધામના ઓસ્લો સર્કલથી કોટેશ્ર્વર ચાર રસ્તા સુધી ફેલાયેલી ૨૪૫ જેટલી અનધિકૃત નાની-મોટી દુકાનોના માલિકોને નોટિસ આપ્યા બાદ, દુકાનદારો દ્વારા સ્વેચ્છાએ દબાણો દૂર કરવાનું શરૂ કર્યું હોવાનું જાણવા મળ્યું હતું.

આ અંગે મનપાની દબાણ શાખાના ગાયત્રી પ્રસાદ જોશીએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, હનુમાન મંદિરથી ગોપાલપુરી તેમ જ કૈલાશ નગરમાં ખડકી દેવામાં આવેલાં ૧૩૦ જેટલાં દબાણોને જમીનદોસ્ત કરી દેવામાં આવ્યાં છે, આગામી દિવસોમાં ઓમ મંદિરથી લઈને રાજવી ફાટક અને ત્યાંથી લઈને રાષ્ટ્રીય ધોરીમાર્ગના સર્વિસ રોડ સુધીના વિસ્તારમાં ફેલાયેલાં તમામ દબાણોને દૂર કરવામાં આવશે.

ગાંધીધામ શહેરને પીવાનું પાણી પૂરું પાડતી મુખ્ય એક્સપ્રેસ લાઇનમાં સર્જાયેલા લીકેજને કારણે હજારો લિટર પાણીનો વેડફાટ થયા બાદ આ લાઇનના તાત્કાલિક સમારકામ માટે મનપા દ્વારા કડક હાથે દબાણ હટાવવાની ઝુંબેશ શરૂ કરવામાં આવ્યા બાદ મહાનગરપાલિકા દ્વારા અત્યાર સુધીમાં અંદાજિત ૧૫૦૦થી વધુ દબાણોને દૂર કરવામાં આવ્યા છે. ભવિષ્યમાં શહેરને દબાણમુક્ત કરી ૧૦ કિલોમીટર લાંબો રિંગ રોડ બનાવવાનું આયોજન છે. રાજવી ફાટકથી ભારતનગર પહોંચવા માટે આ રિંગરોડ એક 'બાયપાસ' જેવું કામ કરશે, જેનાથી સમય અને ઇંધણની બચત થશે.૧૦ કિ.મી.નો આ નવો કોરિડોર આસપાસના વિસ્તારોના વિકાસ માટે પણ મહત્ત્વની ભૂમિકા ભજવશે તેમજ ફરીથી દબાણો થવાની શક્યતા નહિવત્ થઈ જશે તેમ તેઓએ ઉમેર્યું હતું. ■

# ભાવનગરમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની સાધારણ સભા યોજાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ભાવનગરની સાધારણ સભા શિક્ષણ સમિતિના ચેરમેન ડો. નિકુંજ મહેતાની અધ્યક્ષતામાં યોજાઈ હતી જેમાં આ બેઠકમાં શિક્ષણનું સ્તર સુધારવા અને વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોના સર્વાંગી વિકાસ માટે ૧૫ જેટલા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી અને ચર્ચા બાદ તમામ મુદ્દાઓને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી.

ભાવનગર શહેરના નવાપરા ખાતે આવેલ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ કચેરી ખાતે આજરોજ શિક્ષણ સમિતિની સાધારણ સભા સમિતિના ચેરમેન ડો.નિકુંજ મહેતાની અધ્યક્ષતામાં યોજાઈ હતી અને જેમાં ૧૫ જેટલા કાર્યોને બહાલી આપવામાં આવી હતી જેમાં શાળાઓમાં બાળકો માટે આધુનિક શૈક્ષણિક રમકડાં, મોન્ટેસરી સાધનો અને સંગીતના સાધનો ઉપલબ્ધ કરાવવામાં આવશે, વિવિધ સ્પર્ધાઓ જેવી કે, ગખખજ, ક્જઊ, ખેલ મહાકુંભ અને કલા મહાકુંભમાં જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે ઝળકેલા તેજસ્વી વિદ્યાર્થીઓનું આગામી દિવસોમાં સન્માન કરાશે.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન ડો. નિકુંજ મહેતાએ જણાવ્યું હતું કે શાળાઓમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર આચાર્યો અને શિક્ષકોને પ્રોત્સાહિત કરવા માટે તેમનું વિશેષ સન્માન કરવામાં આવશે, મહાનગરપાલિકામાં ભળેલી નવા બંદરની પ્રાથમિક શાળાનું નામ હવે સમાજ સુધારક અને સ્વાધ્યાય પરિવારના પ્રણેતા પાંડુરંગ શાસ્ત્રી નામે રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, તેમજ અમારો મુખ્ય હેતુ શાળાઓમાં શૈક્ષણિક અને ભૌતિક સુવિધાઓ વધારવાનો છે, વિદ્યાર્થીઓનો આત્મવિશ્ર્વાસ વધે અને શિક્ષકોને પ્રોત્સાહન મળે તે દિશામાં અમે સતત કાર્યરત છીએ. ■

# ભચાઉના નરા ગામ પાસેથી ₹ ૭,૦૬,૧૨૦નો શરાબ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છ નશાખોરીનું જાણે હબ બની ચૂક્યું હોય તેમ લગભગ દરરોજ ડ્રગ્સ, શરાબ જેવા માદક પદાર્થો ઝડપાતા રહે છે તેવામાં ભચાઉ તાલુકાના નરા ગામ નજીક ફિલ્મીઢબે કાર ચેઝ કરીને સ્થાનિક ગુન્હાશોધક શાખાએ રૂ.૭,૦૬,૧૨૦નો શરાબ પકડી પાડ્યો હતો, અલબત્ત આ કાર્યવાહી દરમ્યાન ત્રણ અજ્ઞાત શખ્સો અંધારાનો લાભ લઈને નાસી છૂટ્યા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ, નકલી નંબર પ્લેટ ધરાવતી એક કારમાં શરાબ ભરીને ત્રણ શખ્સો સામખીયાળીથી ગાંધીધામ બાજુ આવી રહ્યા હોવાની મળેલી પૂર્વ બાતમીના આધારે એલસીબીએ ચોપડવા પુલ પાસે હાઈવે બ્લોક કરાવીને ટ્રાફિક જામ કરાવ્યો હતો. આ દરમ્યાન સામખીયાળી તરફથી આવતી આ કારને તેના ચાલકે ચોપડવા પુલ નીચે થઈ પરત ભચાઉ બાજુ વાળી લેતાં પોલીસે તેનો પીછો કરવો શરૂ કર્યો હતો. આ કાર લોધીડા ચાર રસ્તાથી ખારોઈ, કકરવા, કંથકોટ થઈ નરા ગામની સીમમાં પહોંચી હતી જ્યાં બાવળની ગીચ ઝાડીમાં રેઢી મુકીને કારમાંથી ઉતરેલા ત્રણ શખ્સો જુદી-જુદી દિશાએ નાસી ગયા હતા. ઇલેક્ટ્રિક લોક સાથેની કારનું સ્ટીયરીંગ લોક હોવાથી ટોઈંગ કરીને સામખીયાળી પોલીસ મથકે લઈ જવાઈ હતી જ્યાં તપાસ દરમ્યાન કારની પાછળની સીટમાંથી ખોટી નંબર પ્લેટ મળી આવી હતી. ડિકીમાંથી વિવિધ બ્રાન્ડનો કુલ રૂ.૭,૦૬,૧૨૦નો શરાબ મળી આવ્યો આવ્યો હતો. ક્રેટા કારમાં લાગેલી નંબર પ્લેટ અંગે તપાસ કરાતાં તે ટોયોટા ફોરચ્યુનરની હોવાનું બહાર આવ્યું હતું. આ કારના ડેશબોર્ડમાં એસ.કે. ફાઈનાન્સની ધોરીમન્ના બ્રાન્ચની કેલીશ પપુની રસીદ, ઝાખડ ગણેશ ટ્રાવેલ્સની બ્યાવરથી અણીયાની ટીકીટ તેમાં પણ કૈલાશ નામ લખેલું હોવાનું બહાર આવ્યું હતું. ■

# ભચાઉના લખાપર ગામમાં પવનચક્કીમાં લાગેલા વીજશોક યુવાનને ભરખી ગયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: પૂર્વ કચ્છના ભચાઉ તાલુકાના લખાપર ગામના સીમાડામાં આવેલી એક પવનચક્કીમાં જીવલેણ વીજશોક લાગતા રોહિત વિજય કોળી (ઉ.વ.૨૩) નામના યુવાને જીવ ખોયો હતો. પ્રાપ્ત વિગતો મુજબ, લખાપર ગામમાં રહેનાર રોહિત કોળી ગત બપોરના અરસામાં સીમ વિસ્તારમાં પશુ ચરાવવા માટે ગયો હતો આ દરમ્યાન પવનચક્કી નંબર ચાર પાસેથી પસાર થતાં તેને પવનચક્કીમાંથી જોરદાર વીજશોક લાગતા ગંભીર રીતે ઘવાયો હતો. તેને પ્રથમ સામખિયાળીના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને બાદમાં વધુ સારવાર અર્થે અમદાવાદ લઇ જવાયો હતો. જ્યાં ટૂંકી સારવાર દરમ્યાન તેણે અંતિમ શ્ર્વાસ લીધા હતા. ■